પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સળંગ અંક ૮૮૬

ઑક્ટોબર ૨૦૦૧
વર્ષ ૭૪


દીપોત્સવી અંક

સંસ્થાપક : રવિશંકર મ. રાવળ

તંત્રી : ધીરુ પરીખ



સમગ્ર ભારતમાં વપરાતી આરતી - ૧૯-૨૦મી સદી



કૃષ્ણ-રાધાનો કુંજવિહાર

આશરે ઈ.સ. ૧૭૮૦નું પંજાબ હિલ્સ નૂરપુરમાંનું અસલ ચિત્ર જે હાલ લંડનના 'વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યૂઝીઅમ'માં છે. અસલમાં કાંગડા શૈલીના આ ચિત્ર પર બાજુની ગુલર ચિત્રકલાનો પ્રભાવ વર્તાય છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૪મું | અંક ૧૦

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૮૬

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૩૦ : ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૧૧ - ૦૦

વાચકો લખે છે

આપ જે જ્ઞાન-ગમ્મત માટે તથા વાંચવા લાયક સરળ ભાષા (માતૃભાષા)માં સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક 'કુમાર' બહાર પાડી રહ્યા છો, તે માટે આપને અભિનંદન પાઠવું છું, કારણ કે 'કુમાર'માં દરેક વાચક મિત્રને નવીન વાતો જાણવા તેમજ સમજવા મળે તેવાં લેખ, કાવ્યો, કોયડા વગેરે પ્રકાશિત થાય છે.

મારા દાદા શ્રી અરવિંદભાઈ એન. કલોલીઆ આપના 'કુમાર' સામયિકનાં ઘણાં જ વાચકોમાંના ખાસ વાચક છે. જ્યારથી 'કુમાર' ચાલુ થયું હશે તે વખતથી જ દાદાએ 'કુમાર'નું વાચન ચાલુ કર્યું છે. તેમનો શોખ વાચન તેમજ ઑફિસકામ અને શાસ્ત્રીય સંગીતનો. એ માટે તેમણે ઘણી બધી ચોપડીઓ ઘરમાં વાચન માટે ખરીદેલ છે. 'કુમાર'ના દરેક અંકમાં લેખ બધાજ ગમે છે. આ માટે થઈને મારા મોટાભાઈ (કલોલીઆ દીપલ જી.) તથા મને પણ 'કુમાર' વાંચવાની સલાહ આપે છે. અમે પણ 'કુમાર' વાંચતા થઈ ગયા છીએ. 'કુમાર' સામયિકમા પર મને ઘણા વખતથી પત્ર લખવાનું મન થતું, પણ સમય મળતો ન હતો. સમય કાઢીને આ પત્ર લખી રહ્યો છું. 'કુમાર' સદા અગ્રેસર રહે તેવી મારી શુભેચ્છા પાઠવું છું.

'કુમાર' સામયિકમાં મને કાવ્ય, ગઝલો વાર્તા, લઘુકથા તથા 'કોયડો' ખૂબ જ ગમે છે. સદા આપ આવા બોધ તેમજ પાઠ શીખવા મળે તેવા લેખો છાપતા રહેજો.

મને સપ્ટેમ્બર ૨૦૦૧, અંક નંબર ૮૮૫માં લે જાય (યોસેફ મૅકવાન), હાઇકુ (પરાગ ત્રિવેદી), પંખી (મનહર જાની)કાવ્યો તેમજ લેખમાં હોડીને દૂર શું નજીક શું ? (સૂત્રસાર), ઈ.સ. ૨૦૦૧ સંબંધિત ગણિત અંકયંત્ર, ભારતીય પ્રાચીન સાહિત્યમાં આભૂષણોના નિર્દેશો, ચેસ-કૉર્નર તથા વિનોદ ભટ્ટે લખેલ પ્રસંગકથા ખૂબ જ ગમી હતી.

મારે એક અભિપ્રાય પણ આપવો છે કે આપના આ 'કુમાર'માં આપ નવી કૉલમ હળવા લેખોની તથા નવા મિત્રો બનાવવા માટે એટલે કે 'પત્ર-મિત્ર'ની કૉલમ ચાલુ કરો તો ઘણું ગમશે.-શ્રુજલ ગિરીશભાઈ કલોલીઆ (અમદાવાદ)

*

સપ્ટેમ્બર ૨૦૦૧નો 'કુમાર'નો અંક વૈવિધ્યસભર રહ્યો. કાવ્યકૃતિ 'જાગવું-ઘોરવું' નવા જ અર્થો આપતી પ્રેરક બની.

આજે માણસ આધુનિકતાના ઉચ્ચ શિખરે પહોંચવામાં છે તોય સાચું જાગરણ પ્રકાશતું નથી. જે સ્વયં જાગ્રત નથી તે બીજાને જગાડવાનો યત્ન કરે છે. જાગવાનો ઉપદેશ આપે છે. મકાન આલીશાન પણ પાયો બોદો. ત્યાં ઘર નથી. બીજી બધી સગવડો - જાહોજલાલી છે. માણસ અંધ બની ભાગે છે ને છતાં જાગે છે એમ માને છે. તે માગે છે, ભાગે છે પણ તાગતો નથી. માત્ર આભાસ, દામદેખાડો, આત્મવંચના બની જાય છે. ઘોર ઘોરવું એમાં જ એને સ્વતંત્રતાનો ભ્રમ થાય છે. ખરેખર ધારો તો જાગી શકાય ને તો ધર્મના નામે અધર્મ નહિ થાય, શાંતિ માટે અશાંતિ નહિ થાય. ઇચ્છીએ કે જાગરણ આપણું સાચું પહેરણ, આચરણ બને. આ રચના બદલ અભિનંદન.

શ્રી વિનોદ ભટ્ટની પ્રસંગકથાઓ મુઠ્ઠી ઊંચેરું હાસ્ય જન્માવે છે. જાણીતા માણસની અજાણી વાતો આ અંકમાં ગમી છે. આ લેખમાળા આમેય માનવતાનાં મૂલ્યોને જગાડે છે.

'અણુજો' (ભગીરથ બ્રહ્મભટ્ટ)નો લેખ ખૂબ જ સમૃદ્ધ લાગ્યો. વાંચી એમ લાગ્યું કે બધાંએ ઉચિત અણુજો પાળવો રહ્યો. જીવવાનાં સાધનો મેળવવા જતાં માણસ જીવવાનું ભૂલી જાય છે. 'કુમાર'માંનું આ વિધાન અહીં બંધબેસતું થાથી છે.

-દુર્ગેશ ઓઝા (પોરબંદર)

*

ઑગસ્ટ ૨૦૦૧ના કુમારના અંકમાં નૃત્યાંગના બહેન નિકિતા ઘિયાની પરિસ્થિતિ વિશે વાંચીને ઊંડો આઘાત અનુભવ્યો, તેઓ શ્રદ્ધા અને હિંમતથી પોતાની શારીરિક તકલીફોનો જે રીતે સામનો કરી રહ્યાં છે, એ વાંચીને અત્યંત રોમાંચ પણ અનુભવ્યો છે. ખરેખર તેમની હિંમત અને જીવનનિષ્ઠા માટે હું તેમને ધન્યવાદ પાઠવું છું. કોઈ એમનું સરનામું મને ('ચિત્રકૂટ', ગોકુલનગર, જૂનાગઢ-૩૬૨૦૦૧ એ સરનામે જણાવશે તો આભારી થઈશ.

'કુમાર' તરફથી મને જે પુરસ્કાર મળે છે, તેનો ઉપયોગ હું જરૂરિયાતવાળા માણસોને મદદ આપવામાં કરું છું.-બહાદુરભાઈ વાંક (જૂનાગઢ)

*

'કુમાર' સપ્ટેમ્બર ૨૦૦૧નો અંક મળ્યો. કવિતા વિભાગમાં સત્તરાક્ષરી રૂપ ધરાવતું હાઈકુ કથનના મર્મને વહી શકવા ખૂબ સમર્થ હોય છે. તેના લાઘવમાં ચોટ લગાવવાની શક્તિ પારવાર હોય. પરાગ ત્રિવેદીનું હાઇકુ આ પ્રકારનું છે.

ધરા પર ખેડ કરવાનું કામ નંદીકુળના શિરે શી રીતે આવ્યું તેનું કથાકાવ્ય ઉમાશંકર જોશીએ આપેલું. હવે નંદી આજના સંજોગોમાં હરજીને શી વિનંતી કરે છે તે ભાનુપ્રસાદ પંડ્યાનું કાવ્ય રમૂજ સાથે વેદના પણ જગવે છે.

રામાયણ-મહાભારત, વેદ-ઉપનિષદ અને અન્ય પુરાણકથાઓનાં સ્ત્રીપાત્રોની વિશેષતા રજૂ થતી રહે તે જરૂરી છે. એ રીતે આ અંકમાં ડૉ. પ્રિયબાળાબહેન શાહનો પ્રયાસ ગમ્યો. આજે સંજોગો-સંદર્ભો ને ભૂમિકા બદલાઈ ગયાં હોય, વિજ્ઞાનપૂત દૃષ્ટિ ખીલી હોય તેથી આવી કથાઓ અપ્રસ્તુત નથી બની જતી, કેમકે તેમાં માનવીય સંવેદનાઓ, ઊર્મિઓ ને મૂલ્યોનું નિરૂપણ થયેલું છે ને તે જ તેમાંનું સત્ય છે.

સંખ્યાઓમાં ૯નો અંક જાદૂઈ અંક છે. કોઈ પણ સંખ્યાને ૯ વડે ગુણવાથી જે જવાબ આવે તે તમામ અંકોનો આખરી સરવાળો ૯ જ થશે. જેમ કે :

૧૫૪૨x૯ = ૧૩૮૭૮

૧+૩+૮+૭+૮ = ૨૭ : ૨+૭ = ૯

૩૫૬૧૨x૯ = ૩૨૦૫૦૮

૩+૨+૦+૫+૦+૮ = ૧૮ : ૧+૮=૯

નવનો ઘડિયો જોતાં આ માલૂમ પડશે કે તેમાં ૦૯ અને ૯૦, ૧૮-૮૧, ૨૭-૭૨,૩૬-૬૩, ૪૫-૫૪ની જોડી આવે છે.

રામાયણ-મહાભારતમાંની શુભ હેતુજન્ય એવી કેટલીક અંચાઈઓ જાણીતી છે. જીવનમાં આરંભ કાળે જ 'દર્શક' ને આવી અંચાઈ કરવાની આવી હતી. આઝાદીની લડતમાં ભરતી થવા માટેની વય-મર્યાદા ૧૭ ઉપરની હતી ને દર્શક મનુભાઈ તે વખતે ૧૬ વર્ષના હતા. ધડાક કરતાં તેમણે કહ્યું કે લખો ૧૭ વર્ષ ને સૈનિક તરીકે ભરતી થઈ ગયા ૧૯૩૦માં !

-લલિત શાહ (સુરેન્દ્રનગર)

*

સપ્ટેમ્બર, ૨૦૦૧માં ૯ના અંકની જે કરામત બતાવી છે તે તો પ્રાથમિક છે. બાકી ૯ના

(અનુસંધાન પૃ. ૬૬૩)

તવ હેતે આવૃતા / રાજેન્દ્ર શાહ

(ગાન)

પરમ વ્યોમ હે
સુખકર શી તવ કૃપા !

ત્હારે કોઈ ન ધામ, કાલ નહિ,
તું આધાર-અતીત;
નાદ-નિનાદ-નિમગ્ન હૃદયની
છલકન્તી જે પ્રીત
પ્રગટ તે થતી લહું બહુરૂપા :
પરમ હે સુખકર શી તવ કૃપા !

અલગ ત્હને હું ભણું... ભલે
પણ લેશ નહીં અલગાવ,
નહીં આવરણ અન્ય ઉભયની મધ્ય,
ન ભાવ અભાવ :
નિરન્તર તવ હેતે આવૃતા.
પરમ હે સુખકર શી તવ કૃપા !

પીપલસ્વપ્ન / રામચન્દ્ર પટેલ

(વસંતતિલકા-સાંનેટ)

ચાલ્યો ઘણું ઘણું પછી પીપળાની છાંય
દીઠી : થયું ઘડીક લાવ, તહીં જઈને
બેસું. બપોર બહુ તીવ્ર, શરીર બાળે,
ને વાયુ ઉષ્ણ, તડકો લઈ ચાલતો બધે...

કોઈ ચડે ન નજરે વગડો બળ્યોઝળ્યો
સૌ સૂમસામ - નદી પંથ પહાડ ટીંબા.
ના ઘાસ ઘાસ, ઝગતાં ધડ પથ્થરોનાં !
માગે જમીન જળ, ખેતર તો શહીદ !

બેચેન બે દગ થતાં હું જરાક ઊંઘું-
ત્યાં ઊઘડે ઝરણ, ઝાકળઝાંય પ્હેરી
ઊડે વિહંગ... નભમાં પમરે પરોઢ.
મ્હેકે અરણ્ય, તરુઓ પર સૂર્ય લ્હેરે...

મેં બુદ્ધ ચક્ષુ ધરી પીપલસ્વપ્ન માણ્યું
શું વાગ્યું કૃષ્ણ પગ, પારધી તીર જાણ્યું ?

આરાધ્ય/ હસમુખ પાઠક

(ગાન)

ગોકુળમાં ગોવિન્દ વસે જે
ગોવર્ધન-ગિરિધારી ।
કૃષ્ણ, કનૈયો, કાનૂડો તે
વ્રજનંદન મોરારી ॥
શિશુઘાતી પૂતનાને જેણે
ધાવતાં અર્પી મુક્તિ ।
કંઈક દુષ્ટ દાનવને તાર્યા
સહજમાં સાધી જુક્તિ ॥

વૃન્દાવનમાં ધેનુ ચરાવે
મોર-મુકુટ-ધર પ્યારો ।
ઘર ઘરનું માખણ ચોરીને
વહેંચી ખાતો ન્યારો ॥

કુમારીઓનું કાત્યાયનીં-વ્રત
કૃતાર્થ કરવા માટે ।
ચીર-હરણથી લાજ સાચવી ।
પ્રેમ-નદીને કાંઠે ॥

પૂર્ણ પ્રેમનો સૂર છેડતાં
શરદ-પૂર્ણિમા રાતે ।
એક ગોપીને વિહ્વળ જેણે
કરી સ્નેહભર-બાથે ॥

ગોપી સંગે રાસ રમે નિત-
વૃન્દાવનમાં આમ ।
કિંકર હસમુખ આરાધે તે
મુરલીધર ઘનશ્યામ ॥

તારી પ્રીત કમાલ / ચંદ્રકાન્ત શે

(ગાન)

આ શા માંડ્યા તાલ !
ઉતારે મહીંથી મારી ખાલ !
મેં લંબાવ્યો હાથ હતો જે
જરા તને દઉં ટેકો !
તેં માન્યું કે મેં રાખ્યો છે
તને જકડવા ઠેકો !
મારા દીવે આગ જણાશે,
હતો ન એવો ખ્યાલ !
તને ઉમળકે સાથ આપવા
નીકળ્યો તારી વાટે;
તેં માન્યું હું પીછો કરતો
તને રોકવા માટે !
મારા પગલે ઠોકર ખાતી
તારી પ્રીત કમાલ !

પથ દોરનાર / ગીતા પરીખ

(મિશ્ર)

મૃણાલશી અંગુલિ પોરવી તવ
આ આંગળીમાં પથ પે જતો તું
ટચૂકડી કૈં પગલી સુંવાળી
મોટાં પગેરાં સહ પાડતો તું...

..ના, ના, અરે મારી જ આંગળીને
વીંટી દઈ તાહરી અંગુલિએ
પદેપદે નિત્યનવીન હર્ષે
દોરી રહ્યો જીવનપંથમાં તું

મારો અરે તું પથ દોરનાર !
મારો ખરે તું રસ સીંચનાર !

ગઝલ / ઉદયન ઠક્કર

નાગરી નાતને પાન-સોપારી ને એલચીનાં બીડાં ચાવવા દે
હાં રે નરસિંહના પદ તણી ઠેસથી ઝૂલતા ઝૂલણે ઝૂલવા દે.

આપણે તો ભલો એક કેદાર ને આપણે તો ભલો એકતારો
જૂજવા સૂરમાં, અવનવા તાલમાં, વિશ્વ બાજી રહ્યું, બાજવા દે.

આંખ મીંચીને કહેતાં તો મેં કહી દીધું, સૃષ્ટિ સોહામણું સોણલું છે
પાછલા પ્હોરનાં પોપચાં સૂર્યના ટાંકણે-ટાંકણે ખૂલવા દે.

વાદળી વાયરામાં વહેતી જતી, વેલી પણ વૃક્ષને વીંટળાતી
ચાંચમાં ચાંચ પારેવડાં પ્રોવતાં, મોસમોનું કહ્યું માનવા દે.

કાઉન્ટ ડાઉન / ધીરુ પરીખ

(વનવેલી)

દસ નવ આઠ સાત
છ પાંચ ચાર ત્રણ બે
એક અને શૂન...
અગનપંખીના પુચ્છલબકારે લબકારે
ઊડ્યા આંબવાને મૂન.
અબ્દુલ કલામ, તને રાષ્ટ્રની સલામ.

આ બાજુ તો કરોડ કરોડ
ચકાસીને મોઢાં
હાથપગ જોતરી જોતરી
નીકળી પડે છે એકથી તે બીજે ગામ
ગામમાં શેરીથી બીજી શેરી
શેરીમાં ઘરથી બીજું ઘર.

પેલી બાજુ અવનીની આસપાસ ચકરાવો શરૂ.
શું શું બને અહીંતહીં
તેની બધી છબીઓ-માહિતી
રાષ્ટ્રને જ ધરું.
આ બધું તે શાને માટે કરું ?
નિજ રાષ્ટ્રહિતને હું ક્ષણક્ષણ સ્મરું !

પૃથ્વીના પટે છે રાષ્ટ્રને રાષ્ટ્રની બીક
ત્યાં સુધી તો મચી રૂહેશે આવી આવી
અગનપંખીને સ્થળ અને સમયની પાર
પહોંચાડવાની હીક.
ઠીક. બધું ઠીક.
સત્તા ને સંપત્તિ, સંપત્તિ ને સત્તા
બરાબર વિશ્વશાન્તિ.

આવા સમીકરણની ધરી આસપાસ
ફરે નેતા, મહાનેતા, થવા જેતા.
કિન્તુ મનુવંશજાત એનું એ જ રૂહેતી સ્હેતી
કારણ કે શાન્તિ અને સુખચેન
સત્તા અને સંપત્તિને સ્થળ અને સમયમાં
માપવાની આદમની ઓલાદની
જ્યાં સુધી તે હશે દેન
શાન્તિ અને સુખનાં સૌ
સ્વપ્નોનું ચડતું રૂહેશે ઘેન, અતિઘેન.
વળી પાછું ઉમેરાશે મતિઘેન.

કળ વળ્યે
અશાન્તિ ને અસુખની પળ પછી પળ પછી પળ....

છ હાઈકુ
પરાગ ત્રિવેદી

(૧)

નદી વહીને
ભળી દરિયે, કાંઠો
રહ્યો ત્યાં ને ત્યાં !

(૨)

ખર્યું જ્યાં પર્ણ
સૂકું, લીલાએ ભેગાં
થૈ લીધું ઝીલી !

(૩)

વર્ષા ઝિલાય
પર્ણ પરે, પવન
નહિ ઝિલાય !

(૪)

જળને અડ્યો
કાંઠે, તરંગિત થ્યું
તળાવ આખું !

(૫)

છોડ આખાને
મોકલી જળ, રહે
છુપાઈ મૂળ !

(૬)

તળાવ ન્હાતું
ચાંદનીથી, ને ચંદ્ર
તળાવ જળે !

ખળભળ / હર્ષદ ત્રિવેદી

(ગાન)

કૈં એવી ખળભળ મચે !
જીવને માટે જે નિર્માયું એ જ હવે ના જચે !
કૈં એવી ખળભળ મચે !

ધખધખતે રણ નાવ ચલાવે ચલવે હાથ-હલેસાં,
ઠરવાનું ના અહીં-તહીં બસ ફરવું દેશ-વિદેશા,
અકળ કળા એવી જાણે કે ઝાકળમાં ઘર રચે !
કૈં એવી ખળભળ મચે !

તંબૂરતારે એક આંગળી બીજી ઢોલક-થાપી,
ઊલટ થકી જે ગાઈ રાગિણી વળતી પળે ઉથાપી,
હવે ન આરોહી-અવરોહી, ભાન કશું ક્યાં બચે !
કૈં એવી ખળભળ મચે !

પીડના દુહા / હરિકૃષ્ણ પાઠક

પીડા પીડ સૌ શું કરો – દેખી છે પરછાંઈ ?
ડેરો નાખે કાળજે ને રૂંધે રગરગમાંહી.

પીડ બડી કંજૂસ છે, પીડ બડી દાતાર,
ખીજી તો ખેપું ભરો ને રીઝી તો ઓ પાર.

પીડ જનમભેળી મળે, દિયે મરણ લગ સાથ,
પાર મુકાવે પીડથી એને જાણો જગનો નાથ.

રાતે ન મળે નિંદરા, દહાડે ન મળે ચેન,
મળ્યો પીડનો વારસો અને સરખાં દિન કે રૈન.

શું કહું એને - ભાગિયો ? અભાગિયો ? કે પ્હાણ ?
જેને રજ પરસે નહીં પીડ-પ્રસવતી વાણ.

હેમાળાના હેમ કે વડવાનલના તાપ,
લાગે બંને વામણા જેને મળ્યા પીડના શાપ.

પીડ ખરી એ જાણવી જે મૂંગું કોરી ખાય;
ભીતર શારે શારડી, બહાર કશું ન કળાય.

કરો કવિતડાં લાખ પણ પીડ ન છોડે છાલ;
મન મારી મૂંગા મરો, એ જ આખરી હાલ.

પીડ તણાં જળ એવડાં ઊંડાં, અતળ, અતાગ-
ભોગવટો એનો ભલો, એમાં નહિ લાગ કે ભાગ !

૧૯મી સદીનો ટેલિસ્કોપવિહોણો ભારતનો છેલ્લો સમર્થ ખગોળશાસ્ત્રી



ચંદ્રશેખર સામંત

ડૉ. સુશ્રુત પટેલ

'પણ શા માટે હું કાળગર્તમાં ક્યારનાંયે ગારદ થઈ ગયેલાંઓનું આ ગાન પુનઃપુનઃ ગાયા કરું છું ? મારી પાસે જવાબ નથી. એ બધાં મારા પૂરતાં તો મરી નથી ગયાં. મર્યાં હોય તો પણ મારાં સ્વજનો બની ગયાં છે. સ્વજનો સાંભર્યા જ કરે છે.' -ઝવેરચંદ મેઘાણી

ઈ.સ. ૧૮૯૯માં ભારતીય ખગોળવિદ્યાના ઇતિહાસમાં એક બહુ મોટી કહેવાય તેવી ઘટના બની. આર્યભટ - પ્રથમ (જન્મ: ઈ.સ. ૪૭૬), વરાહમિહિર (છઠ્ઠી સદી), બ્રહ્મગુપ્ત (જન્મ : ઈ.સ. ૫૯૮) ભાસ્કર-પ્રથમ (જન્મ: ઈ.સ. ૬૦૦), અને ભાસ્કર-દ્વિતીય (જન્મ: ઈ.સ. ૧૧૧૪) જેવા આપણા પ્રાચીન ખગોળવિજ્ઞાનીઓએ રચેલા મહાન ગ્રંથોની પરંપરામાં સામેલ થઈ શકે તેવો એક મહાન ગ્રંથ આ સાલમાં પ્રસિદ્ધ થયો. ઉપર કહ્યું તેમ, આ ઘટના મોટી તો હતી જ, અસાધારણ પણ હતી. અસાધારણ કહેવાનું કારણ એ છે કે આ ગ્રંથ કે પ્રબંધના રચયિતાની જીવનશૈલી પણ આપણા આ પ્રાચીન ખગોળવિદો જેવી જ હતી, મતલબ કે કર્તા અને કૃતિ બંને પ્રાચીન ભારતની ભવ્ય પરંપરાના ઢાળમાં ઢળેલાં હતાં. મૂળ કૃતિ, અથવા કહો કે હસ્તપ્રત સંસ્કૃતમાં ઉડિયા લિપિમાં અને તેય પાછી તાડપત્રી પર લખવામાં આવેલી ! એનો રચયિતા હતો ઓરિસાનો એક સીધોસાદો અરણ્યવાસી.[1] ઓરિસાનાં ગીચ જંગલોમાં પહાડોથી ઘેરાયેલા એવા એક નાનકડા ગામમાં તે રહેતો હતો. એનું શિક્ષણ નહીંવત્. અને એમાંય તે, જેને આધુનિક કહેવાય તેવી પરંપરાગત બુનિયાદી કેળવણી તો બિલકુલ જ નહીં. માતૃભાષા ઉડિયા અને સંસ્કૃત સિવાય તેને એક પણ ભાષા આવડતી ન હતી. આધુનિકતાનો કોઈ પાસ ન લાગે એની ખાસ કાળજી તેના ઉછેરમાં રાખવામાં આવી હતી. સમયની વાડમાં છીંડું પાડીને આદિઅનાદિ કાલમાંથી છટકેલો કોઈ જ્ઞાની આત્મા, કેમ જાણે પોતાનું આદરેલું અધૂરું પૂરું કરવા ચાલી આવ્યો ન હોય, તેમ તે આ પાર પ્રકટ્યો હતો !

એ માત્ર પોથીપંડ્યો જ ન હતો. પૂર્વસૂરિઓના વિધાનોને શનૈઃ શનૈઃ સ્પષ્ટ કરી, જરૂર પડે ત્યાં એમના ગ્રંથોમાંની વિસંગતિઓને પણ સંશોધીને, પોતાના ગ્રંથમાં નવેસરથી સંસ્કારતાં રહ્યો અને આમ કરતાં કરતાં પ્રમાણશુદ્ધ વિગતો આપતો ગયો. આ એના અધ્યયનની ઉપાદેયતા છે. અને આ માટે અનિવાર્ય એવા આકાશનિરીક્ષણનો પણ એણે સતત સહારો લીધો એટલું જ નહીં, આકાશી વેધ લેવાનાં ઉપકરણો પણ એણે જાતે જ બનાવ્યાં. અને નવાઈની બાબત એ છે કે એનાં ઉપકરણોમાં ક્યાંય ટેલિસ્કોપનો સમાવેશ નથી થયો ! આવું કોઈ ઉપકરણ છે એવી પણ તેને ખબર ન હતી. પોતાના મૃત્યુથી થોડા સમય પૂર્વે સુધી તો એણે દૂરબીન જોયું સુધ્ધાં ન હતું ! દૂરબીન તો શું, ખગોલનિરીક્ષણમાં આવશ્યક એકાદ ઘડિયાળ પણ એની પાસે ન હતું ! પોતાની વેધશાળા જેવું કહેવાય તેવું કશું જ એની પાસે ન હતું. ખુલ્લું આકાશ જ એની વેધશાળા હતી.

અને એટલે આ દકિયાનૂસી ગ્રામીણ ખગોળશાસ્ત્રી અંગે આજે તો અનેક વાતો કે પછી હકીકતો હોય તો તે પણ દંતકથા જેવી બની ગઈ છે. આવી એક-બે વાતો તેની અને મંજુશાના રાજા વચ્ચેની છે. આજના ઓરિસા રાજ્યમાં ચિલકા નામનું એક બહુ મોટું અને પ્રખ્યાત સરોવર આવેલું છે. એક કાળે તે બંગાળના ઉપસાગરનો ભાગ હતું. પરંતુ પાછળથી રેતીના ઢૂવાઓને કારણે આ સરોવર બંગાળની ખાડીથી અલગ થઈ ગયું. ૬૪ કિ.મી. લાંબા અને ૧૬થી ૨૦ કિ.મી. પહોળા આ તળાવમાં પારિકુંડ અને મલુડ નામના બે બહુ સુંદર દ્વીપ આવેલા છે. આમાંના પારિકુંડ દ્વીપની આ વાત છે. આ ખગોળવિદ તેના એક સગાને ત્યાં લગ્નપ્રસંગે આ દ્વીપ પર ગયો હતો, જ્યાં તેને મંજુશાના રાજા સાથે ઓળખાણ થઈ, રાજાએ તેને આમંત્રણ આપીને પોતાને ત્યાં બોલાવ્યો અને મહેંદ્ર પર્વતની ઊંચાઈ માપવાની કામગીરી સોંપી. હાથવગા લાકડાના બેએક કકડા વડે તેણે એક સાધન બનાવીને આ કાર્ય એવી તો કાર્યદક્ષતા અને ચતુરાઈથી પાર ઉતાર્યું કે રાજા અને પ્રજા ઉભય તેના કાર્યથી સંતોષ પામ્યાં. સૌના આશ્ચર્ય વચ્ચે ઊંચાઈનો આંકડો અગાઉના માપ સાથે મળતો આવ્યો. આથી મંજુશાના રાજાએ આ વાત મદ્રાસની અંગ્રેજ સરકારને કરી. પાછળથી આ જ ખગોળશાસ્ત્રીએ ગણતરીઓ કરીને ઈંગ્લેન્ડમાં દેખા દેનાર એક સૂર્યગ્રહણની આગાહી કરી અને એની જાણ મંજુશાના રાજાને કરી. રાજાએ આ બાબતની જાણ મદ્રાસની અંગ્રેજ સરકારને કરી. સમકાલીન ખગોળશાસ્ત્રીઓમાંથી ઘણાએ આ આગાહીમાં શંકા વ્યક્ત કરી, પરંતુ આખરે આ હિંદી ખગોળજ્ઞની આગાહી સાચી પડી.

તેવી જ રીતે ૯ ડિસેમ્બર ૧૮૭૪ના રોજ શુક્રનો ગ્રહ સૂર્યબિંબની આડે આવી સૂર્યનું આંશિક ગ્રહણ કરવાનો છે તે અંગેની ગણતરી કરીને આ ઘટના એટલે કે શુક્રના અધિક્રમણ (**transit of Venus**)ની સચોટ આગાહી પણ તેણે કરેલી.[2]

ઘર આંગણે જ શા માટે, અમેરિકામાં દેખા દેનાર એક સૂર્યગ્રહણના સમયની આગાહી પણ તેણે કરેલી. અલબત્ત, સમયની ગણતરીમાં થોડીક સેકંડોનો ફેર આવ્યો હતો.

નરી આંખે કે પછી ઘરગથ્થુ સાધનોની મદદથી જ તથા યુરોપ કે અન્ય દેશોમાં થયેલી તે તે ક્ષેત્રની શોધોથી સાવ અણજાણ એવા આ ખગોળવિદે, કોઈ પણ જાતના પૂર્વગ્રહ વગર, સ્વતંત્રપણે વર્ષની સાચી લંબાઈ માપી, ક્રાંતિવૃત્ત-તિર્યકતા અથવા કહો કે રવિપરમક્રાંતિ (**obliquity of the ecliptic**) શોધી કાઢી, વિષુવગતિ (**precession of the equinoxes**)ની ઘટના અને તેની માત્રા અંગે જાણકારી મેળવી, ચંદ્રની ગતિમાં રહેલી કેટલીક પ્રમુખ અસમાનતાઓ શોધીને તેને સંસ્કારી, તો ગ્રહોની કક્ષાનું નમન અને તેમના સાપેક્ષ વિસ્તાર પણ શોધી કાઢ્યા. સૌરલંબન (**solar parallax**)ના માપનના ક્ષેત્રે યુરોપના સંશોધકોએ કેટલી પ્રગતિ કરી છે એ બાબતથી સાવ અજાણ એવા આ ખગોળવિદે, સૌરલંબન માપનમાં, પોતાની આગવી રીતે જ, જે સુધારો કર્યો તે ખરેખર પ્રશંસાપાત્ર છે. આ બધી તેની અંતર્જાત-ઓરિજિનલ - શોધો હતી એમાં કાંઈ શક નથી. અને સહુથી મોટી વાત એ છે કે તેણે આ બધું હું કંઈક અપૂર્વ કરી રહ્યો છું એવી સભાનતા વિના નરી સહજતાથી કર્યું. 'સ્નેહરશ્મિ'ના પેલા કાવ્યમાં આવે છે તેમ, સંશોધનની કેડી પર ઇમારતની જેમ નકશા હુકમથી ન ચાલતા, હૂબહૂ વૃક્ષની જેમ નિજલીલા દાખવતો ચાલતો રહ્યો.

આ ખગોળશાસ્ત્રી તે મહામહોપાધ્યાય પંડિત સામંત ચંદ્રશેખર હરિચંદન મહાપાત્ર. સ્થાનિક લોકો તેમને પ્રેમથી પઠાણિ સામંત કહેતા. આજે ચંદ્રશેખર સામંત તરીકે તે વધુ ઓળખાય છે.

જીવન ઝરમર : આપણે જાણીએ છીએ કે સ્વતંત્રતા પહેલાં હિંદુસ્તાન અનેક દેશી રજવાડાંઓમાં વિભાજિત હતું. ઓરિસા પણ આમાંથી બાકાત ન હતું. આવાં અનેક દેશી રજવાડાં પૈકીના એકમાં, કટકથી પશ્ચિમે ૫૦થી ૬૦ માઇલ છેટે આવેલા ખંડપાડા (ખંડપારા) નામના નાનકડા ગામ ખાતે, એક રાજકુટુંબમાં તેમનો જન્મ થયો હતો. આમ તો સામંતે તેમના ગ્રંથમાં પોતાનો જન્મ ક્યારે થયો તે અંગે લખ્યું જ છે. પરંતુ, તે આંકડાનો મેળ આજની પ્રચલિત ઈસવી સન સાથે ખાતો નથી. વિદ્વાનોએ આ પરથી સામંતની સંભવિત ત્રણેક જન્મ તારીખો નક્કી કરી હતી : ૧૩ ડિસેમ્બર ૧૮૩૫, ૨૪ ડિસેમ્બર ૧૮૩૫ અને ૧૧ જાન્યુઆરી ૧૮૩૬. આ કારણે અત્યાર સુધીના સંદર્ભોમાં આ બધી તારીખો જોવા મળતી હતી. પરંતુ, નવાં સંશોધનોએ સામંતની જન્મતારીખ નિશ્ચિત કરી આપી છે. તે મુજબ એમનો જન્મ ૧૩ ડિસેમ્બર ૧૮૩૫ના રોજ રવિવારના દિવસે થયો હતો.

એમના પિતા બહુશ્રુત હતા અને ખાસ કરીને સંસ્કૃતમાં પાંડિત્ય ધરાવતા હતા. એમના ઘરમાં પશ્ચિમ તરફી વાતાવરણનો સદંતર અભાવ હતો. અસલ તળપદા વાતાવરણના સંસ્કાર વચ્ચે તેમનો ઉછેર થયો. પરિણામે બાળપણથી જ તેમને સંસ્કૃત વ્યાકરણ, અલંકારશાસ્ત્ર, સ્મૃતિ, પુરાણ, ન્યાય, આયુર્વેદ અને પ્રમુખ કાવ્યોનું શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ માટે એક બ્રાહ્મણ શિક્ષક પણ રાખવામાં આવેલા. જ્યારે તે દસ વર્ષના હતા ત્યારે તેમના પિતાએ થોડુંઘણું ફલજ્યોતિષ (જ્યોતિષશાસ્ત્ર) શીખવ્યું હતું. આપણે જાણીએ છીએ કે જન્મકુંડળીમાં લગ્ન જ્ઞાત કરવું અત્યંત આવશ્યક છે. આકાશમાં તારાઓની સ્થિતિ દર રાત્રિએ બદલાતી હોય છે. પરિણામે તારાઓની સાચી સ્થિતિ જાણ્યા વગર જ્યોતિષસંબંધી ભવિષ્યવાણીઓ કરી નથી શકાતી. આ કારણે પિતાએ ખપ પૂરતા કેટલાક તારાઓ ઓળખતાં પણ શીખવ્યું. આમ, તારાઓનું રોજેરોજ અવલોકન કરવાની તેમને ટેવ પડી. તારાઓના લગાતાર અવલોકને પછી ખગોળમાં રસ જગાડ્યો. ફલજ્યોતિષ અને ખગોળને કારણે ગણિત તરફ પણ આકર્ષાયા. પરંતુ ઉડિયા અને સંસ્કૃત સિવાય તેમને કોઈ અન્ય ભાષા આવડતી ન હોવાથી, અન્ય ભાષામાં મુદ્રિત પુસ્તકો તેમને માટે કામનાં ન હતાં એટલે તેમણે પ્રાચીન હિંદુ ગ્રંથોનો આશરો લેવો પડ્યો. આવા ગ્રંથો અથવા કહો કે ખગોળને લગતા ગ્રંથો (સિદ્ધાંતો) એમના ઘરના પુસ્તકાલયમાં જ હતા. તેમના આ પુસ્તકાલયમાં આર્યભટ, ભાસ્કરાચાર્ય વગેરે જેવા ખગોળવિદોની તાડપત્ર પર અંકિત હસ્તલિખિત પોથીઓ પણ હતી. બાળ સામંતે આ હસ્તલિખિત પોથીઓનું પુસ્તકાલય ફેંદવા માંડ્યું. એમનું માર્ગદર્શન કરનાર કોઈ ન હતું. એમણે જાતે જ આ ગ્રંથોનું અધ્યયન આરંભ્યું, અને તેને માટે આ સિદ્ધાંતોની ટીકાઓની મદદ લીધી. માત્ર પંદર વર્ષની ઉંમરે તો પંચાંગની ગણતરી કરવાની વિદ્યામાં તે પારંગત થઈ ગયા હતા. પંચાંગની સહાયથી ગ્રહોની સ્થિતિનો અભ્યાસ કરતાં એમણે જોયું કે ન તો તારા ક્ષિતિજ પર નિર્દિષ્ટ સમયે દેખાતા હતા કે ન તો ગ્રહ સૂચિત કે વર્ણવેલા સ્થાન ઉપર દૃષ્ટિગોચર થતા હતા. 'સૂર્ય-સિદ્ધાંત' અને ભાસ્કરાચાર્યના 'સિદ્ધાંત-શિરોમણિ' જેવા તે કાળના શ્રેષ્ઠ કોટિના ગ્રંથોમાં પણ ગ્રહો આદિનાં આપેલાં સ્થાન અને પોતે કરેલાં નિરીક્ષણો વચ્ચે કોઈ મેળ ખાતો ન હતો. આથી તેમણે રાત્રે ખગોલીય પિંડોની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખવાનું શરૂ કર્યું. પરંતુ પુરાણા માન્ય ગ્રંથોમાં ખગોળ-નિરીક્ષણ માટેનાં સાધનો સંબંધી કે તે વાપરવાની પદ્ધતિ સંબંધી થોડાએક અણસારા સિવાય ભાગ્યે જ કશું વિગતે આપ્યું હતું. આથી સામંતે ખપ પૂરતાં સાધનો જાતે જ બનાવ્યાં અને આકાશી જ્યોતિઓના વેધ લેવાની પદ્ધતિ પણ જાતે જ વિકસાવી. ત્રેવીસ વર્ષની ઉંમરથી તો તેમણે પોતાનાં નિરીક્ષણોનાં પરિણામોની વ્યવસ્થિત નોંધ રાખવાનું ચાલુ કરી દીધેલું.

આમ, પેલા મહાન ગ્રંથની ભૂમિકા તૈયાર થઈ રહી હતી. જો કે એની હસ્તપ્રત તૈયાર થતાં હજુ બીજાં અગિયાર વર્ષ લાગવાનાં હતાં. એટલે કે ઈ.સ. ૧૮૬૯માં એનો મેળ પડવાનો હતો અને ત્યારે તે આયુષ્યના ૩૪મા વર્ષે પહોંચવાના હતા. અને એમાંય વળી કાગળ પર મુદ્રિત ગ્રંથરૂપમાં આવતાં તો હજુ બીજાં ત્રીસેક વર્ષ લાગવાનાં હતાં.

પઠાણિ સામંતના દાદા સ્થાનીય રાજા, અર્થાત્ ખંડપાડાના રાજા હતા. તત્કાલીન રાજા મર્દરાજ ભ્રમરાવર રાય તેમના સહુથી મોટા કાકાના પુત્ર હતા. પરંતુ મર્દરાજ તરફથી એમને ક્યારેય સહયોગ મળ્યો ન હતો. મદદની વાત તો દૂર, તેમના નજદીકના સગા થતા આ રાજા સામંતની હંમેશાં ઉપેક્ષા કરતા હતા. પઠાણિ સામંતનો તારાઓ જોવાનો શોખ એમને નાપસંદ હતો. રાજાને એવું લાગતું હતું કે તારાઓ જોવાનો સામંતનો શોખ એક રાજવી ઘરાનાની વ્યક્તિ માટે હીણપતભર્યો કહેવાય. માત્ર રાજા જ નહીં, તેમના કબીલાનાં લોકો પણ આવું માનતાં હતાં અને એક ક્ષત્રિય થઈને બ્રાહ્મણકર્મ બજાવતા સામંત સામે તેમને પણ ખાસ માન ન હતું. આને કારણે ચંદ્રશેખર હરિચંદન મહાપાત્ર રાજાના નજદીકી સગા હોવા છતાં આજીવન સામંત એટલે કે માંડલિક કે ઠાકોર (ખંડિયા રાજા) જ રહ્યા. એમને ક્યારેય કોઈ પ્રકારની મદદ કે વિશેષાધિકારનો લાભ ન


મળ્યો. જાગીરનાં કેટલાંક ગામોમાંથી એમને વર્ષે દહાડે ૫૦૦ રૂપિયા જેટલી આવક થતી હતી. વળી, ગણોતિયા કે સાંથિયા (ભાડૂતો) તરફથી એમને થોડુંઘણું અનાજ પણ મળતું હતું. આનાથી વધુ આવકનાં કોઈ સાધન એમની કને ન હતાં. પોતાના પરિવારના ભરણપોષણ માટે આટલાથી તેમનું ગુજરાન માંડમાંડ ચાલતું હતું.

તેમના પિતા જ્યોતિષ અને ખગોળવિદ્યામાં ભેદ પારખી શક્યા ન હતા. જોકે તેમાં તેમનો કોઈ વાંક ન હતો. એ કાળમાં આ બે વિદ્યાઓ વચ્ચે એવો કોઈ ચોક્કસ ભેદ હતો પણ નહીં. આને કારણે ચંદ્રશેખર ખગોળશાસ્ત્રી તરીકે કમ, જ્યોતિષશાસ્ત્રી તરીકે વધુ જાણીતા બનવા લાગ્યા અને ગામલોકો એમને કુંડળીઓ બતાવવા આવવા લાગ્યાં. વળી, તે આ કામ માટે કોઈ ફી પણ લેતા ન હોઈ, આસપાસનાં ગામનાં લોકો પણ, મફતનાં મરી તીખાં ન લાગે તે ન્યાયે, તેમની પાસે આવવા લાગ્યાં, અને આ રીતે આધેડ વયે પહોંચતાં સુધીમાં તો એમની કીર્તિ દૂરસુદૂર પહોંચી ગઈ. કોઈ કુલીન વર્ગનો સદસ્ય એના રૂઢિગત શૉખ જેવા કે શિકાર કરવો, મદિરાપાનમાં ડૂબી જવું, રખાતોમાં રમમાણ રહેવું, વગેરેને બદલે જ્ઞાનમાં પ્રવૃત્ત રહે તે એ કાળમાં ઘણું અસ્વાભાવિક કહેવાય. રાતે ક્યાં તો પોતાના ઘરના છાપરામાં પાડેલાં બાકોરાંઓમાંથી ઊગતા-આથમતા તારા-ગ્રહો નિહાળતો કે પછી ખુલ્લા આકાશના ગુંબજ સામે મીટ માંડી રહેતો, સાંઠીકડાંઓ ગોઠવીને બનાવેલાં વિચિત્ર રમકડાંઓ (સાધનો) સાથે આખી રાત લમણાફૂટ કરતો, છાલ-છોતરાં કે પછી તાડપત્રી પર કંઈક ગણતરીઓ માંડતો અને આ ઓછું હોય તેમ, દિવસઆખો લખવા-વાંચવામાં અને સૂર્યની છાયાને માપવામાં વિતાવતો આ નજૂમી સાદાંસીધાં જંગલવાસીઓ માટે ભારે કૌતુકસમો બની રહ્યો હતો.


ઉમદા સાથ : આ અરસામાં ચંદ્રશેખર અંગેની આવી બધી વાતો ઊડતીઊડતી ઓરિસા પ્રાંતની શાળાઓના ઈન્સ્પેક્ટર રાધાનાથ રાય (રૉય) પાસે પહોંચી. રાધાનાથ ઉડિયાના કવિ પણ હતા. જ્યારે તેમને ખંડપાડા જવાનું થયું, ત્યારે તે ચંદ્રશેખરને મળ્યા. રાધાનાથ પશ્ચિમી-શૈલીએ રંગાયેલા વિદ્વાન હતા અને એ જ્યારે ચંદ્રશેખરને રૂબરૂ મળ્યા ત્યારે એમની અદ્‌ભુત વિદ્વત્તા જોઈને દંગ થઈ ગયા. કટક પાછા ફર્યા પછી રાધાનાથે પોતે શોધી કાઢેલા આઘેનાં જંગલોમાં વસતા આ વિલક્ષણ બુદ્ધિ ધરાવતા અસામાન્ય માણસની વાતનો ભારે પ્રચાર કરવા માંડ્યો. આને કારણે ઓરિસાનાં જંગલો અને પહાડીઓ મધ્યેના અંતરિયાળ પ્રદેશમાં આવેલા નાનકડા ગામની સીમા ઓળંગીને એમનું નામ બહાર આવવા માંડ્યું.

આ ઉપરાંત એક બીજી પણ ઘટના બની. વાત એમ હતી કે પુરી ખાતેના જગન્નાથના મંદિરમાં સન ૧૮૭૬થી (અને એક સંદર્ભ અનુસાર, કદાચ એથીય પહેલાં છેક ૧૮૭૦થી) ચંદ્રશેખર સામંતે તૈયાર કરેલા પંચાંગ મુજબ જ સઘળી ધાર્મિક વિધિઓ, વ્રતો વગેરેનાં મુહૂર્તો અને શુભ પ્રસંગોના સમય-દિવસ કાઢવામાં આવતાં હતાં. આને કારણે તેમનો પરિચય કલકત્તાની સંસ્કૃત કૉલેજના પ્રિન્સિપાલ મહેશચંદ્ર ન્યાયરત્ન સાથે થયો. આ સજ્જન તેમના જીવનમાં બે રીતે ઉપકારક સાબિત થયા. એક તો તેમના જ પ્રયત્નોને કારણે તત્કાલીન બ્રિટિશ સરકારે પાછળથી સામંતને સન ૧૮૯૩માં મહામહોપાધ્યાયનો ખિતાબ આપ્યો. બીજો ફાયદો તો આથીયે વધુ ઉપકારક સાબિત થયો. એવું માનવામાં આવે છે કે કદાચ તેમણે જ સામંતનો પરિચય કટકની આજની રેવનશૉ કૉલેજ (**Ravenshaw College**) કે જે તે કાળે કટક-કૉલેજ તરીકે ઓળખાતી,


ચંદ્રશેખર સામંતનાં કેટલાંક યંત્રો



સમય માપવા માટેનું ચક્રયંત્ર




સમય માપવા માટેનું ચાપયંત્ર



સમય માપવા માટેનું ગોળાર્ધયંત્ર



સમય માપવા માટેનું સ્વયંવહ નામનું જલઘડિયાળ



ગ્રહોની સ્થિતિ અને ગતિ-નિર્ધારણ માટેનું ગોળયંત્ર

તેના ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર જોગેશચંદ્ર રાય (જે.સી. રાય) સાથે કરાવ્યો. પ્રો. રાય જંગલની મુશ્કેલ મુસાફરી, માત્ર કુતૂહલ ખાતર કરીને પણ ચંદ્રશેખરને મળવા ગયા. જીવનભર જળવાઈ રહેલી અને અનેક રીતે ફળદાયી બનેલી મૈત્રીનો બીજનિક્ષેપ આ પ્રથમ મુલાકાતમાં જ થયો. સામંતની અલૌકિક પ્રતિભાનો સ્વયં અનુભવ કરીને રાય તેમના કાયમી પ્રશંસક બની ગયા. એમાંય પાછી ચંદ્રશેખર સામંતના ગ્રંથની હસ્તપ્રત જોઈને તો તે આશ્ચર્યચકિત જ થઈ ગયા. તેમણે લખેલા આ ગ્રંથને મુદ્રિતરૂપમાં જગત સમક્ષ લાવવાનું માન પ્રો. રાયને જાય છે. આ ગ્રંથ તે 'સિદ્ધાંત-દર્પણ.'

વિજ્ઞાનના ક્ષેત્રમાં આવા જે કેટલાક અતિ ઉમદા કિસ્સા નોંધાયા છે, તે પૈકીનો એક જાણીતો કિસ્સો આઇઝેક ન્યૂટન અને તેના પરમ મિત્ર અંડમંડ હેલીને લગતો છે. વિજ્ઞાનમાં જે કેટલાક ગ્રંથોએ ક્રાંતિ આણીને વિજ્ઞાનના વિકાસને વેગ આપ્યો છે, એમાં ઈ.સ. ૧૬૮૭માં પ્રકાશિત થયેલા ન્યૂટનના 'પ્રિન્સિપિયા' (ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત અને ગતિનાં નિયમ) નામના ગ્રંથનો સમાવેશ થાય છે. આ ગ્રંથ આજે જેવો છે તેવો, એના પૂર્ણરૂપમાં જોવા મળે છે એનું શ્રેય હેલીને જાય છે. હેલીના કહેવાથી જ ન્યૂટન આ ગ્રંથ પ્રસિદ્ધ કરવા તૈયાર થયો હતો. હેલી કાંઈ બહુ ધનિક ન હતો, પણ આ ગ્રંથના પ્રકાશનનો ખર્ચો એણે જ ઉપાડ્યો, પ્રેસની બધી જવાબદારી સંભાળી એટલું જ નહીં, કેટલાક લૅટિન ગદ્યને પદ્યમાં ફેરવવામાં મદદ પણ કરી. હેલી ન હોત તો આ પુસ્તક કદાચ પ્રસિદ્ધ પણ થયું ન હોત. અને એટલે અંશે વિજ્ઞાન રાંક બન્યું હોત અથવા એમ કહો કે વિજ્ઞાનનો વિકાસ રૂંધાયો હોત.

આવી જાણીતી બીજી કહાણી ભારતના શ્રીનિવાસ રામાનુજન્ અને ઈંગ્લન્ડના ગૉડફ્રે હેરૉલ્ડ હાર્ડી નામના બે પ્રખર ગણિતશાસ્ત્રીઓ વચ્ચેની છે. સન ૧૯૧૩માં કૅમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજના ગણિતના પ્રાધ્યાપક ડૉ. હાર્ડી પર ભારતીય ટિકિટ ચોંટાડેલું એક પરબીડિયું આવ્યું. એમાં ગણિતનાં કેટલાંક સૂત્રો અને પ્રમેયો હતા, જે પત્ર લખનારે શોધ્યાં હતાં અને હાર્ડીના અભિપ્રાય માટે મોકલ્યાં હતાં. મોકલનાર મદ્રાસની પૉર્ટ ટ્રસ્ટ ઑફિસનો એક મામૂલી ક્લાર્ક હતો, અને કૉલેજનું એનું શિક્ષણ પણ પૂરું ન હતું. નીચે સહી હતી : એસ. રામાનુજન. પત્રની તારીખ હતી : ૧૬ જાન્યુઆરી, ૧૯૧૩. હાર્ડીએ જોયું કે કેટલાંક સૂત્રો અગાઉ શોધાઈ ચૂક્યાં હતાં. કેટલાંક ખોટાં હતાં, પરંતુ કેટલાંક સૂત્ર એવાં પણ હતાં કે જેને જોઈને હાર્ડી જેવો અગ્રણી ગણિતશાસ્ત્રી પણ સ્તબ્ધ થઈ ગયો. એ જ દિવસે રાતે મોડે સુધી બેસીને એણે પોતાના સાથી ગણિતશાસ્ત્રી ડૉ. જે.ઇ. લિટલવુડ સાથે આ બાબતે ચર્ચા કરી અને બંને એવા નિર્ણય પર આવ્યા કે ગણિતની કોઈ વિલક્ષણ પ્રતિભા જ આવાં સૂત્રોનું સર્જન કરી શકે. હાર્ડીએ સાવ અજ્ઞાત એવા આ ભારતવાસીને પ્રેરણાસભર પત્ર લખ્યો એટલું જ નહીં, ઈંગ્લન્ડ આવી જવાનું આમંત્રણ આપ્યું અને એને લગતી સઘળી સહાય પણ કરી, અને આખરે રામાનુજન એપ્રિલ ૧૯૧૪માં હાર્ડી પાસે પહોંચી પણ ગયા. આ પછીની બાબત તો ઇતિહાસ છે.

મકરન્દ દવેના પેલા જાણીતા કાવ્યમાં આવે છે તેમ : 'ગમતું મળે તો અલ્યા, ગૂંજે ન ભરીએ, ને ગમતાંનો કરીએ ગુલાલ' એવું કહેવું સહેલું છે, એને આચરણમાં મૂકવું અઘરું છે. ઘણાં બધાં ગમતાંનો ગુલાલ કરી શકતાં નથી. હેલી અને હાર્ડી જેવા કોઈક સજ્જન જ આવું કરી શકે. હાર્ડીની વાત કરીએ તો તેણે રામાનુજનને પારખીને આપણા પર બહુ મોટો ઉપકાર કર્યો છે. ભારતની પેઢી-દર-પેઢી આ ઋણને ક્યારેય વીસરી શકશે નહીં. આવો જ ઉપકાર આપણે રાધાનાથ રાય, મહેશચંદ્ર ન્યાયરત્ન અને ખાસ તો, પ્રો. જોગેશચંદ્ર રાયનો માનવો જોઈએ. પઠાણિ સામંત જેવો, આપણી પ્રાચીન પરંપરાનો છેલ્લો પ્રખર ખગોળશાસ્ત્રી, જો આ સજ્જનોએ શોધી કાઢ્યો ન હોત, એના કાર્યને પ્રસિદ્ધિ આપી ન હોત તો તે ઓરિસાના કોઈ ખૂણે અજ્ઞાતવાસમાં ધરબાઈ ગયો હોત.

આપણે જોયું કે પઠાણિ સામંતે સિદ્ધાંત-દર્પણ નામનો ગ્રંથ મૂળે સંસ્કૃતમાં, પણ ઉડિયા લિપિમાં તાડપત્ર પર લખ્યો હતો. એના છાપકામની બધી જવાબદારી પ્રો. જોગેશચંદ્રે ઉપાડી એટલું જ નહીં, અંગ્રેજીમાં ૫૬ પાનાંની (એક સંદર્ભ મુજબ ૮૦ પાનાંની) વિદ્વત્તાભરી વિસ્તૃત પ્રસ્તાવના પણ લખી. ઓરિસાના એક બીજા રાજા અઠમલ્લિક અને મયૂરભંજના રાજાએ પ્રકાશનનો બધો ખર્ચો આપવાનું સ્વીકાર્યું. અને આમ પ્રો. રાયની દેખરેખ નીચે સન ૧૮૯૯માં તે ગ્રંથને કલકત્તાના એક પ્રેસમાંથી દેવનાગરી લિપિમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો.

સિદ્ધાંત-ગ્રંથ અને કરણ-ગ્રંથ વચ્ચેનો ભેદ : આ સિદ્ધાંત-દર્પણ અંગે વિગતે જોઈએ તે પહેલાં ભારતીય ખગોળના સંદર્ભે સિદ્ધાંત-ગ્રંથ અને કરણ-ગ્રંથ એટલે શું અને તેમનું શું મહત્ત્વ છે તે સમજી લઈએ.

ઈ.સ. ૪૦૦માં કે એનાથી થોડા સમય અગાઉના ગાળામાં, અથવા મોટા ભાગના ઈતિહાસવિદ માને છે તેમ, ઈસુની સદીના આરંભ પહેલાં એક-બે સદીઓ પૂર્વે અને એ પછીની એક-બે સદીઓ પછીના કાળ દરમિયાન, એટલે કે લગભગ ચારસોએક વર્ષોના ગાળામાં, ભારતમાં ખગોળવિદ્યામાં અનેક નવા વિચારોનો પ્રવેશ થતાં આમૂલ પરિવર્તન આવ્યું. આની સીધી અસર ભારતીય ખગોળ-સાહિત્ય પર પડી. પરિણામે એક નવા જ પ્રકારના, અને જેમનો અભિગમ વધુ વૈજ્ઞાનિક કહેવાય તેવા, વિષયનું બૃહદ્ નિરૂપણ કરતા ગ્રંથો અસ્તિત્વમાં આવ્યા. આ બધાને સિદ્ધાંત નામ આપવામાં આવ્યું.[૩] સંસ્કૃતમાં સિદ્ધાંત શબ્દનો અર્થ અંતિમ નિષ્કર્ષ કે આખરી નિર્ણય અથવા તો નિરાકરણ કે ઉકેલ એવો થાય છે. આ ગ્રંથોમાં ખગોળની વિવિધ બાબતોની ચર્ચા કરવામાં આવેલી અને ઘણીબધી સમસ્યાઓનો સાચો ઉકેલ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આમાં ગણતરીઓ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. આ રીતે વિશ્લેષણની એક નવી વિધિનો વિકાસ થયો.

એવું માનવામાં આવે છે કે અસલમાં આવા ૧૮ સિદ્ધાંતો લખવામાં આવ્યા હતા, અને એ બધા સંભવતઃ એમના કર્તાને નામે ઓળખાતા હતા. આ ૧૮ સિદ્ધાંતો તે આ : પિતામહ (પૈતામહ), વસિષ્ઠ (વાસિષ્ઠ), પૌલિશ, સૂર્ય (સૌર), રોમક, વ્યાસ, અત્રિ, પરાશર, કશ્યપ, નારદ, ગર્ગ, મરીચિ, મનુ, અંગિરા, ચ્યવન, યવન, ભૃગુ અને શૌનક.

પરંતુ આ બધા સિદ્ધાંતો કાળે કરી નાશ પામ્યા. આજે તેના મૂળસ્વરૂપે એક પણ સિદ્ધાંત ઉપલબ્ધ નથી. એટલે આ સિદ્ધાંતોના રચનારાઓના સંબંધમાં આપણે ખાસ કંઈ જાણી શકતા નથી. જો તે બધા સચવાયા હોત તો 'વેદાંગ જ્યોતિષ' જેવા આપણા અત્યંત જૂના ખગોળગ્રંથથી લઈ, ઈસુની પાંચમી સદીમાં થઈ ગયેલા આર્યભટ સુધીના સમયગાળામાં કેટલો અને કઈ રીતે ભારતમાં ખગોળના ક્ષેત્રે જ્ઞાનવિકાસ થયો તેનો કડીબદ્ધ ઈતિહાસ સાંપડત.

પરંતુ ઈસુની છઠ્ઠી સદીમાં થઈ ગયેલા અવંતિ (આધુનિક ઉજ્જૈન)ના ખગોળવિદ્ વરાહમિહિરે (જન્મઃ ઈ.સ. ૫૦૫) પોતાના


'પંચસિદ્ધાંતિકા' નામના ગ્રંથમાં, ગ્રંથનું નામ સૂચવે છે તેમ, આ અઢારમાંથી પાંચ સિદ્ધાંતોની મહત્ત્વની બાબતોનો સાર આપ્યો છે. આ પાંચ સિદ્ધાંતો એટલે : પિતામહ, વસિષ્ઠ, પૌલિશ, સૂર્ય અને રોમક સિદ્ધાંત. વળી, વરાહમિહિરની 'પંચસિદ્ધાંતિકા' પણ એના મૂળ રૂપમાં તો નથી જ મળતી. જૂની મળી આવેલી બે હસ્તપ્રતોને આધારે તે તૈયાર કરવામાં આવી છે. તેમ છતાંય, આ સંદર્ભગ્રંથ ઉપરોક્ત પાંચ સિદ્ધાંતો અંગે ઘણી માહિતી આપે છે.

અહીં નોંધવું જોઈએ કે વરાહમિહિરની પણ પહેલાં, ઈ.સ. ૫૦૫ની આસપાસમાં થઈ ગયેલા લાટદેવ નામના આપણાં એક ખગોળવેત્તાએ સૂર્ય, રોમક અને પૌલિશ - આ ત્રણ સિદ્ધાંતોનું નૂતન સંસ્કરણ કર્યું હતું. આ લાટદેવ આર્યભટ - પ્રથમના કેટલાક શિષ્યો પૈકીના એક હતા.

આપણે આગળ જોયું તેમ, આ બધા સિદ્ધાંતગ્રંથોના રચનારાઓ સંબંધી આપણે ખાસ કાંઈ જાણી શક્યા નથી. વળી, તે ખરેખર ક્યારે રચાયા તે અંગે પણ આપણે નિશ્ચિત નથી. આથી સરળતા ખાતર આ બધા ગ્રંથોને આર્ષગ્રંથ, એટલે કે ઋષિપ્રણીત ગ્રંથ કહેવામાં આવે છે. એમને જૂના સિદ્ધાંતગ્રંથો પણ કહી શકાય. બહુધા અપૌરુષેય ગ્રંથો તરીકે એમનો ઉલ્લેખ થાય છે. મતલબ કે આવા ગ્રંથ રચવા મનુષ્યની શક્તિ અને સામર્થ્યની બહારના છે, દૈવી છે, લોકોત્તર છે. (એનો અર્થ એ કે આ ગ્રંથો મનુષ્ય દ્વારા રચવામાં આવ્યા નથી, દૈવી પ્રેરણાથી ઉદ્‌ભવ્યા છે.) ભારતીય ખગોળશાસ્ત્રને લાગેવળગે છે ત્યાં સુધી, ઈ.સ. ૪૭૬ પછીનો એટલે કે આર્યભટ પછીનો બધો જ ઇતિહાસ મળી શક્યો છે. મતલબ કે એ પછીના બધા ગ્રંથોના, ખાસ કરીને સિદ્ધાંતગ્રંથોના રચયિતા અંગે જાણી શકાયું છે. એટલે આર્યભટે રચેલા ગ્રંથ અને એ પછીના કાળમાં રચાયેલા બધા ગ્રંથોને પૌરુષગ્રંથ (પૌરુષેય) કહેવામાં આવે છે. મતલબ કે તે બધાં મનુષ્ય દ્વારા અથવા કહો કે આચાર્યો દ્વારા લખવામાં આવ્યા છે. આ બધા ગ્રંથો મનુષ્યકૃત, મનુષ્યનિર્મિત છે. એમને આપણે નવા સિદ્ધાંતગ્રંથો પણ કહી શકીએ. આર્યભટે લખેલા 'આર્યભટીય' ગ્રંથને ભારતીય ગણિતનો પ્રથમ પૌરુષેય ગ્રંથ માનવામાં આવે છે, કારણ કે ભારતીય વિજ્ઞાનનો એ પહેલો એવો ગ્રંથ છે કે જેમાં રચનાકારે પોતાનું નામ, સ્થાન અને સમય સંબંધી સ્પષ્ટ માહિતી આપી હોય.

નવા સિદ્ધાંતગ્રંથોનો કાળ આર્યભટના ઉદય સાથે આરંભાય છે. આર્યભટનો જન્મ ઈ.સ. ૪૭૬માં થયો હતો અને તેણે 'આર્યભટ-સિદ્ધાંત' ઉપરાંત ઈ. ૪૯૯માં 'આર્યભટીય' નામનો એક બીજો ગ્રંથ પણ લખ્યો હતો. આ બન્ને સિદ્ધાંત ગ્રંથો છે. તે પછી થઈ ગયેલા ભારતીય ખગોળવિદોએ પણ અનેક સિદ્ધાંત-ગ્રંથો લખ્યા. ૧૭મી સદીના ઉત્તરાર્ધ સુધીમાં આવા તો અનેક સિદ્ધાંત-ગ્રંથો અસ્તિત્વમાં આવ્યા. આ પૈકી સોળથી સત્તરેક જેટલા નોંધપાત્ર છે. અને એમાં પણ બ્રહ્મગુપ્તનો ઈ.સ. ૬૨૮માં લખાયેલો 'બ્રહ્મસ્ફુટ-સિદ્ધાંત', અને ભાસ્કર દ્વિતીય નો ઈ.સ. ૧૧૫૦માં લખાયેલો 'સિદ્ધાંતશિરોમણિ' મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આગળ જોયું તેમ આ બધા ગ્રંથો નવા સિદ્ધાંત-વર્ગમાં આવે છે.

કરણ-ગ્રંથનો અર્થ થાય છે કામચલાઉ પુસ્તક. એમાં ખગોળના એવા નિયમો હોય છે કે એમની મદદથી ખગોળને લગતી ગણતરીઓ ઝડપથી થાય છે, પણ એ તદ્દન ખરી જ હોય તેવું નથી હોતું. મતલબ કે તેનાથી મળતો જવાબ આશરે હોય છે. આથી ઊલટું સિદ્ધાંત-ગ્રંથોમાં નિયમોના સિદ્ધાંત આપેલા હોય છે અને એમાં એવા નિયમો હોય છે કે



સામંતે શોધેલું માનયંત્ર

એમના પરથી ગણતરી કરતાં સમય કદાચ લાંબો લાગે, પરંતુ સમસ્યાનું સમાધાન આખરે થઈને રહે છે. અથવા એવું કહેવાય કે એમાં પ્રશ્નનો ઉત્તર સત્યની વધુ નજદીક આવે, અને નિરાકરણ પણ થાય.


આજના સંદર્ભમાં કહીએ તો સિદ્ધાંતગ્રંથો પાઠ્યપુસ્તક (ટેક્સ્ટબુક), જ્યારે કરણ ગ્રંથો માર્ગદર્શિકા (ગાઈડ) હતા. આને કારણે જેટજેટલા સિદ્ધાંતો હતા તે બધાને અનુરૂપ કરણ ગ્રંથો હતા. સ્વાભાવિક રીતે જ પાઠ્યપુસ્તક કરતાં માર્ગદર્શિકા ઊતરતી જ ગણાય. આ કારણે ભારતીય ખગોળમાં સિદ્ધાંત-ગ્રંથોની અપેક્ષાએ, કરણ-ગ્રંથોનો આદર ઓછો હતો. અહીં એ નોંધવું જોઈએ કે સિદ્ધાંત અને કરણ સાહિત્ય ઉપરાંત, પ્રાચીન ભારતમાં ખગોળને લગતું અન્ય સાહિત્ય પણ હતું. પરંતુ, અહીં તે અપ્રસ્તુત છે.

સમય જતાં અનેક લેખકોએ આ પ્રાચીન સિદ્ધાંતોમાં સુધારા કરીને નવેસરથી ગ્રંથો લખ્યા. વળી, અમુક ગ્રંથ માત્ર સિદ્ધાંત કે કરણ જ ન રહેતાં બંને પ્રકારનું સાહિત્ય એમાં આવી જાય તે રીતે પણ લખાયા.

આમ, પઠાણિ સામંતે જે ગ્રંથ રચ્યો તે આ કક્ષાનો, એટલે કે સિદ્ધાંત (પાઠ્યપુસ્તક) કક્ષાનો હતો.

પઠાણિ સામંત રચિત 'સિદ્ધાંત-દર્પણ'ને ભાસ્કર-દ્વિતીય દ્વારા ઈ.સ. ૧૧૫૦માં રચવામાં આવેલા 'સિદ્ધાંત-શિરોમણિ' પછીનો ભારતમાં પ્રકાશિત સર્વાધિક મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતગ્રંથ માનવામાં આવે છે. ખગોળવિદ્યાના એક આદર્શ પાઠ્યપુસ્તકમાં હોવાં જોઈતાં બધાં જ પાસાં તેમાં આવરી લેવાયાં છે. જેમ કે આકાશી પિંડોનાં અવલોકનો, વેધો, તેને લગતી ગણતરીઓ, સૂત્રો, ખગોળનાં સાધનો અને તેમને બનાવવાની અને વાપરવાની રીતો, લેખકનાં મંતવ્યો, સૃષ્ટિ સંબંધિત સંભવિત વાદો અને મૉડલ વગેરે જેવા વિષયો તેમાં સમાવવામાં આવ્યાં છે.

'સિદ્ધાંત-દર્પણ' : પઠાણિ સામંતના આ ગ્રંથમાં વિભિન્ન છંદમાં ૨૫૦૦ શ્લોક છે, આમાંથી ૨૨૮૪ શ્લોક સામંતે લખ્યા છે. બાકી ૨૧૬ શ્લોક જૂના સિદ્ધાંતોમાંથી લીધા છે. આમાંના અધિકતર



સામંતનું માનયંત્ર, ઊંધો અંગ્રેજી 'ટી' ત્રણ ભુજાઓવાળું માપક યંત્ર

શ્લોક 'સૂર્ય-સિદ્ધાંત' અને ભાસ્કર-દ્વિતીય રચિત 'સિદ્ધાંત શિરોમણિ'માંથી લીધા છે. એવું કહી શકાય કે 'સિદ્ધાંત-શિરોમણિ' ગ્રંથને આદર્શરૂપ માનીને તેઓ ચાલ્યા છે. જો કે ખરું પૂછો તો આ ગ્રંથ લખવામાં પઠાણિ સામંતે ભાસ્કર-દ્વિતીયનું અનુકરણ કર્યું છે ખરું, પરંતુ માનેલા પોતાના ગુરુના અંધ-સમર્થક તે ક્યાંય નથી બન્યા. તેમની બધી જ વાતો સ્વીકારી લીધી નથી. જેમ કે ભાસ્કર-દ્વિતીયે આપેલી ગ્રહો અંગેની સૂચનાઓનો સામંતે સ્વીકાર કર્યો નથી.

'સિદ્ધાંત-દર્પણ'નું સાહિત્યિક મહત્ત્વ પણ ઓછું નથી. પ્રો. જોગેશચન્દ્ર રાયે લખ્યું છે, 'હિંદુ ખગોળશાસ્ત્રમાં સિદ્ધાંતદર્પણનું પ્રદાન તો અમૂલ્ય છે જ, છંદ રચનાની દૃષ્ટિએ પણ તે અનુપમ છે. આ ગ્રંથની છંદ રચના પઠાણિ સામંતને વર્તમાન કાળના સંસ્કૃત શ્લોક રચનાકારોમાં શ્રેષ્ઠ સ્થાન અપાવે છે.'

ચંદ્રશેખર સામંત એક બાળક જેવા સરળ અને પૂરેપૂરા ઈશ્વરનિષ્ઠ નખશિખ હિંદુ હતા, એટલે જ પોતાની આ શ્રેષ્ઠ કૃતિ (મૅગ્નમ ઓપસ) કોઈ રાજા કે એવી જ કાંઈ દુન્યવી શક્તિને અર્પણ ન કરતાં, અખિલ સૃષ્ટિના માલિક એવા જગન્નાથને અર્પણ કરી છે. આ ગ્રંથમાં સામંતે સર્જનહારની સૃષ્ટિના પરિમાણનો અંદાજ કાઢવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

આ ગ્રંથને પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એમ બે ભાગમાં વહેંચવામાં આવ્યો છે. 'પ્રકાશ' શીર્ષક હેઠળ ચોવીસ પ્રકરણોમાં સિદ્ધાંતગણના દ્વારા પંચાંગ-રચનાની પૂર્ણ વિધિ બતાવવામાં આવી છે. પૂર્વાર્ધમાં પંદર અને ઉત્તરાર્ધમાં નવ પ્રકરણો છે. આ પ્રકરણોને મધ્યમાધિકાર, સ્ફુટાધિકાર, ત્રિપ્રશ્નાધિકાર, ગોલાધિકાર અને કાલાધિકાર એવા પાંચ ખંડોમાં વહેંચ્યા છે. સાથે આપેલા કોષ્ટક-૧માં આ પ્રત્યેક ખંડમાં આવતાં પ્રકરણ-વિષય દર્શાવ્યા છે.

સિદ્ધાંત-દર્પણની અનુક્રમણિકા અને એમાં સમાવેલા ખગોળના વિષયોનો વ્યાપ જોતાં દંગ થઈ જવાય. એકલદોકલ માનવી માટે આટલી સિદ્ધિ ખરેખર વિસ્મયજનક છે. અગાઉ થઈ ગયેલા ભારતના પ્રમુખ ખગોળપંડિતોનું હજારો વર્ષોનું સંચિત જ્ઞાન સામંતે એકએક કરીને તપાસ્યું. જરૂર લાગી ત્યાં, મૂળ તારણોને પોતાની રીતે અવલોકી, તેને મઠારી-સુધારીને પ્રમાણિત કર્યાં. ક્યાંક નવેસરથી સંસ્કાર્યાં. તો એથીય આગળ જઈને કેટલીક નવી ખગોલીય ઘટનાઓની શોધ કરી અને એમની સચોટ વ્યાખ્યા આપી. તો વળી કેટલીક ખગોલીય ઘટનાઓની આવનારા દસ હજાર વર્ષોને આવરી લેતી સટીક આગાહીઓ પણ કરી. ગ્રહણ વગેરે જેવી ઘટનાઓની આગાહી સરળતાથી થઈ શકે તે માટે તેમણે આરેખી (diagrammatic) કે આલેખી (graphical) પદ્ધતિ પણ પોતાના ગ્રંથમાં આપી છે. પોતે શોધેલી આ પદ્ધતિને તેમણે પારિલેખા (Parilekha) નામ આપ્યું છે. આ પદ્ધતિ વડે ગ્રહણોની આગાહી બહુ સચોટતાથી થઈ શકે છે. ઓરિસાનાં લોકપ્રિય પંચાંગો બનાવવામાં આજે પણ આનો આધાર લેવામાં આવે છે.

ખગોળ એ એક એવું વિજ્ઞાન છે, જેમાં નિરીક્ષણ અને ગણતરી સાથેસાથે ચાલે છે. ખગોલીય પિંડોની ગતિવિધિઓની નખશિખ જાણકારી ઉપરાંત, તેમાં ઘણી બધી મોટી સંખ્યાઓની ગણતરી સાથે પણ કામ પાર પાડવાનું હોય છે. સામંત આ કામમાં પણ નિપુણ હતા. ક્ષતિ વિનાની ગણતરી અને ગણતરીની નવીનવી પદ્ધતિઓ શોધી કાઢવામાં તો એ ક્યારેક પોતાના પુરોગામીઓ કરતાં પણ આગળ નીકળતા જણાય છે.

સામંતે ખગોળ અને ગણિતમાં અત્યંત ઉપયોગી પાઈનું મૂલ્ય પણ આપ્યું છે. આપણે જાણીએ છીએ કે પાઈ એ વર્તુળના પરિઘ અને વ્યાસ વચ્ચેનો ગુણોત્તર છે, અને સામાન્ય રીતે તેને ૨૨/૭ વડે દર્શાવવામાં આવે છે. પણ તેની આ કિંમત અત્યંત સ્થૂળ છે. સામંતે પણ પાઈનું આ મૂલ્ય માન્ય નથી કર્યું. સિદ્ધાંત-દર્પણમાં એમણે પાઈના ૩૯૨૭/૧૨૫૦ અને ૬૦૦/૧૯૧ એવાં બે સૂક્ષ્મ મૂલ્ય આપ્યાં છે. સંખ્યાઓના ઘનમૂળ શોધવાની પદ્ધતિથી અલગ એક નવી પદ્ધતિ પણ તેમણે આપી છે.

વિદેશી વિદ્વાનોનો પ્રતિભાવ : સામંતના ગ્રંથની સમીક્ષા કરતા 'નૉલેજ' નામના સામયિકે ૧૮૯૯માં આ પ્રમાણે લખ્યું હતું :

'છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન ખગોળશાસ્ત્ર પર જેટલા પણ ગ્રંથ પ્રકાશિત થયા છે, એ બધામાં આ (ગ્રંથ) વિલક્ષણ છે. અમુક બાબતમાં તે સર્વાધિક શિક્ષાપ્રદ પણ છે. ઓરિસાના ખંડપાડાના એક હિંદુએ આની રચના કરી છે. નરી આંખોનાં અવલોકન પર આધારિત આ સંપૂર્ણ ખગોળશાસ્ત્ર છે. લેખકે આ અવલોકનો સ્વનિર્મિત યંત્રોની મદદથી કર્યાં છે. હિંદુઓના ધાર્મિક વિધિ-નિયમો ખગોલીય ગતિવિધિ અનુસાર નક્કી થાય છે. આ ગ્રંથની રચના એક એવા હિંદુએ કરી છે કે જે પોતે હિંદુ ધર્મનો કટ્ટર સમર્થક છે. આ ગ્રંથ લખવામાં એણે પારંપરિક (પરંપરાગત) હિંદુ વિધિઓનો જ ઉપયોગ કર્યો છે. આ રીતે આ ગ્રંથ હિંદુઓ માટે અતિ મહત્ત્વનો છે. આ ગ્રંથ ધર્મમાં વ્યાપ્ત અનેક ભ્રમોને દૂર કરે છે. પરંતુ આમ કરવામાં પશ્ચિમી વિજ્ઞાનની સહેજ પણ મદદ નથી લીધી. તેમ છતાંય, આ ગ્રંથ પશ્ચિમવાસીઓ માટે બહુ મહત્ત્વનો છે. આ ગ્રંથથી એ ખબર પડે છે કે દૂરબીનની શોધ પહેલાં ખગોલીય અવલોકનો કેટલી ચોકસાઈથી લઈ શકાતાં હતાં.'

'નેચર' નામના પ્રખ્યાત આંતરરાષ્ટ્રિય સામયિકે પણ તેના માર્ચ ૯,૧૮૯૯ના અંકમાં સિદ્ધાંત દર્પણની સમીક્ષા કરી હતી. પઠાણિ સામંતની સિદ્ધિની આલોચના કરતાં તેણે આ પ્રમાણે લખ્યું હતું : 'ખગોળના કેટલાક સ્થિરાંકો (constants)નું એમણે જે મૂલ્ય આપ્યું છે તે સ્થિરાંકો અને આધુનિક સ્થિરાંકોના મૂલ્ય વચ્ચેના તફાવતનું વિશ્લેષણ કરવાથી તેમની પ્રવીણતા સંબંધી આપણે અનુમાન કરી શકીએ. આ પૃથક્કરણ દ્વારા એમના ગ્રંથની યોગ્યતા પણ આંકી શકાય છે. સૂર્યના નાક્ષત્ર-ચક્ર (sidereal period)માં ૨૦૯ સેકંડનો તફાવત છે. આ જ રીતે, ચંદ્રના નાક્ષત્ર-ચક્રમાં એક સેકંડનો, બુધના નાક્ષત્રચક્રમાં ૭૯માં સેકંડનો, શુક્રમાં બે મિનિટનો, મંગળમાં નવ મિનિટનો, ગુરુમાં એક કલાકનો અને શનિના નાક્ષત્ર-ચક્રમાં અડધા દિવસથી થોડોક વધારે ફેર આવે છે. ક્રાંતિવૃત્ત (રવિમાર્ગ) પર ગ્રહોનો ઝોક (ઝુકાવ) જે ચોકસાઈપૂર્વક તેમણે નક્કી કર્યો (નિર્ધારિત-નિશ્ચિત) તે પણ વિલક્ષણ છે. સહુથી વધુ ભૂલ (ચૂક) બુધમાં આવે છે, અને તે પણ ફક્ત બે મિનિટની. સૌર-કક્ષાના સંદર્ભમાં કેન્દ્ર સમીકરણની ચૂક ૧૪ સેકંડ જેટલી આવે છે. ચંદ્રગતિ સિદ્ધાંત (lunar theory)માં પાત-પ્રદક્ષિણા કે પાતપરિક્રમા (revolution of the node)માં ૫.૫ દિવસનો ફેર આવે છે, જે પરિક્રમાના કુલ સમયના હજારમા ભાગથી પણ ઓછો છે. તેમણે તુંગાંતર કે ચાંદ્ર ક્ષોભ (evection), પાક્ષિક અથવા તો વિચરણ કે વિચ્યુતિ (the variation) અને દિગંશ કે વાર્ષિક સંસ્કાર (the annual equation)ને સ્વતંત્રપણે શોધી કાઢીને સ્થાપિત કર્યા અને તેમનાં મૂલ્ય શોધ્યાં, જે આધુનિક વિધિથી નિર્ધારિત મૂલ્યની ઘણાં

નજદીક છે.'

બ્રિટિશ લેખક માઉન્ડર (E.E. Maunder) ૧૯૦૪માં પ્રસિદ્ધ થયેલા 'Astronomy without Telescope' નામના પોતાના પુસ્તકમાં નૉલેજ સામયિકનો ઉલ્લેખ કરીને ભારતના આ ખગોળશાસ્ત્રીની ભારે પ્રશંસા કરતાં લખે છે કે જે કામ માટે અંબરના રાજા સવાઈ જયસિંહે જંતરમંતર જેવી ભવ્ય ઈમારતો રચી, તે જ કામ, ઓરિસાના એકાંત ગામડામાં રહેનાર સામંતે કોઈ પણ જાતના આડંબર વિના વધુ કુશળતાથી કરી બતાવ્યું. આગળ તે લખે છે કે આવાં મહત્ત્વપૂર્ણ પરિણામો અત્યંત ચોકસાઈપૂર્વક મેળવવાં અને તે પણ નરી આંખે, તદ્દન ઘરે બનાવેલાં સાવ સરળ સાધનોની મદદથી અને કોઈ પણ આધુનિક પુસ્તકમાં ચંચુપાત કર્યા વગર એકલપંડે કરવાં તે દૃઢનિશ્ચય શું કરી શકે તેનું જ્વલંત ઉદાહરણ છે.

મહત્ત્વનું મૌલિક પ્રદાન : આમ તો ખગોળવિદ્યામાં સામંતનું નાનું-મોટું ઘણું યોગદાન છે. પરંતુ તેમના મહત્ત્વના પ્રદાનને નીચે પ્રમાણે ચારેક શીર્ષકમાં વહેંચી શકાય : (૧) અવલોકન કે વેધકાર્ય (observation); (૨) ગણતરી કે પરિકલન (calculation) અથવા કહો કે ગણિત આધારિત વર્તારા, (૩) માપન અને માપ-યંત્રણની પદ્ધતિઓ (method of measurement and instrumentation) અથવા બીજી રીતે કહીએ તો ખગોલીય યંત્રોની રચના, અને (૪) સિદ્ધાંત કે વાદ તથા પ્રતિરૂપ (પ્રતિકૃતિ) કે નમૂનો - મૉડેલ (theory and model)ની રચના.

ચંદ્રશેખર સામંતે ચંદ્રનું નિરીક્ષણ કરીને એની ગતિમાં રહેલી ત્રણ અસમતાઓ શોધી અને તે દરેકને સંસ્કારી. આ સૂક્ષ્મ અનિયમિતતાઓને તેમણે આપણે ઉપર જોયું તેમ, તુંગાંતર (Tungantara), પાક્ષિક (Pakshika) અને દિગંશ (Digamsa) એવાં નામ આપ્યાં. આધુનિક ખગોળશાસ્ત્રના સંદર્ભે આ ત્રણ અનિયમિતતાઓનો શો અર્થ થાય અને તેમનું આધુનિક મૂલ્ય શું થાય તે પણ સમજી લઈએ.

તુંગાંતરને આધુનિક ખગોળશાસ્ત્રીઓ 'evection' કહે છે. આપણે એને ચંદ્રચ્યુતિ કે ચાંદ્ર ક્ષોભ અથવા તો ચ્યુતિ સંસ્કાર કહી શકીએ. ચંદ્રની ગતિની બધી અનિયમિતતાઓમાં સહુથી મોટી આ છે. તેના પાછા બે પ્રકાર પાડવામાં આવ્યા છે, પણ અહીં આ બાબતની વધુ વિગત અપ્રસ્તુત છે. ચંદ્ર પર અનુભવાતા સૂર્ય અને ગ્રહોના સંક્ષોભ (વિક્ષોભ)ને કારણે તે ઉદ્‌ભવે છે, અને બત્રીસ દિવસના નિયમિત ગાળે થતી જોવા મળે છે. આવા સંક્ષોભને કારણે અપેક્ષિત સ્થાન કરતાં ચંદ્ર લગભગ અકાદ અંશ ક્યાં તો આગળ કે પછી પાછળ પડે છે. આધુનિક ખગોળશાસ્ત્રીઓએ તેનું શોધેલું અધિકતમ મૂલ્ય ૧°૧૬' છે, જ્યારે સામંતે તેનું મૂલ્ય ૨°૪૦' આપ્યું છે.

પાક્ષિક સંસ્કારને આજના ખગોળશાસ્ત્રીઓ 'variation' કહે છે. આપણે તેને વિચ્યુતિ કે વિચરણ કહી શકીએ. વેરિએશનને તિથિ સંસ્કાર પણ કહેવાય છે. અમાવસથી પૂર્ણિમા, એટલે કે ચાંદ્ર માસના શુક્લ પક્ષ (અજવાળિયાના પખવાડિયા) દરમિયાન ચંદ્ર ઉપર સૂર્યના આકર્ષણ બળ (attractive force)ને કારણે ચંદ્રની ગતિ મંદ પડે છે. આ પછીના કૃષ્ણ પક્ષ (અંધારિયાના પખવાડિયા) દરમિયાન આથી ઊલટું બને છે. મતલબ કે ચંદ્રની ગતિમાં વધારો થાય છે. આકર્ષણ બળની આ બદલાતી રહેતી તીવ્રતાનો તફાવત ચંદ્રની ભ્રમણકક્ષામાં વિક્ષોભબળ (disturbing force) તરીકે વર્તે છે, જેને કારણે ચંદ્રમાં સ્થિત્યંતર કે સ્થળાંતર (shift) જોવા મળે છે. આધુનિક ખગોળશાસ્ત્રીઓએ શોધેલું આવું અધિકતમ સ્થળાંતર ૩૯'૩૧" જેટલું છે, જ્યારે સામંતે શોધેલું આવું વધુમાં વધુ સ્થળાંતર ૩૮'૧૨" જેટલું છે, જે આધુનિક મૂલ્યની ઘણું નિકટ છે.

દિગંશને આધુનિક ખગોળમાં 'annual equation' એટલે કે વાર્ષિક સંસ્કાર કે પછી ગતિસંસ્કાર કહે છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ, અને વળી આ બંને પિંડ, સૂર્યની આસપાસ ફરતા હોવાને કારણે સૂર્ય-ચંદ્રના અંતરમાં પરિવર્તન કે ફેરફાર (variation) થયા કરે છે. આને કારણે ચંદ્રની સ્થિતિમાં આ પ્રકારની અનિયમિતતા જોવા મળે છે. પૃથ્વીની સૂર્યની આસપાસ ફરવાની ગતિ વાર્ષિક હોઈ, ચંદ્રની આ વિષમતાની અવધિ પણ વાર્ષિક છે. આધુનિક ખગોળ પ્રમાણે તેનું સંસ્કારેલું મહત્તમ મૂલ્ય ૧૧'૯" છે, જ્યારે સામંતે આપેલું મૂલ્ય ૧૨' છે, જે આધુનિક મૂલ્યની બહુ સમીપ છે.

સામંતે સિદ્ધાંત-દર્પણમાં બહુ સ્પષ્ટપણે નોંધ્યું છે કે તુંગાંતર (ચાંદ્ર ક્ષોભ) સંબંધી એમના પુરોગામી ખગોળશાસ્ત્રીઓ માહિતગાર હતા. તેમ છતાંય, પ્રો. જોગેશચંદ્ર રાયે આ ગ્રંથની પ્રસ્તાવનામાં એવું લખ્યું છે કે ચંદ્રના સ્થાનની ગણતરી કરતાં, ચંદ્રશેખર સામંતે એની અસંગતતાના સંસ્કારની કે શુદ્ધીકરણની જે શોધ કરી છે તે મૌલિક છે, અર્થાત્ પ્રો. રાયના મતે ચંદ્રની ગતિમાં અસંગતતા શોધી કાઢનાર સામંત પહેલા ભારતીય ખગોળશાસ્ત્રી છે. વળી, બર્જેસ[૬] જેવો વિદ્વાન સુધ્ધાં સૂર્યસિદ્ધાંતના પોતાના અંગ્રેજી અનુવાદમાં લખે છે કે પ્રાચીન ભારતીયોએ ચાંદ્રક્ષોભની નોંધ લીધી નથી. પ્રફુલ્લચંદ્ર સેનગુપ્ત[૫] નામના બંગાળી સંશોધક આ વાતનું ખંડન કરે છે. ૧૯૩૪માં કલકત્તા યુનિવર્સિટી પ્રેસ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા 'Khandakhadyaka of Brahmagupta' (બ્રહ્મગુપ્તનું ખંડખાદ્યક) નામક પોતાના અંગ્રેજી ગ્રંથમાં તે લખે છે કે ચાંદ્રક્ષોભ જ નહીં, ચાંદ્ર વિચ્યુતિ (variation) અંગે પણ ભારતના પ્રાચીન ખગોળશાસ્ત્રીઓ જાણકારી ધરાવતા હતા, અને ઈ.સ. ૯૩૨માં થઈ ગયેલા મુંજાલ (કે મંજુલ) અને ઈ.સ. ૧૧૫૦માં થઈ ગયેલા ભાસ્કરાચાર્ય-બીજાએ આની શોધ કરી હતી. સેનગુપ્તના મતે મુંજાલે પોતાના 'લઘુમાનસ' નામક ગ્રંથમાં આપેલા ચાંદ્ર ક્ષોભના ચંદ્રસંસ્કાર (lunar equation) ટૉલેમી જેવા પશ્ચિમી વૈજ્ઞાનીએ આપેલા તેવા જ સંસ્કાર કરતાં તો ક્યાંય વધુ સૂક્ષ્મ અને અધિક ચડિયાતા છે. અહીં એ પણ નોંધવું જોઈએ કે મુંજાલ તથા પ્રાચીન ભારતના અન્ય ખગોળવિદો, ચંદ્રગતિની એક બીજી અનિયમિતતાના સંસ્કાર, ચંદ્રના મંદફલ (equation of centre)થી પણ બહુ સારી રીતે વાકેફ હતા.

ઈ.સ. પૂર્વે બીજી સદીમાં ગ્રીસમાં થઈ ગયેલો હિપાર્કસ ચાંદ્ર ગતિની અસમતા અંગે વિચારણા કરનાર કદાચ પહેલો ખગોળવેત્તા હતો. આ દિશામાં, અને ખાસ તો, ચંદ્ર ચ્યુતિ (ઇવેક્શન)ની શોધ કરનાર ઈસુની બીજી સદીમાં થઈ ગયેલો ઇજિપ્ત - ગ્રીસનો ખગોળવેત્તા ટૉલેમી હતો. પરંતુ આ સંબંધી વૈજ્ઞાનિક, સવિસ્તર વિચારણા કરનાર પશ્ચિમનો પહેલો વિજ્ઞાની ૧૬મી સદીમાં ડેનમાર્કમાં થઈ ગયેલો ટાયકો બ્રાહે (૧૫૪૬-૧૬૦૧) હતો. તેણે ચંદ્રચ્યુતિ (evection) અને વિચ્યુતિ (variation)ની શોધ કરી હતી. એવું લાગે છે કે વાર્ષિક સંસ્કાર (an-

nual equation)થી પણ તે માહિતગાર હતો, પરંતુ આ શોધ તે પૂરી કરી શક્યો ન હતો. તેના અવસાન પછી તેના શિષ્ય કૅપલરે (૧૫૭૧-૧૬૩૦) તે શોધી હતી.

આથી પણ પહેલાં, ૧૦મી સદીમાં થઈ ગયેલા અબુલ વફા (Abul Wafa : જન્મ ? ૯૩૯ કે ? ૯૪૦ અને અવસાન : ૯૯૮) નામના બગદાદના એક ખગોળવિદે વિચ્યુતિની શોધ કરી હતી. પરંતુ તેની આ શોધ ભુલાઈ ગઈ હતી. આમ, હિપાર્કસ (ઈ.સ. પૂર્વે બીજી સદી), ટૉલેમી (ઈ.સ. બીજી સદી), મુંજાલ (૧૦મી સદી), અબુલ વફા (૧૦મી સદી), ભાસ્કરાચાર્ય (૧૨મી સદી), ટાયકો (૧૬મી સદી) વગેરે જેવા ખગોળશાસ્ત્રીઓના નામ ચંદ્રગતિની અનિયમિતતા અને ચંદ્રસંસ્કાર સાથે સંકળાએલા છે.

આ બધી ચર્ચામાં ન પડીએ તોય, એટલું તો જરૂર કહી શકાય કે સામંત ચંદ્રશેખર પ્રાચીન ભારતીય ખગોળશાસ્ત્રીઓની ભવ્ય પરંપરાના પહેલા અને એકમાત્ર એવા ખગોળવિદ્ છે કે જેમણે દિગંશ, અર્થાત્ વાર્ષિક સંસ્કાર (annual equation)ની શોધ કરી છે અને ચંદ્રની ત્રણે-ત્રણ અનિયમિત ગતિઓની નોંધ લીધી છે એટલું જ નહીં, એમનાં જે મૂલ્ય શોધ્યાં છે, તે આધુનિક મૂલ્યોની ઘણાં જ નિકટવર્તી છે. તેમનો ઉછેર જ એવી રીતે થયો હતો કે ખગોળના આધુનિક પ્રવાહોથી તે અલિપ્ત રહ્યા હતા. વળી, ભાષાની મર્યાદા પણ હતી જ. ટાયકો વગેરેનાં કાર્ય તો શું, નામથી પણ તે અજાણ હતા. આ બધો વિચાર કરતાં સામંતના આ કાર્યની વિશિષ્ટતા દાદ દેવા યોગ્ય છે, કારણ કે ચંદ્રગતિની અનિયમિતતા અને તેના સંસ્કારની શોધમાં તેમની મૌલિકતા છતી થતી જોઈ શકાય છે.

સૂર્ય-સિદ્ધાંત, સિદ્ધાંત-શિરોમણિ અને સિદ્ધાંત-દર્પણમાં સૂર્ય, ચંદ્ર તથા પાંચ ગ્રહોની નાક્ષત્ર-સ્થિતિઓ (sidereal positions) અને ક્રાંતિવૃત્ત પર ગ્રહોના ઝુકાવનાં જે મૂલ્યો આપવામાં આવ્યાં છે, તેમને કોષ્ટક-૨ અને કોષ્ટક-૩માં દર્શાવવામાં આવ્યાં છે. તે ઉપરાંત, ૧૮૯૯માં જ્ઞાત તેમનાં યુરોપીય મૂલ્ય અને આધુનિક મૂલ્ય પણ આપવામાં આવ્યાં છે.

ઉપકરણો : રાત્રિ-આકાશના પ્રત્યક્ષ નિરીક્ષણ માટે જરૂરી ઉપકરણો પઠાણિ સામંત જાતે જ બનાવતા હતા. તેમનાં મોટા ભાગનાં યંત્રો વાંસ અને લાકડામાંથી બનાવવામાં આવ્યાં હતાં. આ યંત્રોને નીચે મુજબ ત્રણ શ્રેણીમા વહેંચી શકાય :

૧. કાલ-નિર્ધારણ યંત્ર (ઘડિયાળ) : તેમાં જાત-જાતનાં છાયાયંત્રો (ધૂપઘડી)નો સમાવેશ થાય છે. જેમ કે ચક્રયંત્ર, જેમાં એક અંશાંકિત ચક્ર (calibrated wheel) હોય છે, જેનો અક્ષ (axis) કેન્દ્ર પર હોય છે. આની મદદથી આખા દિવસ દરમિયાન સમય જાણી શકાય છે. ચાપયંત્ર આવું બીજું યંત્ર છે. તેમાં પણ અંશાંકિત ચક્ર હોય છે અને તેનો અક્ષ પણ કેન્દ્રમાં જ હોય છે, પરંતુ આ યંત્રથી અડધા દિવસનો સમય જાણી શકાય છે. ગોળાર્ધ યંત્ર નામનું આવું ત્રીજું ઘડિયાળ છે, જેનો આકાર અર્ધગોળ છે. આ ઉપરાંત એમની પાસે સ્વયંવહ નામનું જલઘડિયાળ પણ હતું.

૨. બહૂપયોગી (બહુવિધ) યંત્ર : આ શ્રેણીમાં મુખ્યત્વે છાયાશંકુ કે ઉન્નતાંશ દંડ (gnomon) અને માનયંત્રનો સમાવેશ થાય છે. શંકુ યંત્રમાં નિર્ધારિત લંબાઈનો એક દંડ હોય છે, જેને સમતલ (સપાટ) જમીન ઉપર ઊભો રાખવામાં આવે છે. સૂર્યના પ્રકાશથી બનતી દંડની છાયાની લંબાઈ માપીને સ્થાનીય સમય, ઉન્નતાંશ, ખમધ્ય અંતર (zenith distance) અને સૂર્યની ક્રાંતિ કે અપક્રમ (declination of the sun), તથા રાશિચક્રમાં એના સ્થાનનું નિર્ધારણ કરી શકાય છે. આનાથી ગમે તે સ્થાનના અક્ષાંશ અને તેની દિશા પણ જાણી શકાય છે.

કોષ્ટક-૧ : "સિદ્ધાંત-દર્પણ"માં આવતાં વિષયોનો સાસંશ(સાર)

ખંડનું નામ	પ્રકરણ સંખ્યા	પ્રકરણ વિષય	પ્રકરણમાં શ્લોકોની સંખ્યા
મધ્યમાધિકાર	૧	કાલ વર્ણન	૪૪
	૨	ભગણ વગેરેનું વર્ણન	૭૫
	૩	મધ્ય(મધ્યમ) ગ્રહ સ્થિતિ	૭૭
	૪	વિભિન્ન સંશોધન(શુદ્ધિ)	૫૭
સ્ફુટાધિકાર	૫	ગ્રહોની વાસ્તવિક સ્થિતિ	૨૨૧
	૬	સૂક્ષ્મ સંશોધન(શુદ્ધિ)	૧૬૧
ત્રિપ્રશ્નાધિકાર	૭	શંકુ વગેરે	૬૪
	૮	ચંદ્રગ્રહણ	૮૭
	૯	સૂર્યગ્રહણ	૭૮
	૧૦	પરિલેખ વર્ણન	૭૭
	૧૧	ગ્રહોનું પારગમન	૧૧૧
	૧૨	ગ્રહોનું સંરેખન	૯૩
	૧૩	ગ્રહોના ઉદય અને અસ્ત	૮૪
	૧૪	ચંદ્રની કલાઓ	૬૭
	૧૫	મહાપટ વર્ણન	૭૦
ગોલાધિકાર	૧૬	પ્રશ્નાવલી	૭૯
	૧૭	ભૂ-વર્ણન	૧૫૯
	૧૮	ભૂ-વર્ણન(ચાલુ)	૧૭૫
	૧૯	ખગોલ	૧૨૩
	૨૦	યંત્ર વર્ણન	૧૧૧
	૨૧	કેટલાંક પ્રમુખ પ્રશ્ન	૨૪૯
કાલાધિકાર	૨૨	વર્ષ વગેરેનું વર્ણન	૭૬
	૨૩	પુરુષોત્તમ(જગન્નાથ પુરી)ની આરાધના	૫૫
	૨૪	ઉપસંહાર	૧૫૬
કુલ			૨૫૦૦

માનયંત્ર એ એક માપક યંત્ર (measuring instrument) છે. મૂળતઃ તે એક સ્પર્શ રેખા દંડ (દંડૂકો) કે સ્પર્શક ડાંગ (tangent staff) છે. પઠાણિ સામંતે જાતે જ તેની રચના કરી હતી. લાકડીના એક ટુકડાને અન્ય એક ટુકડા સાથે એવી રીતે જોડવામાં આવેલો હતો કે જેથી અંગ્રેજી-વર્ણમાળાના T અક્ષર જેવો તેનો દેખાવ થતો હતો. બંને ટુકડા વચ્ચે ૯૦ અંશનો કોણ બનતો હતો. આ Tના લંબવત્ - ઊભા દંડામાં અમુક ચોક્કસ અંતરે ગોળ કાણાં પાડવામાં આવતાં. તેવી જ રીતે, Tના ઉપરના ટેકા (હાથા)માં પણ એક આંકણી (ફૂટપટ્ટી)ની જેમ, નિર્ધારિત અંતરે કાપા પાડવામાં આવતા. આમ, આ યંત્રની ત્રણે ભુજાઓ અંશાંકિત રહેતી, અને લંબવત્ ટુકડા પર છિદ્ર કરેલાં રહેતાં. આ યંત્રનો ઉપયોગ કરતી વખતે તેને ઊંધું કરી દેવાતું (મતલબ કે ઊંધો અંગ્રેજી ટી-⊥). આડો દંડો ક્ષિતિજને સમાંતર રાખીને અવલોકનો કરવામાં આવતાં. આથી તેને ક્ષૈતિજ-દંડ કહેવાતો. આ દંડને કાટખૂણે ઊભેલો કાણા પાડેલો લંબવત્ દંડ, ક્ષૈતિજ-દંડની બરાબર વચ્ચે નહીં, પરન્તુ ત્યાંથી સહેજ દૂરના સ્થાને, અર્થાત્ કેન્દ્રચ્યુત (off-centre) રાખવામાં આવતો. આ રીતે ક્ષૈતિજ-દંડની બે ભુજાઓ અસમાન રાખવામાં આવતી. આ ક્ષૈતિજ-દંડની એક ભુજાને પકડી, કોણીએથી હાથ સીધો કરી, દર્શક કાણા પાડેલા ઊભા

દંડમાંથી દૂરના પદાર્થને નિહાળતો. તે પછી સમીકરણની મદદથી ગણતરી કરીને તે પદાર્થની ઊંચાઈ અને દર્શકથી તે કેટલા અંતરે આવેલો છે તે શોધી કાઢવામાં આવતું. આમ, તદ્દન સાદા આ સાધના વડે કોઈ પહાડ કે પછી દૂરની કોઈ પણ વસ્તુની ઊંચાઈ તથા તેનું અંતર જાણી શકાતું. સિદ્ધાંત-દર્પણમાં ત્રણ ભુજાઓવાળા આ યંત્રનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

૩. ગોલયંત્ર : પ્રાચીન ભારતના ખગોળશાસ્ત્રીઓ ગ્રહોની સ્થિતિ અને ગતિ નિર્ધારણ માટે આ યંત્રનો ઉપયોગ કરતા હતા. આ એક પ્રકારનું વલયયંત્ર (**armillary sphere**) હતું. ખગોળવિદ્યા શીખવવા માટે પણ તેનો ઉપયોગ થતો હતો. તેની મદદથી વિદ્યાર્થીઓને ખગોળનાં વિવિધ વૃત્તો સમજાવવામાં આવતાં હતાં. પઠાણિ સામંતે આ યંત્રમાં કેટલાક સુધારા કર્યા હતા જેને કારણે આ યંત્રની મદદથી ગ્રહોના ભોગ કે રેખાંશ (**longitude**) અને અપક્રમ કે ક્રાંતિ (**declination**) પણ નિર્ધારિત કરી શકાતા હતા. વિવિધ પ્રકારનાં ગોલયંત્ર બનાવવાની રીત પણ તેમણે પોતાના ગ્રંથમાં આપી છે.

અહીં એ નોંધવું જોઈએ કે સામંત પહેલાંના ભારતના [illegible]ણ પ્રાચીન ખગોળશાસ્ત્રીએ પોતાના ગ્રંથમાં ખગોળનાં ઉપકરણ [illegible]) અંગે અને ખાસ તો, તેમને બનાવવાની રીત અંગે આટલી અને આવી માહિતી આપી નથી. સામંતે પોતાના ગ્રંથમાં પ્રકરણ વીસમાં 'યંત્રવર્ણન' શીર્ષક હેઠળ આ બધી માહિતી આપી છે.

સિદ્ધાંત-દર્પણ ગ્રંથની પ્રસ્તાવનામાં પ્રો. જોગેશચંદ્ર રાયે ચંદ્રશેખર સામંત અને ટાયકો બ્રાહે (૧૫૪૬-૧૬૦૧) વચ્ચે કેટલીક સમાનતાઓ હોવાનું લખ્યું છે. બન્ને રાજઘરાનાના સભ્ય હતા કે પછી રાજા સાથે નજદીકથી સંકળાયેલા હતા. બન્નેએ નરી આંખોથી જ નિરીક્ષણ કરેલું. અને આ માટેનાં વિશુદ્ધ, ક્ષતિરહિત સાધનો પણ જાતે જ બનાવેલાં. ફેર હતો તો એ કે ટાયકોના સમયમાં દૂરબીન હજુ શોધાયું ન હતું અને તેના મૃત્યુ પછી નવેક વર્ષ બાદ તેનો ખગોળમાં ઉપયોગ થવાનો હતો. જ્યારે ચંદ્રશેખર સામંતના કાળમાં ખગોળશાસ્ત્રમાં દૂરબીન અનિવાર્ય બની ચૂક્યું હતું, પરંતુ તેના અસ્તિત્વ વિશે ચંદ્રશેખર સાવ અજાણ હતા. ટેલિસ્કોપ શોધાયા પહેલાંના કાળમાં જાતે જ બનાવેલાં યંત્રોની મદદથી કરેલાં નિરીક્ષણોને આધારે ટાયકોએ એના પહેલાંના સંશોધકોએ તૈયાર કરેલી ખગોલીય સારણિઓમાં રહેલી ત્રુટિઓ સુધારી હતી.

ઈ.સ.ની બીજી સદીમાં થઈ ગયેલા ટૉલેમી સહિત પ્રાચીન ખગોળવિદો ભૂકેન્દ્રી-સિદ્ધાંતમાં, અર્થાત્, સર્વ આકાશી પિંડોની મધ્યમાં પૃથ્વી હોવાનું માનતા હતા. બીજી રીતે કહીએ તો સૂર્ય તથા બધા જ ગ્રહો પૃથ્વીની આસપાસ ઘૂમતા હોવાની વિચારશ્રેણીમાં શ્રદ્ધા ધરાવતા હતા. ટાયકોના પહેલાં થઈ ગયેલા કૉપરનિકસે (૧૪૭૩-૧૫૪૩) આ માન્યતાનું ખંડન કરીને કહ્યું કે પૃથ્વી નહીં, પણ કેન્દ્રમાં સૂર્ય છે. મતલબ કે સૂર્ય બધાના કેન્દ્રમાં છે અને પૃથ્વી સહિત બધા ગ્રહો તેની પરિક્રમા કરે છે. તેનો આ સિદ્ધાંત સૂર્ય-કેન્દ્રી-સિદ્ધાંત કહેવાય છે. કૉપરનિક્સના સિદ્ધાંતને ન સ્વીકારીને ટાયકોએ સન ૧૫૮૩ની આસપાસ પોતાનો વિશ્વ-સિદ્ધાંત આપ્યો હતો. તેના સિદ્ધાંતમાં ટૉલેમી અને કૉપરનિક્સના સિદ્ધાંતોનું મિશ્રણ હતું. અથવા કહો કે સૂર્યકેન્દ્રીય અને ભૂકેન્દ્રીય એમ બે મૉડલો વચ્ચે સમાધાન કરવામાં આવ્યું હતું. તેના આ મૉડલને ટાયકોનિક સિદ્ધાંત (**Tychonic Theory**) કે ટાયકો પ્રણાલી (**Tychonic System**) કહેવાય છે.

આ બધાથી સાવ અજાણ એવા ચંદ્રશેખરે પોતાનાં અવલોકનોને આધારે સિદ્ધાંત-દર્પણમાં પોતાનો એક નવો જ વાદ રજૂ કર્યો જે ટાયકોના સિદ્ધાંતને આશ્ચર્યકારક રીતે બરાબર મળતો આવે છે. એમણે કહ્યું કે બુધ, શુક્ર, મંગળ, ગુરુ અને શનિ, સૂર્યની પરિક્રમા કરે છે. અને આ પાંચે ગ્રહોના રસાલા સાથે, સૂર્ય, પૃથ્વીની પરિક્રમા કરે છે. સિદ્ધાંત-દર્પણમાં આ પરિકલ્પના નીચેના શ્લોક દ્વારા વ્યક્ત થઈ છે :

तत्रमध्यम-मार्त्तण्डः परितोमण्डलंभुवः
भ्रमन् ताराखेचराणां कक्षामध्यस्थ उच्यते ।
तं भ्रमन्तो महीजाद्यास्तत्सङ्गेन भुवं पुनः
परिक्रामन्ति यत्तस्मात् स प्रोक्तः सर्वकर्षकः ।

-'સિદ્ધાંત-દર્પણ' પ્રકરણ:પાંચ, શ્લોક, ૬ અને ૭

નવાં સંશોધનો અનુસાર ઈ.સ. ૧૫૦૦ની આસપાસ થઈ ગયેલા નીલકંઠ સોમયાજિન્ (સોમ સુત્વન્ કે સોમયાજી) નામના કેરળના પ્રખ્યાત ખગોળશાસ્ત્રીએ રજૂ કરેલું સૂર્ય-ચંદ્ર-ગ્રહોનું વિશ્વ-મૉડલ પણ બરાબર ટાયકોના મૉડલને મળતું જ આવે છે.[૬]

સામંતનું આયખું ભારત પર અંગ્રેજોનું રાજ એના મધ્યાહ્નને તપતું હતું ત્યારે વીત્યું. એમનો સિદ્ધાંત દર્પણ ગ્રંથ પ્રસિદ્ધ થયો ૧૮૯૯માં. અહીં પ્રશ્ન એ થાય કે આ ગ્રંથને પ્રસિદ્ધ કરવામાં કારણભૂત પ્રો. જોગેશચંદ્ર રાય તો પશ્ચિમમાં થયેલી ખગોળની પ્રગતિથી બહુ સારી રીતે માહિતગાર હતા. ધાર્યું હોત તો સામંતને સમજાવીને તે કાળે દુનિયા આખીમાં ક્યારનો પ્રસ્થાપિત થઈ ચૂકેલો સૂર્યકેન્દ્રીય વાદ સ્વીકારી લેવાની સલાહ તેમણે આપી હોત. સાચું પૂછો તો, પ્રો. રાયે સામંતને આ અંગે સમજાવવાનો યત્ન કર્યો પણ હતો, પરંતુ સામંત એમની માન્યતામાંથી હઠ્યા નહીં. પાછળથી સિદ્ધાંતદર્પણમાં આ અંગે, પશ્ચિમના ખગોળશાસ્ત્રીઓને સીધો જ પડકાર આપતો એક શ્લોક લખીને આમેજ કર્યો ! આ દર્શાવે છે કે પોતાનાં નિરીક્ષણો પર તે કેટલા મુસ્તાક હતા !

સિદ્ધાંત-દર્પણની સમીક્ષા કરતાં નૅચર પત્રિકાએ લખ્યું હતું : 'પ્રો. રાયે લેખકની સરખામણી ટાયકો બ્રાહે સાથે કરી છે. આ યોગ્ય પણ છે. પરંતુ આપણે એમને (એટલે કે ચંદ્રશેખરને) ટાયકોથી પણ મહાન માનવા જોઈએ. ડૅનિશ ખગોળશાસ્ત્રીને શોધકાર્યમાં પૂરતી સહાય મળી હતી. પરંતુ સામંત ચંદ્રશેખરને આવી કોઈ મદદ મળી ન હતી. ન તો રાજાએ એમને પ્રોત્સાહન આપ્યું કે ન તો એમના કોઈ સાથીઓએ વધાવ્યા. ચંદ્રશેખર આખરે જે નિર્ણય પર પહોંચ્યા અને એની એમણે જે રીતે વ્યાખ્યા કરી, તે ટાયકો બ્રાહેના વિચારો સાથે મેળ ખાય છે. પૃથ્વી પોતાની ધરી પર ઘૂમે છે તે વાત સાથે લેખક ક્યારેય સંમત થયા નથી. પૃથ્વી સૂર્યની પરિક્રમા કરે છે તે બાબત પણ તે માનતા ન હતા. ટાયકોની જેમ તેમણે પણ અન્ય ગ્રહો સંબંધી એવું દર્શાવ્યું કે તે બધા સૂર્યને કેન્દ્રમાં રાખીને પૃથ્વીની પરિક્રમા કરે છે.'

સિદ્ધાંત-દર્પણ ગ્રંથ એ માત્ર ઐતિહાસિક કુતૂહલનો વિષય નથી. તે આજના જમાનામાં પણ પહેલાં હતો તેટલો જ પ્રાસંગિક અને ઉપયોગી છે. છેક ૧૮૭૦થી તેનો ઉપયોગ કરીને ઓરિસામાં પંચાંગ બનાવવામાં આવે છે. આ પરંપરા આજે પણ ચાલુ જ છે. આ ગ્રંથને પ્રમાણભૂત સ્રોત ગણીને તેને આધારે ઉડિયામાં તૈયાર કરવામાં આવતાં પંચાંગ ઓરિસાના લોકોને આજે પણ રોજેરોજ માર્ગદર્શન પૂરું પાડે છે. વળી ગ્રહણો, પિધાનો

કોષ્ટક ૨ : માધ્ય સૌર દિવસોમાં નાક્ષત્રકાળ

	સૂર્ય-સિદ્ધાંત	સિદ્ધાંત-શિરોમણિ	સિદ્ધાંત-દર્પણ	૧૮૯૯મા યુરોપીય માન	આધુનિક માન
સૂર્ય	૩૬૫.૨૫૮૭૫	૩૬૫.૨૫૮૪૩	૩૬૫.૨૫૮૭૫	૩૬૫.૨૫૬૩૭	૩૬૫.૨૫૬૩૬
ચંદ્ર	૨૭.૩૨૧૬૭	૨૭.૩૨૧૧૪	૨૭.૩૨૧૬૭	૨૭.૩૨૧૬૬	૨૭.૩૨૧૬૮૧૫
બુધ	૮૭.૯૫૮૫	૮૭.૯૬૯૯	૮૭.૯૭૦૧	૮૭.૯૬૯૨	૮૭.૯૬૯૨૫૬
શુક્ર	૨૨૪.૬૯૮૫	૨૨૪.૬૯૭૯	૨૨૪.૭૦૨૩	૨૨૪.૭૦૦૭	૨૨૪.૭૦૦૮૦
મંગળ	૬૮૬.૯૯૭૫	૬૮૬.૯૯૭૯	૬૮૬.૯૮૫૭	૬૮૬.૯૭૯૪	૬૮૬.૯૭૯૮૨
ગુરુ	૪૩૩૨.૩૨૦૬	૪૩૩૨.૨૪૦૬	૪૩૩૨.૬૨૭૮	૪૩૩૨.૮૫૪૮	૪૩૩૨.૫૮૯
શનિ	૧૦૭૬૫.૭૭૩૦	૧૦૭૬૫.૮૧૫૨	૧૦૭૫૯.૭૬૦૫	૧૦૭૫૯.૨૧૯૭	૧૦૭૫૯.૨૩

(occultation)[૭] યુતિઓ (conjuction)[૮] અધિક્રમણો (transit) વગેરે જેવી ખગોલીય ઘટનાઓ તેમાં ભાખ્યા પ્રમાણે થતી જોઈ શકાય છે. આ રીતે, આકાશી પિંડોની ગતિ અને સ્થિતિને લગતી ખગોળની એક અગત્યની શાખા, એટલે કે ખગોલમિતિ (astrometry)[૯]માં પણ તે બહુ ઉપયોગી છે. અને એના લેખકના દાવા મુજબ તો આવનારાં દસ હજાર વર્ષ સુધી આ ગ્રંથ પ્રમાણભૂત રહેવાનો છે... અને જો તે પછી પણ ગ્રંથમાંનાં સૂત્રો કે વ્યાખ્યાઓમાં અને પ્રત્યક્ષ નિરીક્ષણો વચ્ચે ફેર જણાય તો એમાં આપેલી સારણિઓનો ઉપયોગ કરીને સુધારી લેવાથી આ ગ્રંથ તે પછી દસ કરોડ વર્ષ સુધી ઉપયોગમાં લઈ શકાશે ! સામંતના આ દાવાને આધુનિક ખગોળશાસ્ત્રને આધારે ચકાસવો રસપ્રદ બની રહે.

સિદ્ધાંત-દર્પણની મૂળ સંસ્કૃત વાચનામાંથી થોડાં વર્ષો પૂર્વે, એનાં બે ભાષાંતર ઉડિયામાં પ્રગટ થયાં છે. બંને ભાષાંતરના કર્તા પંડિત વીર હનુમાન શાસ્ત્રી છે. પહેલામાં સંપાદન અને સંકલન દયાનિધિ ખદીરત્નનું છે અને તે કટકના ધર્મગ્રંથ સ્ટોર દ્વારા ૧૯૭૫માં પ્રસિદ્ધ થયું છે. બીજો અનુવાદ ઉત્કલ યુનિવર્સિટી, વાણીવિહાર દ્વારા ૧૯૭૬માં પ્રસિદ્ધ થયો છે.

લગભગ દરેક ધર્મનિષ્ઠ હિંદુનું એવું સ્વપ્ન હોય છે કે તેનું અવસાન પુરી જેવા પવિત્ર શહેરમાં થાય. ચંદ્રશેખરની પણ એવી જ ખ્વાએશ હતી. ઈશ્વરે તે માન્ય કરી. ૧૧ જૂન, ૧૯૦૪ના રોજ પુરીમાં ૬૯ વર્ષની વયે તેમણે છેલ્લો શ્વાસ લીધો. તેમના અવસાન સાથે પંડિતયુગની આપણી પરંપરાના શેષ પ્રતિનિધિએ વિદાય લીધી.

ખગોળશાસ્ત્રનો અભ્યાસ જાણે તેમનો જીવનમંત્ર હતો. તેના અધ્યયનમાં તેમનું સર્વસ્વ સમાઈ જતું હતું. પ્રો. જોગેશચંદ્ર રાયે તેમને માટે લખ્યું છે કે બ્રિટિશ સરકાર દ્વારા તેમને સંમાનિત કરવામાં આવ્યા પછી કટકમાં એક દિવસ પણ વધુ ન રોકાતાં ચંદ્રશેખર તરત જ વતન પાછા ફર્યા, તેનું કારણ એ હતું કે થોડા જ દિવસો પછી થનાર સૂર્યગ્રહણને પોતાની ઘરેલુ વેધશાળામાંથી નિહાળવાનું તે ચૂકવા માગતા ન હતા, અને તેના માટેની તૈયારી કરવા તે વહેલા જવા માગતા હતા. ખગોળશાસ્ત્રમાં તેમના પ્રદાનની કદરરૂપે તત્કાલીન બ્રિટિશ સરકારે એક ખાસ સમારંભ યોજીને ૩ જૂન, ૧૮૯૩ના દિને તેમને સામાન્યતઃ બ્રાહ્મણો માટે જ અનામત રખાતો, 'મહામહોપાધ્યાય'નો ખિતાબ એનાયત કરેલો. આગળ જોયું તેમ, આ ખિતાબ બહુધા મહેશચંદ્ર ન્યાયરત્નના પ્રયત્નોથી તેમને

મળેલા

મળતા હતા. પણ આનો લાભ માંડ એકાદ વર્ષ ભોગવવા જેટલું જ તે જીવ્યા.

અંગ્રેજોએ આપ્યો તે પહેલાં, પુરીના રાજા ગજપતિએ ઈ.સ. ૧૮૭૦માં 'હરિચંદન મહાપાત્ર' નામનો ઈલકાબ આપીને તેમની કાંઈક કદર કરેલી. જગન્નાથના મંદિરમાં થતી ધાર્મિક વિધિઓમાં કાઢવામાં આવતાં મુહૂર્ત, વ્રતો, ધર્મકાંડ કે માંગલિક પ્રસંગોએ ચોઘડિયાં કાઢવાં વગેરેમાં એમનાં પંચાંગોનો ઉપયોગ થતો હતો. એકલદોકલ માન-અકરામો કે તેને કારણે મૃત્યુના એકાદ વર્ષ પહેલાં અંગ્રેજ સરકાર તરફથી મળતું મહિને પચાસ રૂપિયા જેટલું પેન્શન. આટલા અપવાદોને બાદ કરતાં, એમના વૈજ્ઞાનિક સંશોધનની કદર તેમના જીવતાં જીવ ભાગ્યે જ થયેલી જોવા મળે છે. કારમી દરિદ્રતા, કુટુંબીઓ તથા સમકાલીનો તરફથી અવહેલના અને હરહંમેશ નરમગરમ રહેતી તબિયત સામે તે આજીવન ઝઝૂમતા રહ્યા. આટલું ઓછું હોય તેમ જીવનના અંતિમ દિવસોમાં પેટશૂળ (ચૂંક) અને અજીર્ણથી પણ બહુ પિડાયા.

સામંત સ્વભાવે બાળક જેવા સરળ અને નિષ્કપટ હતા. મજાક-મશ્કરી કરવાની પણ તેમને સારી ફાવટ હતી. તે પૂરેપૂરા ઈશ્વરનિષ્ઠ નખશિખ હિંદુ હતા અને સ્વભાવે કોઈ તપસ્વી જેવા હતા. તેઓ સત્યવાદિતા અને પ્રામાણિકતા જેવા ગુણોના બહુ આગ્રહી હતા. આ બાબતે તે એટલી હદે જાણીતા હતા કે કોઈ વિવાદ ખડો થતાં લોકો એમનો અભિપ્રાય લેતાં. એક વાર એમના રાજા અને પડોશના રાજાની વચ્ચે સરહદો અંગે કોઈ વિવાદ થતાં, ટોચના અધિકારીઓએ સામંતનો અભિપ્રાય આખરી માનીને ચુકાદો સામાવાળાના લાભમાં આપેલો. આ કારણે એમના રાજા, કે જે સામંતના ભત્રીજા પણ થતા હતા, તે કાયમી દુશ્મન બની ગયેલા. આથી સામંતનું અપમાન અને અનાદર કરવાની એક પણ તક જતી કરતા ન હતા. તેમ છતાંય, સામંત ઓરિસામાં ઠીકઠીક જાણીતા થયા હતા ત્યારે પણ, રાજાના આવા અઘટિત વર્તન અંગે કોઈની આગળ એક શબ્દ પણ બોલ્યા ન હતા. એ ભલે બોલ્યા ન હતા, પરંતુ, રાજાની આવી વર્તણૂંકને ઉડીયાના કવિ રાધાનાથ રાયે 'દરબાર' નામના કટાક્ષકાવ્યમાં સુપેરે છતી કરી હતી, જેમાં રાજાની નિંદા કરવા સાથે સામંતની સ્તુતિ કરેલી. આ કાવ્ય તે કાળે આસપાસના પ્રદેશમાં બહુ જાણીતું બનેલું. ચંદ્રશેખર સામંતની 'શોધ' કરનારા આ પેલા જ કવિ હતા.

કોષ્ટક ૩ : ક્રાંતિવૃત્તની સાથે ગ્રહ-કક્ષાઓનો ઝુકાવ (ડિગ્રી-મિનિટ-સેકંડ)

ગ્રહ	સૂર્ય-સિદ્ધાંત			સિદ્ધાંત-શિરોમણી			સિદ્ધાંત-દર્પણ			૧૮૯૯માં યુરોપીય માન			આધુનિક માન		
ચંદ્ર	૪	૩૦	૦	૪	૩૦	૦	૫	૦૯	૦	૫	૦૮	૪૮	૫	૦૮	૩૩
મંગળ	૧	૩૦	૦	૧	૫૦	૦	૧	૫૧	૦	૧	૫૧	૨	૧	૫૦	૫૯
બુધ	૫	૫૫	૦	૬	૫૫	૦	૭	૨	૦	૭	૦૦	૦૮	૭	૦૦	૧૮
ગુરુ	૧	૦	૦	૧	૧૮	૦	૧	૧૬	૦	૧	૧૮	૪૧	૧	૧૮	૧૮
શુક્ર	૨	૪૬	૦	૩	૬	૦	૩	૨૩	૦	૩	૫૩	૩૫	૩	૨૩	૪૧
શનિ	૨	૦	૦	૨	૪૦	૦	૨	૨૯	૦	૨	૨૯	૪૦	૨	૨૯	૧૦

પ્રો. રાયે તેમના અંગે લખ્યું છે, 'આખરે એમણે કર્યું શું ? એમના ટીકાકારો આવો સવાલ કરે છે. હું એમને કહેવા માગું છું કે શું એ પૂરતું નથી કે વિજ્ઞાનના એક સાચા પ્રેમીએ લોકોના વિરોધ અને ઉપહાસને સહન કરતા જઈને પણ પોતાનું સમગ્ર જીવન જ્ઞાનની ખોજમાં વિતાવી દીધું ? જે અડચણોને અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે પાર કરતા જઈને એમણે મૌલિક શોધ કાર્ય કર્યું, એવી અડચણો અનુકૂળ પરિસ્થિતિઓમાં રહેતી ભલભલી વ્યક્તિની હિંમતને પણ પરાસ્ત કરી દે. અનેક સમકાલીન વ્યક્તિઓની જેમ તેમણે સમય વેડફયો નહીં. સમયનો સદુપયોગ એમણે એવા કાર્ય માટે કર્યો જે લાખો દેશવાસીઓના રોજેરોજના જીવનને પ્રભાવિત કરે છે.'

ચંદ્રશેખર સામંતે જિંદગીના અંતિમ તબક્કે પ્રો. રાય થકી પહેલી જ વાર દૂરબીન જોયેલું. આ અંગે તેમનો પ્રતિભાવ શો હતો તે જાણવું રસપ્રદ થઈ પડશે. આ સંબંધી પ્રો. રાય આમ લખે છે :

'એમણે એની (દૂરબીનની) અદ્‌ભુત ક્ષમતા (**power**) સંબંધી સાંભળ્યું હતું, પરંતુ એની કામગીરીનો કોઈ અંદાજ ન હતો. આવા એકાદ દૂરબીનમાંથી ગ્રહો દેખાડવાની એમણે મને વિનંતી કરી. કમનસીબે એ વખતે મારી પાસે સવાત્રણ (૩$^1/_4$) ઈંચ વ્યાસથી મોટું વર્તક દૂરબીન (રિફેક્ટર) હાથવગું ન હતું. એમને માટે ૮૦ ડિગ્રી ક્ષમતા ગોઠવવામાં આવી. સુંદર ચિત્ર સમા બદલાયેલા ચંદ્રને એમણે જે ઉત્સુકતાથી, આનંદવિભોર બનીને જોયો, અને થોડાક સમય માટે કેવાક તલ્લીન થઈ ગયા તેનું શબ્દચિત્ર આપવાનું માંડી વાળી, કલ્પના કરી લેવી જ વધુ ઠીક રહેશે. જ્યારે જોવાની બાબત પૂરી થઈ, થોડીક નવીનતા ઓસરવા માંડી, ત્યારે તેની આવર્ધન શક્તિ (**magnifying power**) જાણવાની ઈચ્છા પ્રદર્શિત કરી. તેમને કહેવામાં આવ્યું કે જો તમે કરી શકતા હો તો જાતે જ તે શોધો.' પ્રો. રાય આગળ લખેછે, 'પ્રશ્ન પોતે જ કોયડારૂપ હતો અને એના જવાબની આશા મેં રાખી પણ ન હતી. પરંતુ, ઉપકરણ આશરે એકસો વ્યાસ જેટલું આવર્ધન કરે છે તેવું કહીને તેમણે મને ચોંકાવી દીધો. આ જવાબ તેમણે દૂરબીનમાંથી દેખાતા ચંદ્રના પ્રતિબિંબને માપીને, પોતાને જ્ઞાત એવા ચંદ્રના આભાસી વ્યાસ (**apparent diameter**) સાથે તેની તુલના કરીને બહુ સહજપણે આપ્યો હતો. યુવાન વયે પોતાને આ સાધનનો લાભ ન મળ્યાનું તીવ્ર દુઃખ એમણે અનુભવ્યું.'

દુર્ભાગ્યવશ ઓરિસાની બહાર સામંત બહુ જાણીતા ન હતા. બલકે એમ કહી શકાય કે ભારતની બહાર વિદેશમાં એક કાળે જાણીતા સામંત, ઓરિસાને બાદ કરતાં ભારતમાં અન્યત્ર ભાગ્યે જ જાણીતા હતા. ભારતીય ખગોળનો ઇતિહાસ લખનારા આપણા જ વિજ્ઞાન લેખકોએ, તેમના આ વિષયના ગ્રંથોમાં કે સંદર્ભોમાં, સંપૂર્ણ ભારતીય પરંપરામાં પાંગરેલા આ ભારતીય સપૂતના નામનો ઉલ્લેખ સુધ્ધાં કર્યો નથી. આમ કેમ થયું હશે ?

આમ થવાનું કારણ કદાચ એ છે કે સામંત એવા કાળમાં થઈ ગયા કે જ્યારે ભારતીય ઉપખંડમાં ઓરિસા (એક જમાનાનો કલિંગદેશ) તેની અસલ કીર્તિ અને સર્વોપરિ સ્થાન ગુમાવી ચૂક્યાને લગભગ ૩૦૦ વર્ષનો ગાળો પસાર થઈ ચૂક્યો હતો. આમ તો સન ૧૮૦૩થી જ ઓરિસામાં બ્રિટિશ રાજનું આગમન થઈ ચૂક્યું હતું, પરંતુ કોઈ કારણસર આધુનિક શિક્ષણના લાભથી તે વંચિત જ રહી ગયું હતું. આને કારણે તે કાળના અન્ય રાજ્યની અપેક્ષાએ ઓરિસા ઘણા લાંબા સમય સુધી અંધકારની સ્થિતિમાં રહ્યું હતું, અને આને લઈને ભારતના અન્ય પ્રદેશથી તે લગભગ અલગ જ પડી ગયું હતું. સામંતના જીવનકાળ દરમિયાન આ પરિસ્થતિમાં ભાગ્યે જ ઝાઝો ફેર થયો હતો. આ કારણે સામંત ઝાઝા પ્રકાશમાં ન આવ્યા હોવાનું અનુમાન કરી શકાય.[10]

'ભારતનો ટાયકો' એવું બિરુદ પામેલા ચંદ્રશેખર સામંત પ્રાચીન ભારતની ભવ્ય પરંપરાના, ટેલિસ્કોપ વગર, માત્ર આંખો વડે જ, પૂર્ણપરિશ્રમ ને ચીવટથી નિરીક્ષણો કરનારા વર્ગના કદાચ છેલ્લા જ ખગોળશાસ્ત્રી હતા. કોઈ કારણસર ભલે તે લાંબા સમય સુધી ગુમનામીના અંધારપટમાં રહ્યા, પરંતુ તેમને આર્યભટ-૧, ભાસ્કાચાર્ય-૨ વગેરે જેવા ભારતના પ્રથમ પંક્તિના પ્રાચીન ખગોળશાસ્ત્રીઓની પંગતમાં સહેલાઈથી બેસાડી શકાય તેવા તે સમર્થ હતા. કદાચ એટલે જ, ઓરિસાનાં લોકો તેમને આજે પણ ભૂલ્યાં નથી. તેમના ચીંધેલા માર્ગે આજે પણ ત્યાંનાં સ્થાનિક પંચાંગો બને છે. ભુવનેશ્વરમાં બનાવવામાં આવેલા એક આધુનિક તારાઘર (પ્લૅનેટિરિઅમ)નું નામ તેમના માનમાં પઠાણિ સામંત પ્લૅનેટેરિઅમ આપવામાં આવ્યું છે, જે ખરેખર તો તેમને અપાયેલી શ્રેષ્ઠ અંજલી છે.

પાદટીપ

૧. ઓરીસા, ઓરિસ્સા કે ઉડીસા, જુદા જુદા સંદર્ભોમાં તથા નકશાપોથીઓમાં આ બધી જોડણી પ્રયોજાય છે.

૨. પૃથ્વી અને સૂર્યની વચ્ચે બુધ અને શુક્ર આવેલા છે. ફરતાં-ફરતાં ક્યારેક એવું બને છે કે એમનું કાળું બિંબ સૂર્યના ચળકતા બિંબ

પર થઈને પસાર થતું દેખાય છે. આમ તો આ એક પ્રકારનું ગ્રહણ જ છે. પરંતુ તેને ગ્રહણ-ન કહેતાં, જે તે ગ્રહનું અધિક્રમણ (transit) કહેવાય છે. બુધનાં અધિક્રમણની સરખામણીએ શુક્રના અધિક્રમણ વિરલ ગણાય છે. ૧૭મી સદીના આરંભથી એટલે કે ગેલિલિયોના સમયથી આજ સુધીમાં પંચાવન જેટલાં બુધનાં અધિક્રમણ થયાં છે. આની સામે, આ ગાળામાં સન ૧૬૩૧, ૧૬૩૯, ૧૭૬૧, ૧૭૬૯, ૧૮૭૪ અને ૧૮૮૨માં એમ માત્ર છ જ શુક્રનાં અધિક્રમણ થયાં છે. બુધનું છેલ્લું અધિક્રમણ ૧૫ નવેમ્બર, ૧૯૯૯ના રોજ થયું હતું. હવે પછીનું ૭ મે, ૨૦૦૩માં થવાનું છે. ત્યાર પછીનાં બુધનાં અધિક્રમણની તારીખો છે : ૮ નવેમ્બર, ૨૦૦૬ તથા ૯મે, ૨૦૧૬. શુક્રનું હવે પછીનું અધિક્રમણ ૮ જૂન, ૨૦૦૪ના રોજ અને એ પછીના અનુક્રમે ૬ જૂન, ૨૦૧૨; ૧૧ ડિસેમ્બર, ૨૧૧૭ અને ૮ ડિસેમ્બર, ૨૧૨૫ના રોજ થવાનાં છે. સામંતે ગણતરી કરીને જેના અંગે આગોતરી જાણકારી આપી હતી તે ૧૮૭૪નું શુક્રનું અધિક્રમણ કેટલીક બાબતમાં યાદગાર છે. દા.ત. જેની છબી પાડવામાં આવી હોય તેવું (શુક્રનું) તે પહેલું અધિક્રમણ હતું. આ અધિક્રમણે ભારતમાં ખગોળ-ભૌતિકશાસ્ત્રનું મંડાણ કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો. ભારતના આકાશમાં લગભગ બારે માસ તપતા સૂર્યનું સતત નિરીક્ષણ થઈ શકે છે તેનું ભાન પણ આ ઘટનાએ યુરોપના ખગોળવિદોને કરાવ્યું. પાછળથી મુખ્યત્વે આ ઘટનાને જ લક્ષમાં રાખીને, દહેરાદૂન ખાતે સ્થાપેલી વેધશાળામાં ૧૮૭૮થી ૧૯૨૫ સુધી સર્વે ઑફ ઇંન્ડિયાની દેખરેખ હેઠળ સૂર્યના ફોટા પાડવામાં આવતા અને અભ્યાસ માટે દર અઠવાડિયે ઈંગ્લેન્ડ મોકલવામાં આવતા.

૩. આ સિદ્ધાંત ગ્રંથોના રચયિતા પરદેશીઓ હતા કે ભારતીયો ને વિવાદનો પ્રશ્ન છે. એક ઉદાહરણ લઈએ. વરાહમિહિરે પોતાના ગ્રંથમાં આવા જે પાંચ સિદ્ધાંતો આપ્યા છે તે શુદ્ધતાના ચઢતા ક્રમમાં આ પ્રમાણે આવે છે : પૈતામહ : તેના લેખક પિતામહ બ્રહ્મા માનવામાં આવે છે. વાસિષ્ઠ : વૈદિક કુલગુરુ વસિષ્ઠ ઋષિ એના રચનાકાર છે. ઋષિ માન્ડવ્યે આનું રસપાન તેમને કરાવ્યું હોવાનું મનાય છે. રોમક : ભગવાન વિષ્ણુએ રોમશ (રોમક)ને આનો પરિચય કરાવ્યો હોવાનું મનાય છે., પૌલિશ: સપ્તર્ષિ તારામંડળમાં સ્થાન પામેલા સાત ઋષિઓ પૈકીના એક પુલસ્ત્ય નામના ઋષિ આના લેખક હોવાનું કેટલાક માને છે. સૂર્ય : આ સિદ્ધાંત સૂર્યદેવે સ્વયં દેવોના સ્થપતિ મયાસુરને કહેલો અને તે તેણે ઋષિઓને સંભળાવેલો. વરાહમિહિરના મતે આ સિદ્ધાંત સહુ સિદ્ધાંતોમાં શુદ્ધતમ છે. આ એક મત થયો. બીજા કહે છે કે આ સિદ્ધાંતોમાંથી રોમક અને પૌલિશ જેવાં નામ વિદેશી જણાય છે. જેમ કે, સૈન્દ્ર એટલે કે અલેક્ઝાન્ડ્રિયાના પૌલુસ કે પૌલસ (ઈ.સ. ૩૭૮ અંદાજે) નામના ખગોળવિદે પૌલિશ-સિદ્ધાંત રચ્યો હતો અથવા તો એની અસર તળે કોઈ ભારતીયે તે રચ્યો છે. જો કે અલ-બિરુની (ઈ.સ. ૯૭૩-૧૦૮૦) પ્રચારિત આ વિધાનની આજ સુધી કોઈ સાબિતી સાંપડી નથી. વળી, અલેક્ઝાન્ડ્રિયાના વિદ્વાનોની નામાવલિમાં કોઈ પૌલુસનું નામ આવે છે ખરું, પરંતુ તેણે તો એક સામાન્ય ફળજ્યોતિષનો ગ્રંથ જ લખ્યો છે, અને તેને પૌલિશ-સિદ્ધાંત જેવા શુદ્ધ ખગોળના ગ્રંથ સાથે કશું લાગતું-વળગતું નથી. હા, તે કાળના હિંદુ પંડિતો જેને યવનપુર કહેતા, તે એલેક્ઝાન્ડ્રિયાનો ઉલ્લેખ પૌલિશ-સિદ્ધાંતમાં મળે છે ખરો. પરંતુ, આ નામ તેમાં જુદા જ સંદર્ભે અપાયું છે. શબ્દોનું કે નામનું સરખાપણું એ કાંઈ ગ્રંથના રચયિતા કોણ તેની સાબિતી નથી. શબ્દો કે નામોનો ઉપયોગ કઈ રીતે થાય છે તે પણ સાથે જોવું જરૂરી છે.

બીજું ઉદાહરણ વરાહમિહિરનું લઈએ. નવાં સંશોધનો સૂચવે છે કે વરાહમિહિરે સંભવતઃ ઈરાન અને આયોનિયા કે યવનપુર (એલેક્ઝાન્ડ્રિયા)ની યાત્રા કરી હતી. એમને યૂનાની ખગોળ (ગણિત તથા ફલિત)નું સારું એવું જ્ઞાન હતું. કદાચ તે ગ્રીક ભાષા પણ જાણતા હતા. તેમણે પોતાના ગ્રંથમાં અનેક ગ્રીક શબ્દો તેમના સંસ્કૃતરૂપમાં પ્રયોજ્યા છે. જ્યોતિષવિદ્યામાં યૂનાનીઓની નિપુણતાના તે પ્રશંસક હતા. તેમણે પંચસિદ્ધાંતિકા ઉપરાંત, બૃહત્સંહિતા નામનો ગ્રંથ પણ લખ્યો છે, તેમાં પોતાના અને આર્ટભટના પણ બહુ પહેલાં થઈ ગયેલા ખગોળશાસ્ત્રી ગર્ગ-રચિત ગાર્ગી - સંહિતામાંથી ઘણાં અવતરણો લીધાં છે. આવો એક શ્લોક યવનોના જ્યોતિષજ્ઞાનના ખૂબ વખાણ કરતો પણ તેમણે ટાંક્યો છે. મૂળ ગર્ગ-રચિત આ શ્લોકનો અર્થ કાંઈક આવો થાયઃ ગ્રીકો જો કે બર્બર હોવા છતાં ખગોળવિદ્યાના સારા જાણકાર છે, તેથી તેઓ પ્રાચીન ઋષિઓ જેટલા આદરને પાત્ર છે. આની સામે એવી દલીલ કરી શકાય કે પરદેશી જ્ઞાન પર રચાયેલા ગ્રંથને પણ સાંખી લેવા અને દુશ્મન વિદ્વાન હોય તો તેની વિદ્વત્તાને પણ બિરદાવવી એ પ્રકારનું ઔદાર્ય દાખવવાની ભારતીયોની પરંપરા આમાંથી છતી થાય છે. પણ તેથી કરીને ભારતીયોનું ખગોળશાસ્ત્ર મૌલિક કે પરપ્રાપ્ત તે સમસ્યાનો ઉકેલ આવી જતો નથી.


તો આની સામે, જ્ઞાનવિજ્ઞાનનાં અનેક ક્ષેત્રોમાં મૌલિકતા દાખવનારા ભારતીયો ખગોળની બાબતમાં પણ તેટલા જ મૌલિક હતા તેવું વિધાન, કે પછી ભારતીયોનું પોતાનું ખગોળશાસ્ત્ર હતું જ નહીં, એમણે જે કાંઈ જ્ઞાન હાંસલ કર્યું કે ખીલવ્યું, તે બધું પરદેશીઓ પાસેથી - વિશેષ કરીને ગ્રીકો પાસેથી ઉછીનું લીધેલું છે, એવું વિધાન કરવું તે પણ ન્યાયયુક્ત નથી. સત્ય આ બંને અંતિમોની વચ્ચે ક્યાંક ગોપાયું છે. ભારતીય ખગોળનો આત્મા શો હશે તે ચર્ચાનો મૂળ મુદ્દો અહીં આટલો છંછેડી, તેની વિસ્તૃત ચર્ચા જતી કરીએ. કારણમાં તો એટલું જ કે બાત નિકલેગી તો ફિર દૂર તલક જાયેગી. એનું એક અલગ પુસ્તક બની જાય. પણ એ તો બને ત્યારે ખરું. એક દીર્ઘ લેખ તો જરૂર બને. મગર વો દાસ્તાન ફિર કભી !

૪. રેવરંડ એબેનેઝર બર્જેસ (**Rev. Ebenezer Burgess**) ભારતીય ખગોળના ઇતિહાસના સંશોધનમાં ફાળો આપનાર વિદેશી વિદ્વાન. મૂળે અમેરિકન પાદરી. ભારતમાં મહારાષ્ટ્રના સતારામાં રહેતા હતા. ભારતમાં લાંબા વસવાટને કારણે તેમને આપણા આચારવિચારોની સારી એવી માહિતી હતી. સૂર્યસિદ્ધાંતનું અંગ્રેજીમાં કરેલું તેમનું ભાષાંતર પહેલાં 'અમેરિકન ઓરિયેન્ટલ સોસાયટી'ના મુખપત્ર (જર્નલ)માં ઈ.સ. ૧૮૬૦ના પુસ્તક (વૉલ્યૂમ) છમાં પ્રસિદ્ધ થયેલું અને પાછળથી તેનું સ્વતંત્ર પુસ્તક થયેલું. આ માત્ર ભાષાંતર નથી. ભાષાન્તર ઉપરાંત તેમાં શ્લોકની સવિસ્તર અંગ્રેજી સમજણ અને વિસ્તૃત ઉપપત્તિ અથવા કહો કે પુરાવા પણ બર્જેસે આપ્યા છે, તેમાં કેટલીક આલોચનાત્મક નોંધ પણ આપી છે. બર્જેસનો મત એવો હતો કે ગ્રીક લોકોએ હિંદુઓ પાસેથી ખગોળવિદ્યા લીધી હતી. અંગ્રેજીના આ સરસ અનુવાદની બીજી આવૃત્તિ સન ૧૯૩૫માં કલકત્તા યુનિવર્સિટીએ બહાર પાડી હતી, જેનું સંપાદન તે યુનિવર્સિટીના ફણીન્દ્રલાલ ગાંગુલીએ કર્યું છે, જેમાં પ્રફુલ્લચંદ્ર સેનગુપ્તની વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના તથા નોંધો સામેલ કરેલી છે. ૧૯૭૭માં

વારાણસી ખાતેથી પણ એની આવૃત્તિ પ્રગટ થઈ છે.

૫. પ્રફુલ્લચંદ્ર સેનગુપ્તા (ઈ.સ. ૧૮૭૬-૧૯૬૨) : કલકત્તાના અત્યંત પ્રતિભાશાળી વિદ્વાન. ઘણાં વર્ષો સુધી કલકત્તાની પ્રેસિડંસી કૉલેજમાં ગણિતના અધ્યાપક રહ્યા હતા. અહીં મેઘનાદ સાહા (૧૮૯૪-૧૯૫૬) જેવા ભારતના ખ્યાતનામ ખગોળ-ભૌતિકશાસ્ત્રીએ એમની પાસેથી ઉચ્ચ ગણિતશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. તેમણે સાહાને ખગોળ, ગણિત અને ઘટનાઓનાં કાળ નક્કી કરવાની વિદ્યા-કાલગણનાશાસ્ત્ર (chronology)માં રસ લેતા કર્યા હતા. સેનગુપ્ત પ્રાચીન ભારતીય ખગોળશાસ્ત્રના ઈતિહાસના ઉચ્ચ કોટીના સંશોધક હતા. તેમણે અનેક સામયિકોમાં એને સંબંધિત લેખો તથા પુસ્તકો લખ્યાં છે. એમના અંગ્રેજી પુસ્તક 'એન્શિયન્ટ ઈંડિયન ક્રૉનોલોજી'માં તેમણે પ્રાચીન ભારતના ઘણા મહત્ત્વના બનાવોના કાલનિર્ણયો આપ્યા છે. તેમણે બ્રહ્મગુપ્તના બ્રહ્મસ્ફુટ-સિદ્ધાંત અને ખંડખાદ્યક ગ્રંથોને સંપાદિત કરવા ઉપરાંત, તેની સાથે પોતાના વિવેચન સાથેની પ્રસ્તાવનાઓ આમેજ કરી છે. આમાં ખંડખાદ્યકની પ્રસ્તાવના અને એમાં છેલ્લે જોડેલાં વિવેચનો બહુ વિદ્વદ્‌ભોગ્ય છે. બર્જેસના સૂર્યસિદ્ધાંતના અંગ્રેજી અનુવાદની બીજી આવૃત્તિમાં તેમણે અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના લખી છે. તેમનું માનવું છે કે સૂર્યસિદ્ધાંતનો મૂળ પાઠ ઈ.સ. ૪૦૦ની આસપાસ લખવામાં આવ્યો અને ઈ.સ. ૧૧૦૦ સુધી તેમાં સુધારા થતા રહ્યા. તેમણે ગ્રીક અને ભારતીય આંકડાઓની તુલના કરીને સાબિત કર્યું છે કે ભારતીયોએ એમના આંકડા ગ્રીકો પાસેથી લીધા નથી. બલકે વેધો મારફત તેમણે તે જાતે જ મેળવ્યા છે અને તે આંકડા તે પ્રકારના ગ્રીકોના આંકડા કરતાં પણ વધુ શુદ્ધ અને સૂક્ષ્મ છે. ભારતીય ખગોળની કેટલીક વિશિષ્ટતાઓ, ખૂબીઓ જગત સમક્ષ મૂકનાર આપણા ગણ્યાગાંઠ્યા વિદ્વાનો પૈકીના તે એક છે.

૬. અહીં એક આડવાત કરી લઈએ. દક્ષિણ ભારતમાં અને ખાસ કરીને કેરળમાં ઈસુની ૧૪થી ૧૫મી સદીમાં ખગોળ અને ગણિતમાં સારી એવી પ્રગતિ થઈ હતી. ગણિતના ગ્રંથોમાં કેટલીક શોધો તો એવી માલૂમ પડી છે કે જે યુરોપમાં થયેલી એ જ શોધ કરતાં કેરળમાં વહેલી થઈ હતી. આ વાત તો જાણીતી હતી. પરંતુ તાજેતરનાં સંશોધનોમાં એવું જાણવા મળ્યું છે કે ખગોળમાં પણ આવું થયું છે. એનું ઉદાહરણ છે પરમેશ્વર (પરમાદીશ્વર) નામનો કેરળનો ખગોળશાસ્ત્રી. તેનો જન્મ સંભવતઃ ૧૩૬૦માં થયો હતો અને મૃત્યુ ૧૪૫૫માં. ઈ.સ. ૧૪૪૪માં જન્મેલો નીલકંઠ સોમયાજિન (સોમસુત્વન કે સોમયાજી) આવો બીજો ખગોળશાસ્ત્રી છે. કેરળના આ બંને પ્રખ્યાત વિજ્ઞાનીઓએ વિશ્વરચના સંબંધી વિચારણા કરી હતી. અને પરમેશ્વરથી પ્રેરિત થઈને નીલકંઠે સૂર્યકેન્દ્રક-મૉડલ રજૂ કર્યું હતું. હકીકતે તે સૂર્યકેન્દ્રક અને ભૂકેન્દ્રક એમ બંને મૉડલોનું સંયોજન હતું. નોંધપાત્ર બાબત એ છે કે કૉપરનિકસના પણ પહેલાં કેરળના આ ખગોળશાસ્ત્રીએ ગ્રહોના કેન્દ્રમાં સૂરજ હોવાની વાત કરી હતી. પાછળથી ટાયકોએ પોતાના મૉડલમાં સૂર્યકેન્દ્રક અને ભૂકેન્દ્રકનું મિશ્રણ કરીને નીલકંઠની વાત જ દોહરાવી હતી. આમ, નીલકંઠ અને ટાયકોએ રજૂ કરેલા વિશ્વરચના મૉડલમાં અદ્‌ભુત સામ્ય જોવા મળે છે. પાછળથી કેરળના લગભગ બધા જ ખગોળશાસ્ત્રીઓ નીલકંઠના આ મૉડલને અનુસર્યા છે. જેમાં જ્યેષ્ઠદેવ (સન ૧૫૫૦), ચિત્રભાનુ (સન ૧૫૦૦), અચ્યુત પિષારટી (સન ૧૬૦૦), વગેરેનો સમાવેશ થાય છે.



પઠાણિ સામંતનું મોડેલ

૭. ચંદ્ર દ્વારા થતા તારાના ગ્રહણને પિધાન (occultation) કહેવામાં આવે છે.

૮. જ્યારે કોઈ બે ખગોલીય પિંડોના રેખાંશ કે વિષુવાંશ (Right Ascension) સમાન હોય છે, ત્યારે તે યુતિમાં કે યોગ (conjunction)માં છે તેમ કહેવાય છે. આ શબ્દ સૂર્યમંડળના સંદર્ભે વધુ વપરાય છે. દા.ત. સૂર્યમંડળમાં કોઈ પણ બે પિંડ જ્યારે પૃથ્વી સાથે સમરેખ સ્થિતિ (alignment)માં આવે, એટલે કે લગભગ એક હારમાં ગોઠવાઈ જાય, ત્યારે પૃથ્વી પરથી જોતાં આ બે પિંડ આકાશમાં એકમેકની નજદીક આવેલા દેખાય છે. ખરેખર તો તે બંને દૂર જ હોય છે, પરંતુ પાસે હોવાનો આભાસ ઊભો કરે છે. યુતિ એટલે જોડાણ. તે પરથી આ શબ્દ આવ્યો છે. આવું આભાસી જોડાણ બે કે ત્રણ પિંડો વચ્ચે પણ થતું દેખાય, જેમ કે ગ્રહો-ગ્રહો વચ્ચે, ગ્રહ કે ગ્રહો અને ચંદ્ર વચ્ચે, ગ્રહ અને તારા વચ્ચે, ગ્રહ અને સૂર્ય વચ્ચે વગેરે. યુતિના ઉલ્લેખમાં કોઈ એક જ પિંડનું નામ હોય તો, સામાન્ય રીતે બીજો પિંડ સૂર્ય સમજવાનો હોય છે. ઉપરોક્ત અર્થ ઉપરાંત, યુતિ શબ્દ બીજા સંદર્ભમાં પણ પ્રયોજાય છે. યુતિનું મહત્ત્વ ખગોળવિજ્ઞાન કરતાં જ્યોતિષવિદ્યામાં વધુ છે.

૯. **Astrometry**ના બીજા પર્યાય : **positional astronomy, spherical astronomy.**

૧૦. આ ઉપરાંત, મારી દૃષ્ટિએ એક બીજું પણ કારણ છે. શંકર બાલકૃષ્ણ દીક્ષિત (૧૮૫૩-૧૮૯૮) જેવા ભારતીય વિદ્વાને ભારતના ખગોળશાસ્ત્ર અને ફલજ્યોતિષનો ઈતિહાસ આલેખતો 'ભારતીય જ્યોતિશાસ્ત્ર' નામનો જે અદ્‌ભુત ગ્રંથ મરાઠીમાં રચ્યો તેનું પ્રકાશન સન ૧૮૯૬માં થયું. જ્યારે સામંતના 'સિદ્ધાંત-દર્પણ' નામના ગ્રંથનું પ્રકાશન તે પછી ત્રણેક વર્ષ બાદ ૧૮૯૯માં થયું. તેનાં વખાણ કરતી સમાલોચના 'નેચર' અને 'નોલેજ' જેવા વૈજ્ઞાનિક સામયિકોમાં પણ ૧૮૯૯માં આવી. પણ ત્યારે તો (૨૭ એપ્રિલ, ૧૮૯૮) દીક્ષિતજીનો દેહાંત થઈ ચૂક્યો હતો. સ્વાભાવિક છે કે દીક્ષિતજીના ગ્રંથમાં સામંતનું કે તેમના ગ્રંથનું નામ ન જ હોય. પાછળથી, કેટલાક અપવાદને બાદ કરતાં, મોટા ભાગના ભારતીય તથા વિદેશી લેખકો ભારતીય ખગોળના ઈતિહાસ-લેખનમાં દીક્ષિતજીના આ ગ્રંથને જ વધતે-ઓછે અંશે અનુસર્યા છે. એટલે તેઓ

(અનુસંધાન પૃ. ૬૦૬)

સૂત્રસાર

લગનીના લયનું ગુંજન

રાધેશ્યામ શર્મા

> એકલી લગનીથી જ
> અર્ધું કામ તો થઈ જાય છે.
> બીજા અર્ધા કામનો પ્રારંભ કરો
> એટલે તેને પૂરું થયેલું જ માનો.
>
> -આસોનિયસ

કાર્યારંભ ચોપડે 'શ્રી ગણેશાય નમઃ' લખ્યા પછી જ થાય છે? ખેતરે જઈ કાંશકોદાળીપાવડો ચલાવવાની ક્ષણે થાય છે?

કાગળ પર પેન દોડાવવાથી થાય છે?

ના. કાર્યની શરૂઆત પહેલી વાર થતી હોય તો ચિત્તમાં મનમાં અથવા તો વિચાર-કલ્પનામાં જ થાય છે.

'આ કરવું છે' યા 'આ નથી કરવું' એવાંતેવાં બીજમાંથી જ કાર્યનું વૃક્ષ કે કામકુસુમ ખીલે છે, ફૂલેફાલે છે!'

હતાશ હો, નિરાશ હો, સુસ્ત હો, ચુસ્ત ના હો, મંદ હો ત્યારે કશું કામ સૂઝતું નથી. હા. એક કામ જરૂર ગમે - કાંઈ નહિ કરવાનું કામ! નિશ્ચય ના હોય, નિર્ણય ના હોય ત્યાં એક જ કામનું સામ્રાજ્ય ફેલાય છે, એનું નામ છે નિષ્કામતા!

પરન્તુ દિશા જડી ગઈ હોય. લક્ષ્ય નક્કી થઈ ગયું હોય અને એ કાર્ય કરવાથી હર્ષની લહેરો સ્પર્શવાની પ્રતીતિ હોય ત્યાં જ લગનીની લાગણી અવતરે છે!

સૂત્ર લખાતું હતું ત્યાં અનુપગીત યાદે આવી ચઢ્યું, 'ઐસી લાગી લગન, મીરાં હો ગઈ મગન, મૈં તો... હરિગુન ગાને લગી...'

પ્લેટોએ કહેલું કે બહાર બનીને, તૈયાર થઈને આવેલી ખુરશી પહેલાં તો ચેતનામાં ચિત્તરૂપે અવતરે છે. ચિત્તના ચિત્ર પ્રમાણે જ ખુરશી સુથાર ઘડી આપે છે. ખુરશીનો જન્મ ચેતનામાં ના થયો હોત તો બાહ્ય જગતમાં ખુરશીની આકૃતિ આ રૂપે ના અવતરી હોત.

ખુરશીને બદલે મળતું, કામનું, લગનીનું માની લો. જેમ ખુરશી અર્ધા ચિત્તમાં, સંવિદ્‌માં પ્રકટી તેમ કામની લગનીમાં જ અર્ધું કામ પતી ગયું!

તીવ્ર તડપનભરી લગની - ગિરિધર માટે મીરાંની હતી તેવી - અર્ધું કામ કરી આપે પછી બહુ બધાં લોક હાથપગ બાંધી બેસી રહે છે એને બદલે બાકી રહેલા અર્ધા કામનો આરંભ - લગનીની લાવણીઓ ગાતાં ગાતાં - કરી કાઢે તો ગંગા નાહ્યા જેટલી સાર્થકતા સાંપડે.

શેક્સપીઅરે જૂલિઅસ સીઝરના મોઢે ધારદાર તીર જેવો આત્મ-સંવાદ મૂક્યો છે : 'હું યાદ રાખીશ કે કામ કરો અને કામ થઈ જ ગયું.'

સબળ સંકલ્પ કરશો તો વિચિત્ર વિકલ્પો ઊભા નહિ થાય! સબળ સંકલ્પમાં જ લગનીનો લય ગુંજ્યા કરતો હોય છે. ખાટલે મોટી ખોડ એટલી કે ઈચ્છાનું સામર્થ્ય જ માછલી માફક સરકી પડ્યું છે.

વર્ડ્ઝવર્થે એક વાર ચાર્લ્સ લૅમ્બ સમક્ષ હૈયાવરાળ કાઢેલી : 'લોકોએ શેક્સપીઅરને ફાંગટનો કટવી માર્યો છે. તેનાં નાટકોમાં નર્યો પ્રપંચ છે. વાચકો એની જાળમાં સપડાય છે. ધારું તો હું એના જેવાં નાટકો લખી શકું.'

ત્યારે લૅમ્બે યાદગાર ઉત્તર આપ્યો છે : તો તમે ધારો ને... સાહેબ. બસ કરો! તમારી પાસે ઈચ્છાશક્તિ નથી એની તો ખામી છે.

માટે જ કરણીય કામો પણ અધ્ધરપધ્ધર લટક્યાં કરે છે દ્વિધાની ખીંટી પર! □

એક હંસી શામ કો.....

ભરત ના. ભટ્ટ

'એક હંસી શામ કો...' હું ગણગણતી હતી ત્યાં તાળીઓ-હસવાનો અવાજ આવ્યો. મેં પાછળ જોયું તો મારાં બે પ્રસંતાનો ઠેકડા મારતાં બોલતાં હતાં, 'હે... દાદીમાએ ફિલ્મી ગીત ગાયું, ફિલ્મી ગીત ગાયું !'

'ભાગો છો કે કાન પકડું ?' મેં મીઠા ઠપકા સાથે કહ્યું ને અલોપ ! પરંતુ તેમની નવાઈ અસ્થાને નહોતી. મને ફિલ્મી ગીતોમાં રસ-ગતાગમ નહીં. છતાં હું 'એક હંસી શામ કો...'માં ખોવાયેલી હતી.

અમારા બેઠકખંડમાં ક્યારેક રાત્રે આધેડ-યુવકવર્ગ સરસ ચર્ચા ચગાવે છે - ફિલ્મોની, ફિલ્મી ગીતોની. છોકરાંના દાદા ત્યારે ગમે ત્યાંથી ટપકી પડે છે પ્રમુખસ્થાન લેવા. પરંતુ હું - શાલિની - કથકલી નૃત્યશૈલીની શોખીન ને જાણકાર, તેમાં ને ગૃહસ્થીમાં ગળાડૂબ, મારી ને ફિલ્મી ગીતો વચ્ચેથી ગાડાં વહ્યાં જાય ! ને છતાં આ ગીત મને ગમ્યું છે, મારા એક વાત્સલ્યભાજક યુવાન દ્વારા જીવનમાં આ ગીતના સફળ ઉપયોગને કારણે.

આજે છોકરાઓની ટીખળે મન એ સમયમાં, એ કથામાં પહોંચાડી દીધી. કામ પતાવીને હું મારા કમરામાં આવીને જાણે ક્યાંક ખોજાઈ ગઈ !

આ હું સ્મરું છું, કહું છું કે લખું છે, ખબર નથી. હું જ બોલું છું ને પાછી સાંભળનાર પણ હું જ જાણે ! વેદોની જેમ અપૌરુષેય હશે શું આ ?

વાત છે મારી આત્મીય સખીના પુત્ર નિનાદની ને મારી નૃત્ય-વિદ્યાર્થિની અભયાની. બધું એક સાથે જ આંખ સામે ખડું થયું છે. વિહંગાવલોકન કહો, હેલિકૉપ્ટર-નિરીક્ષણ કહો, સેટેલાઇટ-પ્રસારણ કહો કે કહો વીડિઓ-દર્શન.

ઑપરેશન ટેબલ પર એનેસ્થેશિયા સૂંઘાડ્યા પછી ડૉક્ટર કહે છે ને 'એક બે...ત્રણ બોલો તો...'ને દરદીથી માંડ બે-ચાર આંકડા બોલાય ને ભાન જાય. સમયે મને આજે એવું જ કાંઈ સૂંઘાડ્યું લાગે છે !

***

નિનાદ પર અભયાનો સંદેશો હતો, 'મારે તને મળવું છે. હૈયું ખોલવું છે ને મદદ માગવી છે. મળીશને ?'

નિનાદ મુદ્દાથી સાવ અજાણ નહોતો. મમ્મીનાં ખાસ સખી ને પોતાને માટે માશી સમાં શાલિનીતાઈએ તેને કહેલું 'નિનાદ, અભયા ખૂબ મૂંઝાય છે ને તને મળવા માગે છે. તારે તેની સાથે વાત કરવી ને તેને મદદ કરવી. તું તો તેને ભાઈથી પણ વિશેષ છે ને ?'

***

શું છે અભયા ? જે મૂંઝવણ-સમસ્યા હોય તે ભળાવી દે મને. તું હળવી થઈ જા. નદીની રેતમાં બંને બેઠાં હતાં. આથમતો સૂર્ય, કાંચનશું તેનું પ્રતિબિંબ એ બધું જોતી અભયા મૌન-ગંભીર. અભયાનું મનોહર વદન વચ્ચે જોઈ લેતો નિનાદ આટલું બોલ્યો ને વળી શાંતિ. થોડી વારે અભયા કહે, 'નિનાદ, જે માટે તને અહીં બોલાવ્યો છે તે કહેતાં અચકાઉં છું. મનમાં સતત ડર રહે છે કે શું થશે, શું થશે ?'

'અભી, તું ડર કાઢી નાખ. તારો પ્રશ્ન હું હલ કરીશ. તું વાત તો કર.'

'તું જાણે છે ને કે હું સુનીલને...'

'હા, તું સુનીલને ચાહે છે દિલની પૂરી સચ્ચાઈથી ને વ્યક્તિત્વના નિઃશેષ અંશથી.'

'નિનાદ, કહું ? તું મારા મનને પૂરું ઓળખે છે ને તેના ઊર્મિવ્યાપારને આદર આપે છે, પરંતુ સુનીલ તે તેને જખમી કરે છે, તેની સાથે રમત રમે છે.'

'હું તો તને નાનપણથી ઓળખું છું ને ? પણ... વાત શું છે ? નિનાદ.'

'તું જાણે છે ને નિનાદ, કે અમારા વચ્ચેની લાગણીનો પ્રથમ પ્રસ્તાવ સુનીલ દ્વારા આવેલો.' જરા થોભી આગળ કહે, 'એક વાર અમે અભ્યાસની વાતો કરતાં હતાં. મારે સુનીલને એક પુસ્તક આપવાનું હતું, તેથી અમે મારી રૂમમાં ગયાં. કબાટમાંથી પુસ્તક લઈ હું તેને આપવા ગઈ ત્યાં કહે, અભયા, પુસ્તક નહીં, હાથ જ આપને !'

'બે ક્ષણ તો હું સમજી નહીં. સમજ પડતાં જ મને ક્ષોભ ને રોષ થયાં. હું કાંઈ બોલી ન શકી. નારાજગીમાં પુસ્તક પાછું મૂકી હું પૂતળીની જેમ ખુરશીમાં બેસી પડી.' અભયા જરા થોભી, પછી કહે, 'સુનીલ તો તરત નીકળી ગયો પણ તેના શબ્દો આ હતા - અભયા, મારું મન કહે છે કે અભ્યાસમાં નહીં, જીવનમાં અભયાનો સાથ જોઈએ છીએ. તું તારા મનને પૂછી જોઈશ ?'

પછી ઠીક સમય મૌન રહી, કોઈ જુદી જ વાત કરતી હોય તેમ અભયા કહે, 'નિનાદ, આપણે સૌ અનેક વાર પ્રેમ-લાગણી-આકર્ષણની અગમ્યતાની વાતો કરી છે, પરંતુ સાચું કહું તો મારો આ પ્રેમ ઉકેલાયો પણ છે ને છતાં જાણે રહસ્યમય છે.'

'એમ વાત છે ? તો સંભળાવ જરા એ ફિલૉસૉફી.' નિનાદે હળવા મૂડમાં કહ્યું.

'નિનાદ, હું સુનીલને ચાહતી નહોતી, હું તેને ચાહતી થઈ.'

'ક્રિકેટના બોલિંગ વિશ્લેષણ જેવું ગહન તારું પ્રણય-પૃથક્કરણ ભાળું !'

'જો, વળી પાછું હસી કાઢવાનું શરૂ કર્યું ?'

'નહીં, ચાલો, ગંભીર બની જાઓ. પ્રણયવિશ્લેષણનો સ્વાદ દિવેલ જેવો હોવો જોઈએ.'

'વાયડો તેમાં....' અભયાથી નિનાદને હળવો ધબ્બો મરાઈ ગયો.

'હં... તો હતો નહીં થયો, એમ ને ?'

'શું....?'

'પ્રેમ વળી !'

'હં... હા નિનાદ, કેવી એ પ્રક્રિયા ?' બે ઘડી મૌન.

'નિનાદ એક સમય - ઉમ્મર આવે છે જ્યારે હૈયું પ્રણયના મનોહારી જગતમાં પ્રવેશ કરે છે. ત્યાં પ્રિયતમની શોધનો એક અજાણ્યો પણ આકર્ષક વિહાર શરૂ થાય છે. પ્રિયતમનું કલ્પનાચિત્ર બહુ મધુર હોય છે હો, નિનાદ ! આંખો બંધ કરીને જાણે જોયાં જ કરીએ. પછી અચાનક અનાયાસ એ કલ્પનાચિત્રમાં વાસ્તવિક, વયસ્ક પરિચિત ચહેરાઓ ઊપસવા લાગે છે.' અભયા વળી જરા અટકી.

'નિનાદ, વરસાદ પડતો હોય ત્યારે આ સામેના ડુંગરો કેવા દેખાય છે તે તને યાદ છે ને ?'

'હા, ઘડીક ઝાંખા તો વળી ઘડીક ચોખ્ખા-સ્પષ્ટ.'

'બસ, એવા જ આ ચહેરાઓ હોય છે. એક પળ વર્ષાધારમાં

લપાના ડુંગરા જેવા ઝાંખા તો બીજી પળે વરસાદ પછીના સૂર્યપ્રકાશમાં નિર્મળ ને ઓજસ્વી પહાડ જેવા.'

'નિનાદ, આ ક્રમ પહેલાં વિકસતો જાય છે ને પછી સીમાંકિત થાય છે. દૃશ્ય વધુ નજીક આવે છે ને ચહેરાઓ સંખ્યામાં ઘટીને નજરમાં વધુ સ્પષ્ટ થતા જાય છે.' 'પછી ?'

'પછી આપણી જાણ બહાર, આપણા અનુમાન બહાર છતાં આપણી અંદરની જ કોઈ ઇચ્છાથી તેમાં ચયન થાય છે. બે-ત્રણ ચહેરા સૌથી મોખરે આવી જાય છે. તેમાં થાય છે પછી આદર્શોની રોપણી. એ સવ વચ્ચે વળી આવાગમનની થોડી રમત, અંતે, ઊર્મિ સમી કોમળતાથી ને કલ્પના જેવી મધુરતાથી સૌથી ઓજસ્વી વ્યક્તિત્વનું હૃદયે બિરાજવું.'

'મને લાગે છે, નિનાદ, કે આ જ અનુરાગ કહેવાતો હશે.' અભયા જાણે કોઈ અન્ય જગતમાંથી વિહરીને આ નદીકિનારે પાછી આવી.

'તારી વાત સાચી હશે અભયા, આ જ પ્રેમ કહેવાતો હશે, પરંતુ આ બધી વાતોનું અહીં શું અનુસંધાન છે તે નથી સમજાયું.' નિનાદે મૂંઝવણ વ્યક્ત કરી.

'છે અનુસંધાન આ એક યુવતી નથી અભયા ? તેના ચિત્તમાં આવી યાત્રા ચાલતી હતી ત્યાં સુનીલે તેમાં ઝડપથી રંગો પૂરી અભયાના અંતરને ભરી દીધું.' 'આગળ ?'

'મેં એક દિવસ કહી દીધું, 'તું કહીશ સુનીલ તે દિવસે મારો હાથ તારા હાથમાં મૂકી દઈશ.' ઊર્મિલ અવાજે અભયા બોલી.

'પછી તો નિનાદ, આવરણો છેદીને વિકસી અમારી અનુરાગસૃષ્ટિ. ગૃહસ્થીનાં સ્વપ્નો ને સ્વપ્નાની ગૃહસ્થી !' પ્રસન્નતાથી અભયા બોલી. 'પણ, સાવ બદલાયેલા અવાજમાં સંભળાયું : પણ એક દિવસ સુનીલ પૂછે છે અભી, મેં માગણી કરી ત્યારે તેં તરત નહીં સ્વીકારેલું, પરંતુ પછી તારું મન મારા તરફ વળ્યું, ખરું ને !'

'હા, સુનીલ; ધન્ય કરનારી છે પ્રણયવિકાસયાત્રા ! મેં કહેલું ને પછી નિનાદ, મેં સુનીલને પેલી અંતઃશ્રવા પ્રણયયાત્રા કહી.'... સુનીલ પણ ખુશ થશે તેમ માની મેં તેની સામે જોયું તો....!' 'તો શું ?'

'રુક્ષ અવાજે બોલ્યો કે અભયા, મેં સૂચવ્યું ત્યારે તારા મનમાં બીજાં પણ બે-ત્રણ પાત્રો હતાં એમને ? ને ઊઠીને થયો ચાલતો.' અભયાએ કહ્યું. ને મૂંઝાયેલા ચહેરે કહે, 'નિનાદ, તેનું પૌરુષ ઘવાયું હશે ? ઈર્ષા થઈ હશે ? શંકા જાગી હશે ? શું હશે ?'

પછી જરા અટકીને દહેશતભર્યા પ્રસંગને પૂર્ણ કરતી હોય તેમ કહે, 'તું માનીશ નિનાદ, પછી એક દિવસ સુનીલ અચાનક મારે ત્યાં આવ્યો, મને દરવાજે બોલાવી ધમકાવતો હોય તેમ કહે - અભયા, સાચું કહી દે, આ પૂર્વે તેં કોઈ પાસે પ્રેમનો એકરાર કર્યો છે ?'

'નહી તો....!' મેં ગભરાટ-અણગમા સાથે જવાબ આપેલો, પરંતુ તેને તો કશી અસર જ નહીં. મારો જવાબ કે મારી મનઃસ્થિતિનો વિચાર કર્યા વગર આગળ કહે છે, 'જો અભયા, તારે મારી પાસે તારા પહેલાના પ્રણયનો એકરાર કરવો પડશે ને મારી માફી માગવી પડશે.' અભયાનો અવાજ સાવ ક્ષીણ થઈ ગયો.

'સાવ મધ્યયુગીન માનસ !' નિનાદે કહ્યું ને પછી ઉમેર્યું, 'બોલ અભી, તારે શું કરવું છે ? હું તને શી મદદ કરું ?'

'થાય છે છૂટી જાઉં સુનીલથી. આવી હઠ ! આવો અધિકારભાવ ! કેવી રીતે હું જીવીશ તેની સાથે ?' જરા રોષથી અભયા બોલી.

'બરાબર છે, અભયા. પરંતુ.... તે શક્ય છે?' નિનાદે કહ્યું.

'નિનાદ, એ જ મૂંઝવણ છે. એમ લાગે છે, **It will be wound within**' વેદનાભર્યા અવાજે અભયા બોલી.

'તો એવું ન કરાય.'

'તું સુનીલને ન સમજાવે ? તમે તો પાકા મિત્રો છો !' આર્તની જેમ અભયા બોલી.

'સમજાવું જ. વકીલાત કરું તારી, લઈ આવું તારી પાસે. બોલ, હુકમ કર એટલી વાર છે.' દૃઢતાથી નિનાદ બોલ્યો.

'નિનાદ,' ફિક્કા અવાજે અભયા બોલી. 'સુનીલ આવો જ રહે તો તેની સાથે કેમ જિવાય તેવો ભય પણ રહે છે, ને વળી થાય છે કે આ હઠ, હક્ક મારા પ્રત્યેના પ્રેમની જ તીવ્રતા છે ને ! સહજીવનમાં પછી એ કાંઈ એવો જ રહે ? મારાં પ્રેમ, વિશ્વાસ, વફાદારી તેને ઋજુ ને ઉદાર ન બનાવે ?'

'જરૂર એમ જ થશે, અભી, એમ જ થશે. હવે બધું મારી માથે !' ને નિનાદ નિશ્ચયભર્યા પગલે ઊઠીને ચાલતો થયો.

***

કયે મોઢે અભયાને મળવું ? મેં જે સાંભળ્યું તે બધું તેને કહેવાય ? નિનાદ મૂંઝાયો. એક શાલિનીતાઈ છે, જેમને મળી આ બધી વાત કહેવાય ને તેમની સલાહ-મદદ લેવાય.

'શું થયું નિનાદ, તેં સુનીલને સમજાવ્યો ?' શાલિની.

'તાઈ, સુનીલ નહીં સમજે.'

'પણ નિનાદ, અભયા બહુ હિજરાય છે, મૂંઝાય છે. તાઈએ વ્યથિત થતાં કહ્યું.

'વાત સાચી તાઈ, પણ સુનીલે જે કહ્યું તેથી હું જ મૂંઝાયો છું ને તમારી સલાહ લેવા આવ્યો છું.'

'એવું શું છે, નિનાદ ?'

'તાઈ, અભયા માટે સમજાવવા હું તેને મળ્યો ત્યારે તેણે મને જે કહ્યું તેથી તો હું દ્વિધા ને સંકોચની સ્થિતિમાં મુકાયો છું.' નિનાદે કહ્યું ને પછી નીચું જોઈ સુનીલનું વાક્ય કહ્યું, 'નિનાદ, હું જાણું છું કે તું અમને મદદ કરવાને બહાને અભયાને તારી તરફ વાળવા માગે છે. પરંતુ નિનાદ સાંભળી લે, હવે તું કે બીજું કોઈ અમારી વચ્ચે નહીં... અને હા, હવેથી અભયાને તારે તું - કારે નહીં સંબોધવાની, 'તમે' કહેવાનું.'

ઘડીક મૌન છવાયું.

'તમે જ કહો ભાઈ, આમાં હવે હું શું કરું ?'

'નિનાદ, લાગે છે કે અભયા ને સુનીલના સ્નેહની સપાટી જુદી જુદી છે. ભિન્ન ભિન્ન વ્યાસ ધરાવતાં ચક્રો કદી એક રથમાં ન ચાલે.' ચિંતા-ગાંભીર્યભર્યા અવાજે તાઈ બોલ્યાં. પછી સ્વાભાવિક થતાં કહે, 'હવે તું આમાંથી નીકળી જા. હું જોઉં છું કે મારાથી કોઈ રસ્તો નીકળે છે !' પછી કાંઈક સૂઝ્યું હોયતેમ કહે, 'નિનાદ, તું આજે સાંજે નિરાંતે આવને ! સાથે ચા પીશું ને વાતો કરીશું !'

***

'તું અભયાને તારી તરફ વાળવા માગે છે.' સુનીલના આ વાક્યે શાલિનીને ઝબકારો થયો.

અભયા શાલિની પાસે નૃત્ય શીખતી એ ગાળામાં ને પછી પણ અભયાના મોંએ નિનાદનો નામોલ્લેખ અવાર-નવાર ને સહર્ષ. નિનાદની બહેન સાથેનો એક સંવાદ : નિ [illegible] અભયા વચ્ચેની નિખાલસતા ને

ચિંતનચિંતન ને આ સુનીલનું વાક્ય !

શું સુનીલના આગમનથી કોઈ પ્રસૂન ખીલતાં પહેલાં ખરી પડ્યું ?

ચા પીતાં પીતાં શાલિની કહે, 'અભયા સુનીલ સાથે સુખી નહીં થાય તેમ મારે તેને સમજાવવી છે. તને શું લાગે છે ?'

'તાઈ, તમારી ચિંતા સાચી છે, પણ તે આમાંથી બહાર નીકળશે ?'

'મુશ્કેલ લાગે છે. પણ શક્ય બનાવવું પડશે. વિકલ્પ શોધીને શક્ય બનાવીશ. જેટલો વિકલ્પ સારો, કામ તેટલું સરળ.' નિનાદ સામે જોઈ કશું શોધતાં-ફંફોસતાં હોય તેમ તાઈ બોલ્યાં.

'વિકલ્પ શોધવો ! એ શું તાઈ ? હું કાંઈ સમજ્યો નહીં !' નિનાદ.

'સુનીલને ભૂલવા માટે અભયા સામે બીજું કોઈ પાત્ર મૂકવું તે વિકલ્પ. તો તેને કાંઈક દિશા મળેને !' શાલિનીએ કહ્યું. પછી થોડી વારે કહે, 'નિનાદ, નાનપણથી સાથે ઉછરેલું, સરસ વ્યક્તિત્વોથી સભર યુવાન યુવતીઓનું અહીં તમારું મોટું મિત્રવર્તુળ છે. તેમાંથી ક્યારેક કોઈક બે હૈયાં નજીક તો આવ્યાં હશે ને ! નિનાદ, અભયા માટે કોઈનું એવું થોડું ઈંગિત તું આપી શકે ?'

'ન...હીં... તો ! મને તો કશી ખબર જ ન પડે !' જરા ગભરાટ સાથે નિનાદે કહ્યું.

'નિનાદ, તું ને અભયા નાનપણથી સાથે છો. એક-બીજાં માટે લાગણી છે, ખરુંને !' સાવ સામાન્ય વાત કરતાં હોય તેમ તાઈ બોલ્યાં.

'હા.'

'તો પછી તું ને અભયા ન જોડાઈ શકો ?'

'તાઈ, અમે તો ભાઈ-બહેન જેમ રહ્યાં....'

હાથ વડે નિનાદને ચૂપ થવાનું કહી શાલિનીએ મૃદુ સ્વરે પૂછ્યું, 'ધાર કે નિનાદ, અભયા જ તને પસંદ કરે તો તું શું જવાબ આપે ?'

'....'

'તું જવાબ નહીં આપી શકે, કારણ કે તું અભયાને ચાહે છે. પરંતુ તું તેને તેવું કહેવા તૈયાર નથી.'

'તાઈ શું... ? પણ... આ તમે ક્યાંથી જાણ્યું ?' નિનાદથી પુછાઈ ગયું.

'તારે તો બધું છુપાવવું હોય, પણ અમને ખબર પડી જ જાય.' મરકરું હસતાં શાલિની બોલી. પછી કહે', 'એક વાર તારી મોટીબહેનને હું અભયા-સુનીલના પ્રેમની ને તું સરસ-પરિપક્વ માધ્યમ બન્યો છે તેની વાત કરતી હતી ત્યારે તે ઢીલી ને હતાશ થતાં કહે, 'તાઈ, સાચી વાત કહું તો નિનાદ પોતે જ અભયાને ચાહે છે.'

'નિનાદ, આ સાચું છે ને !'

'હા, સાચું છે.'

'તો પછી આવું મૌન કેમ ?'

ને પછી નિનાદે થોડા ખચકાટ-સંકોચ સાથે પોતાના હૈયાને નિરાવરણ કર્યું ને શાલિનીએ જે સાંભળ્યું તે આ :

કસબાના એ પ્લાંટ વિસ્તારમાં છોકરા-છોકરીઓની દસ-બાર જણની એમની ટુકડી નાનપણથી સાથે, ક્યારેક સ્વયંપાક ગોઠવે તો ક્યારેક નાના પ્રવાસે ઊપડે ! ક્યારેક મેદાની રમત તો ક્યારેક તારા કે સોગઠાંબાજી.

એક વાર કોઈકના તુક્કાથી સ્વયંપાકની સાથે ઘર-ઘર રમવાની રમત ભળી ગઈ ને પછી તો સૌને ભાવી ગઈ. વડીલોની સૂચના ને ઘરના સંસ્કાર એવા કે ઘર-ઘરની આ રમતમાં પરિણીત સંબંધો સિવાયના જ સંબંધો હોય !

નિનાદ માથે અવાર-નવાર મોટા ભાઈ બનવાનું આવે. અભયા તરત જ મોટીબહેન થવા કૂદી પડે.

એક વાર નિનાદ કહે, 'અભી, હું મોટો ભાઈ બનું એટલે તું તરત બહેન થવા તૈયાર. બીજાની બહેન નહીં બનવાનું ? પછી બીજું કોઈ જલદી મોટોભાઈ બનતું નથી !'

'એ તો સારું જ છે ને ! મને તો તારી બહેન થવું ગમે !'

'કેમ ?'

'તારી સાથે રહેવાનું ગમે. ભાઈ-બહેન હોઈએ તો સાથે રહેવાયને ?'

'અભયા !'

'હં...?'

'ભાઈ-બહેન કરતાં પણ વધુ સમય સાથે કોણ રહી શકે ખબર છે ?'

'કોણ ?'

'પતિ-પત્ની. અભી, આપણે લગન કરીશું ?'

ક્ષણમાત્રમાં અભયા ભાગી ગયેલી. જતાં જતાં કહેલું, 'આવું ગંદુ બોલાય ? જા, તારી સાથે કિટ્ટા.'

તાઈ હસી પડ્યાં એટલે નિનાદ પણ પછી કહે, 'હું ૧૪-૧૫ વર્ષનો હોઈશ, લગ્નજીવન અંગે ગતાગમ તો શું હોય ! અભયા સાથે રહેવું ગમે એટલે બોલાઈ ગયેલું. પરંતુ તાઈ, પછી થોડા ગાળો મેં જ ડર ને સંકોચ અનુભવ્યાં છે !'

'આગળ...'

'થોડા વખતે અમારો વ્યવહાર સહજ થઈ ગયેલો, પણ પછી અભયા મને વધુ ને વધુ ગમવા લાગેલી.' સંકોચ પામતાં નિનાદે કહ્યું. પછી જરા વારે આગળ કહે, 'કૉલેજમાં જોડાયા પછી મેં મારા એક-બે મિત્રોને મારા મનની આ ગતિ કહી પણ ખરી ! કાંઈક આધાર-આશ્વાસન વગર ટકવું મુશ્કેલ હતું.'

'એ યોગ્ય કર્યું કહેવાય, પણ તેનાથી માત્ર આશ્વાસન જ નહીં, આનંદ પણ મળ્યો હશે, સાચું ને ?' મરકરું હસતાં શાલિનીએ કહ્યું. નિનાદનું મસ્તક હકારમાં જરાક હલ્યું.

'પછી શું થયું ?'

'આ બનાવ પછીનાં થોડાં વર્ષોની વાત છે. હું કૉલેજમાં ભણતો એ ગાળામાં તાઈ, અમારી મંડળીમાં સોગઠાંબાજીની રમત ખૂબ જામતી-બીજી કોઈ રમત જ નથી જાણે.'

'મારા કૉલેજના મિત્રો પણ રમવા આવે. હવે તો તેઓ મંડળીના જ બની ગયેલા. મારું મન જાણનાર રવીન્દ્ર ને મુકેશ પણ તેમાં ખરા.'

'હું ને અભયા પાછાં એવાં સહજ-નજીક કે સોગઠાંબાજીમાં બેરુ તરીકે સાથે જ હોઈએ !'

'તાઈ, તમને કંટાળો આવશે... પછી...' નિનાદને ક્ષોભ થયો.

'તું પૂરી વાત કર. મારે સાંભળવી જ છે.'

'એક દિવસ સોગઠાંબાજી બરાબર જામેલી. અડધી રાત થયેલી પણ કોઈ મટકુંય ન મારે ! હું ને અભયા સતત આગળ ને પછી તો ગાંડું કરીને કાળો કેર વર્તાવેલો !' તે સમયમાં પહોંચી નિનાદ વર્ણવવા લાગ્યો.

'નિનાદ અભયા ભેગાં થયાં એટલે પત્યું,' એક જણ બોલ્યું. 'જોડી જ એવી છે.' બીજાએ ઉમેર્યું.

'તો પછી.' રવીન્દ્રએ જાણે તક ઝડપી હોય તેમ બોલી નાખ્યું, મને જીવનનાં જ 'મેરુ' બની જાય તો ?'

'તાઈ, અભયા સાંગઠાંબાજી ફેંકીને ગુસ્સામાં ચાલી ગઈ ને ઘરે જઈને ખૂબ રડી. એના કુટુંબમાંથી કોઈક બોલ્યું પણ ખરું કે નિનાદ તો અભયાની પાછળ પડી ગયો છે.'

ક્ષણોના ગમગીન મૌન પછી નિનાદ કહે, 'તાઈ, મેં મારી જાતને સાવ અલગ પાડી દીધી. બોલવું, મળવું, રમવું બધું જ બંધ. એક દિવસ અભયા રસ્તામાં મળી. મને રોકીને કહે, 'નિનાદ, મારા પર ખૂબ ગુસ્સો છે ને ?'

હું મૌન જ રહ્યો એટલે કહે, 'રવીન્દ્ર બોલ્યો, પરંતુ તારા મનમાં હું એવું નથી જોતી. તું મારી સાથે બોલવાનું બંધ કર એ મારાથી નહીં સહેવાય. પછી ઢીલી થતાં કહે - 'આ બળેવે હું તને રાખડી બાંધવાની છું.'

થોડી ક્ષણોની શાંતિ પછી નિનાદ કહે, 'બોલો તાઈ, મારા મનની દશા જ ખોટી છે ને ?'

'મને એવું નથી લાગતું.'

'અંધકારમાં દીવો દેખાય એટલું સ્પષ્ટ મને તો દેખાય છે !'

'જો નિનાદ,' જરા વિચારમાં સરતાં શાલિનીએ કહ્યું, 'તેં વર્ણવ્યા તે બંને પ્રસંગોની બાહ્ય અભિવ્યક્તિ તે સમયની ઉંમર તેમ જ સમાજ-પરિવારના સંસ્કાર વ્યક્ત કરે છે. પરંતુ તેમાં સૂક્ષ્મરૂપે મને તો પ્રણયબીજ ને પ્રણયની અભિવ્યક્તિ દેખાય છે. તારી પુરુષની રીતે, અભયાની સ્ત્રીની રીતે.'

થોડી વાર અટકી નિનાદની સામે જોતાં શાલિની કહે, 'હવે તારે હું કહું તેમ કરવાનું છે. કરીશને ?'

'શું ?'

'હું અભયા તને મળે તેવું ગોઠવું છું. તારે અભયા પાસે તેને માટેનો તારો પ્રેમ પ્રગટ કરવાનો.'

'ના મારાથી એ નહીં બને. તાઈ, મારે હવે એક રૂંવાડા જેટલી અવગણના પણ ન ખપે !'

'પણ....' કહી શાલિનીએ નિનાદને કાનમાં કશુંક કહ્યું ને વાંસો થાબડી હામ આપી.

* * *

શાલિનીએ સાવ અજાણ રહીને અભયા સાથે વાત કરી. અભયા સંકોચસહ થોડુંક બોલી. પરંતુ તેની એ નજીવી અભિવ્યક્તિએ તેની આંખોએ, તેના ચહેરા પરની પ્રસન્ન સુરખીએ કહી દીધું કે તેના અંતરતમમાં નિનાદ બેઠો છે. સત્યની જેવો અદૃશ્ય છતાં અમીટ.

શાલિનીએ તેને છાતીએ વળગાડી નિનાદ સાથેનો પોતાનો હમણાંનો સંવાદ કહ્યો.

'શું કહ્યું નિનાદે ?' અભયા એકદમ પૂછી બેઠી ને પછી ક્ષોભાઈ.

'તેના મનમાં તારું સ્થાન છે જ. ને વ્યક્ત પણ કરવા તૈયાર થયો છે પણ...'

'પણ...?'

'મને લાગે છે તારે જ પહેલું વ્યક્ત થવું જોઈએ.' શાલિની.

'કેમ ?'

'તેના મનમાં તારા ઈન્કારની દહેશત છે ને તેનું કારણ તું છે માટે !'

'તાઈ, તમે જ કહો છો કે એ તો ઉંમર-સંસ્કારની મર્યાદા હતી, તો પછી મારો શો વાંક ?'

'તું નિમિત્ત તો ખરી જ ને ? વળી, તારું સુનીલ તરફ વળવું !'

'તાઈ, આમ જ મારાથી તો નહીં બોલાય ને તેમાં આવા ગૂંચવાડા ને ભવાડા !' લગભગ રડી પડતાં અભયા બોલી.

'એટલે તો કહું છું કે તારે જ પહેલું કહેવું જોઈએ.' તાઈએ કહ્યું ને પછી અભયાના કાનમાં કાંઈક સૂચવ્યું.

* * *

'શું કામ હતું અભયા ?' એ જ નદીની રેતીનો પટ ને મૌન તોડતો, નિનાદનો પ્રશ્ન !

'કામ ? મારે તો કાંઈ નથી ! મને તો તાઈએ કહ્યું કે નિનાદને તારે મળવું ને તેના મનની વાત સાંભળવી-જાણવી.'

'મને તો તાઈએ એમ કહ્યું છે કે તારે કાંઈ ન બોલવું, માત્ર અભયાને સાંભળવાની જ.'

'સાવ ખોટી વાત, કહી નિનાદ સામે જોઈ નજર સેરવી લેતાં અભયા બોલી. તાઈએ તો મને કામ સોંપ્યું છે કે નિનાદ કોઈને ચાહે છે. અભયા, તું નામ જાણી લઈશ ?'

'તું જ ખોટી છો. તાઈએ તો મને એમ કહ્યું છે કે નિનાદ, તને એક વ્યક્તિ ચાહે છે. નામ હું નહીં કહું, કારણ એ વ્યક્તિએ જ તને કહેવું જોઈએ.' પછી જરા અટકી હસતાં હસતાં નિનાદ કહે, 'અભયા, પછી સુનીલ સાથે સમાધાન થયું ને ?'

'ભાડિયામાં જાય સુનીલ ! કહેવાનું કહેતો નથી ને બીજા ડામ દે છે. જા, હું તો આ ચાલી.' ગળગળી થતાં અભયા બોલી ને ચાલતી થઈ.

'અભયા...'

ઊભું કોણ રહે ? રડવાનું - ચાલવાનું ચાલુ.

'અભી...' મોટા આદેશાત્મક અવાજે નિનાદ બોલ્યો.

પગ થંભી ગયા, ધીમી ચાલે પાછા આવ્યા ને રેતીમાં બેસી પડ્યા.

નિનાદ ઊઠીને નદીની ભીની રેતીમાં ગયો. એક સોટી વડે તેણે રેતીમાં કશુંક લખ્યું. અભયા સહજ કુતૂહલથી ત્યાં ગઈ, લખ્યું હતું :

'એક હંસી શામ કો દિલ મેરા ખો ગયા,
પહલે અપના હુઆ કરતા થા, અબ અભી કા હો ગયા.'

નિનાદ નત મસ્તકે રાહમાં હમણાં અભી કાનમાં ગુંજશે, પણ નીરવતા. નિનાદે નજર ઊંચકીને અભયાને શોધી. અભયા ત્યાં જ રેતીમાં કશુંક લખતી હતી. તે આવી, નિનાદ ગયો. તેણે વાંચ્યું :

'આપકી બાત, બાત ફૂલોં કી,
આપ કા સાથ સાથ ફૂલોં કા.'

'સાચું કહું ? એ મૌન વાણી મને - શાલિનીને - છેક ઘરે સંભળાયેલી.' મને તરત મનઃચક્ષુમાં દેખાયેલું-અભયા આનંદના કૈલાસ-શિખર પર બેઠી છે ને નિનાદ ધન્યતાના માનસરોવરમાં સ્નાન કરે છે. ❐

ગુરુ બજુવાની આત્મ અ-કથા

બહાદુરભાઈ જ. વાંક

[મારી સ્વયંની જાતમાં ઊંડા ઊતરવા માટે મેં મારી આત્મકથા લખેલી 'ટ્રેન નરકની, ટિકિટ સ્વર્ગની !' આત્મકથા-લેખન પાછળનો એકમાત્ર ઉદ્દેશ હતો સ્વનું નિરીક્ષણ અને સ્વનો અભ્યાસ કરવાનો. મારો આ અભ્યાસ પૂરો થઈ જતાં મેં મારી આત્મકથાનાં બધાં જ પાનાં ભસ્મીભૂત કરી નાખેલ, ને અનાયાસે જ અહીં રજૂ કરેલી ધ્યાનકથા લખાઈ ગયેલ -લેખક.]

ગુરુ બજુવાએ પોતાના ખર્ચે પોતાની આત્મકથા છપાવીને પ્રસિદ્ધ કરાવી છે - એ સમાચાર શહેરમાં પ્રસરી જતાં ગુરુ બજુવાના ચાહકો અને મિત્રોને સાશ્ચર્ય પ્રશ્ન થયેલો : ગુરુ બજુવા જેવી પ્રજ્ઞાવાન વ્યક્તિ આત્મકથા-લેખનનો અને પ્રસિદ્ધિનો મોહ કેમ નહીં ખાળી શકી હોય !

ગુરુ બજુવાના ત્રણ મિત્રો આત્મકથા-લેખનના અનુસંધાને તેમને કેટલાક પ્રશ્નો પૂછવા માટે આશ્રમમાં આવ્યા. ત્રણે મિત્રોએ ગુરુને ધન્યવાદ પાઠવી આત્મકથા વાંચવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરતાં કહ્યું : 'આપ અનુમતિ આપો તો આત્મકથા-લેખનના અનુસંધાને અમે આપને થોડાક પ્રશ્નો પૂછવા માગીએ છીએ.'

'એમાં મારી અનુમતિ લેવાની શું હોય ? તમારે જે કાંઈ પૂછવું હોય તે ખુશીથી પૂછી શકો છો.'

'અમારો પ્રથમ પ્રશ્ન છે : 'આત્મકથા-લેખન પાછળનું મહત્ત્વનું કારણ ? કયા હેતુથી આપે આત્મકથા લખેલ છે ?'

'મારી સ્વયંની જાતમાં ઊંડા ઊતરવા માટે અને કારણ વગરના કારણની ખોજ કરવા માટે મેં આત્મકથા લેખનનો પ્રારંભ કરેલ.' બજુવાએ જવાબ આપ્યો.

'આપે આત્મકથા લેખનનું કામ કેટલા દિવસમાં પૂરું કરેલ ? કેટલાં પાનાંની આત્મકથા છે ?'

'પૂરેપૂરા એક સો દિવસમાં મેં આત્મકથા-લેખનનું કામ પૂરું કરી નાખેલ. બીજું એકસો પાનાંની મર્યાદામાં જ મારે જે કહેવાનું હતું તે બધું કહી દીધેલ.'

'કુલ કેટલી નકલો છપાવેલ છે, ને આત્મકથાની કિંમત શું રાખવામાં આવેલ છે ?' પાછો ત્રણેય મિત્રોનો પ્રશ્ન.

'આત્મકથાની માત્ર એકસો નકલો જ છપાવેલ છે'ને હસતાં હસતાં બજુવાએ ઉમેર્યું : 'એની કિંમત રાખેલ છે માત્ર શૂન્ય !'

'કિંમત માત્ર શૂન્ય જ કેમ રાખી ?'

'એ લખ્યાં પછી જ મને શૂન્યનો સાક્ષાત્કાર થયો એટલે' ને બજુવા એ આગળ ચલાવ્યું: 'હવે તમને બધી પાયાની વાત જરા વિસ્તારથી સમજાવવા પ્રયત્ન કરું છું. મારા અહમ્‌ની - મારા વ્યક્તિત્વની ઝીણામાં ઝીણી વાતનો સમાવેશ કરી સૌપ્રથમ મેં આત્મકથા લખવી શરૂ કરેલ. એ વખતે મને પ્રતીતિ થયેલ. આપણી નગ્નતાને એના યથાતથ સ્વરૂપમાં રજૂ કરવી એ પણ એક કેવું મોટામાં મોટું તપ-પુણ્ય છે ! પૂરેપૂરાં એકસો પાનાં લખ્યાં પછી જાણે મારી ભીતરથી અવાજ આવ્યો. આત્માની કોઈ કથા જ ન હોઈ શકે. કથા તો હમેશાં 'હું' ની જ હોય ! ને મારા અહમ્‌ની આત્યંતિક અવસ્થા-માં જાણે મારા 'હું'નો જ છેદ ઊડી ગયો ! બીજા રીતે કહું તો હું મારા 'હું'થી જ મુક્ત થઈ ગયો ! પછી લખાયેલી આત્મકથાનું શું મૂલ્ય ? ને મેં મારી લખાયેલી આત્મકથાનાં બધાં જ પાનાં ભસ્મીભૂત કરી નાખ્યાં ! મેં ફરીને લખવી શરૂ કરી - કોરાં પાનાની મારી આત્મ અ-કથા !'

'તો આપ હવે અમને આપની એ આત્મ અ-કથાનાં દર્શન તો કરાવો.' ત્રણે મિત્રોએ બજુવાને અનુરોધ કર્યો.

ગુરુ બજુવાએ ત્રણેના હાથમાં એક એક પ્રત મૂકી. આત્મ અ-કથાનાં કોરાં પાનાં વિસ્મયથી ફેરવતાં ફેરવતાં વળી એક મિત્રે પૂછ્યું : 'આ આત્મ અ-કથા આપે એકસો દિવસમાં પૂરી કરી, એમાં પૂરાં એક સો પાનાં રાખ્યાં, ને એની નકલો પણ આપે માત્ર એક સો જ છપાવી, તો એકસોનો આંક પસંદ કરવાનું કંઈ વિશેષ કારણ ?'

હસતાં હસતાં બજુવા બોલ્યા : 'મારે મન એક સો ના આંકનું બહુ મહત્ત્વ છે. પૂરેપૂરા એક સો પછી જ જીવનમાં બહુ મહત્ત્વનું ઘટિત થતું હોય છે. એટલે એકસોના આંકને હું રૂપાંતરણનો પણ આંક કહી શકું.'

પુસ્તકના પ્રથમ પાના ઉપર નજર સ્થિર કરતાં ત્રણે મિત્રોએ પૂછ્યું : 'પ્રથમ પાના ઉપર આપે એક માત્ર શબ્દ લખ્યો છે 'હું', ને પછી બધાં જ પાનાં કોરાં... તો પ્રથમ પાના ઉપર મોટા અક્ષરે 'હું' છાપવાનું કંઈ કારણ ?'

'તમે છેલ્લા પાના ઉપર નજર કરો એટલે મને લાગે છે કે તમને બધું સમજાઈ જશે !' બજુવાએ કહ્યું.

બધાએ છેલ્લા પાના ઉપર નજર કરી. ત્યાં પણ એક માત્ર શબ્દ છપાયેલો હતો - 'તું !'

ગુરુ બજુવાએ પાછું બધાને પૂછ્યું : 'હવે તમને સમજાય છે 'હું' અને 'તું'નો મર્મ ?'

મિત્રો બધું જ સમજી જતા હોય તેમ બોલી ઊઠ્યા : 'કમાલ છે આપની 'હું'નું 'તું'માં રૂપાંતરણ કરવાની પ્રક્રિયા !' ને ત્રણે મિત્રોએ બજુવાને પૂછ્યું : 'આપે આપની આ આત્મકથા અમને ભેટ આપી છે ને ?' બજુવા બોલ્યા : 'હું તમને બધાને પૂછું છું કે હું આપણામાં ભેટ આપનાર કોણ, ને ભેટ લેનાર કોણ ?'

ત્રણે મિત્રો બધું સમજી જતા હોય તેમ અત્યંત રોમાંચ અનુભવતાં બજુવાના ચરણોમાં વાંકા વળીને મસ્તક નમાવતાં બોલી ઊઠ્યા : 'તું હી...તુંહી...તુંહી !'

ને પ્રત્યુત્તરમાં ત્રણેને મસ્તક નમાવી પ્રણામ કરતા ગુરુ બજુવા પણ બોલી ઊઠ્યા : તું હી... તું હી... તુંહી... !

પશ્ચિમ બંગાળ



ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતની પૂર્વમાં પશ્ચિમ બંગાળ રાજ્ય આવેલું છે. તેની ઉત્તરે સિક્કિમ અને ભૂતાન, પૂર્વમાં આસામ અને બાંગ્લાદેશ, દક્ષિણમાં બંગાળનો ઉપસાગર તથા પશ્ચિમમાં નેપાળ, બિહાર અને ઓરિસ્સાની સરહદો આવેલી છે. આ રાજ્ય ઉત્તરે હિમાલયની તળેટીથી દક્ષિણે બંગાળના ઉપસાગર પર્યંત વિસ્તરેલું છે. રાજ્યનું ક્ષેત્રફળ ૮૮,૭૫૨ ચો.કિ.મી. છે અને તેની વસતી ૧૯૯૧ની ગણતરી અનુસાર ૬,૮૦,૭૭,૯૬૫ છે. રાજ્યની માન્ય ભાષા બંગાળી છે. તેની કુલ વસતીના ૨૮ ટકા લોકો શહેરોમાં વસે છે. રાજ્યમાં સાક્ષરતા ૫૮ ટકા લોકોમાં છે તેમાં ૭૫ ટકા લોકો હિંદુ, ૨૪ ટકા મુસ્લિમ તથા બાકીના શીખ, જૈન, બૌદ્ધ ને ખ્રિસ્તીઓ વસે છે. રાજ્યની વસતીના ૮૬ ટકા લોકો બંગાળી, ૬ ટકા લોકો હિંદી ૩ ટકા સંતાલી અને ૨ ટકા લોકો ઉર્દૂ ભાષા બોલે છે. પશ્ચિમ બંગાળ રાજ્યમાં ખેતીવાડીમાં કામ કરતા મજૂરોને રોજના રૂપિયા ૩૭ લઘુતમ વેતન આપવામાં આવે છે. રાજ્યની કુલ વસતીના ૨૭.૦૨ ટકા લોકો ગરીબી રેખા નીચે જીવે છે. રાજ્યના લોકોની માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા ૨૪૩૪ છે. રાજ્યના ૧૧,૮૭૮ ચોરસ કિલોમીટર વિસ્તારમાં જંગલો આવેલાં છે.

આખા રાજ્યને ૧૮ જિલ્લામાં વહેંચી દેવામાં આવ્યું છે. તેમાં ભાગીરથી (હુગલી), દામોદર, મયૂરાક્ષી, કાંગ્સાવતી, મહાનંદા, જલઢાકા, બ્રાહ્મણી, રૂપનારાયણ વગેરે નદીઓ આવેલી છે. રાજ્યનું પાટનગર કોલકાતા (કલકત્તા) ઈ.સ. ૧૬૯૦માં સ્થાપવામાં આવ્યું હતું. અંગ્રેજોએ ૧૭૭૩થી ત્યાં પાટનગર રાખ્યું અને ૧૯૧૧ સુધી ત્યાંથી દેશ પર વહીવટ ચલાવ્યો હતો. ત્યાં અનેક ઉદ્યોગો સ્થપાયા છે. ત્યાં ૧૯૮૪થી ભારતની સૌપ્રથમ ચાર કિલોમીટરની ભૂગર્ભ રેલવે શરૂ કરવામાં આવી છે. તે દેશનું મહત્ત્વનું બંદર પણ છે.

સરકાર : પશ્ચિમ બંગાળની ધારાસભાની સભ્ય-સંખ્યા ૨૯૫ છે રાજ્યમાંથી ચૂંટણી દ્વારા ૪૨ સભ્યો લોકસભામાં તથા ૧૬ સભ્યો રાજ્યસભામાં મોકલવામાં આવે છે. ત્યાં છેલ્લાં પચીસ વર્ષથી સામ્યવાદી પક્ષની ચૂંટાયેલી સરકાર રાજ્ય કરે છે. મુખ્ય પ્રધાન તરીકે જ્યોતિ બસુએ આશરે ચોવીસ વર્ષ સુધી સેવા આપ્યા બાદ નિવૃત્તિ લીધી છે.

ઈતિહાસ : પ્રાચીન સમયમાં બંગાળ અને બિહાર અંગ દેશ તરીકે તથા પૂર્વ બંગાળ વંગ તરીકે ઓળખાતા હતા. પ્રાગૈતિહાસિક સમયથી બંગાળ ફળદ્રુપ પ્રદેશ છે. અલેક્ઝાન્ડર (સિકંદર)ના હુમલા વખતે બંગાળમાં ગંગાહૃદય તરીકે જાણીતા શક્તિશાળી રાજ્યની સત્તા અસ્તિત્વ ધરાવતી હતી. મૌર્ય તથા ગુપ્ત વંશના સમ્રાટોની સત્તા બંગાળમાં ખાસ નહોતી. ત્યાર પછી સાતમા સૈકાના પ્રથમાર્ધમાં રાજા શશાંક બંગાળ અને કામરૂપ (આસામ) સહિતના ઉત્તર-પૂર્વના ભારતીય પ્રદેશો પર સત્તા ભોગવતો હતો. આઠમી સદીમાં ગોપાલ નામના શૂરવીર સરદારે બંગાળમાં પાલવંશની સ્થાપના કરી. તેમાં ધર્મપાલ, દેવપાલ, મહિપાલ જેવા શક્તિશાળી રાજવીઓ થઈ ગયા. તેઓ બૌદ્ધ ધર્મ પાળતા હતા. આ વંશના શાસકોએ બંગાળ અને મગધ (દક્ષિણ બિહાર) ઉપર લગભગ ચારસો વર્ષ પર્યંત શાસન કરીને તે પ્રદેશનો વિકાસ કર્યો. ત્યાર બાદ ૧૨મી સદીમાં સ્થપાયેલ સેન વંશના પ્રતાપી રાજવી વિજયસેને વિજયો મેળવીને મગધથી કામરૂપ (આસામ) સુધી પ્રદેશવિસ્તાર કર્યો. આ વંશના રાજાઓ પોતે વિદ્વાન હતા અને સાહિત્ય તથા કલાના આશ્રયદાતાઓ હતા. તેરમી શતાબ્દીના અંતભાગમાં બખ્તયાર ખલજી નામના તુર્ક સરદારે બંગાળ પર આક્રમણ કરી સેન વંશની સત્તાનો અંત આણ્યો. ત્યાર બાદ ત્યાં મુસ્લિમોની સત્તા સ્થપાઈ. સોળમી સદીમાં મુઘલોના



વિક્ટોરિયા મેમોરિયલ, કોલકતા



શાંતિનિકેતનમાં નૃત્ય કરતી વિદ્યાર્થિનીઓ

આગમન સુધી ત્યાં મુસ્લિમ સુલતાનો અને સૂબાઓએ રાજ્ય કર્યું. આ દરમિયાન યુરોપથી પોર્ટુગીઝ, ફ્રેન્ચ તથા અંગ્રેજ લોકોની કંપનીઓ વેપાર પર અંકુશ મેળવવા આવી હતી. બંગાળના નવાબ સિરાજુદૌલાને ૧૭૫૭માં પ્લાસીની લડાઈમાં કપટથી હરાવીને ક્લાઈવે અંગ્રેજ સત્તાનો પાયો નાખ્યો. ત્યાર બાદ ૧૯૧૧ સુધી કોલકાતા અંગ્રેજોનું પાટનગર રહ્યું.ત્યાં પાશ્ચાત્ય શિક્ષણ આપતી સંસ્થાઓ સ્થપાવાથી ઘણાખરા લોકો પાશ્ચાત્ય વિચારસરણી, આધુનિક વિજ્ઞાન તથા સાહિત્યથી પ્રભાવિત થયા. હિન્દુ ધર્મના કુરિવાજો, વહેમો, અંધશ્રદ્ધા વગેરે નાબૂદ કરનાર સુધારકોમાં રાજા રામમોહન રાય અગ્રણી હતા. બંગાળના પ્રસિદ્ધ સંત રામકૃષ્ણ પરમહંસે માનવસેવા પર ભાર મૂક્યો. તેમના શિષ્ય સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરીને સેવાપ્રવૃત્તિઓનો વિકાસ કર્યો.

બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયે પોતાના લેખન દ્વારા યુવકોને રાષ્ટ્રભક્ત બનાવ્યા. તેમણે 'વંદેમાતરમ્' જેવા રાષ્ટ્રિય ગીતની દેશને કીમતી ભેટ આપી. વીસમી સદીની શરૂઆતમાં બંગાળે અરવિંદ ઘોષ, સુરેન્દ્રનાથ બેનરજી, બિપિનચંદ્ર પાલ જેવા રાષ્ટ્રિય નેતાઓ ભેટ ધર્યા. ત્યાંના રવીન્દ્રનાથ ટાગોર (ઠાકુર) જેવા વિશ્વવિખ્યાત કવિએ ભારતની પ્રતિષ્ઠા વધારી. ત્યાંના અનેક નવલોહિયા ક્રાંતિકારોએ ભારતમાતાના મુક્તિયજ્ઞમાં પોતાના પ્રાણોની આહુતિ આપી. ચિત્તરંજન દાસ અને સુભાષચંદ્ર બોઝ જેવા સમર્થ નેતાઓએ દેશને માટે પોતાનાં જીવન સમર્પિત કર્યાં. ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયો ત્યારે, પૂર્વ પાકિસ્તાન (હવે બાંગ્લાદેશ) અને પશ્ચિમ બંગાળ એ રીતે વિભાજન કરવામાં આવ્યું. આ વિભાજનના કારણે શણ અને ડાંગરના પાકની ફળદ્રુપ જમીનો તથા મત્સ્યક્ષેત્રો ભારતે ગુમાવ્યાં.

રાજ્યમાં કોલકાતા (ડમડમ), બગદોગ્રા, કૂચબિહાર, માલદા, બલુરઘાટ, બરાકપુર વગેરે હવાઈ મથકો છે.

મુખ્ય ઉત્સવો : દુર્ગાપૂજા બંગાળનો સૌથી મોટો ઉત્સવ ગણાય છે. તે બંગાળી સંસ્કૃતિના પ્રતીક સમાન છે. તે દરમ્યાન ત્રણ દિવસ માટે દેવીની ભવ્ય પૂજા લોકો ભક્તિભાવપૂર્વક કરે છે. મકરસંક્રાંતિ વખતે ત્રણ દિવસ માટે ગંગાસાગર નામથી જાણીતો મેળો યોજવામાં આવે છે. તે સમયે સમગ્ર ભારતમાંથી લાખો શ્રદ્ધાળુઓ ત્યાં પવિત્ર સ્નાન કરે છે. આ ઉપરાંત હોળી તથા વસંતોત્સવ પણ લોકો ઉત્સાહપૂર્વક ઊજવે છે. દીપાવલી દરમિયાન કાલીપૂજાનો ઉત્સવ પણ ધામધૂમથી ઊજવવામાં આવે છે.

મુખ્ય પાક : રાજ્યના ૭૫ ટકા લોકો પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે ખેતીના વ્યવસાયમાં જોડાયેલા છે. દેશમાં પેદા થતા ચોખાના ૧૫ ટકા જેટલા પશ્ચિમ બંગાળમાં પાકે છે. ભારતમાં પેદા થતા કુલ શણના ૫૭ ટકા અહીં પેદા થાય છે. આ ઉપરાંત ચા, ઘઉં, મકાઈ, બટાટા, તેલીબિયાં, તમાકુ વગેરે અહીં પેદા થાય છે. ૧૯૯૬-૯૭માં રાજ્યમાં અનાજનું કુલ ઉત્પાદન ૧૩૭ લાખ ટન થયું હતું. તે વર્ષે ૧૨૬ લાખ ટન ચોખાનો પાક થયો હતો. ભારતનાં રાજ્યોમાં પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ ચોખા પાકે છે. ૧૯૯૬-૯૭માં રાજ્યમાં ૭૫ લાખ ગાંસડી શણનું ઉત્પાદન થયું હતું.

ત્યાંની ખાણોમાંથી રાણીગંજ તથા દામોદર ખીણ પ્રદેશમાંથી કોલસો નીકળે છે. આ ઉપરાંત ચિનાઈ માટી, ચૂનાખડક, ડૉલોમાઈટ, અબરખ, કાચ-રેતી વગેરે પેદાશોનું ખનન કરવામાં આવે છે.

ઉદ્યોગો તથા ઊર્જા : અહીં સ્ટીલ, ઍલ્યુમિનિયમ, ઑટોમોબાઈલ, રંગ અને રસાયણો, ઇજનેરી માલ, દવાઓ, ખાતરો,



કોલકાતાનું દુર્ગાપૂજાયાત્રાનું એક દૃશ્ય

પેટ્રોકેમિકલ્સ, ઇલેક્ટ્રૉનિક્સ, શણ, કાપડ, કાગળ, ખાંડ, રબર, પગરખાં, ચા, રેલવે વૅગનને લગતા ઉદ્યોગો મુખ્ય છે. આ રાજ્યમાં ૧૯૯૫માં ૧૦,૨૩૬ ઔદ્યોગિક એકમો તથા ૪,૧૦,૦૦૦ કરતાં વધારે કુટિર ઉદ્યોગોનાં એકમો હતાં. દુર્ગાપુર તથા બર્નપુરમાં બે મોટા સ્ટીલ પ્લાન્ટ છે. આ ઉપરાંત જહાજ-બાંધકામ, રેલવે-એન્જિનો, લશ્કરી સરંજામ તથા તારનાં દોરડાં બનાવતાં એકમો પણ આવેલાં છે.

દામોદર વેલી કૉર્પોરેશન જળવિદ્યુત તથા તાપવિદ્યુતના ઉત્પાદનનું સંચાલન કરે છે. પાન્ચેટ, કોનાર, મૈથોન, તિલૈયા વગેરે મહત્ત્વનાં જળવિદ્યુત મથકો છે. ઉત્તરે દાર્જિલિંગ જિલ્લામાં જલઢાકા નદી પર પણ જળવિદ્યુત મથક સ્થાપ્યું છે. વળી, કોલસા દ્વારા સાન્તાલ્ધી, બોકારો, દુર્ગાપુર વગેરે સ્થળે તાપવિદ્યુતનું ઉત્પાદન પણ કરવામાં આવે છે.

મુર્શિદાબાદ, પુરુલિયા, રઘુનાથપુરા, માલ્દા, વિષ્ણુપુર, સોનામુખી વગેરે કુટિર ઉદ્યોગનાં મહત્ત્વનાં મથકો છે.

પ્રાણીસૃષ્ટિ : રાજ્યમાં પ્રાણીસૃષ્ટિની જાળવણી માટે સોળ અભયારણ્યો છે. તેમાં સુંદરવન અભયારણ્ય સફેદ વાઘ માટે પ્રસિદ્ધ છે. મધ ભેગું કરનાર લોકો એપ્રિલ, - મે માસમાં ત્યાં જાય ત્યારે પ્રતિવર્ષ ૩૦-૩૫ જેટલા માણસો વાઘનો ભોગ બને છે. જલદાપરા અભયારણ્યમાં હાથી, વાઘ અને ગેંડા રહે છે. તોર્સા નદીકિનારે સાજીનાખલીમાં પક્ષીઓનું અભયારણ્ય આવેલું છે. પ્રતિવર્ષ માર્ચથી મે માસ દરમિયાન વિવિધ પ્રકારનાં પક્ષીઓ જોવા માટે ત્યાં સંખ્યાબંધ પ્રવાસીઓ આવે છે.

જોવાલાયક સ્થળો : બંગાળના પાટનગર કોલકાતામાં અનેક જોવાલાયક સ્થળો આવેલાં છે. વિષ્ણુપુરમાં સ્થાપત્યનો ખજાનો છે. રવીન્દ્રનાથ ટાગોરે સ્થાપેલ પ્રસિદ્ધ શિક્ષણધામ શાન્તિનિકેતન, મુર્શિદાબાદમાં મુસ્લિમ રાજ્યના અવશેષો, દાર્જિલિંગ પર્વતની ભવ્યતા, દુઆર્સ અને સુંદરવનનાં જંગલનાં અભયારણ્યો અસંખ્ય પ્રવાસીઓને આકર્ષે છે. આ ઉપરાંત મુકુટમણિપોર, કામારપુકુર, પાન્ડુઆ વગેરે ત્યાંનાં પર્યટન સ્થળો છે. દાર્જીલિંગ સાત હજાર ફૂટની ઊંચાઈ ધરાવતું હવા ખાવાનું સ્થળ છે. બ્રિટિશ સરકાર ઉનાળામાં બંગાળ પ્રાંતની સરકારનું ત્યાં પાટનગર રાખતી હતી. દુનિયાની શ્રેષ્ઠ પ્રકારની ચાના બગીચા ત્યાં આવેલા છે.

રાજ્યમાં ૭૪,૪૫૯ કિ.મી.ના માર્ગો તથા ૩૭૮૫ કિ.મી. લાંબી રેલવે છે. □

ભારતની વિવિધ દીપિકાઓ અને દીપાવલી

કાન્તિ કાપડિયા

દીપક-જ્યોતનું મહત્ત્વ ભારતીય તત્ત્વજ્ઞાન ફિલૉસૉફીમાં જેટલું છે તેટલું ભાગ્યે જ જગતના બીજા દેશોમાં હશે. આપણી સંસ્કૃતિમાં દીપક-જ્યોતને આત્મા અને જ્ઞાનનાં પ્રતીક તરીકે ગણ્યાં છે, અને એનો મહોત્સવ પણ આપણા દેશમાં જ ઉજવાય છે.

એ દીપકનો મહોત્સવ એટલે દિવાળી અથવા દીપાવલી. ગુજરાતમાં વિક્રમ વર્ષની આખરે જ્યારે પૃથ્વીને ભીંજવી વર્ષા વિદાય લે છે ત્યારે શરદઋતુની આખરે ખાસ કરીને ગુજરાતમાં એ મહોત્સવ ઉજવાય છે. જે એક દિવસનો નહીં પરંતુ પાંચ દિવસનો છે. ગુજરાતે માન્ય કરેલી ચાર દેવી અંબા, લક્ષ્મી, મહાકાળી, સરસ્વતીનું પૂજન થાય છે અને પાંચમા દિવસે એનો આનંદ મનાવી નવા વર્ષની ઉજવણી થાય છે. લોકો એકબીજાંને મળે છે, અભિનંદન આપે છે અને વેપારીઓ નવાં કામકાજનો પ્રારંભ કરે છે. વર્ષો પછીનું નવું ધાન્ય લોકોમાં સમૃદ્ધિ લાવે છે.

ગુજરાત આમ તો દેવીપૂજક છે. લગભગ દરેક દેવીનાં મંદિરો ગુજરાતમાં આવેલાં છે. અંબાજીમાં અંબામાતાનું અને પાવાગઢમાં મહાકાળીનું. મહારાષ્ટ્રમાં દક્ષિણ ગુજરાતને છેડે મહાલક્ષ્મીનું મંદિર છે. જ્યારે મહાલક્ષ્મી અને સરસ્વતીના મંદિરો જૂજ છે, પરંતુ લોકોનાં હૃદયમાં બન્ને દેવીઓ ઉચ્ચ સ્થાન પામી છે. વેપારીઓ પોતાના હિસાબના ચોપડાને સરસ્વતી તરીકે ગણે છે અને તેની પૂજા પણ કરે છે.



આમ તો દીપક-જ્યોત સૂર્ય ભગવાનના પ્રતીક રૂપે ગણાય છે. જગતમાં મોટામાં મોટો સાક્ષાત્ દેવ હોય તો સૂર્ય જ. એનું પૃથ્વી ઉપર પ્રતીક એટલે અગ્નિદેવ. અગ્નિ વગર આપણને જરાય ચાલતું નથી. આપણા ચૂલાના અગ્નિથી આપણી રસોઈ તૈયાર થાય છે, જે આપણને પોષણ આપે છે. એનો અંશ એટલે દીપક. દીપક આપણને પ્રકાશ આપે છે. અંધકારનો નાશ કરે છે. અને એ જ દીપક જેને જ્યોતિ રૂપે ગણીએ છીએ તે જ્ઞાનનું પ્રતીક છે. ઈશ્વરનું પ્રતીક છે, જે મગજ અને હૃદયને તેજસ્વી બનાવે છે.

સૂર્યપૂજા અનેક સંસ્કૃતિઓમાં જોવા મળે છે. ઇજિપ્તમાં એની પૂજા 'રા' (Ra) તરીકે થતી. ભારતમાં પણ જ્યારે બીજાં દેવદેવીઓનાં મંદિરનું મહત્ત્વ વધ્યું તેની સાથે સૂર્યમંદિરો પણ અસ્તિત્વમાં આવ્યાં. જેમાં મોઢેરાનું, કોનાર્કનું, કાશ્મીરમાં માર્તંડ મંદિર જગપ્રસિદ્ધ છે.


સૂર્ય ભગવાન ખૂબ મોટો હોવા છતાં કરોડો માઈલના અંતરે આવેલો હોઈ એક દીવડા જેવો દેખાય છે એટલે આપણે દીપક-જ્યોતને પણ સૂર્યનું પ્રતીક ગણ્યું છે.



લટકતો દીપક (દક્ષિણ ભારત)




દીપલક્ષ્મી (દક્ષિણ ભારત - ૧૮મી સદી)



લોહદીપિકા (રાજસ્થાન-૧૯મી સદી)

વૈદિક કાળમાં યજ્ઞનું મહત્ત્વ ઘણું હતું અને યજ્ઞમાં મુખ્યત્વે કુંડમાં અગ્નિને આહુતિ અપાય છે. આ અગ્નિ પણ ખરી રીતે સૂર્યનું જ પ્રતીક છે અને તેમાં તલ-જવ-ઇત્યાદિ ધાન્ય ઉપરાંત ઘી હોમાય છે. કહેવાય છે કે યજ્ઞથી પરજન્ય આવે છે અને ધાન્યથી પૃથ્વીને સમૃદ્ધ બનાવે છે.

આ યજ્ઞનું મહત્ત્વ એટલું બધું હતું કે ઘણી વાર પુત્રપુત્રીની પ્રાપ્તિ માટે પણ યજ્ઞ કરવામાં આવતો. જનકરાજાને ત્યાં પૃથ્વી ખેડતાં જાનકી પ્રાપ્ત થઈ હતી અને દ્રુપદરાજાને ત્યાં દ્રૌપદીની પ્રાપ્તિ થઈ હતી. આ રીતે સૂર્યને અર્ઘ્ય આપવા માટે જેમ યજ્ઞો થતા હતા તે જ રીતે સૂર્યના પ્રતીક દીપક માટે દિવાળી અથવા દીપાવલીનો મહોત્સવ પણ ઉજવાય છે.



પોપટ - આકારમાં દીપિકા (રાજસ્થાન-૧૯મી સદી)



દીપલક્ષ્મી (૧૯મી સદી)

આ દીપકનું મહત્ત્વ આજના ઇલેક્ટ્રિક લાઇટના યુગમાં ઘટી ગયું છે. પરંતુ પશ્ચિમના જાદુગર જેવા વિજ્ઞાનીઓ વીજળીનો ગોળો જગતને ચરણે ધર્યો તે પહેલાં દીપકનું મહત્ત્વ ઘણું હતું. ગામડાં અને શહેરોમાં રસ્તા પર થાંભલા-ફાનસ રાખવામાં આવતાં. આ પ્રથા આજથી પાંચ હજાર પૂર્વે મોહેન-જો-ડેરોથી ચાલતી આવી છે, અને ઘરોમાં મોભા પ્રમાણે દીવી રાખવામાં આવતી. ગરીબોનાં ઘરમાં લાકડાની દીવી ઉપર માટીના કોડિયામાં દીવા પ્રગટાવવામાં આવતા હતા. સાધનસંપન્ન લોકોનાં ઘરમાં પિત્તળ અથવા પંચધાતુની દીવી રહેતી. તે ઉપરાંત દીવાલમાં દરવાજાની બન્ને બાજુ ગોખલા બનાવવામાં આવતા અને તેમાં માટી યા ધાતુનાં કોડિયાં સળગાવવામાં આવતાં કે જેથી આખા રૂમમાં પ્રકાશ પડે.

આ ધાતુની દીવી પણ અવનવા ઘાટ-આકારની કલાત્મક બનાવવામાં આવતી. સમગ્ર ભારતમાં જુદી જુદી જાતની દીવી તેમજ નેપાળ અને બીજા પાડોશી દેશોમાં પણ જુદી જુદી જાતની કલાત્મક દીવી બનતી, ઉપરાંત દીવીમાં એક જ્યોતને બદલે આઠદસ દીવા પ્રગટે અને વધુ પ્રકાશ મળે એવી પણ રચના હોય છે. મોગલના આગમન સાથે ઈરાનની અસર પણ આ દીપિકામાં જોવા મળે છે. અને પાશ્ચાત્ય પ્રજાના આગમન સાથે હરિકેન ફાનસ તથા દેવમંદિરો માટે તેમજ રાજામહારાજા મહેલ માટે કાચની હાંડી અને ઝુમ્મર પણ અસ્તિત્વમાં આવ્યાં.

અશ્વિન સુદ એકમથી આઠમ સુધી નવરાત્રિમાં અંબામાનું પૂજન થાય છે અને ગરબા ગવાય છે. તે વખતે આ આઠદસ જ્યોતિવાળી દીવી પ્રગટાવવામાં આવે છે. ચારે તરફ અંધકારમાં દીવી ફરતે ગરબા ગવાય છે.

ત્યાર બાદ અશ્વિન વદ બારસથી અમાવાસ્યા સુધી દિવાળીનો ઉત્સવ મનાય છે. એ વખતે ઘરે ઘરે દીપકોની હારમાળા કરવામાં આવે છે. સમગ્ર પરિસર દીપકોની હારમાળાથી ઝળકી ઊઠે છે. આવાં દૃશ્ય હવે ઇલેક્ટ્રિક લાઇટના યુગમાં જોવા મળતાં નથી. એ નવી પેઢીનું કમનસીબ કહી શકાય. અંધકારને નાથવા દીપક મહત્ત્વનો ફાળો ભજવે છે. દરેક ઘરમાં દરરોજ પૂજન-અર્ચન થાય છે. તે વખતે ઘીનો દીવો પ્રગટાવી પ્રભુને પ્રસન્ન કરવાની આ એક પ્રથા ચાલતી આવી છે.

ગુજરાત મુખ્યત્વે વ્યાપારી પ્રજા છે. અને એ વ્યાપારી પેઢીમાં રાત્રે હિસાબકિતાબ લખાય છે તે વખતે દીપકના પ્રકાશની જરૂર રહે છે. ગુજરાતમાં ઘરે ઘર દીપક-લક્ષ્મી રહેતી. આ દીપલક્ષ્મી એટલે સુન્દર સ્ત્રી હાથમાં કોડિયું રાખે છે અને તેમાં દીપક પ્રગટાવવામાં આવે છે. આવી દીપલક્ષ્મી પણ ઘણા ઘરમાં આજે પણ મોજૂદ હશે. એમાં પણ જાતજાતનું વૈવિધ્ય જોવા મળે છે. એ બધી દીપલક્ષ્મી ગુજરાતમાં જ બનતી જ્યારે આઠદસ દીવાવાળી દીવીનું સર્જન મોટે ભાગે દક્ષિણમાં થતું. એ દીવી ઉપર સુંદર મોરની આકૃતિ પણ જોવા મળે છે.

આમ તો આખા ભારતમાં બંગાળથી માંડી સૌરાષ્ટ્ર અને કાશ્મીરથી માંડી કન્યાકુમારી સુધીમાં ધાતુની અનેક કલાત્મક દીપિકાઓ બનતી, જે આ જગતને કલાનો અમૂલ્ય વારસો છે. આપણા દરેક ધાર્મિક તેમજ સામાજિક પ્રસંગોમાં પણ આવી દીપિકાઓનો ભરપૂર ઉપયોગ થતો.


આધુનિક યંત્ર યુગમાં આ બધું લુપ્ત થતું જાય છે.



મોરની આકૃતિવાળો દીપક



દીપલક્ષ્મી (બંગાળ - ૧૯મી સદી)



ત્રાજવાના ઘાટની નેપાળની દીપિકા

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શુક્રવાર ૨૩મી જુલાઈ ૧૯૪૩

બેપને આજકાલ સહેલાઈથી બજારમાં નોટબુક-ચોપડાઓ મળી જાય છે. આથી મારી હિસાબનીશ બહેન ખુશ છે. એમ તો દુકાનમાં દરેક પ્રકારની નોટબુક મળે છે, પણ કેવી એમ પૂછવાનું નહિ. હમણાં તો બધી નોટબુક પર 'વિના કૂપન' એમ છાપેલું છે. આમ, વિના કૂપન મળતી દરેક વસ્તુ જેમ આ પણ નાખી દેવાલાયક જ હોય છે. બારેક ભૂખરા ત્રાંસી લીટી મારેલા કાગળની બનેલી નોટબુક હોય. માર્ગટની ઇચ્છા કેલિગ્રાફી શીખવાની છે. એ માટે મેં તરત એને સંમતિ આપી દીધી. મમ્મી મને તો એ કોર્સ નહિ લેવા દે, કારણ મારી આંખો. મને આ જરાય ગમતું નથી. કાંઈ પણ વિષય કાઢું એટલે વાત છેવટે મારી આંખો પર આવીને અટકે.

યુદ્ધનો તને સીધો અનુભવ નથી કે નથી અનુભવ અજ્ઞાતવાસનો, જો કે મારા પત્રો દ્વારા થોડી ઘણી કલ્પના આવી હશે. આજે ગમ્મત ખાતર હું તને અજ્ઞાતવાસ પૂરો થાય કે પહેલું કામ અમે શું કરવાનાં છીએ એની વાત કરીશ.

માર્ગટ અને શ્રી વેનડાન ગરમ પાણીથી છલોછલ ભરેલા ટબમાં અડધો કલાક સુધી ન્હાવાનાં છે. જ્યારે શ્રીમતી વેનડાનની મનોકામના કેક ખાવાની છે. ડસેલની એકમેવ તમન્ના એમની શાર્લોટને મળવાની છે. મમ્મી ગરમાગરમ તાજી કોફીના પ્યાલાને તલસે છે. પપ્પાને શ્રી વોસ્ક્યૂલને મળવા જવું છે તો પીટર માર્કેટમાં આંટો મારવા નીકળશે. ને હું તો એટલી બધી ખુશ હોઈશ કે શું કરવું અને શું નહિ એની મને સમજણ જ નહિ પડે.

મને તો રાહ છે. અમારા પોતાના ઘરની, જ્યાં જેમ ફરવું હોય તેમ ફરાય. રોજ રોજ મને ઘરકામ હોય. એટલે બીજા શબ્દોમાં મારે સ્કૂલે જવાનું હોય.

બેપ અમારે માટે થોડાં ફળો લઈ આવવાની છે. કહેવાતા સસ્તા ભાવ : અઢી ગિલ્ડરે એક પાઉન્ડ દ્રાક્ષ, ૭૦ સેન્ટે પાઉન્ડની ગુઝબેરી, લીલાં જરદાલુ નંગના ૫૦ સેન્ટ, ૭૫ સેન્ટે પાઉન્ડ સાકરટેટી. રોજ છાપાંમાં મોટા અક્ષરે 'ભાવવધારો રોકો' લખે છે એમાં આશ્ચર્ય થવા જેવું કાંઈ જ નથી.

લિ. ઍન.

સોમવાર ૨૬મી જુલાઈ ૧૯૪૩

પ્રિય કિટી,

ગઈ કાલનો દિવસ ઘણો જ ઘોંઘાટિયો પસાર થયો. ખરેખર તો અહીં એકેય દિવસ કોઈ જ પ્રકારની ધાંધલ વિના જાય છે કે નહિ એ એક પ્રશ્ન છે.

સવારે અમે બ્રેકફાસ્ટ કરતાં હતાં ત્યારે જ દિવસની પહેલી સાઈરન વાગી પણ અમે એને ગણકારી નહિ, કારણ કે એનો અર્થ એટલો જ હતો કે કેટલાંક વિમાનો દરિયા-કિનારો વટાવીને અંદરની તરફ આવી રહ્યાં છે. મારું માથું ખૂબ દુઃખતું હતું એટલે બ્રેકફાસ્ટ કરીને કલાકેક સૂઈ ગઈ. પછી લગભગ બપોરના બે વાગ્યે હું ઑફિસમાં ગઈ. અઢી વાગ્યે માર્ગટે એનું ઑફિસનું બધું કામ પૂરું કર્યું અને બધું સમેટવા માંડી ત્યાં જ ફરી એક વાર સાઈરન વાગી એટલે બધું પડતું મૂકી હું અને માર્ગટ ઉપર પહોંચી ગયાં. ને અમે પહોંચીએ ન પહોંચીએ ત્યાં તો પાંચેક મિનિટમાં બંદૂકના ધૂમધડાકાનો એટલો જોરથી અવાજ આવવો શરૂ થયો કે અમે બધાં પરસાળમાં જઈને ઊભાં, બૉમ્બ વર્ષા શરૂ થઈ અને આખું મકાન ધ્રૂજતું રહ્યું. હું તો મેં ભાગી જવા તૈયાર કરેલી થેલીને જકડીને ઊભી રહી. મારો હેતુ ભાગી જવા કરતાં કશાકને વળગી રહેવાનો હતો. હું જાણું છું કે ભાગી છૂટવું અમારે માટે શક્ય જ નથી. અને ભાગી જઈએ તો પણ છડેચોક બહાર ફરવામાં અને બૉમ્બવર્ષામાં ફસાઈ જવામાં ખતરો સરખો જ હતો. અડધા કલાકમાં વિમાનની ઘરઘરાટી દૂર જતી રહી અને વળી પાછું ઘર રોજિંદા વ્યવહારથી ગુંજવા માંડ્યું. પીટર માળિયા પરની એની અવલોકન બારી પાસેથી બહાર આવ્યો. ડસેલ તો આગલી ઑફિસમાં જ બેસી રહ્યા. શ્રીમતી વેનડાનને ખાનગી ઑફિસમાં જ સલામતી લાગે છે. શ્રી વેનડાન મેડે ચડીને બહાર જોતા હતા. પરસાળમાં ઊભેલી વ્યક્તિઓ બંદરગાહમાંથી ઊઠતા ધૂમાતા ગોટેગોટા જોવા વિખરાઈ ગઈ. થોડીક વારમાં તો આગની વાસ બધે જ ફેલાઈ ગઈ. બહાર જોતાં લાગતું હતું કે જાણે આખું શહેર ધુમ્મસથી ઘેરાઈ ગયું છે.

ભયાનક આગનું દૃશ્ય પણ ભયંકર હોય છે. પણ અમારે માટે વાત પૂરી થઈ ગઈ હતી એટલે સહુ પોતપોતાના કામે વળગ્યાં. એ રાત્રે અમે જમવા બેઠાં ન બેઠાં ત્યાં તો ફરી હવાઈ હુમલાંની સૂચના આપતી સાઈરન વાગી. ભાવતી વાની હોવા છતાં સાઈરનના અવાજે મારી ભૂખ તદન મરી ગઈ. પણ આ વખતે કાંઈ જ બન્યું નહિ. પિસ્તાળીસ મિનિટ પછી સબસલામતની સાઈરન વાગી. વાસણ ઘસી નવરાં થયાં ન થયાં ત્યાં તો ફરી હવાઈ હુમલાની નોબત વાગી, બંદૂકોના ધડાકા અને વિમાનના હુમલાઓ શરૂ થયા. બધાંને થયું, 'બાપ રે, એક દિવસમાં બે બે હુમલા, આ તો હદ થઈ ગઈ.' પણ એનો કાંઈ અર્થ નહોતો. બૉમ્બનો વરસાદ શરૂ થયો, આ વખતે શહેરની બીજી બાજુએ. બ્રિટિશ સમાચાર પ્રમાણે હુમલો સ્કીફોલ હવાઈ અડ્ડા પર થયો હતો. વિમાનો તરાપ મારતાં નીચે આવી ઉપર જતાં હતાં. વાતાવરણ એની ઘરઘરાટીથી છવાઈ ગયું હતું. ખૂબ ડર લાગતો હતો, મને મનમાં એક જ વિચાર આવતો હતો 'એ બૉમ્બ પડ્યો કે પત્યું.'

ને સાચે, એ રાત્રે નવ વાગ્યે હું સૂવા ગઈ ત્યાં સુધી મારા પગ ધ્રૂજતા હતા. બરાબર મધરાતે હું જાગી ગઈ, ફરી પાછાં વિમાન આવી

પહોંચ્યાં. ડસેલ કપડાં બદલતા હતા, પણ એ તરફ ધ્યાન ન આપતાં પહેલો ધડાકો સાંભળતાં વેંત મારી નીંદર સાવ જ ઊડી ગઈ અને હું પપ્પાની પથારીમાં પહોંચી ગઈ. એક વાગ્યા સુધી ત્યાં જ હતી. પછી દોઢ વાગ્યા સુધી મારી પથારીમાં પડી રહી અને બે વાગ્યે વળી પાછી પપ્પાની પથારીમાં પહોંચી ગઈ. વિમાનોનો હલ્લો ચાલુ જ રહ્યો. છેવટે જ્યારે બધું પૂરું થયું ત્યારે ફરી હું 'ઘેર' આવી શકી. અને એમ લગભગ અઢી વાગ્યે મને નીંદર આવી ગઈ.

સવારના સાત વાગ્યે હું અચાનક જાગી ગઈ અને એમ ને એમ પથારીમાં બેસી ગઈ. શ્રી વૅનડાન અને પપ્પા વાતો કરતા હતા. અને મને પહેલો વિચાર આવ્યો 'ચોર !' 'બધું જ' શ્રી વૅનડાન બોલ્યા, અને મને લાગ્યું કે બધું જ ચોરાઈ ગયાની વાત કરે છે. પણ ના, આ વખતે તો સારા સમાચાર હતા, યુદ્ધ શરૂ થયા પછીના કદાચ સહુથી સારા સમાચાર કહેવાય એવા. મુસોલિનિએ રાજીનામું આપ્યું છે અને રાજાએ ઇટાલીનો તાબો લઈ લીધો છે, સરકારને પણ તાબે કરી લીધી છે.

આ વાત સાંભળી અમે કૂદ્યાં. ગઈ કાલના મહાભયાનક અનુભવનો અંત છેવટે આ સારા સમાચારથી આવ્યો ને અમારા માટે આશા લઈને આવ્યો ! યુદ્ધના અંતની આશા, શાંતિની આશા લઈને.

શ્રી કુગ્લર ડોકિયું કરી ગયા. એમણે કહ્યું કે ફોકર વિમાનની ફેક્ટરીને ઘણું જ નુકસાન થયું છે. એટલામાં આજે સવારે વિમાનોની ઘરઘરાટી સાથે હવાઈ હુમલાની ચેતવણી આપતી સાઈરન વાગી. આ ચેતવણીથી હું ત્રાસી ગઈ છું, હું સૂતી જ નથી એમ કહું તો ચાલે. કોઈ જાતનું કામ કરવાનું મન થતું નથી. જો કે હવે ઇટાલીમાં શું થાય છે અને વર્ષની આખર સુધીમાં યુદ્ધનો અંત આવશે એવી ઉત્કંઠાથી અમારી નીંદર ઊડી ગઈ છે.

લિ. ઍન.

ગુરુવાર ૨૯મી જુલાઈ ૧૯૪૩

પ્રિયતમ કિટી,

હું, શ્રીમતી વૅનડાન અને ડસેલ વાસણ ઘસતાં હતાં અને હું તદ્દન બોલ્યા ચાલ્યા વિના મારું કામ કરતી હતી. આ મારા માટે જરા નવાઈભરી વાત હતી અને મને ખાતરી હતી કે એની પર આ બેનું ધ્યાન નક્કી જશે એટલે વિશેષ પ્રશ્નાવલી આ બાબતમાં શરૂ થાય એ પહેલાં જ મેં વિચાર કરીને એવો વિષય શોધી કાઢ્યો જેની પર મતભેદ થવાની શક્યતા જ હોય. મેં ધાર્યું કે 'સામેનો પડોશી હેન્રી'ની વાર્તા એ માટે યોગ્ય રહેશે પણ ત્યાં જ મારી ભૂલ હતી. જો શ્રીમતી વૅનડાન મારી પર તૂટી ન પડે તો એ મોકો ડસેલ ન ચૂકે. ટૂંકમાં કંઈક આવું બન્યું. ખાસ માર્ગટ અને મારા સારુ આ પુસ્તકની ભલામણ ડસેલે જ કરી હતી. ને એ પણ એના ઉત્તમ લખાણ માટે, જ્યારે અમને એ પુસ્તકનું લખાણ જરાય સારું લાગ્યું નહિ નાના છોકરાનું પાત્રાલેખન સુંદર હતું પણ બાકી પુસ્તક વિશે જેટલું ઓછું બોલો એટલું સારું. હવે આવા જ અર્થનું વાક્ય હું વાસણ ધોતાં બોલી અને ડસેલના ભાષણની શરૂઆત થઈ.

'કોઈ પુરુષનું મનોરાજ્ય તમને શું સમજાય ?' બાળકના મનોરાજ્યની વાત જુદી છે, એ એટલી મુશ્કેલી નથી (!) પણ ખરું તો એ પુસ્તક વાંચવા માટે તારી ઉંમર ઘણી નાની કહેવાય. અરે, વીસ વર્ષના પુરુષ માટે પણ એ સમજવું અઘરું છે. (તો એ વાંચવાની ભલામણ શું કરવાને કરી ?)

શ્રીમતી વૅનડાન અને ડસેલે એમનો મારો ચાલુ રાખ્યો 'તારે માટે બિલકુલ અયોગ્ય ગણાય એવી વાતો તું જરા વધારે પડતી જ જાણે છે. એ તો તારી ઉછેરની જ ઊણપ કહેવાય. મોટા થઈને જે કાંઈ કરવાનું હોય એનો ત્યારે તારે માટે કોઈ આનંદ જ નહિ રહે. ઉપરથી ત્યારે કહીશ 'લ્યો એમાં શી નવાઈ, એ તો મેં વર્ષો પહેલાં જ એક ચોપડીમાં વાંચ્યું હતું. એના કરતાં ઉતાવળે કોકના પ્રેમમાં પડી કે પછી વર પસંદ કરી લે. નહિ તો દરેક બાબતમાં નિરાશ થવાનો જ વારો આવશે. બધી બાબતનું શાસ્ત્ર જાણે છે પણ આચરણનું શું ? એ તો સાવ જ જુદી વાત છે.'

મને ત્યારે કેવું લાગ્યું હશે ? પણ જે શાંતિથી મેં એનો જવાબ વાળ્યો એનું મને જ આશ્ચર્ય થયું, મેં કહ્યું, 'તમને ભલે લાગે મારો ઉછેર યોગ્ય થયો નથી પણ એવાં ઘણાં લોકો નીકળશે જે તમારી સાથે સંમત નહિ થાય !'

એમના હિસાબે કદાચ મા-બાપ સામે બાળકને નીચું પાડી દેવું એ યોગ્ય ઉછેર ગણાતો હશે, કારણ કે એ લોકો તો એ જ કર્યે રાખે છે. અને ઠીક છે. મારી ઉંમરની છોકરીઓને પુખ્તવયના વિષયની વાત ન કરવાનું ય સમજ્યાં, કારણ કે એમ કરીને પુખ્ત બનેલી વ્યક્તિનું વર્તન કેવું હોય એ તો અમે જોઈ રહ્યાં છીએ.

એ ક્ષણે તો મારી પર આમ તૂટી પડવા માટે બેયને એક એક તમાચો મારવાનું મન થઈ આવ્યું. હું ગુસ્સાથી તપી ગઈ હતી, હવે આમની સાથે કેટલા દિવસો કાઢવાના છે એની ખબર હોત તો દિવસો ગણવા જ શરૂ કરત.

શ્રીમતી વૅનડાન શું જોઈને બોલતાં હશે ? દાખલો સારો બેસાડે છે, પણ અવળો. બધાં જ જાણે છે કે આ બાઈ કેટલી જિદ્દી, અહંભરેલી, લુચ્ચી, ગણતરીબાજ અને સદૈવ અસંતોષી છે. ઉપરથી તદ્દન તુચ્છ અને ચાંપલી છે. સાવ જ વાહિયાત છે. એ બાબતમાં સવાલને સ્થાન જ નથી. વૅનડાનબેન પર તો ધારું તો એક પુસ્તક લખી નાખું અને કોને ખબર છે ભવિષ્યમાં લખું પણ ખરી. મનમાં આવે તો દેખાવ પૂરતું સારું તો કોઈ પણ બની શકે. ને આ શ્રીમતી વૅનડાન અજાણી વ્યક્તિ સાથે એટલાં તો મીઠાં વરતે, એમાંય પુરુષો સાથે તો ખાસ, કે કોઈ પણ વ્યક્તિ પહેલી મુલાકાતે થાપ ખાઈ જાય.



જોહાનીસ અને વિક્ટર કુગ્લર - ૧૯૪૫

મમ્મીના મતે શ્રીમતી વૅનડાન એટલી તો મૂરખ છે કે એ બતાવવા શબ્દો મળવા મુશ્કેલ પડે. માર્ગોટને મન એમનું કાંઈ મહત્ત્વ જ નથી, પીમની દૃષ્ટિએ બાઈ બેહૂદી છે. (શબ્દશઃ અને દેખાવે પણ) અને આટલા વખતની ઓળખાણ પછી (કારણ કે હું કોઈને માટે પહેલેથી પૂર્વગ્રહ બાંધતી નથી) હું એવા નિષ્કર્ષ પર આવી છું કે બાઈમાં આ ત્રણ અવગુણો તો છે જ. સિવાય બીજા ઘણા બધા દુર્ગુણો છે. અને એ પણ એટલા બધા છે કે કોઈ એક જ અવગુણ વિશે વાત કરવાનો પણ કાંઈ જ અર્થ નથી!

લિ. ઍન.

તા.ક. ઉપરનું લખાણ મગજમાંથી ગુસ્સો ઊતર્યાં પહેલાં જ લખાયું હતું એ વાતની નોંધ વાચક લેશે ને?

મંગળવાર ૩જી ઑગસ્ટ ૧૯૪૩

પ્રિયતમ કિટી,

રાજકીય દૃષ્ટિએ નિશાનીઓ સારી છે. ઇટલીમાં ફાસિસ્ટ પક્ષ પર બંદી લાદી છે. જનતાસમસ્ત ફાસિસ્ટ સામે લડી રહી છે. - સૈન્ય પણ હવે એ લડાઈમાં સામેલ થયું છે. આવી પરિસ્થિતિમાં ઈંગ્લન્ડ સાથે યુદ્ધ તે ક્યા દેશને પોસાય?

ગયા અઠવાડિયે અમારો માનીતો રેડિયો સોંપી દેવામાં આવ્યો. શ્રી કુગ્લરે ઠરેલા દિવસે એ રેડિયો સોંપી દીધો, એથી ડસેલ ગુસ્સે થયા. મારી નજરે ડસેલ નીચે ને નીચે ઊતરતા જાય છે, શૂન્યની નીચે તો ક્યારના પહોંચી ગયા છે. એ જે વિષય પર બોલે, પછી તે રાજકારણ હોય, ઇતિહાસ હોય, ભૂગોળ હોય કે કાંઈ પણ હોય, એટલું તો વાહિયાત હોય કે હું એને અહીં લખવાની પણ હિંમત કરી શકતી નથી. દા.ત. ઇતિહાસ ધીમે ધીમે હિટલરને વિસરી જશે. ઇટલી પર બૉમ્બમારો કરીને એને જમીનદોસ્ત અંગ્રેજો કેમ કરતા નથી. સાવ જ મૂરખા છે. વગેરે વગેરે.

હમણાં જ ત્રીજો હવાઈ હુમલો થયો. મેં દાંત કચકચાવીને હિંમત રાખવાનું નક્કી કર્યું હતું.

શ્રીમતી વૅનડાન હંમેશાં બોલે 'પડવા દ્યો ને!', 'આ ન મરવા કરતાં એક બૉમ્બધડાકે મરવું સારું.' પણ અમારા બધાંમાં સહુથી વધુ ડરપોક કોઈ હોય તો એ જ છે. આજે સવારે તો પાંદડાની જેમ ધ્રૂજતાં હતાં ને રડવા માંડ્યાં. એમના પતિદેવે એમને શાંત કર્યાં. આજકાલ પતિ સાથે એમને સુલેહ થઈ ગઈ છે. આ દૃશ્ય જોઈને હું પણ ગદ્‌ગદ થઈ ગઈ.

સર્વ શંકાથી પર જઈને માઉશીએ સાબિત કરી નાખ્યું છે કે બિલાડી પાળવાના જેટલા લાભ છે એટલા જ ગેરલાભ પણ છે. આખું ઘર બગાથી ભરાઈ ગયું છે. અને રોજ રોજ બગાઓ વધતી જ જાય છે. શ્રી ક્લાઈમને ખૂણે ને ખાંચરે બધે જ પીળી દવા છાંટી દીધી છે. પણ એની તસુભાર અસર પણ બગા પર થઈ નથી. અમે બધાં જ ત્રાસી ગયાં છીએ. અમને તો જાણે હાથેપગે આખો વખત બગા જ કરડ્યા કરતી હોય એવું લાગે છે. વારે વારે અમે કસરત કરવા મંડી પડીએ છીએ ને એ બહાને હાથે-પગે-ગળે બધે નિરાંતે ખણી લઈએ છીએ. સાચે તો આટલા બધા દિવસ થયા કસરતના અભાવે અમારાં શરીર સજ્જડ થઈ ગયાં છે. એવાં તો જકડાઈ ગયાં છીએ કે સાદું માથું હલાવવું પણ મુશ્કેલ થઈ પડ્યું છે. કૅલિસ્થેનિક નામક ચીજ તો અમે ક્યારની ભૂલી ગયાં છીએ.

લિ.ઍન.

અનુસંધાન] ચંદ્રશેખર [સામંત પૃ. ૫૯૩ થી

પણ સામંતના નામ કે કાર્યથી અનભિજ્ઞ રહ્યા છે. આને કારણે કેટલાંયે વર્ષો સુધી સામંત, ભારતના યશસ્વી ખગોળશાસ્ત્રીઓની યાદીમાંથી બાકાત રહ્યા છે. પરંતુ, હમણાં-હમણાં થોડાંએક વર્ષોથી અંગ્રેજીમાં લખતા આપણા વિજ્ઞાનીઓએ સામંત વિષે લખવા માંડ્યું છે, અને એમાંના કેટલાક, ૧૯૯૩ના અરસાની આસપાસથી સામંતનું નામ પુનઃ પ્રકાશમાં લાવવા માટે રાજેશ કોછર (**Rajesh Kochhar**) અને જયંત નારલીકર તથા એમ.કે. શ્રીરામ જેવા ખગોળવિદ્-લેખકોને જશ આપે છે. વાત કંઈક અંશે સાચી છે. પણ આટલા લાંબા સમય દરમિયાન સામંત સાવ વિસરાયા પણ નથી. ઓરિસાની બહાર પણ એમનો ઉલ્લેખ ક્યારેક-ક્યારેક થતો રહ્યો છે ખરો. મારી પાસે જ એક સંદર્ભ તો છેક ૧૯૬૩નો છે, જેમાં તેમના ઉપરનો અંગ્રેજીમાં એક સરસ લેખ છે. અહીં ડૉ. ધીરુભાઈ ઠાકરના પ્રમુખ સંપાદન હેઠળ પ્રસિદ્ધ થતા ભવ્ય ને વિશાળ 'ગુજરાતી વિશ્વકોશ' એન્સાઈક્લોપીડિઆની વાત પણ કરવી જોઈએ. એના વિજ્ઞાન (ખગોળ-જ્યોતિષ)નાં અધિકરણોની યાદી મારા મિત્ર (હવે સ્વર્ગસ્થ) ડૉ. પ્રમોદભાઈ દી. અંગ્રેજી (૧૯૩૧-૧૯૯૫)તથા તેવા જ એક બીજા પ્રખ્યાત ખગોળશાસ્ત્રી ડૉ. જ્યોતીન્દ્રભાઈ એન. દેસાઈ સાથે મળીને તૈયાર કરતી વખતે તેમાં ચંદ્રશેખર સામંતનું નામ આમેજ કરવાનું મારું સૂચન સ્વીકારીને તેમાં મૂકવામાં પણ આવેલું (જુઓ : નવેમ્બર, ૧૯૮૭માં પ્રસિદ્ધ થયેલો 'ભૂમિકા ખંડ', પાનઃ ૯૪). પણ આ લાંબું પિષ્ટપેષણ કરવા પાછળનું મુખ્ય કારણ તો બીજું જ છે.

શ્રી ભોગીલાલ કેશવલાલ પટવા (૧૮૮૫-૧૯૪૫) આપણા એક અચ્છા ખગોળલેખક થઈ ગયા. મૂળે તો તે શાળામાં ગણિતના શિક્ષક. વિદ્વાન એટલા કે એક કાળે (૧૯૨૪માં) સાહિત્ય પરિષદના સંમેલનમાં તેની વિજ્ઞાન સમિતિના પ્રમુખ તરીકે પણ તેમની વરણી થયેલી. આ હોદ્દાની હેસિયતથી તેમણે ત્રણેક વ્યાખ્યાનો આપેલાં. આમાંના ત્રીજા વ્યાખ્યાનમાં તેમણે સામંતનો ઉલ્લેખ કર્યો છે. (જુઓ : વિજ્ઞાન સમિતિનો રિપોર્ટઃ પ્રકાશક; પ્રીતમરાય વ્રજરાય દેસાઈ, મંત્રી : ગુજરાતી સાહિત્ય પરિષદ-વિજ્ઞાન સમિતિ, ૧૯૨૪). એમના શબ્દોમાં જ (અને તે કાળની જોડણી જેમની તેમ રાખીને) જોઈએ : 'આજથી ફક્ત ૬૦ વર્ષ પહેલાં બંગાળમાં એક જુવાન છોકરો થઈ ગયો. નામ એનું ચંદ્રશેખર. ઑરીસ્સાના એક ગામડામાં એ થઈ ગયો. તેણે પોતાની અક્કલથી, કાંઈ પણ હાલના જમાનાનાં સાહિત્યની મદદ વગર એટલી બધી પાકી ગણતરીઓ કરી, કે તે અને પાશ્ચાત્ય વિદ્વાનોની ગણતરીઓ દશાંશના ત્રીજા કે ચોથા સ્થળ સુધી લગભગ મળતી આવે છે. તેણે ભાસ્કરાચાર્યની ગણતરી પછી થએલા ફેરફાર જોઈને ભૂલો સુધારી. આને બહારની દુનિયાનું ભાન જ નહોતું. તેને દૂરબીન જેવી વસ્તુની પણ ખબર ન હતી.' છે ને કમાલ! તેમના જ્ઞાનને અને બહોળા વાચનને સલામ!

ભારતની બીજી ભાષાઓમાં પણ સામંત સંબંધી આવા ઉલ્લેખ થયા હશે જ. આપણી ગુજરાતી ભાષાની વાત કરીએ તો, પટવાએ ૧૯૨૪માં સામંત અંગે આટલું લખ્યા પછી, બીજા કોઈએ ગુજરાતીમાં સામંત વિષે આટલું પણ લખ્યું હોય તેવું જાણ્યું નથી. જો કોઈના ધ્યાનમાં હોય અને જણાવશે તો આનંદ થશે. 'ગુજરાતી વિશ્વકોશ'નું કક્કાવારી પ્રમાણે આવતું સામંત ઉપરનું અધિકરણ છપાતાં હજુ તો સમય લાગશે. એટલે સામંત ઉપરનો અહીં આપેલો વિસ્તૃત લેખ સંભવતઃ ગુજરાતીમાં તો કદાચ આ પહેલો જ છે. ❐

શ્રીમાન ગુલિવર

પ્રવીણ પંડ્યા

પાત્રસૂચિ

૧. શ્રીકાંત બક્ષી	-	પાંત્રીસ વર્ષનો વિજ્ઞાની
૨. શાલિની	-	શ્રીકાંતની પત્ની
૩. હરિભાઈ	-	શ્રીકાંતના પિતા
૪. કુમાર	-	શ્રીકાંતનો યુવાન સહાયક વિજ્ઞાની
૫. ગરિમા	-	શ્રીકાંતની પીએચ.ડી.ની વિદ્યાર્થિની
૬. પશો	-	શ્રીકાંતનો નોકર
૭. છનાલાલ	-	પાંત્રીસ-ચાલીસ વર્ષનો ગ્રામ નાગરિક
૮. છબીબેન	-	છનાલાલની પત્ની
૯. ઉજીભાભી	-	શ્રીકાંતનાં ભાભુ
૧૦. બાળક શ્રીકાંત		૧૧. વાનર

(મંચના અડધા ભાગમાં શ્રીકાંતની જિનેટિક્સ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટની ઑફિસ છે તથા અડધા ભાગમાં શ્રીકાંતનો ડ્રોઇંગરૂમ. ડ્રોઇંગરૂમમાં ઘણાંબધાં બોન્સાઈ વૃક્ષનાં કૂંડાં પડ્યાં છે. ઑફિસના સેટ પર વાનરમાંથી મનુષ્ય સુધીના વિકાસનું એન્લાર્જ કરેલું પોસ્ટર. ઝાંખા પ્રકાશ સાથે ક્રમશઃ પડદો ખૂલે છે, સ્ટેજની આગળના ભાગમાં એક ખુરશી પડી છે જેની આસપાસ બાળક શ્રીકાંત દોડાદોડી કરી રહ્યો છે અને પિતા હરિભાઈ એને સમજાવવા પ્રયત્ન કરી રહ્યા છે.)

હરિભાઈ : ઊભો રહે બેટા, શ્રીકાંત, મારી વાત તો સાંભળ !

બાળક : ના ના ના ના, વાર્તા વાર્તા વાર્તા...

હરિભાઈ : સંભળાવી તો ખરી રાજારાણીની ! તું મારી વાર્તા તો...

બાળક : ગુલિવરની સંભળાવો...

હરિભાઈ : રોજ એકની એક વાર્તા !

બાળક : આવું શું કરો છો પપ્પા, ગુલિવર વેંતિયાના દેશમાં જાય છે એ વાર્તા કહો ને ! ચાલો, એક હતો ગુલિવર, આગળ તમે કહો !

હરિભાઈ : એક વખત છે ને ગુલિવર તો વેંતિયાના દેશમાં અટવાઈ ગયો, આવડા નાના નાના માણસો જોઈને એ ડરી ગયો. એને થયું કે આ વેંતિયાઓ મળીને મને ખાઈ જશે. વેંતિયા કૂદાકૂદ કરતા હતા, અને એમાં તો અચાનક ગુલિવરને આવી છીંક, હાક છીક. તે વેંતિયાઓએ એના શરીર પર બાંધેલાં દોરડાં તૂટી ગયાં ! વેંતિયાઓનાં દોરડાં પણ ગુલિવર માટે તો દોરા જેવા જ હોય ને ! ગુલિવર તો ઊભો થયો, એના પગની આજુ-બાજુ બધે વેંતિયા ઊભા હતા, થરથર ધ્રૂજતા, હાથ જોડીને, ગુલિવરને તો બહુ મજા પડી ગઈ, એને થયું કે હું તો આકાશ જેટલો ઊંચો છું, હું સહુથી મોટો છું, તાકતવર છું, અને પછી તો એ... (ખોળામાં શ્રીકાંત સૂઈ ગયો છે) ખબર નથી પડતી કે આને આ જ વાર્તા કેમ ગમે છે ? જો કે મને પણ આ જ વાર્તા ગમતી.

(મંચ પરથી પ્રકાશ લુપ્ત થાય છે. બાળક અને હરિભાઈ ચાલ્યા ગયા છે. ઘરના સેટ પર સવારનો પ્રકાશ. નોકર પશો પ્રવેશે છે.)

પશો : લોકો કહેતા હોય છે કે વિજ્ઞાનીઓ સનકી હોય છે. શ્રીકાંતભાઈની બાબતમાં આ વાત સાચી હોય એવું લાગે છે. સાહેબને આ ઠીંગણા ઝાડનો ગાંડો શોખ છે. જ્યાં જુઓ ત્યાં બોન્સાઈનાં કૂંડાં ડ્રોઇંગરૂમમાં, દરેકે દરેક ઓરડામાં, ઝરૂખામાં, બહાર પાંર્ચમાં. આ તે ઘર છે કે ઠીંગણાં ઝાડવાંનું ખેતર ! ચાલ ભાઈ પશા, વેંતિયાઓની સેવા કર, આ કૂંડાને સવારનો કૂણો તડકો ખવડાવ. -એક કૂંડું ઉપાડીને જોઈ રહે છે. સૂટબૂટમાં શ્રીકાંત પ્રવેશે છે.)

શ્રીકાંત : શું જુએ છે ?

પશો : આ નવું લાગે છે, સાહેબ ?

શ્રીકાંત : જર્મનીનું છે. બહુ કૉસ્ટલી બોન્સાઈ છે. સંભાળીને લઈ જજે.

પશો : જી સાહેબ.

શ્રીકાંત : આ બધાં બોન્સાઈને સમયસર તડકામાં મૂકવાં, અને બપોર પહેલાં પાછાં લઈ લેવાં. સમજ્યો ?

પશો : હા, જરૂરથી. સહેજ વધારે તડકો મળે તો પણ આવડાં આ મરી જાય. ઝડ ખરાં, પણ કૃત્રિમ.

શ્રીકાંત : જીભ કરતાં હાથ વધારે ચલાવ.

(પશો કૂંડું લઈ બહાર જાય છે. હવે એની કૂંડાં બહાર મૂકવાની ક્રિયા શરૂ થઈ છે. શ્રીકાંત એક બોન્સાઈનું કૂંડું ઉપાડીને જોઈ રહ્યો છે. શાલિની 'શ્રીકાંત' એવું બોલતી હાથમાં ઇ-મેલ સાથે પ્રવેશે છે. શ્રીકાંતનું ધ્યાન માત્ર કૂંડાં પર છે.)

શ્રીકાંત : શાલુ, સ્પ્રે આપ.

(શાલુ પ્લાસ્ટિકની પાણી ભરેલી સ્પ્રેની બોટલ આપે છે, શ્રીકાંત સ્પ્રે છાંટે છે)

શ્રીકાંત : આને દોઢ કલાક તડકામાં રાખજે. (પશો કૂંડું લે છે) કાતર ?

(શાલુ કાતર આપે છે, શ્રીકાંત બીજું એક બોન્સાઈ લઈ થોડું કાપે છે. પાછા ફરેલા પશાને.) આને એક કલાક તડકો આપજે.

શાલિની : મારી વાત સાંભળશો ?

શ્રીકાંત : (બેસતાં) બોલ.

શાલિની : (સામે ઊભી છે) હમણાં જ આ ઈ-મેલ...

શ્રીકાંત : (નજીવી ચીડ સાથે) બેસીને વાત કર. તારી વાત સાંભળવા માટે મારે ઊંચું જોવું પડે છે.

શાલિની : (બેસતાં) ઍન્ડરસનનો આ ઇ-મેલ !

શ્રીકાંત : (કાગળ લેતાં) થેંક યૂ, આ ઍન્ડરસનને જાણે છે ને ?

શાલિની : મેનહટ્ટન જિનેટિક્સ ઇન્સ્ટિટ્યૂટનો ફાઉન્ડર છે.

શ્રીકાંત : અને દુનિયાનો અમીર - ધૂની માણસ, ત્રણ મહિના પહેલાં પૅરિસમાં મળેલો. મને કહે, જિનેટિક્સમાં અલ્ટિમેટ ઇન્વેન્શન શું હોઈ શકે ? ખબર છે, એને શી ધૂન ચડી છે ? કહે છે કે જીવંત પ્રાણીની સાઈઝમાં નોંધપાત્ર ઘટાડો થાય એવી વેરસી શોધવી છે ! મેં કહેલું કે એ સાવ અશક્ય તો નથી જ ! અને આ છે એનો ઇ-મેલ. હું માગું એટલા ડૉલર અને મોનિટરિંગ પાવર આપવા તૈયાર છે.

શાલિની : તો તમે એ દિશામાં આગળ વધો ને !

શ્રીકાંત : ઇટ ઇઝ નૉટ સો ઈઝી ! કોઈ જીવંત પ્રાણી કે માણસમાં કદ ઘટવાનો કેસ હોય તો હું આગળ વધુ ને ?

(હરિભાઈ શાકની થેલી સાથે પ્રવેશે છે.)

હરિભાઈ : ખરા છે લોકો, ઊંધું ઘાલીને વાહન ચલાવે છે.

શ્રીકાંત : પણ પપ્પા, તમે શાક લેવા શું કામ જાવ છો ? નોકરો નથી ?

હરિભાઈ : એ બહાને પગ છૂટો થાય છે, બહારની દુનિયા જોવા-જાણવા મળે છે. બિચારા સનતભાઈને, ડાયબિટીઝ ઘટતો જ નથી અને શિવરામનું પ્રેશર હાઈ જ રહે છે. કમલકાંતને હવે આ ઉંમરે ફરી પરણવું છે. તું જ કહે શ્રી...

શ્રીકાંત : પપ્પા, આ બધી ચર્ચા તમે શાલુ સાથે કરજો, (શાલુને) બૅગ આપને, મોડું થાય છે. (શાલુ બૅગ આપે છે. તેને અચાનક ઉબકો આવે છે. હાથથી રોકવા પ્રયત્ન કરે છે. પછી અંદર ભાગે છે. કૂંડું લઈને જતો પશો શાલુને જગ્યા આપવા જતાં મૂંઝાય છે, હાથમાંથી કૂંડું પડી જાય છે અને તૂટે છે.)

શ્રીકાંત : ઈડિયટ, ભાન નથી પડતું ? ખબર છે કેટલું કીમતી હતું આ બૉન્સાઈ ? હવે બાઘાની જેમ જોયા શું કરે છે ? ઉઠાવ આ કચરો. (પશો કૂંડાનો કચરો ઉસેટવા માંડે છે. શ્રીકાંત ખિસ્સામાંથી મોબાઈલ કાઢે છે, જોડવા જાય છે.)

હરિભાઈ : શું કરે છે ?

શ્રીકાંત : (પશાવાળા ટોનમાં જ) ડૉક્ટરને ફોન કરું છું !

હરિભાઈ : આમાં લેડી ડૉક્ટરની જરૂર છે અને અમે બધી વ્યવસ્થા કરી લીધી છે ! (શાલુ પાછી આવે છે.)

શ્રીકાંત : એટલે...(શાલુને) તેં મને કહ્યું નહીં ?

હરિભાઈ : તારી પાસે ટાઈમ છે, ભઈલા ? તું રાતદિવસ ઈન્સ્ટિટ્યૂટમાં એક્સપેરિમેન્ટ્સ કર્યે રાખે છે ઉપરવાળા વિજ્ઞાનીએ તારા પર એક્સપેરિમેન્ટ શરૂ કરી દીધો છે, મેં ઉજીભાભીને શાલુની ડિલિવરી માટે તેડાવી લીધાં છે. એ સાંજ સુધીમાં આવી પણ જશે, પાંચમે મહિને ધામધૂમથી શાલુનાં ખોળાં ભરાશે અને...

શ્રીકાંત : જુઓ પપ્પા, એવું કાંઈ કરવાની જરૂર...

હરિભાઈ : તું તારું કામ કર્યા કરને ભઈલા, તારે જવાનું મોડું નથી થતું ?

(શ્રીકાંત બૅગ લઈને જાય છે, પાછળ શાલુ જાય છે. પશો સૂનમૂન ઊભો છે.)

હરિભાઈ : પશા, શ્રીકાંત વઢ્યો એમાં ખોટું લાગ્યું ?

પશો : ના બાપુજી, સાહેબનો તો સ્વભાવ જ એવો છે. તમને ખબર છે બાપુજી, સાહેબે હમણાં ઈન્સ્ટિટ્યૂટમાં ઈન્ટવ્યૂ લીધા ને એમાં ત્રણ ફોરીન રીટર્ન વિજ્ઞાનીઓને ફેલ કર્યા !

હરિભાઈ : માર્ક્સ ઓછા હશે !

પશો : ના, એ ત્રણે ત્રણ જણની સાહેબ કરતાં હાઈટ વધારે હતી !

હરિભાઈ : પશા, તારું કામ કરને ભઈલા !

શાલિની : (પ્રવેશ) બાપુજી, બાપુજી, બહાર ચાલોને !

હરિભાઈ : પણ વાત શું છે ?

શાલિની : (બાળકની જેમ ખુશ થતાં) સર્કસની એડવર્ટાઈઝ કરવા ઠીંગુજીઓ આવ્યા છે.

પશો : (ખુશ થતાં) ઠીંગુજીઓ !

શાલિની : હા, ચારપાંચ ઠીંગુજી આવ્યા છે, એક તો સાવ દોઢ ફૂટિયો છે. છ ફૂટની સાઈકલ ચલાવે છે ! ચાલોને બાપુજી, ઠીંગુજી જોવા...

પશો : ચાલો હું આવું છું, ભાભી ! (બન્ને જાય છે)

હરિભાઈ : (બેસતાં) ખરી કરામત છે કુદરતની ! આ શાલુ, જાણે સાવ નાના બાળક જેવી બની ગઈ છે !

(ઘરના સેટ પરથી પ્રકાશ લુપ્ત થાય છે અને શ્રીકાંત ઑફિસવાળા સેટ પર પ્રકાશ થાય છે. શ્રીકાંત અને ગરિમા બેઠાં છે, શ્રીકાંતના હાથમાં ગરિમાના કાગળો છે.)

શ્રીકાંત : આટલા સરળ વિષયમાં તું ગૂંચવાય છે શા માટે ?

ગરિમા : બટ સર, મારા રિસર્ચનો વિષય છે ભારતીય ઘેટાં ને પાશ્ચાત્ય ઘેટાં !

શ્રીકાંત : પણ એમાં તારે ઈકોનોમિકલ આસ્પેક્ટ પર જ કૉન્સન્ટ્રેટ થવાનું છે.

ગરિમા : બટ સર, બન્નેના બિહેવીઅરનો સ્ટડી પણ મેં કર્યો છે, જેમ કે ભારતીય અને પાશ્ચાત્ય ઘેટાં બન્નેમાં કેટલીક સમાનતાઓ છે, જેમ કે લાઈનસર ચાલવું, એકબીજાંને માથાં મારવાં. ઊન ઉતરાવતી વખતે ચૂપચાપ ઊભા રહેવું. કતલખાનામાં મશિન સામે ધ્રૂજવું અને....

શ્રીકાંત : તું ખોટી કડાકૂટમાં પડે છે. ગરિમા, આ બધી વાતને બાજુ પર રાખને. તારે તો જિન્સનો અભ્યાસ કરીને માત્ર એ જ તારણ આપવાનું છે કે કયાં ઘેટાં વધુ ઊન આપે છે અને કયાં ઘેટાંના મીટની ક્વૉન્ટિટી વધારે છે !

ગરિમા : બટ સર, બિહેવીઅર...

શ્રીકાંત : રિસર્ચમાં ગૌણ બાબતોનું મહત્ત્વ નથી હોતું. તારે જિન્સના આધારે ઊનની તથા મીટની ક્વૉલિટી ને ક્વૉન્ટિટી વિશે તારણો આપવાનાં છે.

ગરિમા : પણ આમ કરવાથી.... અને વેસ્ટનાં ઘેટાં વિશેનું રિસર્ચ અપૂર્ણ નહીં રહે ?

પશો : ગરિમા, આ રિસર્ચ ઘેટાં માટે નહીં, પણ વુલ અને મીટની, માર્કેટિંગ સ્ટ્રેટેજી નક્કી કરવા માટે થાય છે !

ગરિમા : ઓહ...નાઉ આઈ ગૉટ ધ પૉઈંટ, સર !

કુમાર : (પ્રવેશ) સર...

શ્રીકાંત : સીટ ડાઉન, કુમાર !

કુમાર : સર, સાયન્સ ઍન્ડ ટેક્નાલૉજીમાંથી...

શ્રીકાંત : સેક્રેટરી બૅનરજી આવ્યા છે, કેમ ?

કુમાર : યસ સર.

શ્રીકાંત : એમને કહી દે મારી પાસે સમય નથી !

કુમાર : પણ સર, તમે એક અઠવાડિયા પહેલાં અપૉઈન્ટમેન્ટ....

શ્રીકાંત : એમણે આવતાં પહેલાં ફોન કરાવેલો ? મિનિસ્ટ્રીમાંથી આવે છે એટલે શું થયું ? આપણું સ્ટેટસ આપણે જ મેનટેન કરવાનું હોય છે, કુમાર. નહીંતર આ બધાં વેંતિયાં માથે ચડી જાય !

કુમાર : તો શું કરું ?

શ્રીકાંત : કાલે આવવાનું કહે અને કહેજે કે આવતાં પહેલાં એ ફોન કરાવે !

કુમાર : ઓ.કે. સર. (કુમાર જાય છે)

શ્રીકાંત : હા, તો ગરિમા, મેં કહ્યું એ પ્રમાણે તારું રિસર્ચ આગળ વધાર.

ગરિમા : વુલ અને મીટના આસ્પેક્ટ પર ?

શ્રીકાંત : હા, ને આવતા મહિને તારે દિલ્હી એક નૅશનલ કૉન્ફરન્સમાં ઈસ્ટ અને વેસ્ટનાં ઘેટાં વિશે એક પેપર વાંચવા જવાનું છે, મેં તારું નામ રેકમેન્ડ કર્યું છે !

ગરિમા : થેંક્યૂ સર !

શ્રીકાંત : તારામાં ઈન્ટેલિજન્સ છે ગરિમા, પણ કૉન્સન્ટ્રેશન નથી.

કુમાર : (પ્રવેશ) સર, સર.

શ્રીકાંત : બેસીને વાત કર.

કુમાર : સર હેલ્થની એક વેબસાઈટ પર ખળભળાટ મચાવી દે એવી ઈન્ફર્મેશન જોવા મળી છે.

શ્રીકાંત : એમ ? શું વાત છે ?

કુમાર : સર, એક યુનિક કેસની ડીટેલ મેં જોઈ. એક માણસ પોતાની હાઈટ ગુમાવી રહ્યો છે !

શ્રીકાંત : વૉટ !?

કુમાર : સૌરાષ્ટ્રના એક ગામડાનો કેસ છે. એ માણસનું નામ છનાલાલ છે. છેલ્લાં છ વર્ષથી આ માણસનું કદ ઘટી રહ્યું છે, અને છનાલાલ હેલ્થ ડિપાર્ટમેન્ટના ઑબઝર્વેશન હેઠળ છે.

શ્રીકાંત : (કુમારને બોલતો અટકાવી ફોન જોડે છે.) હલ્લો, હેલ્થ ડિપાર્ટમેન્ટ ! હા મિશ્રા, શ્રીકાંત પાંચ ફૂટ સાત ઈંચ બોલું છું. શું કરે છે ગરી ? વેલ, શી ઈઝ ફાઈન, આજે મારા આસિસ્ટન્ટે વેબસાઈટ પર તારે ત્યાંના છનાલાલની ઈન્ફર્મેશન જોઈ. એ જીવે છે ને ? એને મારી જિનેટિક્સ સાયન્સ ઈન્સ્ટિટ્યૂટમાં દિલ્હી મોકલી આપ. અમે કેસ સ્ટડી પણ કરીશું અને ઇલાજ પણ. ગરિમા અને કુમાર ફલાઈટમાં આવે છે. બધી ફૉર્માલિટીઝ પૂરી કરી છનાલાલને મોકલી આપ. હા, બાઈ. (ફોન મૂકી) તમે બેઉ જણાં અત્યારે જ ફલાઈટ પકડો, કાલે છનાલાલ સાથે પાછાં આવો.

કુમાર : યસ સર.

શ્રીકાંત : આ એક્સપેરિમેન્ટ વિશે સિક્રસી રાખવાની છે !

ગરિમા : સર, આપણો એક્સપેરિમેન્ટ શું છે ?

શ્રીકાંત : આપણે જીવંત પ્રાણીની સાઈઝમાં નોંધપાત્ર ઘટાડો કરવાનો પ્રયોગ કરી રહ્યા છીએ.

ગરિમા : ઈટ ઈઝ વેરી એક્સાઈટિંગ સર !

શ્રીકાંત : છનાલાલના જિન્સમાં એવું ક્યું તત્ત્વ છે જેના કારણે એ ટૂંકા થઈ રહ્યાં છે એ આપણે શોધી કાઢીશું. પછી એમાંથી વૅક્સિન તૈયાર થશે, એવું વૅક્સિન જે કોઈ પણ જીવંત પ્રાણીના કદમાં ઘટાડો કરી શકે !

કુમાર : શું આ થઈ શકે, સર !

શ્રીકાંત : વ્હાય નૉટ ? જિન્સના આધારે ક્લોનિંગ તો થાય જ છે, શીપ ક્લોનિંગનો પ્રયોગ પશ્ચિમમાં સફળ થયો છે, ઘેટાંના જિન્સમાંથી ઘેટાં પેદા કરી શકાય છે.

ગરિમા : પણ જીવંત પ્રાણીના કદમાં ઘટાડો...

શ્રીકાંત : જો બૉન્સાઈ ટ્રી બની શકે તો જીવંત પ્રાણી કેમ નહીં ?

(પ્રકાશ લુપ્ત થાય છે. ફરી પ્રકાશ થાય છે ત્યારે શ્રીકાંત બેઠો છે. ગરિમા આવે છે)

ગરિમા : છનાલાલના બધા રિપોર્ટ્સ !

શ્રીકાંત : ગુડ, એ ક્યાં છે ?

ગરિમા : કુમારભાઈ છનાલાલને લઈને આવી રહ્યા છે.

શ્રીકાંત : તું છનાલાલના જિન્સનું ટેસ્ટિંગ શરૂ કર, થિઅરી મેં લૅબના કમ્પ્યૂટરમાં પ્રોગ્રામ કરી દીધી છે.

ગરિમા : યસ સર. (ગરિમા જાય છે. કુમાર એક વ્હિલચેર સાથે પ્રવેશે છે એમાં છનાલાલ બેઠા છે. માથા પર બધે વાયરો એમ વીંટાળ્યા છે જાણે ઈસુના ક્રોસવાળા દૃશ્યમાં ઈશુના માથા પર વીંટાયેલો કાંટાળો તાજ. પહેરવેશમાં માત્ર ટૂંકી ધોતી, ગાંધી બનિયાન. છનાલાલની પત્ની છબી પણ સાથે છે.)

કુમાર : આ અમારી ઈન્સ્ટિટ્યૂટના ડાઈરેક્ટર છે, બક્ષીસાહેબ !

છનાલાલ : રામ રામ, સાહેબ.

શ્રીકાંત : કેમ છો, છનાલાલ.

છનાલાલ : ક્વાઈટ ઑલ રાઈટ, એન્ડ ધીસ ઈઝ માઈ વાઈફ, છબી સાહેબને રામ રામ કર !

છબી : રામ રામ સાહેબ. તમારી ઈન્સ્ટિટ્યૂટ તો એકદમ ફાઈન છે !

કુમાર : વાહ છનાલાલ, તમે અને છબીબેન તો થોડાઘણા ઈંગ્લિશ શબ્દો પણ બોલી શકો છો !

છબી : એ તો પાંચ વરસથી તમારા જેવા સાહેબોના ટચમાં છીએને એટલે !

છનાલાલ : (વ્હિલચેર પર ઊભડક પગે બેસતાં.) બક્ષીસાહેબ, આપણું શું લાગે છે તમને ?

શ્રીકાંત : શેનું ?

છનાલાલ : આ હાઈટ લો થઈ રહી છે એનું ! તમારાથી ઠીક થાશે ને ?

છબી : દેવાના બાપુ, આવું બોલાય ? આ સાહેબ આપણા દેશના સૌથી મોટા વિજ્ઞાની છે !

છનાલાલ : તે આપણી તકલીફ દુનિયાની મોટામાં મોટી તકલીફ છે. આમ ડે બાઈ ડે હાઈટ લો થવાનો કેસ સાંભળ્યો છે ક્યાંય ?

છબી : એમની વાત સોળેસોળ આના સાચી છે, હો સાહેબ. અમારાં લગન થયાં ત્યારે, એ છ ફૂટ બે ઈંચના હતા. છેલ્લાં છ વરસમાં બે એક ફૂટ જેટલું ઘટ્યા છે, બચાડા.

શ્રીકાંત : છબીબહેન, લગ્ન વખતે છનાલાલની હાઈટ છ ફૂટ બે ઈંચ હતી એ તમે કેવી રીતે કહી શકો ?

છનાલાલ : એ જ કહી શકે ને, સાહેબ. કેમ કે એની હાઈટ નથી ઘટી, દેશી હિસાબ છે. અમારાં લગ્ન વખતે હું એનાથી બે વેંત ઊંચો હતો !

છબી : અને હવે મારાથી એક વેંત નીચા છે !

છનાલાલ : લગ્નનું આલ્બમ બતાવું ?

શ્રીકાંત : અરે છનાલાલ, એવા પુરાવાની જરૂર જ ક્યાં છે ?

છનાલાલ : સાહેબ, હું બધા ડૉક્ટરોને કહી કહીને થાક્યો, પણ કોઈ મારું માનતા જ નથીને.

શ્રીકાંત : શું નથી માનતા, છનાલાલ ?

છનાલાલ : એ જ કે આ છબીનું પણ ટોટલ ચેકઅપ થાવું જોઈએ ! ક્યાંક આની હારે પરણવાના કારણે તો હું ટૂંકો નથી થતો ને !

શ્રીકાંત : છનાલાલ, તમારી હાઈટ ઘટી રહી છે એવું તમને પહેલી વાર ક્યારે લાગેલું ?

છનાલાલ : પહેલી વાર ! (ગમગીન થતાં) તમે મારા ગામનું નામ વાંચ્યું, સાહેબ ? નાની ખેપાળી, સૌરાષ્ટ્રનું પથરાળ ગામ. પીવાના પાણી સારુ પણ ફાંફાં મારવાં પડે. મારી આવરદાનો પોણો ભાગ તો મેં દુકાળ જોવામાં જ ગાળ્યો છે...

કુમાર : છનાલાલ, સાહેબ એ જાણવા માગે છે કે તમારી હાઈટ ઘટી રહી છે એની તમને ખબર કેવી રીતે પડી ?

છનાલાલ : એય કમાલની વાત છે, હો સાહેબ. પહેલાં તો પગમાં જોડા ડખળા પડવા માંડ્યા, મને થયું કે ચામડું તણાઈને ઢીલું થાતું હશે, પછી તો લૂગડાં ઢીલાં થાવા માંડ્યાં, ને આપણે ત્યાંનું કાપડ તો ધોએ ધોએ ચડે ઢીલું નો થાય. ને એક દિવસ તો ભારે મજા પડી, કાં અલી ? મેં મારા છોકરા દેવાનો લેંઘો ભૂલભૂલમાં પહેરી લીધો !

છબી : ત્યારે દેવો પંદરનો હતો.

છનાલાલ : તે દેવાનો લેંઘો મને એકદમ ફીટોફીટ-માપોમાપ આવી ગયો.

છબી : ને એમના મનમાં ફાળ પડી.

છનાલાલ : મેં ધ્યાનથી મારા આખેઆખા શરીરને જોયું, મારા હાથ, હાથ પગનાં આગળાં, આગળાં પરના વેઢા બધું જ ટૂંકું થતું હોય એવું લાગ્યું !

છબી : અમાસની રાત હતી.

છનાલાલ : મેં ભંડકિયામાંથી પતરાની બેગ કાઢી.

છબી : એમાં ઘરના અને ખેતરના જૂના દસ્તાવેજ હતા.

છનાલાલ : એમાં મારા અંગૂઠાની જૂની છાપ હતી.

છબી : એ ફુલ સાઈઝના હતા ત્યારના અંગૂઠાની છાપ.

છનાલાલ : મેં એક કોરા કાગળ પર નવી અંગૂઠાની છાપ પાડી

છબી : દસ્તાવેજની અંગૂઠાની છાપ સાથે નવી છાપને સરખાવી.

છનાલાલ : જૂની અંગૂઠાની છાપ મોટી હતી અને નવી અંગૂઠાની છાપ નાની હતી. હું અંદરથી થથરી ગયો.

છબી : અમે બેય ભાયડો-બાયડી આખી રાત રોયાં !

છનાલાલ : બીજે દિવસે પહેલી બસમાં શહેરના સરકારી દવાખાને પહોંચ્યાં.

છબી : મેં ડૉક્ટરને કહ્યું કે મારા વર દિવસે દહાડે ટૂંકા થતા હોય એવું લાગે છે !

છનાલાલ : ને ડૉક્ટરે કહ્યું કે તમે બેય જણાં માનસિક રોગના ડૉક્ટર પાસે જાવ !

છબી : આ સાંભળીને દેવાના બાપુનું છટક્યું !

છનાલાલ : (ઈનેક્ટમેન્ટ) મારી તો ખોપરી હટી ગઈ, (વ્હિલચેર પર ઊભા થતાં) ધડાક દઈને ડૉક્ટરના ટેબલ પર ચડી ગયો. તમારી માનાવ, તમારો આ બાપ દિવસેદહાડે ટૂંકો થતો જાય છે ને તમને મજાક સૂઝે છે ?

છબી : (શ્રીકાંતને) એમને ઝાલો સાહેબ !

છનાલાલ : એક ગામડિયાનો આવડો મોટો રોગ તમને મજાક લાગે છે ? વહેમ લાગે છે ? (કુમાર દોડતો અંદર જઈ ઈન્જેક્શન લાવે છે.)

શ્રીકાંત : છનાલાલ !

છનાલાલ : (ગુસ્સામાં) આ તો રોગ થયો એટલે તમારી પાંહે આવવું પડે છે, બાકી તમારા જેવાઓ તો મારા જુત્તે મારે.

(છનાલાલનું બોલવાનું ચાલુ છે દરમ્યાન શ્રીકાંત ઈન્જેક્શન આપે છે.)

છનાલાલ : ડફોળો, આ શિખ્યા છો ભણીગણીને ! અમને માણસ નથી ગણતા, તો શું છીએ અમે ? ઉકરડાનાં ભૂંડ છીએ ભૂંડ, (બેહોશીમાં લવારી) ઘેટાં-બકરાં-કૂતરાં છીએ... બોલોને, અમે શું છીએ ? શું ? શું ? શું ?...

(છનાલાલ વ્હિલચેરમાં બેહોશ છે.)

છબી : સાહેબ, તમારી પાંહે ખોળો પાથરું છું, આમને સાજા કરી દો, અત્યાર સુધીમાં કંઈ કેટલીયે દવા કરી, દોરા-ધાગા કર્યા, મંત્રેલાં પાણી પાયાં. એ બચાડા પોતાની અને મારી સામોસામ ટૂંકા થઈ રહ્યા છે, આમને નાના થતાં અટકાવી દો, સાહેબ. હું તમારા પગ ધોઈને પાણી પીશ... સાહેબ, આ જ તો મારા જીવનનો આશરો છે... એમને..

શ્રીકાંત : (છબીને છાની રાખતાં) શાંત થાવ, છબીબેન.

કુમાર : (પાણી આપતાં) આ પાણી લો.

(છબી ઘટક ઘટક પાણી પી જાય છે.)

શ્રીકાંત : આપણે પ્રયત્નો કરીશું છબીબેન. કુમાર, એમને રૂમમાં લઈ જા,

(કુમાર જાય છે. શ્રીકાંત ઊભો છે. ગરિમા 'સર' કરતી દોડતી આવે છે.)

શ્રીકાંત : છનાલાલના જિન્સનું ટેસ્ટિંગ કર્યું ?

ગરિમા : હા સર, એમની હાઈટ (કાગળ બતાવી) જિન્સમાંના આ એલિમેન્ટને કારણે લો થઈ રહી છે !

(કુમાર પાછો આવે છે.)

શ્રીકાંત : એક્સેલન્ટ ! સાંભળ્યું કુમાર છનાલાલના જિન્સમાંથી એ એલિમેન્ટ મળી આવ્યું છે, જેના આધારે આપણે એક્સપેરિમેન્ટ કરીશું, ગરિમા.

ગરિમા : યસ સર.

શ્રીકાંત : છનાલાલના જિન્સમાંથી એક વૅક્સિન તૈયાર કરીને હું પ્રયોગ કરવા માગું છું.

ગરિમા : આપણી લૅબમાં ચાર દિવસ પહેલાં જ એક પ્રેગનન્ટ વાંદરી લાવવામાં આવી છે.

શ્રીકાંત : છનાલાલના જિન્સમાંથી તૈયાર થયેલ વૅક્સિનનો પહેલાં સગર્ભા વાંદરી પર ઍક્સપેરિમેન્ટ કરવામાં આવશે. જો આ ઍક્સપેરિમેન્ટ સક્સેસ થશે તો જિનેટિક્સ સાયન્સમાં એક નવા યુગનો આરંભ થશે, રિવૉલ્યુશન થશે રિવૉલ્યુશન. અને એ ક્રાંતિનો પ્રણેતા હશે પ્રોફેસર શ્રીકાંત બક્ષી.

(પ્રકાશ લુપ્ત થાય છે. ફરી પ્રકાશ થાય છે ત્યારે ઇન્સ્ટિટ્યૂટના સેટ પર કુમાર ને ગરિમા છે. નેપથ્યમાંથી વાંદરીની ચીસો સંભળાઈ રહી છે.)

ગરિમા : તું વાંદરીની ચીસો સાંભળે છે ને, કુમાર ?

કુમાર : હા ગરિમા, સરે જ્યારથી છનાલાલના જિન્સમાંથી તૈયાર થયેલી વૅક્સિન આપી છે ત્યારથી આ સગર્ભા વાંદરી રાતદિવસ ચીસાચીસ કર્યે રાખે છે.

ગરિમા : મને તો એના પાંજરા પાસે જતાં પણ ડર લાગે છે.

કુમાર : કેમ ?

ગરિમા : એ અંગારભરી આંખે મને તાકી રહે છે. જાણે મનોમન કાંઈક કહેતી ન હોય.

કુમાર : તું આ પહેલાં ક્યારેય આવા એક્સપેરિમેન્ટમાં જોડાઈ નથી ને, એટલે તને આવું બધું ફીલ થાય છે.

ગરિમા : તને નથી થતું ?

કુમાર : હવે નથી થતું, પહેલાં તો ઉંદર પર પ્રયોગ કરતાં ય મન પાછું પડતું.

ગરિમા : અને હવે ?

કુમાર : હવે એ વાત સમજાઈ ગઈ છે કે વિજ્ઞાનીક માટે આ બધાં પ્રાણીઓ એક્સપેરિમેન્ટ કરવાનાં માધ્યમો છે.

ગરિમા : જીવંત માધ્યમો ?

કુમાર : જિનેટિક્સમાં જીવંત પર જ પ્રયોગ કરવાના હોય છે.

ગરિમા : મને તો ક્લૉનિંગની થિઅરી જ ભયાનક લાગે છે.

કુમાર : કેમ ?

ગરિમા : એક પ્રાણીના જિન્સમાંથી અસંખ્ય પ્રાણી બનાવી શકાય એ શું ખતરનાક બાબત નથી ? અને માણસનું ક્લૉનિંગ થશે ત્યારે ?

કુમાર : કેમ ? ત્યારે શું થશે ?

ગરિમા : તું એક કુમારમાંથી તારા જેવા અસંખ્ય કુમારની કલ્પના કરી શકે છે ?

કુમાર : એમ થાય તો પણ શું ?

ગરિમા : મૂળ કુમારની ઓળખાણનું શું ? આપણી ઓળખાણ ઉપર જ તો આપણું અસ્તિત્વ છે. આપણા જેવા જ, ચહેરે-મહોરે અને વાણી-

વતનથી, આવા અસંખ્ય મનુષ્યો હોય તો આપણા હોવાનો અર્થ શું ? સ્ટોરમાં પડેલી એક સરખી અસંખ્ય ટૂથપેસ્ટ જેવા આપણે પડ્યાં હોઈશું, વસ્તુની જેમ, કશું જ આગવું કે અંગત નહીં હોય. ત્યારે આપણી ઓળખાણ શું હશે ?

કુમાર : ત્યારે આપણી ઓળખાણ હશે બેંચ નંબર !

ગરિમા : બેંચ નંબર ?

કુમાર : વસ્તુને હોય છે બેંચ નંબર, પ્રોડકશન ડેટ...

ગરિમા : અને સાથે સાથે એક્સપાયરી ડેટ !

(છનાલાલને વ્હિલચેરમાં લઈને છબી આવે છે.)

છનાલાલ : રામ રામ, કુમાર સાહેબ.

કુમાર : કેમ છો, છનાલાલ ?

છનાલાલ : મજામાં, અને આજે તો ખૂબ મજા પડી ગયો છે.

કુમાર : કેમ, ખૂબ ?

છનાલાલ : બારી પાસે વ્હિલચેર રાખી બહાર જોવાની મજા પડે છે,

કુમાર : બહાર ગાર્ડન જોતા હશો, કેમ ?

છનાલાલ : અરે સાહેબ, હમણાંથી તો આપણી ઇન્સ્ટિટ્યૂટની આજુબાજુ અને ઇન્સ્ટિટ્યૂટના મકાનમાં વાંદરાંનાં ટોળેટોળાં આવે છે.

કુમાર : (ચમકીને) વાંદરાંનાં ટોળાં !

છનાલાલ : હા, હમણાં થોડી વાર પહેલાં તમે જોયું હોત તો ખબર પડત, એટલાં બધાં વાંદરાંઓ હતાં જાણે રામચંદરજી લંકા પર ચઢાઈ કરવા ન નીકળ્યા હોય ! કાં, અલી ?

છબી : હા હોં ! કુમારસાહેબ ! આટલાં બધાં વાંદરાં અહીં જ કેમ આવતાં હશે ?

(ગરિમા અને કુમાર ચમકે છે. સંગીત સાથે ઇન્સ્ટિટ્યૂટના સેટ પરથી પ્રકાશ લુપ્ત થાય છે. ઘરના સેટ પર પ્રકાશ. પ્રેગનન્ટ શાલિની બેઠી છે અને ઉજીભાભુ આવે છે.)

ઉજીભાભુ : આ વેંતિયા ઝાડથી કંટાળતા નથી તમે લોકો ?

શાલિની : ભાભુ, આ તો બોન્સાઈ છે, વિજ્ઞાનની કરામત.

ઉજીભાભુ : શું ધૂળ કરામત ! મોટા ઝાડને વેંતિયા બનાવીને કૂંડાંમાં મૂકી દેવાં એમાં વિજ્ઞાનની કઈ કરામત !

શાલિની : જંગલમાં જે પચીસ-પચાસ ફૂટ ઊંચાં હોય એને કૂંડાંમાં વેંતભરનાં બનાવીને મૂક્યાં એ કરામત જ કહેવાયને, અહીં આવો, ભાભુ ! (એક કૂંડુ ઉઠાવી) જુઓ આ શું છે ?

ઉજીભાભુ : તું જ કહેને, મારી બન !

શાલિની : આ વડ છે !

ઉજીભાભુ : આ વડ છે ?

શાલિની : બોન્સાઈ વડ !

ઉજીભાભુ : વડ ! બોન્સાઈ વડ ! આને વડ કહેવાય ? વડ તો હોય ગામના ચોરા પર, તળાવની પાળે કે પછી પાદરમાં. તમે ઉનાળાની ભરબપોરે એની નીચે ઊભા રહોને તો પણ શીતળ છાયા મળે. વહેલી સવારે કે સાંજે જાવને તો આખો વડ પંખીના કલરવથી ગુંજતો હોય, અને અહીં આવડાક અમથા કૂંડામાં વડ ! આ તે કેવું વિજ્ઞાન ?

(બહારથી ધમાલના અવાજો, પશો દોડતો અંદર આવે છે.)

પશો : ભાભી, ભાભી...

શાલિની : શું થયું, પશા ?

પશો : બંગલામાં વાંદરાંનું ટોળું ઘૂસી આવ્યું છે. બહાર તડકામાં પડેલા બોન્સાઈનાં કૂંડાં તોડી રહ્યું છે. અગાશીમાંથી પણ બધાં બોન્સાઈનાં કૂંડાં નીચે ફેંકી દીધાં.

શાલિની : ચોકીદાર શું કરે છે ?

પશો : એ લાકડીથી વાંદરાં ભગાડવા કોશિશ કરે છે, પણ ભાભી, ઘણાંબધાં વાંદરાં છે.

શાલિની : ચોકીદારને કહે કે બંદૂક શોભાની નથી.

ઉજીભાભુ : આ તું શું કહે છે, શાલુ !

શાલિની : જા પશા, ચોકીદારને કહે ફાયરિંગ કરે.

ઉજીભાભુ : ઊભો રહે, પશા.

શાલિની : જલ્દી જા.

(પશો બહાર ભાગે છે.)

ઉજીભાભુ : વાંદરાં પર ગોળી ચલાવવાની ?

શાલિની : પશુ હિંસક બની જાય ત્યારે આમ જ કરાય.

(બહારથી ફાયરિંગના અવાજ. અચાનક એક વાનર ડ્રૉઇંગરૂમમાં ઘૂસી આવે છે.)

શાલિની : ભાભુ, ભાભુ, આ...

ઉજીભાભુ : (પાસે જઈ) ડરીશ નહીં, (વાનરને) હટ, હટ રે પશુ.

(વાનર આગળ આવે છે, શાલિનીના પેટને જાણે જુએ છે)

શાલિની : ભાભુ ભાભુ, આ મારા પેટ સામે જોઈ રહ્યો છે.

ઉજીભાભુ : હૂડ, હ્ટ્ટ, હૂરરરે.

(બન્ને સ્ત્રી પાત્રો વાનરને ડરાવે. પશો પણ કોશિશ કરે છે. વાનર ડરતો નથી. શાલુ તરફ આગળ વધે છે. ઉજીભાભુ અને પશો થોડાં દૂર છે. વાનર શાલુની નજીક સામે આવે છે. વાનર સ્થિર ઊભો રહી જાય છે. પેટ સામે જોઈ રહે છે. પછી ચાલ્યો જાય છે, પ્રકાશ ડ્રૉઇંગ રૂમમાંથી લુપ્ત થાય છે. ઇન્સ્ટિટ્યૂટના સેટ પર પ્રકાશ. કુમાર બેઠો છે. છબી વ્હિલચેરમાં છનાલાલને લઈને આવે છે.)

છનાલાલ : રામ રામ, કુમાર સાહેબ !

કુમાર : કેમ છો, છનાલાલ ?

છનાલાલ : તમારી મહેરબાની છે.

કુમાર : કોઈ તકલીફ ?

છનાલાલ : આ માથા ફરતા વાયરો વીંટ્યા છે એ તકલીફ છે, અને એમાં આવી આ મારી મજાક કરે છે.

કુમાર : શું મજાક કરે છે, છબીબેન !

છનાલાલ : મને કહે છે કે આ વાયરોના કારણે તમે ઈસા મસીહ જેવા લાગો છો !

છબી : આમેય કુમાર સાહેબ, દેવાના બાપુ ઈસા મસીહ જેવા જ છે. ગામમાં ગમે તે કામ હોય સહુથી પહેલા ધોડે !

છનાલાલ : આપણને બીજાનું ભલું થાય એ હંમેશાં ગમે. અમારા ગામમાં ફેમિલી પ્લાનિંગવાળા આવ્યા ત્યારે બધાય ભાગતા હતા, મેં કીધું મારું ઑપરેશન કરી નાખો !

છબી : કદાચ એટલે તો ટૂંકા થવાનો રોગ નહીં થયો હોય ને !

છનાલાલ : આપણે સાહેબ, સરકારની એકાએક સ્કીમમાં આગળ રહેતાં, કેમ અલી ?

છબી : એમાં ને એમાં ટૂંકા થઈ ગયા.

(અંદરના ભાગમાં વાંદરીની ચીસો સંભળાય છે. ત્રણે પાત્રો મૌન છે.

અંદરથી હાથમાં એક ટોવેલમાં કશુંક પકડીને હર્ષભેર શ્રીકાંત આવે છે. સાથે ગરિમા છે. બન્નેએ એપ્રન પહેર્યાં છે.)

શ્રીકાંત : કુમાર, કુમાર, આપણો એક્સપેરિમેન્ટ સફળ થયો છે. જો, આ જો...

(ટોવેલમાં વાંદરીનું નાનું જન્મેલું બચ્ચું છે એવો નિર્દેશ.)

કુમાર : કોન્ગ્રેચ્યુલેશન, સર.

શ્રીકાંત : થેંક યૂ ! છનાલાલ, જુઓ આ શું છે ?

છનાલાલ : (ટોવેલમાં જોતાં) ઉંદરડીનુંબચ્ચુંછે, એમાંઆટલાહરખાવછોકેમ?

શ્રીકાંત : આ ઉંદરડીનું બચ્ચું નથી. છનાલાલ. વાંદરીનું બચ્ચું છે !

છનાલાલ : વાંદરીનું ? વેંઢા જેવડું બચ્ચું વાંદરીનું ?

શ્રીકાંત : છનાલાલ, મેં એક મહાન પ્રયોગ કરવાનું બીડું ઝડપેલું, કોઈ પણ જીવંત પ્રાણીની સાઈઝમાં નોંધપાત્ર ઘટાડો થાય એવું વૅક્સિન બનાવવાનું, મેં એ પ્રયોગ કર્યો અને તમારા આધારે એ સફળ થયો.

છનાલાલ : મારા આધારે ?

શ્રીકાંત : હા, તમારી હાઈટ લો થઈ રહી છે ને ? મેં તમારા જિન્સમાંથી એક વૅક્સિન તૈયાર કર્યું, એ વૅક્સિન મેં સગર્ભા વાંદરીને આપ્યું, અને પરિણામ તમારી સામે છે, છનાલાલ, હું તમારો ખૂબ ખૂબ આભારી છું. તમે ન હોત તો મારો આ પ્રયોગ સફળ ન થાત, થેંક યૂ છનાલાલ. થેંક યૂ ઑલ ઑફ યૂ !

છનાલાલ : આ તમે શું કહ્યું, સાહેબ ? બચારા વાંદરીના બચ્ચાને ઉંદરડાના બચ્ચા જેવડું બનાવી દીધું ? અને એ પણ મારો આધાર લઈને ? સાહેબ, હું તો મારી હાઈટ ઘટી રહી છે એ રોગની દવા કરાવવા તમારી પાસે આવેલો, અને તમે મારામાંથી એવું ઝેર શોધી કાઢ્યું જે આખી દુનિયાને ઠીંગણી બનાવી દે !

શ્રીકાંત : મારી વાત તો સાંભળો, છનાલાલ.

છનાલાલ : શું શકોરું સાંભળું તમારી વાત ? તમે તમને વૈજ્ઞાનિક કહો છો ? તમે તો રાક્ષસ છો રાક્ષસ, અને તમારી આ દુનિયા રાક્ષસી માયા જ છે. તમને આવડી મોટી દુનિયામાં એક છનિયો ટૂંકો થતો હતો એનાથી સંતોષ ન થયો, તે તમે આખી દુનિયાના જીવોને ટૂંકા બનાવવાનું કાવતરું ઘડી કાઢ્યું !

કુમાર : છનાલાલ, વિજ્ઞાન છેવટે સમાજના ભલા માટે...

છનાલાલ : કોને ઊઠાં ભણાવો છો ? મને ? અરે મારા ગામમાં નાના-મોટા ઠગ-ચોર અને ધૂતારા આવતા, બહુ બહુ તો અમારા ઘરબાર અને પૈસાટકા લૂંટી જતા, પણ તમે તો મારો વિશ્વાસ અને મારી માણસાઈ જ લૂંટી લીધાં, તમારા મહાપાપનો મને ભાગીદાર બનાવ્યો ! (માથા, પરના વાયર તોડી નાખે છે) લો આ તમારા વાયર. ચાલ છબી.

શ્રીકાંત : તમારે જવાનું નથી, છનાલાલ !

છનાલાલ : તમારા જેવાઓના પડછાયાથી પણ આઘા રહેવું જોઈએ !

કુમાર : (હાથમાં ઈન્જેક્શન સાથે) ખુરશીમાં બેસી જાવ, છનાલાલ

શ્રીકાંત : મારે હજુ ઘણા પ્રયોગ કરવાના બાકી છે.

છબી : અમે માણસ છીએ, સાહેબ. જનાવર નથી.

છનાલાલ : મારે મારા ગામ જવું છે, મને જવા દો.

(શ્રીકાંત-કુમાર અને ગરિમા છનાલાલ તરફ આગળ વધે છે. છનાલાલ બૂમાબૂમ કરે છે. કુમાર શ્રીકાંતના હાથમાં ઈન્જેક્શન આપે છે. ગરિમા અને કુમાર છનાલાલને પકડે છે. શ્રીકાંત હાથમાં ઈન્જેક્શન લઈ આગળ વધે છે.)

છબી : એમને છોડી દો, સાહેબ. ભગવાનને ખાતર એમને છોડી દો, કુદરતથી ડરો સાહેબ. અમને જવા દો. અમને જવા દો.

(છબી બેસી પડે છે. હાથ જોડેલા છે. તીવ્ર સંગીત)

કુદરતથી ડરો, દયા કરો, માણસાઈ રાખો.

(છનાલાલને ઈન્જેક્શન આપે છે. છનાલાલ ઊભો થઈ જાય છે. કુમાર એના માથા પર વાયરો વીંટે છે. જાણે ઈસુના માથા પર વીંટાયેલો કાંટાળો તાજ. છનાલાલના હાથ ઈસુની મુદ્રામાં બન્ને દિશામાં ફેલાય છે. છનાલાલ ઈસુની મુદ્રામાં ઊભો છે. ચર્ચ બેલનું મ્યૂઝિક. છબી રડતી ઊભડક પગે બેઠી છે. તીવ્ર ગાજવીજના સંગીત સાથે પ્રકાશ લુપ્ત થાય છે. પ્રકાશ શ્રીકાંતના ડ્રૉઈંગ રૂમ પર. ગાજવીજનું સંગીત યથાવત. ડ્રૉઈંગરૂમ ખાલી છે. શ્રીકાંત હર્ષભેર પ્રવેશે છે. ડ્રૉઈંગરૂમમાં એક પણ બૉન્સાઈ નથી જેની શ્રીકાંતને પછી જાણ થશે.)

શ્રીકાંત : પપ્પા, પપ્પા, શાલુ, ક્યાં ગયાં બધાં ?

(હરિભાઈ ધીમા પગલે પ્રવેશે છે.)

શ્રીકાંત : પપ્પા, મારો એક્સપેરિમેન્ટ સફળ થયો છે, પપ્પા. કોઈ પણ જીવંત પ્રાણીના કદમાં ઘટાડો કરવાનું વૅક્સિન મેં શોધી કાઢ્યું છે. પપ્પા, તમારો આ શ્રી હવે નોબેલ પુરસ્કારનો દાવેદાર બની ગયો છે. તમે ખુશ ન થયા, પપ્પા ? (નીચે નજર જતાં) અને અહીંથી બૉન્સાઈ ક્યાં ગયાં ? પશા, પશા...

(પશો પ્રવેશે છે.)

ઈડિયટ અહીંથી બધાં બૉન્સાઈ ક્યાં ગયાં ? જવાબ કેમ નથી આપતો ? મોઢામાં મગ ભર્યા છે કે શું ?

હરિભાઈ : શ્રીકાંત, હવે આ ઘરમાં બૉન્સાઈની જરૂર નથી.

શ્રીકાંત : બૉન્સાઈની જરૂર નથી !

ઉજીભાભુ : (હાથમાં ટોવેલ સાથે આવે છે, જેમાંનું બાળક દેખાતું નથી) હરિભાઈ સાચું કહી રહ્યા છે, શ્રીકાંત ! લે, આ જો.

શ્રીકાંત : શું છે, ભાભુ ?

ઉજીભાભુ : (ટોવેલ આપતાં) આ તારું બાળક છે, શ્રીકાંત !

શ્રીકાંત : (ટોવેલમાંનું બાળક લેતાં) ઓહ (આઘાત પામતાં) આ આ આ શું છે ભાભુ ?

હરિભાઈ : શાલિનીને જન્મેલું તારું બાળક !

શ્રીકાંત : આ આ, આ મારું બાળક છે. તમે તમે, ચારપાંચ ઈંચના વિકૃત માંસના લોચાને મારું બાળક કહો છો ? અરે આનો તો મનુષ્યનો નહીં પણ કોઈક અજાણ્યા પશુનો ચહેરો છે. ના ના, આ મનુષ્યનું સંતાન ન હોઈ શકે, આ તો વિકૃત અને ભયાનક છે.

હરિભાઈ : અને બૉન્સાઈ છે !

શ્રીકાંત : ના ના, આ મારું સંતાન...

હરિભાઈ : આ મહાન વિજ્ઞાનીક શ્રીકાંત બક્ષીનું સંતાન છે. શ્રી, તું આને કઈ વાતો સંભળાવીશ ? ગુલિવરની ?

શ્રીકાંત : (કરુણાથી) હા, ગુલિવરની. એક હતો ગુલિવર, સાહસિક ગુલિવર, એક વખત એ વિરાટકાય માણસોના દેશમાં જઈ ચડ્યો, જ્યાં ઊંચા આકાશ જેટલા ઊંચા વિરાટકાય માણસો હતા, અને ગુલિવર તો જાણે અંગૂઠિયો (રડતાં રડતાં બેસી પડે છે) હા, ગુલિવર તો જાણે અંગૂઠિયો, (અંગૂઠો દર્શકો તરફ) તમે સમજ્યા શ્રીમાન ગુલિવર ? તમે અંગૂઠિયા છો અંગૂઠિયા. □

પાઘડી અને સાફો

——વિક્રમસિંહ જાડેજા——


એક નૂર આદમી, હજાર નૂર કપડાં;
લાખ નૂર ટાપટીપ, કરોડ નૂર નખરાં.

એમ માણસ વિશે કહેવાયું છે. લોકસંસ્કૃતિમાં લોકપહેરવેશનું એક આગવું મહત્ત્વ રહ્યું છે. આદિ માનવ વલ્કલો યાને વૃક્ષોની છાલનાં વસ્ત્રો પહેરતો અને પછી જેમજેમ તે સંસ્કૃત થતો ગયો તેમ તેમ પોશાકની બાબતમાં ઘણા ફેરફાર કરતો ગયો. વિશ્વની જુદી-જુદી પ્રજાઓ પોતાની આગવી ઓળખ માટે ખાસ પ્રકારના પોશાક પહેરતી રહી છે. માથાથી પગ સુધીનાં અનેક પ્રકારનાં વસ્ત્રો ધારણ કરતી આવી છે. આ પોશાકોની પસંદગીમાં જે તે પ્રદેશની ભૌગોલિક રચના, સંસ્કૃતિ વગેરેની પણ અસર જોવા મળે છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતના લોકપહેરવેશમાં પાઘડીથી માંડી કેંટો, ફાળિયું, પનિયું, સેજિયું, મેલખાયું, બોકાની, કેડિયું, અંગરખું, બંડી, ચોરણી, ભેટ અને સાફો - આ બધાં વસ્ત્રોમાં અપાર વૈવિધ્ય જોવા મળે છે.

પુરુષની મર્દાનગીનું અસલ દર્શન કરાવતી અને મુછાળ મરદના રૂપને નિખારતાં પાઘડી કે સાફો માથાનું ટાઢ, તાપ કે લડાઈમાં રક્ષણ કરવાના હેતુથી અને પુરુષના વ્યક્તિત્વને ઓપ આપવા માટે બાંધવામાં આવે છે. પહેલાંનો જમાનો યુદ્ધનો હતો તેથી 'સર સલામત' રાખવા માટે પાઘડી બાંધવામાં આવતી. યુદ્ધમાં જતી વખતે કાંસાની તાંસળી (શિરસ્ત્રાણની જેમ !) માથા ઉપર ઊંધી રાખી, તેના ઉપર પાઘડી બાંધી, તેના ઉપર બોકાની બાંધવામાં આવતી એ તો ખરું જ, પણ સામાન્ય દિવસોમાં ય ઉઘાડમથો અને શસ્ત્ર વિનાનો ક્ષત્રિય પુરુષ સામે મળે તો તે અપશુકન ગણાતાં. ક્ષત્રિય કુટુંબમાં એક એવો રિવાજ કે મહેમાનને ખુલ્લે માથે 'રામ રામ' ન કરાય. માથે સાફો કે પાઘડી ન બાંધેલ હોય તો ખભે રાખેલ ફાળિયું માથા ઉપર નાખી પછી રામરામ કરવામાં આવે. ખભે ફાળિયું પણ ન હોય તો પોતાનો ડાબો હાથ પોતાના જ માથા ઉપર રાખી જમણા હાથથી મહેમાનને રામરામ કરવામાં આવે એવો રિવાજ આજે પણ અનેક ગામોમાં જોવા મળે છે. પાઘડી કે સાફો એ સન્માન અને મોભાનું પ્રતીક છે. પાઘડી કે સાફાવાળો પુરુષ પોતાની એક આગવી ઓળખ ઊભી કરી શકે છે. સંકટ સમયે કોઈ સ્ત્રીના દેહને પાઘડીના કાપડના ટુકડા કરી, તે કપડાથી ઢાંકી તેની મર્યાદા જાળવી શકાય. જંગલ કે સીમમાં જતાં તરસ લાગે ત્યારે પાઘડીના પટને સીંચણિયા માફક કૂવાના પાણીમાં ડુબાડી, તેને નીચોવી પાણી પી શકાય.

પાઘડી શબ્દને હિન્દીમાં પગરી અને મરાઠીમાં 'પગડી' કહે છે. પાઘડી માથાનો એક પહેરવેશ છે. વળી, લાક્ષણિક દૃષ્ટિએ જોઈએ તો પાઘડી શબ્દનો અર્થ સારા કામ માટે અપાતી ભેટ, સરપાવ કે ચાંદલો, મકાન ભાડે લેવા માટે અગાઉ ખાનગી આપવી પડતી ઊચક રકમ કે (કટાક્ષમાં) લાંચ પણ થાય છે. પાઘડી શબ્દ અંગેના રૂઢિપ્રયોગ, કહેવતો અને લોકોક્તિઓ પણ ઘણી છે. 'પાઘડી ઉછાળવી' એટલે જાહેરમાં ફજેત થવું, તો 'પાઘડી ઉતારવી' એટલે પાઘડી માથેથી કાઢવી કે કાલાંવાલાં કરવાં. ઘરે લગ્નપ્રસંગ હોય અને સગાં-વહાલાં કે નજીકનાં કુટુંબીજનો જ્યારે રિસાય અને યજમાનને ઘેર આવવાની આનાકાની કરે ત્યારે યજમાન તેની સામે પાઘડી ઉતારે છે. તો 'પાઘડી નીચી કરવી' એટલે બદનામ કરવું કે કાલાંવાલાં કરવાં. 'પાઘડી ફેરવવી'નો અર્થ બોલેલું ફેરવવું, આડું બોલવું, દેવાળું કાઢવું કે પક્ષ બદલવો એવો અર્થ થાય. 'પાઘડી બગલમાં મારવી' એટલે આબરૂની દરકાર ન કરવી. અહીં ઉઘાડું માથું હોવું એ શા માટે અપશુકનિયાળ ગણાય, તે સમજી શકાશે. વળી, કોઈને ઈનામ કે સરપાવ આપવો હોય કે શાબાશી આપવી હોય ત્યારે કદરરૂપે 'પાઘડી બંધાવવી' એમ કહેવાય છે. તો શોકના પ્રસંગે સાસરિયા પક્ષ તરફથી જમાઈને પાઘડી બંધાવવામાં આવે છે કે જેનો અર્થ 'શોક મુકાવવો' એવો થાય છે. જન્મથી જ દુઃખી માણસને 'બાળોતિયાંનો બળેલ' એમ કહીએ છીએ તેમ 'પાઘડીબળ્યો' શબ્દ પ્રયોગ પણ થાય છે. 'પાઘડીરંગ્યો'નો અર્થ 'મૂઓ' કે 'ફાટી મૂઓ' જેવી ગાળ પણ થાય છે. કોઈની આબરૂ લેવા, હરાવવા, ઠગવા કે માર ખવડાવવા માટે 'પાઘડી લેવી' એવો શબ્દપ્રયોગ થાય છે. તો સાવધ રહેવા માટે, આબરૂ સંભાળવા માટે 'પાઘડી સંભાળવી' એમ કહેવાય છે. જે વ્યક્તિ વહેવાર કે વેપારમાં માનવંતી હોય તેને 'પાઘડીનો ધણી' એમ કહેવાય છે. 'પાઘડીનો પેચ સંભાળવો' એટલે 'આબરૂ સાચવવી' એમ થાય, તો 'અવળી પાઘડી મૂકવી'નો અર્થ 'દેવાળું કાઢવું' એવો થાય. સંભાળીને સાવધાનીથી ચાલવા માટે 'પાઘડી બે હાથે ઝાલીને હીંડવું' એમ કહેવાય છે. માથા કરતાં પાઘડી મોટી' એટલે ગજા બહારનું કામ કે જવાબદારી. વળી, લંબાઈમાં વધુ અને પહોળાઈમાં ઓછા વિસ્તારને દર્શાવવા 'પાઘડી પનો' બોલાય છે. ગામડામાં પ્રસંગ ઉપર ફક્ત પુરુષોને જ જમવાનું નોતરું આપવાનું થાય ત્યારે 'પાઘડીબંધ નોતરું' કહે છે, અને મોટા કદની પાઘડીને 'પાઘડો' કે 'પાઘ' કહે છે. પ્રાકૃત ભાષામાં 'પગ્ગહ' શબ્દ છે કે જેના ઉપરથી પાઘ, પગરી, પઘડી અને પાઘડી એમ શબ્દ ઊતરી આવ્યો છે. તેનો અર્થ 'ઉપાધિ' અને 'મુખી' એવો થાય છે. વળી, એક અર્થ 'લગામ' એમ પણ થાય છે. ગામનો મુખી


સોનસળીના સાફામાં રાજપૂત વરરાજા


સફેદ સાફામાં ઝવેરચંદ મેઘાણી



ઊભા પૂળા ઘાટની પાઘડી



કાઠિયાવાડી પાઘડી



વોરા દુલ્હાની પાઘડી


સામાન્ય રીતે પાઘડી પહેરનારાં જ હોય, અને તે ગામની ઉપાધિ કરે તેવો હોય અથવા ગામની વહીવટી લગામ જેની પાસે હોય તે મુખી એવો અર્થ અહીં અભિપ્રેત છે. 'બંધબેસતી પાઘડી ન પહેરવી' અને 'પાઘડીનો વળ છેડે' એવી લોકોક્તિ જનસમાજમાં સર્વસામાન્ય છે.

પાઘડીના ઘાટની વાત કરીએ તો વિશ્વની અન્ય પ્રજાઓમાં અરબસ્તાની, અફઘાની કે પઠાણી અને મોગલ વંશના શાસકોની પાઘડી વિશિષ્ટ રહી છે. તો ભારતની રાજસ્થાની ઢબની મોટી ફીંડલા જેવી પાઘડી, શિવાજી બાંધતા તેવી મહારાષ્ટ્રની મરાઠી પાઘડી અને ગાયકવાડી પાઘડી, ડાં. રાધાકૃષ્ણન્ બાંધતા તેવી દક્ષિણ ભારતીય પાઘડી, પંજાબી પાઘડી અને ભારતના જુદા જુદા પ્રદેશોમાં વસતા આદિવાસીઓની પાઘડી પોતાની આગવી ઓળખ ધરાવે છે. ગુજરાતની પ્રચલિત દરેક પ્રકારની પાઘડીમાં અમદાવાદી, વડોદરાની બાબાશાહી, ગાયકવાડી, ખંભાતી, સુરતી વગેરે મુખ્ય છે. પેલી કહેવત 'બાર ગાઉએ બોલી બદલાય'ની જેમ સૌરાષ્ટ્રમાં 'બાર ગાઉએ પાઘડી બદલાય' એમ કહીએ તો અતિશયોક્તિ નહીં લાગે છે.

ઓખામંડળથી શરૂ કરીએ તો હાલાર પંથકમાં વસતા ભોયા રબારીની પાટલીવાળી પાઘડી, ઓખાની આંટીઆળી, ક્ષત્રિયોની જામશાહી, ચારણ-ગઢવીની પાઘડી, પોરબંદર પંથકના મેરની પાઘડી, ભરડાની ખૂંપાવાળી, મરજાદી કણબી લોકની નાની પાઘડી, વગેરે પોતપોતાની વિશેષતા ધરાવે છે. મધ્ય સૌરાષ્ટ્રમાં ક્ષત્રિયોની આંટીઆળી તેમજ ડબલ આંટીઆળી, ગોંડલની ચાંચવાળી, લેઉંવા-કડવા પટેલોની પાઘડી, કોળીની પાઘડી, વાણિયા-વેપારી અને બ્રાહ્મણની પાઘડી, તો કાઠી દરબારો અને સિપાઈઓના સાફા કે શુદ્ધ જાતિના લોકોની પાઘડી અલગ ભાત પાડે છે. ઝાલાવાડમાં આંટીઆળી, સોરઠ, અમરેલી અને બાબરિયાવાડની નાના કદની પાઘડી તો ગોહિલવાડ અને વાળાંક પ્રદેશની મોટી પાઘડી કે માથાની બંને બાજુએ ઝૂકેલા ઘાટનો ફેંટો કે સાફો, ભાલ પંથકની ઝાલાવાડ જેવી જ પાઘડી, વગેરે પોતપોતાની વિશેષતા ધરાવે છે. રાજકોટના જ્યુબિલી બાગ ખાતે આવેલા વોટ્સન સંગ્રહસ્થાનમાં સૌરાષ્ટ્રની વિવિધ પાઘડીઓના નમૂના આવતી કાલની પેઢી માટે સાચવી રાખવામાં આવ્યા છે તે વાત ખૂબ પ્રસંશનીય છે.

પાઘડી કે સાફાના પોતાની લંબાઈ સામાન્ય રીતે દશ કે બાર વારની હોય છે. જેમ લંબાઈ વધુ તેમ પાઘડી કે સાફાનું મૂલ્ય વધુ એમ મનાય છે. ભારતમાં મોગલ શાસન સુધી પાઘડીનું ચલણ હતું તે મોગલકાળ પછી સાફામાં પરિવર્તિત થતું જોવા મળે છે. ગુજરાતમાં સાફો રાજસ્થાનથી ઊતરી આવ્યો હોય એમ લાગે છે. પ્રચલિત જોધપુરી ઘાટનો સાફો સર્વાંગ સુંદર ગણાય છે.

સાફા જુદા જુદા રંગના હોય છે. જ્ઞાતિ મુજબ સાફાના રંગ ગણાવી શકાય. ક્ષત્રિયોનો પ્રિય રંગ કેસરી બલિદાનનો રંગ છે તેથી શુભ પ્રસંગોમાં આ સાફાનું ખૂબ ચલણ છે. કડિયા જ્ઞાતિમાં પીળો સાફો બાંધવાની પ્રણાલી છે. ક્ષત્રિય કુટુંબમાં દીકરીનો સંબંધ થાય અને મૂરતિયાને પાટે બેસાડે ત્યારે કન્યાપક્ષ તરફ બંને છેડે સોનેરી જવારા મૂકેલો કેસરી સાફો ભેટ આપવામાં આવે છે. સોનસળીનો સાફો રજવાડી ગણાય છે. તેમાં પણ કેસરી, ગુલાબી, લાલ, ધૂપછાવ વગેરે શુભ રંગો હોય છે. જેમ ક્ષત્રિય નારીઓમાં લહેરિયું, સાડી કે બાંધણી ભાતની સાડી પ્રિય હોય છે તેમ પુરુષોને પણ લહેરિયા કે બાંધણી ભાતના સાફા પ્રિય હોય છે. સાફાનું કે પાઘડીનું પોત સુતરાઉ, મલમલ, રેશમી, જ્યોર્જેટ, શીફોન કે જરિયન હોય છે. સાફા એકરંગી પણ હોય છે અને સાફામાં ટપકાં કે ફૂદડીની ભાત પણ હોય છે. સામાન્યતઃ યુવાન ક્ષત્રિયો કેસરી, ગુલાબી કે લાલ રંગના સાફા બાંધે છે. આધેડ વયના કથ્થાઈ, વાદળી કે બજરિયા રંગના, તો વૃદ્ધ પુરુષો સફેદ કે સફેદમાં ટપકાંની ભાતવાળા, કે સફેદ-કાળા, સફેદ વાદળી લહેરિયાના સાફા બાંધે છે. સાફો બાંધનારે સાફાનો રંગ પસંદ કરવામાં ઉંમરને પણ ધ્યાનમાં રાખવાની હોય છે. ચહેરા પર સફેદ મોટી મોટી મૂછો હોય અને જો કેસરી, ગુલાબી કે લાલ રંગનો સાફો બાંધ્યો હોય તો 'ઘરડી ઘોડી ને લાલ



લહેરિયા સાફો - અચકનમાં વરરાજા



ચારણ વૃદ્ધની પાઘડી



બાંધણીનો સાફો



શિયાપંથી વોરાની પાઘડી

લગામ' જેવો ઘાટ થાય. વળી, જેમ શુભ પ્રસંગોમાં શુભ રંગના સાફા બાંધવામાં આવે છે તેમ શોકના પ્રસંગે ગૂઢા રંગના કે મોટે ભાગે સફેદ સાફા બાંધવામાં આવે છે. સાફા જુદા-જુદા રંગના હોય છે. કેટલાક શોખીનો જુદા જુદા પ્રસંગે જુદા જુદા રંગની પાઘડી બાંધવાના શોખીન, હોય છે. ઝાલાવાડના સૌકા ગામના 'ભા બાપુ'ના હુલામણા નામથી ઓળખાતા ક્ષત્રિય બુઝુર્ગ (સ્વ.) મદારસિંહજી ઝાલા દરેક રંગની પાઘડી બાંધતા. પણ આમાં તેમણે એક સરસ યુક્તિ કરેલી કે જૂની પાઘડીના વળ ચઢાવેલ પોત ઉપર અલગ અલગ રંગની કાપડની ભૂંગળી જેવી સીવેલી ખોળ ચઢાવી દેતા એટલે થઈ ગઈ અલગ રંગની પાઘડી! કોઈની કાણે કે ખરખરે જવું હોય તો સફેદ ખોળ ચઢાવે, વૃદ્ધના મરણ પ્રસંગે સફેદ-કાળા લહેરિયાની ખોળ ચઢાવે, લગ્ન-પ્રસંગે જવું હોય તો શુભ રંગોની ખોળ ચઢાવે, તો અન્ય પ્રસંગોએ કથ્થાઈ, વાદળી જેવા રંગોની ખોળ ચઢાવે !

આંખો અને હોઠ પર ભરાવદાર મૂછોના કાતરા હોય તેઓને સાફો કંઈ ઓર દીપી ઊઠે છે. વળી, સાફા સાથે અન્ય પહેરવેશમાં જોધપુરી કોટ કે અચકન, સુરવાલ કે બ્રીજીસ અને પગમાં એડીવાળા ચમકતા ચામડાના બૂટ પહેરવાથી જ સંપૂર્ણ બાહ્ય વ્યક્તિત્વ પ્રકટી શકે.

આપણા સાહિત્યસ્વામીઓ કે ધર્મધુરંધરો કેવાં પાઘડી-સાફા પહેરતા તે જાણવું રસપ્રદ બની રહે તેટલી વિવિધતા ત્યાં પણ છે. સ્વામી સહજાનંદ કોઈ ઐશ્વર્યસભર રાજવીની માફક સુંદર ઘાટવાળી, હીરા-માંતીની સેર લટકાવેલી પાઘડી પહેરતા. ભક્ત જલારામ ત્રણ પટાની સાફા જેવા ઘાટની સફેદ પાઘડી પહેરતા તો દયાનંદ સરસ્વતી બંને કાન ઉપર લટકતાં છોગાંવાળો ફેંટો પહેરતા. સ્વામી વિવેકાનંદ પાછળના છોગાને આગળ લઈ, છાતી ઉપર લટકતા છોગાવાળો, બહુ વ્યવસ્થિત નહીં તેવો ફેંટો બાંધતા. શ્રીમોટા પણ ઘાટીલો ન કહી શકાય તેવો ફેંટો બાંધતા; જ્યારે અખો, પ્રેમાનંદ, શામળ જેવા સાહિત્યકારો વણિક પહેરતા તેવી ગુજરાતી ઢબની પાઘડી બાંધતા. કવિ નર્મદ અને નવલરામ વિશિષ્ટ ઢબની મોટા ટોપા જેવી, વચ્ચેથી ઊંચી એવી પાઘડી બાંધતા. જામનગરના રાજગાયક આદિત્ય ઘરાનાવાળા આદિત્યરામ વ્યાસ જામનગરના રાજવી વિભા જામ જેવી જામશાહી પાઘડી બાંધતા. કવિ કાન્ત ગોંડલી પાઘડી બાંધતા તો રમણભાઈ નીકલંઠ અને કવિ ખબરદાર પારસી ઢબની પાઘડી બાંધતા. લાઠીના કવિ કલાપી સુરસિંહજી ગોહિલ કાન ખુલ્લો રહે તેવો સાફો બાંધતા. ઝવેરચંદ મેઘાણી અને વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પણ સાફો બાંધતા.

જામનગર લાખોટા સંગ્રહાલયના કયૂરેટર શ્રી ડી.જે. ડુંગાના મંતવ્ય અનુસાર કાઠિયાવાડમાં સાફો 'સિંહ' શબ્દ સાથે આવ્યો જણાય છે. ક્ષત્રિયોનાં જુનવાણી નામોમાં 'જી' અંત્યાક્ષર આવતાં - જેમ કે જીઆજી, નથુજી, નાપાજી, હાલાજી, ખાનજી, ગજણજી, સુમરાજી વગેરે. ત્યારબાદની પેઢીઓમાં 'ભા' શબ્દ આવ્યો - જેમ કે ગગુભા, પોપટભા, મૂળુભા વગેરે અને ત્યાર પછીની પેઢીમાં 'સિંહ' શબ્દ આવ્યો જેમ કે માનસિંહ, ઘનશ્યામસિંહ, કિરીટસિંહ, જનકસિંહ વગેરે, આમ, સામાન્ય રીતે 'સિંહ' અંત્યાક્ષરી નામોના વખતથી એટલે કે લગભગ ઈ.સ. ૧૯૦૦ પછી રજવાડામાં એક એવો રિવાજ કે રાજાની હયાતીમાં રાજમાતાનું અવસાન થાય તેવા શોકપ્રસંગે બધા ખાખી રંગના સાફા બાંધે. રાજાના અવસાન પ્રસંગે બધા સફેદ સાફા બાંધે.

સાફામાં છોગાનું એક આગવું મહત્ત્વ હોય છે. છોગું એટલે સાફાના છેડાનો ખુલ્લો લટકતો ભાગ. છોગાં ત્રણ-ચાર પ્રકારનાં હોય છે. માથા ઉપર રહેતું છોગું, પીઠ પાછળ લટકતું રહેતું છોગું અને ડાબા કાન ઉપર લટકતું છોગું. દયાનંદ સરસ્વતી બંને કાન ઉપર લટકતાં છોગાં રાખતા. તેને ચોથો અપવાદરૂપ પ્રકાર ગણી શકાય. પોરબંદર પંથકના મેર જુવાનિયાઓ પાઘડીને માથાના ડાબા ભાગે કાન ઉપર લટકતું એકાદ ફૂટ લાંબું છોગું રાખે છે. હરિયાણાના જાટલોકોમાં અક્કડ કરેલા (આર ચઢાવેલ) સુતરાઉ કાપડનાં લાંબાં છોગાં જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં બંધાતા સાફા ઉપર માથા ઉપરનું છોગું એટલું બધું લાંબું નથી રાખવામાં આવતું. કદાચ હરિયાણાના લોકો કરતાં સૌરાષ્ટ્રના લોકો સાફાના ઘાટની સપ્રમાણતાની બાબતમાં આગળ છે એમ લાગે. સાફાનું પાછળનું છોગું સામાન્ય રીતે કેડ સુધી કે તેથી નીચેના ભાગ સુધી લટકતું રાખવામાં આવે છે. લાંબું કે ટૂંકું છોગું સાફાના બાંધનારની લાંબી કે ટૂંકી પહોંચ-ત્રેવડનો નિર્દેશ કરતું હોય એમ લોકોને છોગું લાંબું વિશેષ પ્રિય હોય છે. જેમ મોટો જમીનદાર કે જાગીરદાર તેમ લાંબું છોગું એવું માનવામાં આવે છે. આ છોગું ઘોડાના પૂછડાની માફક ઉપરથી સહેજ ઊંચકાયેલ હોય એમ રાખવામાં આવે છે. માથા ઉપર છોગું કાઢેલ સાફો 'તુરો' સાફો કહેવાય છે. આ શબ્દ 'તુરા' (તુરહ) તોરા, છોગા પરથી ઊતરી આવ્યો લાગે છે. શોકપ્રસંગે બાંધવામાં આવતા સફેદ સાફાના છોગાને અડધેથી વાળીને માથા ઉપરના ભાગે ખોસી દેવામાં આવે છે અથવા આખું છોગું માથા ઉપરના ભાગે ખોસી દઈ છોગા વિનાનો પાઘડી જેવો સાફો બાંધવામાં આવે છે. ગ્રામજનો મોટે ભાગે તો શોકપ્રસંગે પાઘડીની લઘુ

આકૃતિ જેવું, અઢી વા- કે પાંચ ચાર લંબાઈના ફાળિયું માથા ઉપર બાંધવાના હોય છે.


જેમ ઘાટીલા સાફો વ્યક્તિના વ્યક્તિત્વને ચાર ચાંદ લગાવી દે છે તેમ સાફો બાંધનાર વ્યક્તિના ચહેરોમહોરો અને કદાવર શરીર પણ બાંધનારની સુંદર છબી માટે અગત્યનો ભાગ ભજવે છે. જેમ તસવીરકળામાં 'ફોટોજેનિક ચહેરો' શબ્દપ્રયોગ થાય છે તેમ 'સાફાજેનિક ચહેરો' એવો નવો શબ્દપ્રયોગ પણ મૂકી શકાય. આવા 'સાફાજેનિક' ચહેરા-મહોરાવાળા મરદ, કે જેઓના ચહેરાનો ઘાટ ગોળાકાર હોય, પ્રતાપી મુખમુદ્રા હોય, લીંબુની ફાડ્ય જેવી આંખો સાથે જન્મનાર પુરુષોથી સાફાની શરૂઆત થઈ ગણાય. તે પહેલાંના 'જી' કે 'ભા' અંત્યાક્ષરી નામાંવાળા સામાન્ય રીતે પાઘડી બાંધતા. જામનગરના રાજવી પરિવારના કર્નલ (નિવૃત્ત) જયેન્દ્રસિંહજી જાડેજાના મતાનુસાર જામનગર રાજપરિવારમાં જામ રણજિતસિંહજી (પ્રખ્યાત ક્રિકેટર)ના સમયથી સાફો અસ્તિત્વમાં આવ્યાં. તે પહેલાંના રાજવીઓ જામ રણમલજી, જામ વિભાજી, જામ રાવમલજી વગેરે પાઘડી બાંધતા.



વૃદ્ધ ભરવાડની પાઘડી

આધુનિક યુગમાં સુંદર રીતે સાફો બાંધી આપનારની ઓછપ વરતાય છે. કાં તો વરસોથી કાયમ માટે સાફો બાંધતા બુઝુર્ગોને સાફો બાંધવાની ફાવટ હોય છે. અથવા કોઈને શોખ ખાતર ફાવટ હોય; પણ સાફો બાંધી આપવો એ વળી અલગ જ વાત છે. ઘણા પોતે સુંદર ઢબે સાફો બાંધતા હોય પણ તે બીજાના માથા ઉપર સુંદર ઢબે સાફો ન પણ બાંધી શકતા હોય. અહીં નમ્રપણે ઉલ્લેખ કરવો રહ્યો કે આ લખનારને બંને જાતની ફાવટ છે. આ લખનારના પિતાજી સુંદર ઢબે સાફો બાંધતા એટલું જ નહી, પણ વિશેષ વાત એ છે કે આ લખનારને સુંદર ઢબે સાફો બાંધતા શીખવાડનાર તેમનાં માતુશ્રી હતાં. સ્ત્રી હોવા છતાં આ કળા તેમને હસ્તગત હતી. ૧૯૯૮માં ઑસ્ટ્રેલિયાના એડેલેટ શહેરથી ઑસ્ટ્રેલિયા ઇન્ડિયા કાઉન્સિલના બોર્ડ મેમ્બર મિ. માઈકલ ઍબોટ અને તેમની ટીમે જામનગર આવી, જામનગર બાંધણીકળા ઉપર વીડિઓ ફિલ્મ ઉતારેલી તેમાં આ લખનારે સાફા વિશે માહિતી આપી, પોતાના માથા ઉપર સાફો કેમ બંધાય તેનું નિદર્શન પણ આપેલું હતું, જે ફિલ્મ ઑસ્ટ્રેલિયા ટેલિવિઝન ઉપર પ્રદર્શિત કરવામાં આવનાર હતી.

પુરુષ અને સ્ત્રી એકબીજાંનાં પૂરક છે એટલું જ નહીં, પરંતુ અનિવાર્ય પણ છે. ચીનના એક પ્રતીક 'યિન અને યાન'માં આ વાત સુંદર રીતે પ્રદર્શિત થતી જોવા મળે છે, જેનો મતલબ છે પુરુષ વિના સ્ત્રી અને સ્ત્રી વિના પુરુષ અધૂરો છે. જેમ પ્રકૃતિમાં સમતુલા જળવાય તેવી ગોઠવણ સહજ હોય છે તેમ સ્ત્રી અને પુરુષ કે જે એક જ સિક્કાની બે બાજુ જેવાં છે તેમના પહેરવેશનાં નામોમાં પણ આશ્ચર્યજનક રીતે આવી સમતુલા જાળવી રાખવાનો જાણે કે પ્રયત્ન કરવામાં આવ્યો હોય એમ જણાય છે! પુરુષનાં વસ્ત્રોનાં સ્ત્રીલિંગ નામો અને સ્ત્રીઓનાં વસ્ત્રોનાં પુલ્લિંગ નામો



વોરાની ઊભા પૂળા ઘાટની પાઘડી

મોટે ભાગે જોવા મળે છે. પુરુષોની બંડી તો સ્ત્રીનાં કબજો કે કમખાં, પુરુષની ચોરણી તો સ્ત્રીનો ચણિયો, પુરુષની ધોતી તો સ્ત્રીનાં ઘાઘરાં, પુરુષની પોતડી ને સ્ત્રીનો કાછડો અને પુરુષની પાઘડી કે ટોપી તો સ્ત્રીનાં મોસલો કે મોડિયો. અન્ય નામોમાં પુરુષની ચોટલી તો સ્ત્રીનો ચોટલો, પુરુષની અંબોડી તો સ્ત્રીનો અંબોડો ! જો કે દરેકમાં હોય છે તેમ આમાં પણ અપવાદ હોઈ શકે. સ્ત્રીની ચોળી અને સાડી તો પુરુષનો સાફો કે ફેંટો એવા અપવાદ રૂપ શબ્દો પણ છે. પાઘડી કે સાફો ફક્ત પુરુષો જ બાંધતા એવું પણ નથી. પ્રસંગોપાત્ત સ્ત્રીઓ પણ પાઘડી કે સાફો બાંધતી. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈમાં જોવા મળે છે તેમ યુદ્ધે ચડતી સ્ત્રીઓ સામાન્ય રીતે માથે પાઘડી કે સાફો બાંધતી. યુદ્ધ કે સંકટ સમયે સ્ત્રીને પુરુષવેશ ધારણ કરી ભાગી છૂટવાનું થતું ત્યારે પાઘડી કે સાફો સ્ત્રીના લાંબા કેશને સંગોપી તેની જાતિ છુપાવવા ખૂબ જ ઉપકારક નીવડતાં.

રાજકોટની વિખ્યાત રાજકુમાર કૉલેજમાં વાર્ષિકોત્સવ પ્રસંગે આજે પણ વિદ્યાર્થીઓને કેસરી સાફા બાંધી, રાજવી પોશાક-પરંપરા જાળવી રાખવાનો એક ઉત્તમ પ્રયાસ કરવામાં આવે છે. લોકકળા અને લોકસાહિત્યના વિખ્યાત મર્મજ્ઞ શ્રી જોરાવરસિંહ જાદવ, સંસ્કાર અને સંસ્કૃતિ સંરક્ષણની ચિંતા કરતા કહે છે, 'ગુજરાત પાસે વિપુલ નાણું હશે પણ જો એ લોકકળાની સમૃદ્ધિ ગુમાવશે તો દરિદ્ર બનશે. કદાચ અનાજ ઓછું ઊગશે તો પરદેશથી આયાત કરી શકાશે, પણ સંસ્કાર કે સંસ્કૃતિ પરદેશથી લાવી શકાશે નહીં. વિજ્ઞાનયુગની આંધીમાં ભલે આપણે ઊડવાનું પસંદ કરીએ, પણ સંસ્કાર અને સંસ્કૃતિના ભોગે તો નહીં જ.' તે ખરું જ છે. આધુનિક યુગના અનેકવિધ ચિત્ર-વિચિત્ર પોશાકોનું જોરદાર આક્રમણ સમગ્ર જનસમાજ ઉપર ધસી આવ્યું છે ત્યારે અસલી પરંપરાને સજીવન રાખવાના ખૂણે-ખાંચરે થતા પ્રસંશનીય પ્રયત્નોને જોતાં એક આશા બંધાય છે કે પારંપરિક પહેરવેશમાં એવું કશુંક સત્ત્વ પડેલું છે કે જે 'જૂનું એટલું સોનું' કહેવતને સાર્થક અને સાબિત કરશે જ, એવી ચોક્કસ ખાતરી મળી રહે છે. ❑

સુબ્રહ્મણ્યમ્ યાને કાર્તિકેય યાને સ્કંદ યાને કુમારન્

—— ડૉ. પ્રિયબાળા શાહ ——

શિવપાર્વતીના બે પુત્રો : કાર્તિકેય અને ગણેશજી. ગણેશજીનું સ્થાપન દરેક મંગલ કાર્યમાં સૌપ્રથમ કરવામાં આવે છે. તે વિઘ્નહર્તા દેવ છે. લોકકથા પ્રમાણે શિવજીએ પોતાના પુત્રને નહીં ઓળખતાં તેનું મસ્તક કાપી નાખ્યું હતું. આથી પાર્વતીના કલ્પાંતથી પીગળી જઈને મળસ્કે જે કોઈ મળે તેનું મસ્તક ગણેશના શિરે મૂકવાનું નક્કી કર્યું. આ પ્રમાણે સૌપ્રથમ હાથીનાં દર્શન થયાં તેથી ગણેશજીના શિર માટે હાથીનું મસ્તક મૂકવામાં આવ્યું તેથી તે 'વક્રતુણ્ડ' થયા. દેખાવે બેડોળ, આથી પાર્વતી પોતાના પુત્રને આવું વિચિત્ર સ્વરૂપ આપવા માટે શિવજી સાથે રોષે ભરાયાં. શિવજીએ તેમને આશ્વાસન આપતાં કહ્યું કે દરેક કાર્યમાં તારા પુત્રનું પહેલું સ્થાપન થશે અને તે 'વિઘ્નહર્તા' તરીકે ઓળખાશે. ભારતીય દાક્તરી વિદ્યામાં સૌપ્રથમ શંકરભગવાને વાઢકાપ કરીને પ્રથમ નામના મેળવી. અશક્ય તેવું ઑપરેશન કર્યું (ધડ અને માથાને સાંધીને) !

હવે બંને પુત્રો પરણવાલાયક થયા. તેમને પરણાવતાં પહેલાં મુસાફરી કરીને - પૃથ્વીની પ્રદક્ષિણા કરીને જે પહેલાં આવશે તેનું લગ્ન કરાવવામાં આવશે. એ તો જાણીતું છે કે કાર્તિકેયનું વાહન મયૂર અને ગણેશજીનું વાહન ઉંદર. વળી ગણેશજી દુંદાળા. ઝડપથી ફરી શકે નહીં. કાર્તિકેય તો મનમાં મલકાયા કે ગણેશ કરતાં હું મારા મયૂર ઉપર સવારી કરીને સૌપ્રથમ આવી પહોંચીશ. પરંતુ ગણેશજીએ તો પોતે પ્રદક્ષિણા કરીને જલદી આવી શકશે નહીં તેથી ઉદાસીન થઈને બેઠા હતા. જેવા સુબ્રહ્મણ્યમ્ દૃષ્ટિ બહાર ગયા કે તરત જ તે પોતાનાં માતાપિતા પાસે આવ્યા અને તેમની સાત વખત પ્રદક્ષિણા કરી અને વેદની ઋચાનો ઉલ્લેખ કર્યો કે જો પુત્ર તેનાં માતાપિતાની સાત વખત પ્રદક્ષિણા કરે તો પૃથ્વીની પ્રદક્ષિણા કર્યા જેટલું ફળ તેને પ્રાપ્ત થાય. ગણેશના આ રીતના ડહાપણથી તેનાં માતાપિતા ઘણાં પ્રસન્ન થયાં. માતાપિતાને ફરતી પ્રદક્ષિણા કરીને ગણેશે પોતાને યોગ્ય બે કન્યાઓ બુદ્ધિ (રિદ્ધિ) અને સિદ્ધિ લગ્નગ્રંથિથી મેળવી. સુબ્રહ્મણ્યમે પાછા આવીને માતાપિતાએ આપેલા વચન પ્રમાણે ઈનામ માગ્યું. તેઓએ ગણેશ કેવી રીતે ઈનામ જીતી ગયા તે જણાવ્યું. આથી ગુસ્સે થઈ સુબ્રહ્મણ્યમ્ ક્રૌંચ પર્વત ઉપર તપ કરવા ગયા. ત્યાં તેમણે બ્રહ્મચારીનું જીવન વિતાવ્યું અને પોતે કહ્યું કે જગતની તમામ સ્ત્રીઓ મારે માટે મા-બહેન છે. ગમે તે કારણે સ્ત્રીઓ સુબ્રહ્મણ્યમ્‌નાં દર્શન કરવા જતી નથી તેવી આપણે ત્યાંની માન્યતા છે.

હવે આપણે દક્ષિણ ભારતની સુબ્રહ્મણ્યમ્ વિશેની માન્યતા જોઈએ. દક્ષિણ ભારતમાં સુબ્રહ્મણ્યમ્‌નાં અનેક મંદિરો છે. સુબ્રહ્મણ્યમ્‌નાં અનેક નામોમાં કુમાર, સ્કન્દ, વિશાખ, ગૃહ, કાર્તિકેય વગેરે છે. વિષ્ણુધર્મોત્તર પુરાણ ખંડ ત્રીજામાં કુમારને છ મુખ, તેમજ મયૂરવાહન બતાવેલાં છે. સ્કંદ વગેરેનું કુમાર જેવું સ્વરૂપ બતાવેલું છે પણ તેનાં છ મુખ તેમજ મયૂરવાહન બતાવેલાં નથી.

ગુજરાતમાં જેને કાર્તિકેય તરીકે ઓળખીએ છીએ તે દક્ષિણ ભારતમાં સુબ્રહ્મણ્યમ્ તરીકે પૂજાય છે. ઉત્તર ભારતમાં તેનો પૂજાપ્રચાર નહિવત્ છે જ્યારે દક્ષિણનાં એક એક ગામમાં નાનાં કે મોટાં તેનાં સ્વતંત્ર મંદિરો મળી આવે છે. આ તેની લોકપ્રિયના બતાવે છે. આપણે આગળ જોઈ ગયા કે ઉત્તર ભારતમાં સુબ્રહ્મણ્યમ્‌નું નામ ખાસ જાણીતું નથી તેથી તેની પૂજા પણ થતી નથી, પછી તો તેનાં મંદિરનો પ્રશ્ન જ રહેતો નથી. બંગાળમાં વિધવા સ્ત્રીઓ અમુક પ્રસંગોએ તેની પૂજા કરે છે. જ્યારે

(અનુસંધાન પૃ. ૬૨૬)



કાર્તિકેય



ષણ્મુખ



સુબ્રહ્મણ્યમ્

ફિલ્માકાશ-૧૦

બી.એન. સરકારનો નિર્ધાર 'હંટરવાલી'ની સામે 'દેવદાસ'

—રજનીકુમાર પંડ્યા—

ના, નાણાંની તંગીનો સવાલ નહોતો ન્યૂ થિયેટર્સને. એ ૧૯૩૫ની સાલ હતી. અગાઉની બંગાળી અને હિંદી ફિલ્મો એમણે ખર્ચાળ રીતે નિર્મિત કરી છતાં એકંદરે સંસ્થા તરતીમાં આવી ગઈ હતી. એટલે નાણાંનો તો મોટો કોઈ સવાલ નહોતો, પણ સવાલ ટિકિટબારીના બિહામણા થતા જતા સ્વરૂપનો હતો. ને તે એ હતો કે ૧૯૩૪માં સરદાર ચંદુલાલ શાહે રણજિત મુવીટોનના બેનર તળે બનાવેલી ફિલ્મ 'તુફાનમેલ' અને ૧૯૩૫માં હોમી વાડિયાએ વાડિયા મુવીટોનના બેનર નીચે બનાવેલી ફિલ્મ 'હંટરવાલી'એ ટિકિટબારી ઉપર પૂરા ભારતમાં તહલકો મચાવ્યો હતો. આ ઉપરાંત પણ 'દિલ્હી કા ઠગ' ધીરુભાઈ દેસાઈએ બનાવી, 'ડાકુ કા લડકા' ચારુ રોય નામના સાહિત્યપ્રેમી બંગાળી સજ્જને જ બનાવી, અરે એક મહિલા ખૂનીની કથાને વણી લેતી ફિલ્મ 'અપરાધી અબલા' કલકત્તાના જ મશહૂર માદન થીએટર્સે બનાવી - જે બધી જ ટિકિટબારીને છલકાવવામાં કામયાબ નીવડી હતી.

માત્ર ચાર જ વર્ષમાં ટિકિટબારીની આ બદલાયેલી રૂખ જોઈને શુભેચ્છકો અને વિશેષ તો બી.એન. સરકારના પિતાજી જ તેમને ચેતવવા માંડ્યા કે ચેતજો, હવે આ પ્રકારની ફિલ્મોના દિવસો બેઠા છે. ક્યાં તમે એ પ્રકારની ફિલ્મો બનાવો અને ક્યાં તો પછી દુકાન વધાવી લો. બિલ્ડર તરીકેનો ધંધો તમારી રાહ જુએ છે. બાકી 'દેવદાસ' જેવી કશી પણ ઉત્તેજના વગરની ઠંડી સામાન્ય પ્રેમકથા, કે જે પાછી છેવટ તો દુઃખાંત જ છે. તેના કથા પરથી ફિલ્મ બનાવવાનો વિચાર માંડી વાળો.

બી.એન. સરકાર પણ 'મારે ખભે છે તે બકરી છે કે કૂતરું છે' જેવા વ્યામવિલામમાં અટવાયેલા બ્રાહ્મણની કથામાં આવે છે તેમ અવઢવમાં પડી ગયા. એમની પ્રતિબદ્ધતા સાહિત્યરંગી ફિલ્મો બનાવવાની હતી એ સૌ જાણતા હતા. અને એથી એ 'હંટરવાલી' ના મારગે તો નહીં જ પરહરે એ જાણતા સુબલ ચંદ્ર દાસ નામના એક કર્મચારીએ એમને સલાહ આપી કે, ''અચ્છા, ફિલ્મ 'દેવદાસ' બનાવવી છે તો ભલે બનાવો, પણ એનો અંત સુખભર્યો લાવો.'' શરદબાબુ મારા દૂરના મસિયાઈ થાય છે. એમને હું સમજાવી દઈશ. તેઓ એવો અંત લખી આપશે કે જેમાં પાર્વતીના બૂઢા પતિનું અવસાન થાય છે (કારણ કે આમેય વાર્તામાં પણ મરણના કાંઠે બેઠેલાં જ દર્શાવાયો છે) ને પછી દેવદાસ પણ ટી.બી.માંથી શરાબને છોડી દેવાથી મુક્ત થાય છે. છેવટે પાર્વતીનાં સાવકાં સંતાનો જ એનાં લગ્ન 'દેવદાસ' સાથે કરાવી દે છે. સુબલબાબુ વારંવાર દલીલો કરતા રહ્યા કે, આ પ્રકારના અંતથી પ્રેમનો વિજય, વિધવાવિવાહ, વ્યસનમુક્તિ, રોગમુક્તિ એવા અનેકવિધ હેતુઓ પ્રસ્થાપિત થશે અને નિઃશંક ફિલ્મની બેહદ સફળતા વિષે નિશ્ચિતતા અને નિશ્ચિંતતા રહેશે.



બી.એન. સરકાર

પરંતુ બી.એન. સરકાર જુદી જ માટીના બનેલા હતા. એમણે પાંત્રીસ મિનિટ સુધી સુબલબાબુની વાત શાંતચિત્તે એ સાંભળ્યા જ કરી. વિરોધનો એક અક્ષર પણ ઉચ્ચાર્યો નહીં. સુબલબાબુ આથી વધુ પ્રોત્સાહિત થઈને નવા નવા વિચારપકવાનો પીરસતા રહ્યા. એમની વાત પૂરી થઈ એટલે બી.એન. સરકાર આરામચેરમાંથી ઊઠ્યા એ સ્વાભાવિક હતું. સુબલ બાબુ જાણતા હતા કે હવે એમને દવા લેવાનો સમય થયો છે અને એ બારી પાસે રાખેલા મેજના ખાનામાં પડી છે.

પણ સરકાર ઊઠ્યા. મેજના ડ્રૉઅરમાંથી દવાને બદલે એક સફેદ કોરો કાગળ કાઢ્યા. એની ઉપર ધ ન્યૂ થીયેટર્સનું માનચિત્ર હતું. એટલો ભાગ એમણે ઉપરથી ફાડી નાખ્યો, પછી સુબલબાબુ તરફ લંબાવ્યો.

'આ શું ?'

'કોરો કાગળ છે - તમે જોઈ તો રહ્યા છો છતાં પૂછો છો ?'

સુબલબાબુએ કાગળ હાથમાં લીધો. સમજાતું નહોતું કે શું કરવું ?

'એની ઉપર તમારું રાજીનામું લખી આપો - અત્યારે જ આ મિનિટે - એક પણ ક્ષણના વિલંબ વગર હું બારીબાબુ (એકાઉન્ટન્ટ)ને ફોન કરી દઉં છું. તમારો પગાર અને પૂજાનું બોનસ બન્ને ચૂકવી દેશે.

આ કિસ્સો ઇતિહાસનાં પાનાંઓ ઉપર પૂરતા મહત્ત્વથી નોંધાયો નથી, પણ તદ્દન સાચો અને મહત્ત્વનો છે. આ આટલા લંબાણથી અહીં લખવાનું પ્રયોજન એ છે કે, બી.એન. સરકાર પોતાના ધ્યેય, પોતાના કમિટમેન્ટ વિષે કેટલા બધા સુસ્પષ્ટ પોતાના મનમાં હતા ! રાજકપુરે આગળ ઉપર ૧૯૫૩માં ફિલ્મ 'આહ' બનાવી જે 'દેવદાસ'ના જ કેટલા એક અંશો ધરાવતી હતી અને અંત તો અદલ તેવો જ હતો. વધારાના આકર્ષણ તરીકે જે ઘોડાગાડીમાં મધરાતે જંગલમાંથી નાયક તદ્દન આજાર હાલતમાં પસાર



કાનનદેવી - આ યુવાન વયે તેમને 'દેવદાસ'માં પાર્વતીનો રોલ ઓફર થયેલો

થાય છે તે ઘોડાગાડીના કોચવાનના પાત્રમાં ખુદ પાર્શ્વગાયક મુકેશને મહેમાન કલાકાર તરીકે દર્શાવ્યા હતા. અને એમના મોંએ એક અતિ મધુર ગીત 'છોટીસી યે જિંદગાની રે' મૂક્યું હતું છતાં ફિલ્મ સદંતર નિષ્ફળ ગઈ હતી. રાજકપુરને પણ પાછળથી આ સુબલદા જેવો જ કોઈક વ્યાવહારિયો ભેટી ગયો અને રાજકપુરે એ દુ:ખી અંત બદલીને સુખાંતવાળી ફિલ્મ 'આહ' થીએટરોમાં રજૂ કરી. આમ છતાં એ ફિલ્મ ચાલી નહીં.

સુબલદા જેવા કથીરના કીમિયાગરો હરેક જમાને હોય છે, પણ જેને સુવર્ણની સમજ છે એવા બી.એન. સરકાર જેવા એને વશ થતા નહીં. ૧૯૬૧માં બંગાળી સામયિક 'દેશ'ના વસંતઅંકમાં બી.એન. સરકારે આ વાત લખી છે. તેમાં જણાવ્યું છે કે, ન્યૂ થિએટર્સની સ્થાપના પછી મેં પહેલી જ ફિલ્મ 'દેના પાવના' (લેણદેણ) બનાવી તે શરદબાબુની વાર્તા પરથી હતી. અને તેના ડાઈરેક્ટર પણ પ્રેમાંકુર અટોર્થી જેવા સાહિત્યકાર હતા. બી.એન. સરકારના મંતવ્યને આગળ ધપાવતાં પહેલાં પ્રેમાંકુર અટોર્થી કે જેમનો ઉલ્લેખ આગળના મણકાઓમાં અવારનવાર થયો છે તેમના વિષે જાણવામાં રસ પડે તેવું છે.



'નટીર પૂજા'ના ડાઇરેક્શન વખતે ધ ન્યૂ થીએટર્સમા ગુરુદેવ ટાગોર (૧૯૩૨)

હાલના બાંગ્લાદેશમાં આવેલા ફરીદપુરમાં ૧૮૯૦માં જન્મેલા પ્રેમાંકુર અટોર્થી બંગાળના જાણીતા નવલકથાકાર અને નાટ્યલેખક હતા. તેઓ સિદ્ધહસ્ત નવલિકાકાર પણ ગણાતા હતા. ફિલ્મકલા ઉપર તેમણે પાછળથી અભ્યાસપૂર્ણ નિબંધો પણ લખ્યા હતા. ૧૯૨૨માં તેમણે 'મહાસ્થવીર જાતક' નામની ચાર ભાગની ડૉક્યુનોવેલ લખી હતી, જે બંગાળમાં એ પ્રકારનો પ્રથમ પ્રયોગ હતો. જીવનકથાને તેમણે નવલકથામાં ઢાળી હતી. 'ભારતી' નામનું સાહિત્યિક અને 'નાચઘર' નામનું પરફોર્મિંગ આર્ટનું સામયિક તેમણે કેટલાંક સમય સંભાળ્યું હતું. તેમની પ્રતિભા બહુમુખી હતી. તેમણે અભિનેતા તરીકે ૧૯૨૭માં બનેલી મૂક ફિલ્મ 'પુનર્જન્મ'માં તો કામ કર્યું પણ ફરી વાર બી.એન. સરકારે એની બોલતી ફિલ્મ 'પુનર્જન્મ', ૧૯૩૨માં બનાવી ત્યારે એમાં દિગ્દર્શન આપ્યું અને પોતે દિગ્દર્શક હતા એટલે એમાં કૃષ્ણ હાલદારના છદ્મ નામથી અભિનય પણ આપ્યો. અને એ પણ એક ચાવીરૂપ પાત્રમાં. તેમની સાહિત્યિક પ્રતિભા અને દૃશ્ય માધ્યમની સમજથી આકર્ષાઈને જ બી.એન. સરકારે એમને ધ ન્યૂ થીએટર્સમાં જોડાવાનું નિમંત્રણ આપ્યું અને પ્રેમાંકુર અટોર્થીને તેમની (અટોર્થીની) વાર્તા પરથી બનાવવામાં આવતી પોતાની બીજી જ મૂક ફિલ્મ 'ચાષાર મેયે' (કિસાનકન્યા)નું દિગ્દર્શન સોંપ્યું. એમાં પ્રેમાંકુરદાએ પાછું આગળનું પાત્ર પણ લીધું. સાહિત્યકૃતિઓ પરથી ફિલ્મો બનાવવામાં તેમની 'માસ્ટરી' ગણાતી અનો પુરાવો એમણે પાછળથી દિગ્દર્શિત કરેલી ફિલ્મો 'ચિરકુમારસભા' (રવીન્દ્રનાથ ટાગોર) 'કપાલકુંડલા' (બંકિમચંદ્ર) જેવી ફિલ્મો પરથી મળે છે. ભારતના પૂર્વ પ્રદેશ (બંગાળ)ના હોવા છતાં ભારતના પશ્ચિમ પ્રદેશમાં પણ જઈને કામ કરનાર તેઓ પ્રથમ બંગાળી કલાકાર હતા. એમણે કોલ્હાપુર સિનેટોન અને ઈમ્પિરિઅલ ફિલ્મ કંપની માટે પણ કામ કર્યું. તેઓ ૧૯૬૪માં અવસાન પામ્યા.

આમ, સાહિત્યવ્યાસંગી, સાહિત્યરંગી અને સાહિત્ય પરત્વે ફિલ્મ માધ્યમ દ્વારા પ્રતિબદ્ધ એવા બી.એન. સરકારે ૧૯૬૧માં 'દેશ' સામયિકના વસંત અંકમાં પોતાનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કરતાં આગળ કહ્યું હતું : 'મને એ ખબર હતી કે 'સત્યમ શિવમ્ સુંદરમ્ નાયમાત્મા બલહિનેન લભ્ય' પ્રમાણે સત્ય એ જ ઈશ્વર અને સત્ય એ જ સૌંદર્ય. પણ મને જે કૃતિ રચતાં (ફિલ્મ બનાવતાં) સૌંદર્યબોધ થાય તે પ્રેક્ષકો સુધી ન પહોંચાડી શકું તો સૌંદર્ય અડધા રસ્તે જ રહી જાય. એટલે એમ બને કે મને તુષ્ટિ મળે પણ તેને પ્રેક્ષકો ન પણ સ્વીકારે. આ વસ્તુ મને વિચારતો કરી મૂકે તેવી હતી, પણ આ દોલાયમાન અને સંશયભરી સ્થિતિમાં મને કવિવર ટાગોરના શબ્દોએ પ્રેરણા પૂરી પાડી. મેં ૧૯૩૨માં 'દેવદાસ' બનાવ્યા પહેલાંના ત્રણ વર્ષ પૂર્વે) કવિવરની વાર્તા 'નટીર પૂજા' પરથી પૂર્ણ લંબાઈની તે જ નામની બોલતી ફિલ્મ બનાવી હતી. (આની વાત વિગતે આપણી લેખમાળાના હપ્તા નં. ૪માં આવી ગઈ છે) જેમાં દિગ્દર્શન પણ કવિવરનું હતું અને તેઓ પોતે પણ એમાં દેખાયા હતા. એ ફિલ્મમાં એમનો જે સંદેશો આમેજ કરવામાં આવ્યો હતો તેમાં તેમણે ફિલ્મી દુનિયાના પોતાનાં સાત વર્ષના અનુભવોનો નીચોડ ભેટ ધર્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'હું કોઈ કોહવાતા જતા વિશ્વમાં નહીં, પણ સતત વૃદ્ધિશીલ અને સર્જનગામી વિશ્વમાં શ્વાસ લઉં છું. મારું જગત અવિરત વિસ્મયોથી ભર્યું ભર્યું છે. ઋતુ ઋતુના દૂતો પોતપોતાના રંગબેરંગી સંદેશાઓ લઈને ક્ષિતિજ પર રોજ પ્રગટ થાય છે અને વિરાટ સૂર્યમાળાના આપણા આ નાનકડા હરિયાળા ઉપગ્રહ પૃથ્વીને શણગારે છે. મને તેની અનંત રંગછટાઓમાં તરબોળ રહેવું ગમે છે... માત્ર સાહિત્યમાં ક્યાંક કચરો આવી ગયો હશે તો તેને ગાળીચાળીને જે સુંદરતમ રહે છે તેને યથાતથ સ્વરૂપે માણવું જોઈએ. આ જગતને આપણે જેવું છે તેવું ચાહીએ.'

બી.એન. સરકારે એ ઇન્ટર્વ્યૂમાં લખ્યું કે કવિવરના આ શબ્દો મને સતત પ્રેરણા આપતા રહ્યા ને વ્યાવહારિક સમાધાનોથી દૂર રાખ્યો, ધ્યેયથી વિચલિત થવા દીધો નહીં. મેં વિચાર્યું કે, મારી સાથે આવા સાહિત્યિક સમર્થોની કુમક છે. મારે શા માટે સાહિત્યિકતાના ભોગે માત્ર ટિકિટબારીનો પક્ષપાત કરવો ? કવિવર ટાગોરના શબ્દોએ મને નેતૃત્વ પૂરું પાડ્યું અને હું મારા નિર્ધારિત માર્ગે આગળ વધ્યો.

આમ, 'હંટરવાલી'ની સામે 'દેવદાસ'ને મૂકવાનું સાહસ બી.એન. સરકારે કર્યું. કદાચ કોઈ એમ કહી શકે કે એવું તો સાહસ પાછળથી ૧૯૫૫માં બી.એન. સરકારના કૅમ્પના બિમલ રૉયે પણ એ જ નામની

ફિલ્મ 'દેવદાસ' બનાવીને કર્યું, એ પહેલાં ૧૯૫૩માં તેલુગુમાં એ જ ફિલ્મ નિર્માતા વેદાંતમ્ રાઘવૈયાએ પણ બનાવી. 'આહ' (૧૯૫૩)માં રાજકપુરે ભલે થાપ ખાધી પણ 'ફીર સુબહા હોગી' (૧૯૫૮), 'પ્યાસા' (૧૯૫૭), 'કાગઝ કે ફૂલ' (૧૯૫૯) જેવી પણ આ જ પ્રકારની ફિલ્મો નિર્માતાઓએ હિંમત કરીને બનાવી હતી. થોડાં વર્ષો અગાઉ ધર્મેન્દ્રને 'દેવદાસ' તરીકે લઈને વિદગ્ધ કવિજીવ દિગ્દર્શક ગુલઝારે પણ એ ફિલ્મનું શૂટિંગ શરૂ કર્યું હતું. અને હાલ ૨૦૦૧માં પણ 'ન હન્યતે' જેવી મૈત્રીયીદેવીની સાહિત્યકૃતિનો આધાર લઈને 'હમ દિલ દે ચૂકે સનમ' જેવી સફળ ફિલ્મ બનાવનાર યુવાન ગુજરાતી દિગ્દર્શક સંજય લીલા ભણશાળી પણ શાહરુખખાન (દેવદાસ), ઐશ્વર્યા રાય (પાર્વતી) અને માધુરી દિક્ષિત (ચંદ્રમુખી) ને લઈને એ ફિલ્મ બનાવી રહ્યા છે. અલબત્ત, આ બધી વિગતો સાચી છે, પણ કોઈ જો એમાંથી એવું તારણ કાઢે કે બી.એન. સરકાર પછી પણ એવા પ્રતિબદ્ધ અને હિંમતવાન દિગ્દર્શકો પાક્યા છે તો એવું તારણ ખોટું પડે. વાસ્તવમાં એક માત્ર મૂક ફિલ્મોના યુગમાં દિગ્દર્શક નરેશ મિત્રાએ ૧૯૨૮માં ફિલ્મ 'દેવદાસ' બનાવી હતી, જેમાં ફોટોગ્રાફી પાછળથી ધ ન્યૂ થીએટર્સમાં જોડાઈને નામના પામનાર નીતિન બોઝની હતી. ખુદ નરેશ મિત્રાએ એમાં ભૂમિકા નિભાવી હતી. પણ માત્ર આઠ રીલની એ લઘુફિલ્મ કલકત્તાના મનોમોહન થીએટરમાં રજૂ થતાં વેંત માર ખાઈ ગઈ હતી. એટલે એ નરેશ મિત્રાને જો માત્ર કાળક્રમના ધોરણે બી.એન. સરકારના પૂર્વસૂરી ગણીએ તો એ પૂર્વસૂરીના બેહાલ થયા હતા એ જોઈને પણ બી.એન. સરકાર ભડકી ન ગયા અને એ ફિલ્મને 'ટૉકી' બનાવવાની હામ ભીડી. જ્યારે પાછળથી આવેલા દિગ્દર્શકો, ફિલ્મકારોએ ભલે હિંમત કરી પણ તે હિંમતની ગંગોત્રી તો ધ ન્યૂ થીએટર્સ (બી.એન. સરકાર) હતી. જેમણે એ ફિલ્મ આવા વિપરીત ઇતિહાસ, વિપરીત સંજોગો અને અવળા અભિપ્રાયોને પચાવી જઈને, પણ બનાવી અને માત્ર બનાવી એટલું જ નહીં, પણ એને ભારતીય બંગાળી અને હિંદી ફિલ્મોના ઇતિહાસમાં એક યુગપ્રવર્તક અને સિમાચિહ્નરૂપ બનાવી. સુબલદાની સલાહ પ્રમાણે એ કૃત્રિમ, તાલમેલિયા સુખાંત અને સામાજિક સંદેશાઓના જાડા થથેડાવાળી બનાવી હોત તો એ 'દેવદાસ' નહીં પણ 'દેવદાસની દફનભૂમિ' બનત એમાં શંકા નથી. એ પછી કોઈ એને અસલી સ્વરૂપે બનાવવાની હિંમત ના કરત. એ નોંધવું જોઈએ કે ઘરેડ શરાબી-કબાબી, વેશ્યાગામી (?) કુસંગી, રોનલ, ડિપ્રેસનથી પિડાતા, પલાયનવાદી, અનિર્ણાયક મનોદશાવાળા, ઉડાઉ, દેવાળિયા અને (ખુદ દિલીપકુમાર કહે છે તેમ) 'અર્ધી રાતે એકાંતમાં મળવા આવેલી પ્રિયતમાને સ્પર્શ પણ ના કરી શકનાર' (કે ન કરનાર) રોગિષ્ઠ એન્ટિ હીરોનું પાત્ર ધરાવનાર આ ફિલ્મ અત્યાર સુધીમાં નવ વાર બની ચૂકી છે. અત્યારે બંગાળીમાં પણ નિર્માતા શક્તિસામંત બનાવી. અને ઉપર જણાવી તેવી બીજી ફિલ્મો ઉપરાંત અનેક ફિલ્મો એ ફિલ્મની છાયામાં જ બની છે. 'મેં નશે મેં હૂં' ફિલ્મ (૧૯૫૯, દિગ્દર્શક રમેશ સાયગલ)ની સ્ક્રિપ્ટ હીરો રાજકપુરે વાંચવા માગી અને પહેલા જ દૃશ્યમાં કશાંક મામૂલી કારણોને બહાને શરાબ પીને 'મૈં નશે મેં હૂઁ' ગીત ગાતા નાયકનું વર્ણન વાંચીને એ સહજપણે જ બોલી ઊઠેલા : 'અબ કિતની દફા કરોગે દેવદાસના ખૂન ? (જોકે એમણે એ દૃશ્ય ભજવવાની આનાકાની ના કરી.) - અલબત્ત, 'દેવદાસ' બનાવવાનો વિચાર ભલે બી.એન. સરકારે કર્યો હતો, પણ એને સાચા અર્થમાં માંજો ચડાવનાર હતા પ્રમથેશચંદ્ર બરુવા. તેઓ પણ 'કલાસિક' પ્રકારના કલાકાર હતા. શરદબાબુ સાથે તેમને સારો મનમેળ પણ હતો. શરદબાબુ સમજતા કે બરુવા પણ સરકાર જેટલા જ વાર્તાના ઊંડાણને તાગનારા હતા. પરિણામે તેમની સાથેની બરુવાની બેઠકો (સ્ટોરી સિટિંગ્સ) બહુ ફળવતી નીવડી. એ ફિલ્મમાં, શરદબાબુની જે સાહિત્યિક ઊંચાઈઓ નવલકથામાં જોવા મળતી હતી તે પણ અનુભવી શકાઈ. ભાગ્યે જ કોઈ લેખક પોતાની સાહિત્યકૃતિના માધ્યમાંતર (બીજા માધ્યમમાં અવતરણ)થી સંતુષ્ટ થતો હોય છે - 'દેવદાસ' ફિલ્મ તેમને સંતોષ આપી શકી હતી તે નિર્વિવાદ છે.



ડાયમન્ડ ક્વિનના (૧૯૪૦) આ પોસ્ટરમાં 'સુસ્ત બના દેનેવાલી ફિલ્મ કોઈ ઔર હોગી'માં 'દેવદાસ' જેવી રડતી ફિલ્મો તરફ ઇંગિત છે જે નોંધનીય છે.

'દેવદાસ'ની વાર્તામાં શી નવીનતા હતી, કેવી પરંપરાભંજકતા હતી અને આ કારણે શરદબાબુને એને માટે અમુક વર્ગ તરફથી જશ તો અમુક વર્ક તરફથી જોડાં મળ્યાં તેનું વિવરણ તો આપણે ગયા મણકામાં જોયું, પણ એના વિષેની કેટલીક રસિક વાતો જાણવા જેવી છે.

સૌથી પહેલું અઘરું કામ તો પાત્રવરણીનું હતું, કારણ કે કથાનાં મુખ્ય પાત્રો ત્રણ : દેવદાસ, પાર્વતી અને ચંદ્રમુખી. તે ત્રણે અલગ અલગ સામાજિક સ્તરનાં પ્રતિનિધિ હતાં. એક જમીનદાર, બીજી મધ્યમવર્ગની કન્યા, ત્રીજી તવાયફ. જોકે તે તો તેમની બાહ્ય ઓળખ થઈ, પણ તેમના મિજાજ પણ અલગ અલગ આસમાનના હતા. એક માત્ર પ્રણયભાવના સેતુબંધને બાદ કરતાં દેવદાસ અને પાર્વતી વચ્ચે સ્વભાવની કોઈ જ સમાન ભૂમિકા નહોતી, તો બીજી તરફ પાર્વતી અને ચંદ્રમુખી બન્ને સ્ત્રીઓ હોવા છતાં (વિક્ટોરિયન યુગની પરંપરાબદ્ધ સ્ત્રીઓ હોવા છતાં) તેમના સ્વભાવ પણ એકમેકથી બીજા છેડાના હતા. ત્રણેમાંથી એક પણ પાત્ર દુનિયાની 'નૉર્મલ્સી' (સમધારણતા)નાં ધોરણોમાં બંધ બેસે તેવું નહોતું, તેથી પાત્રવરણી વખતે માત્ર નૈન-નકશો જ નહીં, અભિનેત્રી કે અભિનેતાની પ્રકૃતિદત્ત લાક્ષણિકતાઓ પણ નજરમાં લેવાની હતી.

પુરુષપાત્રમાં તો વરણી સહેલાઈથી થઈ ગઈ. બંગાળી ભાષા, પ્રિન્સલી (રાજવી) વર્તણૂક અને બૅકગ્રાઉન્ડ, થોડાં ગંભીર અને થોડાં રોનકી હોવાને કારણે બંગાળીમાં તો પી.સી. બરુવા જ પ્રથમ પસંદ હતા, તો ચહેરા પરની ચિર ઉદાસી, હિંદી ભાષા પરની પકડ, ધીમી સપાટી પરની વાતચીતની છટા, એ બધું કે.એલ. સાયગલની તરફેણમાં (હિંદી આવૃત્તિ માટે) જતું હતું. જ્યારે સ્ત્રીપાત્રોનો વિચાર કરતાં પી.સી. બરુવાનો સ્પષ્ટ મત કાનનદેવીને પાર્વતીના પાત્રમાં લેવાનો થયો. કાનનદેવીને પણ ફિલ્મી દુનિયામાં આવ્યે સાતઆઠ વર્ષો થયાં હતાં. અને તેથી તેમને આર્થિક બાજુની પણ બહુ સમસ્યા નહોતી. તેમની અભિનયક્ષમતા અને

(અનુસંધાન પૃ. ૬૪૮)

વાર્તા એક ચોરની

મૂળ લેખક : રસ્કિન બૉન્ડ, રૂપાન્તર : સુરેન્દ્રનાથ નિફાડકર

મોહનને હું પહેલી વાર મળ્યો ત્યારે મારી ઉંમર પંદરેક વર્ષની હશે. પંદર વર્ષનો હોવા છતા હું મારા ધન્ધામાં, ચોરીના કામમાં પાવરધો હતો.

મોહન સાથેની મારી આ મુલાકાત એક મેદાન પર થઈ હતી. ત્યાં બે પહેલવાનો એકબીજાને બાથમાં લઈ કુસ્તીના દાવપેચ લડી રહ્યા હતા. મને કુસ્તીમાં રસ ન હતો. હું ઝીણી નજરે મારો શિકાર શોધી રહ્યો હતો. મોહન મને લાયક જણાયો. તે ઊંચો હતો અને એકવડિયો હોવાથી વધુ ઊંચો દેખાતો. તેની ઉંમર હશે માંડ પચીસની. તેના ચહેરા પરથી તે સંતોષી હશે એવું લાગ્યું. આ શિકાર યોગ્ય છે, તેની મને ખાતરી થવા લાગી. તે માટે મારે પ્રથમ તેનો વિશ્વાસ સંપાદન કરવો જરૂરી હતો. મેં સહજ ભાવે કહ્યું, 'ભાઈસા'બ, તમને કુસ્તીમાં વિશેષ રસ દેખાય છે. ખરું જોતા તમે પણ પહેલવાન જેવા જ દેખાઓ છો.'

સ્તુતિ દેવોને પણ પ્રિય હોય છે. મને એમ કે મોહન ખુશ થશે. પણ વળતો જવાબ આપતા તેણે કહ્યું, 'દોસ્ત, તું પણ એવો જ દેખાય છે.'

તેના આવા જવાબથી હું ડઘાઈ ગયો. હું ક્યાં પહેલવાન જેવો હતો ? હું તો કૃશ હતો, સુકલકડી હતો. તેમ છતાં હું હાર માનું તેવો ન હતો. મેં કહ્યું, 'હા ભાઈસા'બ, હું કુસ્તીના થોડાક દાવપેચ જાણું છું. મારા દાદા અચ્છા પહેલવાન હતા. તેમના જ કારણે મને કુસ્તીમાં રસ પડ્યો. પણ બીચારા ૭-૮ વર્ષ પહેલાં જ ગુજરી ગયા.'

મારો આ ખુલાસો સફેદ જૂઠ હતું. મારા દાદા મારા જન્મ પહેલાં જ ગુજરી ગયા હતા. તેઓ પહેલવાન પણ ન હતા. મારા બાપાનું પણ મોઢું મને યાદ નથી. બન્ને ગરીબીમાં જ મરી ગયા.

મોહને મને પૂછ્યું, 'તારું નામ ?' ક્ષણનો પણ વિલંબ કર્યા વગર મેં જવાબ આપ્યો. 'કિસન, કિસનસિંહ.'

કિસન શું ને કિસનસિંહ શું ? બન્ને નામ ખોટાં હતાં. ખરું કહું તો હું મારું નામ દર મહિને બદલતો હતો. કોઈ શેઠિયાને ત્યાં કામ કરી લાગ મળતાં જ ત્યાં પોતાનો કસબ બનાવી હું ત્યાંથી ભાગી જતો. પોલીસ મને પકડી ન શકે તે માટે હું મારું નામ બદલી નાખતો.

મારું નામ સાંભળ્યા બાદ મોહને મને કુસ્તી ખેલતા બન્ને પહેલવાનોનો ઈતિહાસ જણાવવાની શરૂઆત કરી. કુસ્તી અંગેનું મારું જ્ઞાન શૂન્ય હતું. તેમ છતાં હું તેની 'હા' માં હા ભણતો. એક વાત સ્પષ્ટ થઈ કે તે અહીં આવી નિયમિત કુસ્તી જોતો હતો. મને તેમાં જરાયે રસ પડતો ન હતો.

લગભગ અર્ધા કલાક બાદ કુસ્તીના પ્રયોગ પૂરા થયા. મોહન ત્યાંથી ચાલવા લાગ્યો. થોડુંક અંતર રાખી હું તેની પાછળ જવા લાગ્યો. મોહને પાછું વળીને મને પૂછ્યું, 'અરે, તું મારી પાછળ કેમ આવે છે ?'

અમે ચોર.. ચહેરા પરના ભાવ બદલવામાં ઉસ્તાદ હોઈએ છીએ. હું તો આ વિષયમાં ક્યારનોયે નિષ્ણાત બન્યો હતો. ચહેરા પર લાચારીના ભાવ લાવી મેં કહ્યું, 'ભાઈસા'બ, ગરીબ છું. મારું આ દુનિયામાં કોઈ નથી. કામની શોધમાં છું. શું, તમે મને કામ આપી શકશો ?'

'તને કામે રાખીશ ખરો. પણ હાલ હું તને પગાર આપી ન શકું.' મોહને કહ્યું.

તેના આ ઉત્તરથી હું ક્ષણેક સ્તબ્ધ બન્યો. શું, મેં મારા શિકારને ઓળખવામાં થાપ તો નથી ખાધી ને ? પણ હું હાર માનું તેવો ન હતો. ફરીથી લાચારભાવે મેં પૂછ્યું, 'સાહેબ, તમે મને બે વખતના રોટલા તો આપશો ને ?'

'તને રાંધતાં આવડે છે ?' મોહનના આ પ્રશ્ન પર ક્ષણનો પણ વિચાર કર્યા વગર મેં કહ્યું, 'હા, ભાઈસા'બ.'

ખરું પૂછો તો મને રાંધવાનું જરાયે આવડતું ન હતું. ક્યારેક લોકોનાં પાકીટ મારીને તો ક્યારેક કોઈ શેઠિયાને ત્યાં ચાકરીનું નાટક કરીને હાથ-સફાઈ કરીને હું ત્યાંથી ભાગી જતો. મારું નામ બદલતો, શહેર બદલતો, હાથ કરેલ ચોરીના નાણાં પર હોટેલોમાં એશ કરતો. નાણાં ખલાસ થયાં બાદ ફરીથી નવા શેઠિયા શોધવાના. આજે એવી જ પરિસ્થિતિ હતી. મોહનને નવા શેઠ, નવા સાહેબ બનાવવાની મારી કોશિશ ચાલુ હતી.

મારા ખભા પર હાથ મૂકીને તેણે કહ્યું, 'ઘણું સારું. તું રાંધીશ તો હું તને બે ટંકનું ભોજન જરૂર આપીશ.'

આટલા વાર્તાલાપ પછી તે મને તેના ઘરે લઈ ગયો. તેનું ઘર બે ઓરડીનું હતું. એકમાં તેનો પલંગ, ટેબલ, ખુરશી અને ઘણાં પુસ્તકો ભરેલો ઘોડો હતો. બીજી ઓરડી એ રસોડું. એક-બે માણસ માટે જોઈતાં રસોઈનાં સાધનો રસોડામાં હતાં. પલંગવાળી ઓરડીને લગતી એક ગૅલરી પણ હતી. આ મકાન પહેલા માળે હતું. નીચે 'મથુરા મીઠાઈ ભંડાર' હતું, ત્યાં બનતી વાનગીઓની સુગંધ મારા નાકમાં ભરાઈ ગઈ. આ માણસ રાંધતો શું કામ હશે ? નીચે આટલી મજેદાર વાનગીઓ બને છે. તે ખાવામાં તેને શું વાંધો હશે ? એવા વિચાર મારા મનમાં ડોકાયા. રસોઈનાં સાધન-સામગ્રીની માહિતી આપ્યા બાદ તેણે મને કહ્યું, 'તારે રાત્રે ગૅલરીમાં સુવાનું રહેશે.'

સાંજ પડી. મોહન ઘરે ન હતો. હું રસોઈ અંગેનો વિચાર કરવા લાગ્યો. અહીં કોના બાપે રસોઈ કરી હતી ? ગમે તેવું રાંધી મૂક્યું. રાત્રે મોહન આવ્યો. તેની થાળી પીરસી. પહેલા જ કોળિયે મોહનનો ચહેરો જોયા બાદ રસોઈ ભયંકર થયાની લાગણી મેં વાંચી લીધી. હાથમાં થાળી લઈને તે ઊઠ્યો. નીચે ઊતરી રાંધેલા પદાર્થો તેણે કૂતરાર્પણ કરી દીધા અને ઉપર આવીને મારા ખભા પર હાથ મૂકીને કહેવા લાગ્યો, 'ચિંતા ન કરીશ. હું તને રાંધતાં શીખવાડીશ. તું અભણ છે ને ? હું તને તારું નામ લખતાં શીખવાડીશ, એકડો બગડો શીખવાડીશ.'

મોહનની આ વાત પર મેં ધન્યતા અનુભવી. અભણે કરેલી ચોરી અને ભણેલા-ગણેલાએ કરેલી ચોરીમાં જમીન-આસમાનનો ફરક. અભણની ચોરીને મર્યાદા હોય છે, ભણેલાગણેલાની ચોરીને કોઈ સીમા નથી. અભણ ચોરોને પોલીસ ધુત્કારે છે, ડંડા મારે છે. ભણેલા સફેદ ઠગોને પોલીસ, જનતા સલામ ભરે છે. આવા ચોરો બંગલામાં રહે છે, મોટર ચલાવે છે.

'બસ, હવે મોહનના ઘરે રહી ભણીગણીને સફેદ ઠગ બનીએ.' મેં મનોમન નિશ્ચય કરી લીધો.

હવે મોહન માટે કામ કરવામાં મને આનંદ મળવા લાગ્યો. સવારે

હું તેનાં દાતણપાણીની વ્યવસ્થા કરતો. તેની સામે ચાનો કપ ધરતો. તે ખુશ થતો. ક્યારેક તે મને ૪-૫ દિવસની સીધુ-સામગ્રી ખરીદવા મોકલતો. તેમાંથી એક રૂપિયો હું અચૂક કાઢી લેતો. હિસાબ આપતી વેળા આ વાત મોહનના ખયાલમાં આવતી હશે એવું તેનો ચહેરો કહેતો, પણ મારા જેવો યશસ્વી ચોર તેની શું કામ ચિંતા કરે ?

ધીમે ધીમે મારા ખયાલમાં આવ્યું કે મોહનની આવક અનિયમિત છે. એક અઠવાડિયે તે બીજા પાસેથી નાણાં ઉછીનાં લેતો તો બીજે અઠવાડિયે બીજાને ઉછીના આપતો. ક્યારેક તેનો ચેક સમયસર ન આવે તો તે દુઃખી થઈ જતો અને તે ધાર્યા કરતા વહેલો આવે તો બહાર જઈના મિત્રો સાથે આનંદ માણતો. મેં જોયું કે રાતદિવસ કંઈ ને કંઈ લખતો જ રહેતો. તેને ત્યાં અનેક સામયિકો આવતાં. જાહેર છે કે એ તો સામયિકો માટે જ લખતો હતો. મોહન એક લેખક હતો. જીવન જીવવા માટેનો તેનો આ વિચિત્ર માર્ગ હતો.

એક દિવસ સાંજે તે ઘરે આવ્યો, હાથમાં નોટોનું બંડલ અને ચહેરા પર ખુશી લઈને. તેના કહેવા મુજબ કોઈ એક પ્રકાશકે તેણે લખેલ નવલકથા ખરીદી હતી અને તેના પુરસ્કારની રકમ રોકડેથી ચૂકવી હતી. તેણે નોટોનું એ બંડલ પોતાના ગાદલા નીચે મૂક્યું. મારા જેવા કસાયેલા ચોરની નજરમાંથી તે છટક્યું નહોતું.

મોહનને ત્યાં રહ્યા એક મહિનો થયો હતો. તેના માટે મેં ખૂબ મજૂરી કરી હતી. તેણે મને પગાર જેવું કશું રોકડું આપ્યું ન હતું. બજારહાટની રકમમાંથી એક રૂપિયો કાઢી લેવા સિવાય મેં મારો અસલી ધન્ધો કર્યો ન હતો. ખરું જોતાં અહીં મને અનેક તકો મળી હતી. બહાર જતી વખતે મોહન મકાનની ચાવી મને જ સોંપી દેતો. આજ સુધી મને મળેલ શેઠિયા પૈકી મોહન જ મારા પર સૌથી વધુ વિશ્વાસ મૂકતો હતો. તેથી જ મળેલ તકનો લાભ લઈ તેને બનાવી જવાનું મારા માટે સહેલું હતું.

પણ, અમારા જેવા ચોરોની એક વાત કહું. લોભી માણસને લૂંટવો સહેલો છે. તેની પાસે લૂંટવા જેટલાં નાણાં હોય છે. અને તે લૂંટાયા બાદ તેની હાયહાય જોવા લાયક હોય છે. આવી મજા બેદરકાર માણસને લૂંટવામાં આવતી નથી. એક તો પોતાની પાસે કેટલાં નાણાં છે તે, તે જાણતો નથી. બીજું, લૂંટાઈ જવાની 'હાયહાય' તેના ચહેરા પર દેખાતી નથી. આવા માણસને લૂંટવામાં કંઈ મજા ખરી ?

મોહનને ત્યાં આવી, મારો ધન્ધાનો મહાવરો લગભગ ઘટી ગયો હતો. લગભગ શબ્દ એટલા માટે વાપર્યો કે મારી અંદર છુપાયેલો ચોર હજુ જાગૃત હતો, મર્યો ન હતો. એ સંતાયેલા ચોરે જ મને કહેલું, 'વાહ ભાઈ, આજે મોટી તક છે, ધન્ધો ફરીથી શરૂ કરવાની !'

મેં મનમાં કહ્યું, 'જો હું આ નાણાં ન ચોરું તો મોહન તેના મિત્રો સાથે જયાફતમાં ઉડાવી દેશે.' હું તક શોધવા લાગ્યો.

જમી કરીને તે સૂઈ ગયો અને તરત જ નસકોરાં બોલાવવા લાગ્યો. આકાશમાં આછાંપાતળાં વાદળાં હતાં. તેમાંથી ચંદ્રનો પ્રકાશ મોહનની ઓરડીની બારીમાં આવ્યો. જોતજોતાંમાં એ શાંત પ્રકાશ તેની પથારી પર રેલાયો. ચંદ્રપ્રકાશમાં દેખાતો મોહનનો શાંત, સૌમ્ય ચહેરો બીજા ચંદ્ર જેવો જ મને દેખાયો. હું તેના કરતાં દસ વર્ષ નાનો હોવા છતાં મારો ચહેરો પાકટ હતો. તેના પર જખ્મોનાં અનેક નિશાન હતાં.

મોહને તેની પથારી નીચે નોટોનું બંડલ ક્યાં મૂકેલું તેનો મને પાકો અંદાજ હતો જ. હું બિલ્લીપગે તેની પથારી પાસે ગયો અને હળવેકથી તેની પથારી નીચે રહેલ બંડલ મેં બહાર કાઢી લીધું. બરાબર એ જ ક્ષણે તેણે પોતાનું પડખું ફેરવ્યું. હું ક્ષણેક ગભરાયો. પણ બીજી જ ક્ષણે પોતાની જાતને સંભાળી લઈ વીજળીવેગે બહાર નીકળી પડ્યો. જતાં પહેલાં મકાનનું બારણું બંધ કર્યું. નોટો ચોરતાં પહેલાં જ મેં સ્ટેશન પર જઈ રાતની સાડા અગિયારની એક્સપ્રેસ પકડવાનું યોજ્યું હતું. આ શહેર છોડું એટલે ગંગા ન્હાયા.

રસ્તા પર આવ્યા બાદ એકાંતના એક ખૂણે મેં નોટો ગણી. પચાસની ચાળીસ નોટો ! મારા જીવનની આ સૌથી મોટી ચોરી ! મેં નોટોનું બંડલ લેંઘાના નાડાથી લેંઘાની ઉપરની બાજુએ કસીને બાંધ્યું અને દોડવાની શરૂઆત કરી. મારા મનમાં એક જ વિચાર હતો : આ ગામ છોડ્યા બાદ આપણે રાજા. બેત્રણ મહિના રાજા જેવું જ રહેવાનું.

ખૂબ દોડ્યા બાદ હવે કોઈ આવવાનું નથી તેની ખાતરી કરી મેં નિરાંતે ચાલવાની શરૂઆત કરી. સ્ટેશન પર આવ્યા બાદ મેં એક્સપ્રેસના પ્લૅટફૉર્મનો રસ્તો પકડ્યો. બંદાએ ક્યારેય ટિકિટ લીધી છે તે આજે લઉં ? પણ મારા દુર્ભાગ્યે હું પ્લૅટફૉર્મ પર ગયો ત્યારે ગાડીની ગતિએ જોર પકડ્યું હતું. દોડતાં દોડતાં કોઈ પણ ડબ્બામાં હું ઘૂસી ગયો હોત, પણ મારાથી આજે તેવું ન થયું. કેમ ન થયું તેનો ખુલાસો મારી પાસે નથી.

ટ્રેનનો છેલ્લો ડબ્બો મારી નજર સામેથી જતો રહ્યો. હું પ્લૅટફૉર્મ પર આંટાફેરા મારવા લાગ્યો. અત્યાર સુધીના મારા જીવનમાં રાત ક્યાં કાઢવી તેનો વિચાર કરવાનો પ્રસંગ આવ્યો ન હતો, જે આજે આવ્યો. સ્ટેશન પાસે એક હોટેલ હતી ત્યાં રાત્રે પથારી પણ મળતી. પણ હોટેલના માલિકનો કે હોટેલમાં આવનાર માણસોનો વિશ્વાસ કરાય તેવું ન હતું. ગામમાં બેચાર છોકરાઓ મારા મિત્ર થયા હતા. તેમનો પણ આવા સંજોગોમાં વિશ્વાસ ન કરાય. તો વિશ્વાસ મુકાય એવો વિશ્વાસપાત્ર માણસ કોણ ? તેનો ઝટ જવાબ મળી ગયો. જેના ઘરે મેં હાલ જ ચોરી કરી હતી એ માણસ મોહન ! લેખક મોહનદેવ !

કંટાળીને હું સ્ટેશન બહાર આવ્યો અને ધીમી ગતિએ ચાલવા લાગ્યો.

પોતાની મૂલ્યવાન વસ્તુની ચોરી થયા બાદ માણસનો ચહેરા કેવો હોય તેનો મેં અભ્યાસ કર્યો હતો. લોભી માણસના ચહેરા પર ભીતિ હોય છે. અમીરના ચહેરા પર ક્રોધ વર્તાઈ આવે છે. ગરીબ માણસ કશી ફરિયાદ ન કરતાં બધું જ સહન કરે છે. મોહનનો ચહેરો હું જાણતો હતો. પોતાના પુસ્તકના પુરસ્કાર રૂપે મળેલ નાણાં ચોરાઈ ગયાં છે તેથી તે દુઃખી થશે. પણ તેનું આ દુઃખ નાણાં ગુમાવ્યા બદલનું નહીં પણ વિશ્વાસ ગુમાવાનું હશે. ચોર કોણ છે એ તે જાણી ગયા હશે જ.

દિશાહીન બનીને ચાલતાં ચાલતાં હું એક મેદાન પર આવ્યો. નવેમ્બરનો મહિનો હોવા છતાં વરસાદ ઝરમર ઝરમર વરસવા લાગ્યો. હું એક બાંકડા પર બેઠો. મારી સ્વસ્થતા મેં ગુમાવી હતી. મારી બાજુના બાંકડા પર કેટલાક ભિખારી અને બેઘર માણસો ફાટેલી ચાદરમાં આડા પડ્યા હતા. મારી પાસે કશું ન હતું. લેંઘામાં બાંધેલી નોટોનું બંડલ પલળી ગયું હતું.

મારું મન કહેતું, 'આ એક રાત કાઢ્યા બાદ, તું રાજા, બે હજાર રૂપિયાનો મન ફાવે તેવો ખર્ચ કરી શકીશ. મોહન તને શું આપત ?' બહુ

બહુ તો સિનેમા જોવા માટે દસબાર રૂપિયા. હવે તેની રસોઈ કરવાની તારે જરૂર નથી. બજારમાંથી થેલા ઉપાડી લાવવાની જરૂર નથી અને જરૂર નથી લખવા-વાંચવાનું શીખવાની; નામ લખતાં શીખવાની કે પૂર્ણ વાક્ય લખતાં શીખવાની.

અરે, ચોરીના લોભમાં હું મોહનને આપેલું પૂર્ણ વાક્ય શીખવાડવાનું વચન તદ્દન ભૂલી ગયો હતો. પૂર્ણ શિક્ષણ એટલે ખરા શિક્ષણની શરૂઆત. શિક્ષણ મહાસાગર જેવું હોય છે. શિક્ષણ હિમાલય જેવું હોય છે. શિક્ષણ લઈને સફેદ ઠગ બની શકાય ને સંસ્કારી માણસ પણ બની શકાય છે. મોહન કેટલું બધું ભણ્યો ! તેની વાણીમાં કેટલી બધી મીઠાશ છે ! ધારત તો તે સફેદ ઠગ બની શકત, પણ શિક્ષણનો ખરો અર્થ એ જાણે છે. તે લેખક બન્યો. સમાજમાં તેનું કેટલું બધું માન છે ! ચોરી કરવી સહેલી છે, ચોરી કર્યા બાદ પકડાઈને જેલમાં જવું પણ સહેલું છે, પરન્તુ ભણીગણીને, સંસ્કાર મેળવી સમાજમાં માન મેળવવું અઘરું છે. આવા અઘરા કામથી હું શું કામ ડરું છું ?

લખવા-વાંચવાનું, પૂર્ણ વાક્ય લખવાનું શીખવા માટે, માણસ બનવા માટે મારે ફરીથી મોહનને ત્યાં જવું જ જોઈએ.

ઉદાસ મને જેમ બને તેમ જલ્દીથી, હું પાછો ફર્યો. ચોરી કરવી ઘણી સહેલી છે, પણ ચોરેલી વસ્તુ તેના મૂળ માલિકને, કોઈનેય ખયાલ ન આવે એવી રીતે પરત કરવી એ ઘણું કપરું કામ છે. હું ઘરે આવ્યો. બારીનું બારણું ધીમેથી અંદર ધકેલ્યું. મોહન સૂતેલો જ હતો. તેનો ચહેરો એવો જ હતો શાંત, સૌમ્ય. હું બિલ્લીપગે અંદર ગયો. ધીમેથી તેના ગાદલા નીચે તેનું નોટોનું બંડલ સરકાવી દીધું. બરાબર એ જ ક્ષણે તેણે પડખું ફેરવ્યું. હું ગભરાયો અને ધીમેથી ત્યાંથી સરકી જઈ ગેલરીમાં મારી પથારી પર આડો પડ્યો.

બીજે દિવસે હું મોડેથી જાગ્યો. હું જાગું તે પહેલાં જ મોહને ચા બનાવી લીધી હતી. ઢાંકેલા કપ તરફ આંગળી ચીંધી તે બોલ્યો, 'તારા માટે.'

દાતણ-પાણી કરીને મેં ચા પી લીધી. તે દરમ્યાન અમે કશું બોલ્યા ન હતા. મારો ચાનો કપ ખાલી થયા બાદ તેણે મારી સામે પચાસની બે નોટો ધરી. મારી હિંમત ઓછી થઈ, તદ્દન ઓછી થઈ. મને લાગ્યું કે મારી ચોરી પકડાઈ ગઈ છે. તે બોલ્યો,

'આ તારા માટે જ છે. કાલે મને કેટલાંક નાણાં મળ્યાં. હવે હું તને નિયમિત પગાર આપી શકીશ.'

મારામાં જરાક હિંમત આવી. મેં નોટો મારા હાથમાં લીધી. એ તદ્દન ભીંજાયેલી હતી.

તે હસ્યો. તેણે કહ્યું, 'મને લાગે છે હવે આપણે વાક્ય, પૂરું વાક્ય, લખવાની શરૂઆત કરીએ.'

રાત્રે શું બન્યું હતું તે તેના ખયાલમાં આવ્યું હતું. તેમ છતાં તે અંગે તેણે જરાયે અંદેશો દર્શાવ્યો ન હતો, ન શબ્દથી કે ન નજરથી. મોહન સામે જોઈને હું હસ્યો. એ હાસ્ય બનાવટી ન હતું, હૃદયનું હતું.

પ્રિય વાચક હવે હું વીસ વર્ષનો થયો છું અને મોહન ત્રીસનો. ઘરમાં હવે ભાભી આવ્યાં છે. ટૂંક સમયમાં હું 'અંકલ' થઈશ. મોહન હવે નામાંકિત લેખક છે. તેના માર્ગદર્શનથી મેં વાક્ય લખવાની શરૂઆત કરી હતી. આજે ઘણાં વાક્યો ભેગાં કરી મેં આ કથા લખી છે. મોહનદેવ મારા ગુરુ છે ને ! ❑

ચેસ-કૉર્નર : કોયડો-૧૧

કાળાં



સફેદ

કાળા મહોરાની ચાલ અને સફેદ રાજાને બે ચાલમાં મહાત કરવાનો.
(Black to play and mate in two)

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kg1,Qe6,Rh1-Rf1,Be3,Bf7,P-a4,b2, e3,h4.**

કાળાં : **Kb8, Qd7,Rd8-Rf5,Bd6,Nd3,P-a7, b7,c5,f6,h7**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૧૦, મંગલમ્ સોસાયટી, ભગવાન નગરનો ટેકરો, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ (**e-mail - shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે.

જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ ડિસેમ્બર મહિનાના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના ઑગસ્ટ ૨૦૦૧ના અંકમાં આવેલા કોયડા નં. ૯નો ઉકેલ :

સફેદ	કાળું
(૧) **Ned7**	
અથવા	
(૧) **Nd3**	
જો....	**e2**
(૨) **Qe5#**	
જો....	**g6**
(૨) **Qe5#**	
જો....	**Kd6**
(૨) **Qe5#**	
જો....	**Ke4**
(૨) **Bc6#**	

આ વખતે સાચો ઉકેલ મોકલનારનાં નામ : (૧) ઝેડ.એસ. ઝાલાવાડિયા (અમદાવાદ) (૨) દર્શન શાહ (વડોદરા) (૩) પરેશ પટેલ (અમદાવાદ)

-અર્પી શાહ

♣ રાજા રવિ વર્માનાં ♦ ♥ રમવાનાં પત્તાં ♥

કિશોર ન. ગોરધનદાસ

ભારતના ૧૯મી સદીના વિખ્યાત ચિત્રકાર રાજા રવિ વર્માનો જન્મ સને ૧૮૪૮માં કેરાળામાં થએલો અને એમનું અવસાન પણ કેરાળામાં જ સને ૧૯૦૬માં થયું. એમના વિષે છેલ્લાં થોડાંએક વર્ષો દરમ્યાન ઘણું લખાઈ ચૂક્યું છે અને લખાતું રહ્યું છે.


રાજા રવિ વર્મા, તેમનાં અસંખ્ય અદ્‌ભુત ચિત્રો, તેમની રહેણીકરણી વગેરે વિષે ઘણું લખાણ વાંચવા મળેલું. એમનાં ચિત્રો માટે અનેક છાપાંઓ-સામયિકોમાં એ ચિત્રોના ફોટાઓ સાથે ઉલ્લેખ થતો આવ્યો છે. એમનાં ચિત્રોનાં ઘણી જગ્યાએ પ્રદર્શનો થએલાં છે. રાજા રવિ વર્મા અને એમનાં અસંખ્ય ચિત્રો ઉપર સચિત્ર અને સ્લાઈડ સહિતના વાર્તાલાપો પણ યોજાએલા, જેમાં મેં જાતે હાજરી આપેલી છે. ઉપરાંત એમનાં ચિત્રોનાં લિલામ (સોધબી જેવા માતબર લિલામઘરમાં) પણ અવારનવાર થતાં આવ્યાં છે. આ બધા લેખો, સ્લાઈડ શો વગેરેએ રાજા રવિ વર્માનાં ચિત્રો, કેલેન્ડર આર્ટ અને એમનું છાપખાનું જે ૧૮૯૪ની સાલમાં મુંબઈમાં શરૂ કરાયું અને પાછળથી લોનાવલા લઈ જવાયું તે ... માહિતી આપી છે. એ છાપખાનામાં ભારતના પૌરાણિક અને ધાર્મિક વિષયો પરનાં પુનર્મુદ્રણોના સંદર્ભમાં પણ વિગતો અપાએલી વાંચવા મળે છે. પરંતુ ક્યાંયે રાજા રવિ વર્માના લોનાવલાના પ્રેસમાં પૌરાણિક અને ઐતિહાસિક વિષયો પર રમવાનાં બાવન પત્તાં છપાએલાં હોય એનો ઉલ્લેખ સરખો યે નથી જોવા મળતો ! કદાચિત્ રાજા રવિ વર્માના ૧૯૦૬ની સાલમાં થયેલા અવસાન બાદ એ પત્તાં છપાએલાં હોવાથી કે કોઈ પણ કારણસર આ વિગત લોકોની જાણમાં હજુ પણ નથી. એમ કહેવાય છે કે રાજા રવિ વર્માએ ૧૯૦૧ની સાલમાં ફક્ત રૂ. ૨૫૦૦૦ની કિંમતમાં એમનું છાપખાનું તેમના જર્મન સલાહકાર તત્ત્રવિદને વેચી દીધેલું અને જેમાં પોતાનાં દોરેલાં ૮૯ ચિત્રોના હક્કોનો પણ સમાવેશ થએલો હતો.




રાજા રવિ વર્મા

ઉપરની બાબતને લગતો એક નાનકડો પત્ર મેં મુંબઈના 'The Times of India'નાં તંત્રીશ્રીને ૧૯૯૩ની સાલમાં એ લોકોના એક લેખના સંદર્ભમાં લખેલો તેના એક વિભાગના ભાઈએ મને ફોન કરીને આ બાબતમાં એક નાનો સરખો લેખ ચિત્રો સાથે મોકલવા કહ્યું અને તે પણ બે દિવસમાં જ. મેં લખી મોકલ્યો : **Unusual Playing Cards On Indian Theme Printed in India & Abroad.** મારો આ મથાળા હેઠળનો સવિસ્તર લેખ રાજા રવિ વર્માનાં પત્તાં સિવાયનાં બીજાં પણ રમવાનાં સુન્દર પત્તાં નિર્દેશતો હતો.

આ લેખમાં રાજા રવિ વર્માનાં જે પૌરાણિક અને ઐતિહાસિક





પત્તાંના હું ઉલ્લેખ કરું છું તે ખૂબ જ સુંદર છે. આ પત્તાનાં રંગીન ચિત્રો અને તેની રંગીન પારદર્શિકાઓ મારા પારિ-ફ્રાન્સના પત્તાંના સંગ્રહકાર મિત્ર અને ઇતિહાસવિદ શ્રી થીઅરી દેપૌલિસે સને ૧૯૯૦-૧૯૯૧ની સાલમાં મોકલેલાં. એમણે મને પત્ર દ્વારા એ પત્તાંમાંનાં રાજા, રાણી, ગુલામ છપાએલી વ્યક્તિઓનાં વર્ણન-વિગત જણાવવા કહ્યું. આ બે જુદી જુદી રમવાનાં પત્તાંની જોડ છે : (૧) પૌરાણિક (૨) ઐતિહાસિક. મેં આપેલ વિગતને આધારે પૅરિસના એ મિત્રે પણ ફ્રાન્સથી પ્રદર્શિત થતાં પત્તાંના સંગ્રહકાર માટેના સામયિકમાં ફ્રેન્ચ ભાષામાં શ્વેતશ્યામ ચિત્રો સાથે એક લેખ લખેલાં.

આ સાથેનાં ચિત્રોવાળાં ઐતિહાસિક જોડ પરનાં પત્તાંની વિગત આ પ્રમાણે છે :

ચોકટ રંગ : **Diamonds** ♦

તામરલેન (૧૩૪૬-૧૪૦૫) અને નૂરજહાં બેગમ

કાળી રંગ **Spades** ❤

અકબર શાહ (૧૫૪૨-૧૬૦૫) અને મોતી બેગમ

લાલ રંગ **Hearts** ♥

શાહજહાં (૧૫૮૨-૧૬૬૬) અને મુમતાજમહાલ બેગમ

ફુલ્લી રંગ **Clubs** ♣

ઔરંગઝેબ (૧૬૧૮-૧૭૦૯) અને ઝિન્નત મહલ બેગમ

દરેક ગુલામ (**Jack** કે **Knave**) પર તે વખતના સૈનિક, તેના પહેરવેશ અને હથિયારોની સાથે ચીતરવામાં આવેલ.

પૌરાણિક પત્તાંની જોડમાંનાં કોર્ટ કાર્ડ્સ આ પ્રમાણે છે :

ચોકટ : નળ રાજા, દમયન્તી અને રાજહંસ (ગુલામ પર)

કાળી : રામચંદ્ર, સીતાદેવી અને હનુમાનજી

લાલ : રાજા હરિશ્ચંદ્ર, રાણી તારામતી અને વિશ્વામિત્ર

ફુલ્લી : રાજા દુષ્યન્ત, રાણી શકુન્તલા અને સૂત્રધાર

ઐતિહાસિક પત્તાં ઉપરનું લખાણ અંગ્રેજીમાં છે, જ્યારે પૌરાણિક પત્તાં પર હિંદુસ્તાનીમાં છે. ઐતિહાસિક પત્તાં પર ચાલુ રમવાનાં પત્તાં દેખાય છે તેમ બંને બાજુથી સરખાં જોવા મળે તેવાં છે, જ્યારે પૌરાણિક જોડમાં એક મસ્તકવાળા છે. નવથી દસ રંગીન છપાઈમાં **Cn rono-lithography**થી આ પત્તાં છપાએલાં લાગે છે.

આ બંને જોડમાં ટ્રેડ માર્ક **RRV (Raja Ravi Varma)** છે, છતાં પણ દરેકના કાળીના એક્કા (**ACE of Spades**)ની નીચે, એકમાં **Karli, Bombay** છાપેલ છે, જ્યારે બીજામાં **Karla, Lonavla** છપાએલ છે.

મારા પોતાના સંગ્રહમાંની રાજા રવિ વર્માની બીજી એક ચાલુ–સાદા રાજા; રાણી સાથેની જોડમાં રાજા, રાણી, ગુલામના હોઠ લાલ રંગાએલા છે. અને આંખો કાંઈક જુદી, હસતી લાગે છે. અહીં પણ ટ્રેડ માર્ક **RRV** છે, પરંતુ નીચે **Malavli, Lonavla India** છપાએલ છે.

(♦ A ❤ K ♥ Q ♣ J મારાં પાનાં છે.)

આવી જ બીજી એક '**Standard Court Cards**' દર્શાવતી, રાજા રવિ વર્માના પ્રેસમાં છપાએલી જોડ '**Cary Collection Yale University Library, New Haven, Connecticut, USA**' માં છે. મારી પાસે છે તેવી જ લગભગ આ જોડ છે. કાળીનો એક્કો







જુદો પડે છે. આમાં મુખ્ય વિક્રેતા **Karamchand Ambalal & Co. Bangri Bazar, Bombay-3** અને તૈયાર કર્યાનું વર્ષ ૧૯૩૫ બતાવેલ છે.

આ ઉપરાંત રાજા રવિ વર્માના પ્રેસમાં બીજાં પણ થોડાં પૌરાણિક-ઐતિહાસિક પત્તાં જરૂર છપાયાં છે. મારી પાસે આમાંની વધુ વિગત નથી. પરંતુ મારા ધ્યાનમાં લિલામઘરનાં પત્તાંના સૂચિપત્રમાં ૧૯૯૪-૧૯૯૫ની સાલની આસપાસ આવી જ પણ બે જુદી જુદી પત્તાંની જોડ ચિત્ર સાથે મળેલી, હું એ મેળવી શક્યો નહોતો.

આ સાથે પૅરિસની થીઅરી દૈપૌલિસે મોકલાવેલ રંગીન ચિત્રો છે. આપના વાચકવર્ગને ખયાલ આવે કે પત્તાંઓ પણ રંગીન અને જાણવાલાયક હોઈ શકે છે. વાચકવર્ગમાંના કોઈને પણ રાજા રવિ વર્માનાં પત્તાંઓ વિષે ખયાલ કે જાણકારી હોય તો મારો સંપર્ક કરશે તો આભારી થઈશ. આશ્ચર્યની વાત છે કે મુંબઈમાં છપાએલાં આ અદ્ભુત પત્તાંની જોડ હાલમાં ભારતમાં ક્યાંયે ઉપલબ્ધ થઈ શકે કે કેમ તે જાણી શકાતું નથી. (કિશોર ન. ગોરધનદાસ, ગ્લેડહર્સ્ટ, એ-૧૧ પહેલો માળ, સર ફિરોઝશાહ મહેતા રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૪) ☐

અનુસંધાન] સુબ્રહ્મણ્યમ્.....[પૃ. ૬૧૭ થી

મહારાષ્ટ્ર રાજ્યમાં કોઈ સૌભાગ્યવતી સ્ત્રી કાર્તિકેય સ્વામી (સુબ્રહ્મણ્યમ્)ના મંદિરમાં જતી નથી. મહારાષ્ટ્રમાં પુણેમાં પાર્વતી મંદિર છે. તેમાં કાર્તિકેયનું સુંદર સ્થાનક છે. તે મયૂરાસન પર બિરાજેલા છે. ત્યાં બોર્ડ મારેલું છે : સ્ત્રીઓનો આ મંદિરમાં પ્રવેશ નિષેધ છે. કારણ એવી માન્યતા છે કે સુબ્રહ્મણ્યમે બ્રહ્મચારી રહેવાનું નક્કી કર્યું તેથી જો કોઈ તેનાં દર્શને જાય તો તેને સાત જન્મ સુધી વૈધવ્ય પ્રાપ્ત થાય. પરિણામે સુબ્રહ્મણ્યમ્નાં મંદિરોનું ગુજરાત-મહારાષ્ટ્ર વગેરે સ્થળે નિર્માણ થયું નથી.

સુબ્રહ્મણ્યમ્ - કાર્તિકેયનું પ્રતિમાવિધાન કરવાનો અહીં આશય નથી પરંતુ ઉત્તર ભારત અને દક્ષિણ ભારતના સુબ્રહ્મણ્યમ્ અંગેનાં દૃષ્ટિબિંદુ વિશે વાત કરવાનો આશય છે.

આપણે જોઈ ગયા કે ઉત્તર ભારતમાં સુબ્રહ્મણ્યમ્નાં મંદિર નથી, પરંતુ દક્ષિણ ભારતમાં શહેર, ગામડાં, બગીચા, પર્વતનાં શિખરે કે કોઈ વિચિત્ર જગાએ તેમનાં નાનાં કે મોટાં મંદિરો મળી આવે છે. તામિલનાડુનાં પ્રતિષ્ઠિત કેટલાંક મંદિરો જોઈએ :

(૧) તિરૂપકુંદ્રુ મના ખડક મંદિરમાં ભગવાન સુબ્રહ્મણ્યમ્નું ખડક કોરીને બનાવેલું સુંદર શિલ્પસ્થાપત્યનું અજોડ મંદિર છે. તેમાં ભગવાનનો સોનાનો સુંદર મયૂર છે. આ સ્થળને સુબ્રહ્મણ્યમ્ના મહેલ તરીકે ગણવામાં આવે છે. અહીં સુબ્રહ્મણ્યમ્નાં લગ્ન દેવી દેવયાની (દેવસેના ?) સાથે થયાં હતાં.

(૨) સુબ્રહ્મણ્યમ્નું બીજું મંદિર તુટિકોરિન જિલ્લામાં તિરૂચેન્દુરમાં છે. અહીં ભગવાન સુબ્રહ્મણ્યમ્ સ્વામીએ અસુરનો વધ ત્રિશૂલથી કર્યો હતો. તે સમયે ગરુડજી આકાશમાં પ્રદક્ષિણા કરી રહ્યા હતા. અસુરના વધ પછી સ્વામીએ અહીં મુંડન કરીને દરિયા કિનારે સમુદ્રનાં પાણીથી સ્નાન કર્યું હતું.

(૩) પલાણી ખાતે સુબ્રહ્મણ્યમ્નું વિશાળ મંદિર છે. આ મંદિર ખૂબ ઊંચા ડુંગર ઉપર છે. ત્યાં ચઢવા માટે વ્યવસ્થિત પગથિયાં કરેલાં છે. ભગવાન સુબ્રહ્મણ્યમ્ પોતાનાં માતાપિતાને છોડીને જ્ઞાન પ્રાપ્ત કરવા નીકળ્યા હતા. પલાણીના તામિલ સંત હોવાઈયરે સુબ્રહ્મણ્યને રોકીને તેમનો શિવપાર્વતી સાથે મેળાપ કરાવ્યો હતો.

(૪) કુંભકોણમ્ના રસ્તે તાંજોરમાં સ્વામિમલાઈના સ્થળે સુબ્રહ્મણ્યમ્નું ભવ્ય મંદિર છે. ત્યાં સુબ્રહ્મણ્યમ્ સ્વામીએ શંકર ભગવાનના કાનમાં ઓમ્ (પ્રણવ) મંત્રનો ઉપદેશ આપ્યો હતો.

(૫) મદુરાઈથી બાર કિ.મી. દૂર અલઘર પાસે ખડકમંદિર છે. આ પ્રદેશ કોઈલ પાસે સોલાઈમાં છે. મંદિર પેરિહામંદિર તરીકે જાણીતું છે. અહીં ભગવાન સુબ્રહ્મણ્યમે સંત કવિ હોવાઈયરના જ્ઞાનની પરીક્ષા કરી હતી. આ પ્રદેશ જંગલવિસ્તાર જેવો છે. ફૂલફળોથી લચેલા આ પ્રદેશના વાતાવરણથી ભગવાન સુબ્રહ્મણ્યમે અહીં વિશ્રામ કર્યો. એક આદિવાસી સ્વરૂપમાન કન્યા નામે વલ્લી તેમની નજરે પડી. તેના રૂપથી મોહ પામીને સુબ્રહ્મણ્યમે વલ્લી સાથે લગ્ન કર્યાં.

(૬) તિરુપતિના રસ્તે આવેલ તિરુથાનીમાં ભગવાન સુબ્રહ્મણ્યમ્ સ્વામીનો મહેલ છે. અહીં પોતે પોતાની બે પત્નીઓ દેવયાની અને વલ્લી સાથે વસ્યા છે. શ્રી ગણેશજી અને ભગવાન સુબ્રહ્મણ્યમ્ સ્વામી વિશેની ઉત્તર ભારત અને દક્ષિણ ભારતની પૌરાણિક પરંપરામાં ઘણો તફાવત જણાય છે, તે આથી સમજાશે. ☐

દસલાની શક્તિ-ગણેશની સોલંકીકાલીન પ્રતિમા

મુનીન્દ્ર વેણીશંકર જોશી

દાહોદથી દક્ષિણે આશરે ૧૫ કિ.મી. દૂર આવેલ દસલા ગામે (૨૨° ૪૫' ઉ. ૭૪° ૨૦' પૂ.) તળાવના પશ્ચિમ ભાગે આવેલ પંચેશ્વર મહાદેવના અર્વાચીન મંદિર બહાર આવેલ સંભવતઃ પ્રાચીન મંદિરવાળા સ્થળે અન્ય પુરાવશેષોની સાથે દાહોદ તાલુકાનાં ગામોની મોજણી દરમ્યાન સદરહુ પ્રતિમાની નોંધ આ લેખક દ્વારા લેવાયેલ છે. વર્તમાન મંદિર પ્રાચીન મંદિરના સ્થળ પર બંધાયેલ હોવાનું વેરવિખેર પડેલ મંદિરસ્થાપત્યના ભાગો, અન્ય પ્રતિમાઓ પરથી જણાય છે.

નિર્દિષ્ટ પંચેશ્વર મહાદેવના ગર્ભગૃહની બહાર અર્ધનિર્મિત મંડપમાં પ્રવેશની ડાબી તરફ સ્થાનિક સખત પથ્થરમાંથી નિર્માયેલ પ્રતિમાની તેલ-સિંદૂરના લેપને કારણે ઘણી વિગતો સ્પષ્ટ નથી તેમ છતાં દૃશ્યમાન થતી વિગતો પરથી પ્રતિમા નોંધપાત્ર છે. સાદી પીઠિકા તથા પરિકર-યુક્ત પ્રતિમામાં અર્ધપર્યંકાસનસ્થ દેવનું પેટ તેઓના લંબોદર નામને યથાર્થ ઠેરવે છે. ગજાનન દેવના વાસ્તવિક ગજમસ્તક પર મસ્તિકાભરણ છે. ગજનેત્ર વાસ્તવિક છે. જમણો કાન ખંડિત છે જ્યારે ડાબા કાનમાં ઉપર કર્ણફૂલ છે. કાન દેવના સૂર્યકર્ણ નામને ચરિતાર્થ કરે છે. કંઠાભરણની વિગતો સ્પષ્ટ નથી. સર્પ યનુપવિત ધારણ કરેલ દેવે બાજુબંધ, વલય, પાદજાલક વગેરે ધારણ કરેલ છે. ચતુર્ભુજ દેવના દક્ષિણ અધોહસ્તમાં સ્વદંત, ઊર્ધ્વહસ્તનું આયુધ ખંડિત હોવા છતાં જોવા મળતાં દંડભાગ પરથી ફરશુ હોવાનું જણાય છે. વામોર્ધ્વ હસ્તમાં પંચફણા નાગ છે. જ્યારે વાન, અધોહસ્તથી દેવીને કટિ ભાગે આલિંગન આપે છે. દેવના વામઉત્સંગમાં દેવી પણ અર્ધપર્યંકાસનસ્થ છે. દક્ષિણ પાદ ભૂમિસ્પર્શ મુદ્રામાં છે, જ્યારે વામ પાદ પલાંઠી વાળેલ છે. દેવાભિમુખ મસ્તક પર માત્ર મસ્તિકાભરણ છે. મુકુટ નથી, જે નિકટવર્તી માળવાની શૈલીનો પ્રભાવ સૂચવે છે. મુખાકૃતિની વિગતો સ્પષ્ટ નથી. ગળામાં પદકયુક્ત હાંસડી, સ્તનસૂત્ર, બાજુબંધ, એકાવલીની કટિમેખલા, મુક્તાદામ, ઊરુદામ, પાદવલય, પાદજાલક વગેરે ધારણ કરેલ છે. કંઠાભરણની મધ્ય સેર નાભિ પર ઝૂલતી દર્શાવેલ છે. કાનમાં વલયકુંડળ ધારણ કરેલ છે. દેવી દ્વિભૂજ હોઈ વામહસ્તમાં બિજોરું છે, જ્યારે દક્ષિણ હસ્ત દેવને ગ્રીવાના પૃષ્ઠ ભાગેથી આલિંગન આપતો દર્શાવેલ છે. પ્રતિમાની પીઠિકા પર જમણી તરફ વાહન મૂષક આગલા બે પગ ટટ્ટાર રાખી શરીરનાં આગળનો ભાગ ઊંચો રાખી બેઠેલ છે.



શક્તિ-ગણેશ, દસલા

સમયાંકન : તેલ-સિંદૂર તથા ધૂળના આવરણ નીચે પ્રતિમાની ઘણીબધી વિગત અસ્પષ્ટ હોવા છતાં સમગ્ર પ્રતિમાની કંડારકામની શૈલી જેમાં દેહાંકન, દેવ-દેવીએ ધારણ કરેલ અલંકારોની શૈલી વગેરેના તુલનાત્મક અભ્યાસ પરથી પ્રતિમાનું સમયાંકન થઈ શકે તેમ છે. સુગઠિત, સુડોળ દેહાંકન ખાસ કરીને દેવના વાસ્તવિક ગજમુખનું અંકન, દેવીની પ્રતિમામાં પાતળો કટિભાગ, પ્રમાણમાં સહેજ લાંબી દેહાકૃતિ, કેશરચના વગેરે નોંધપાત્ર છે. વધુમાં ખાસ કરીને આભૂષણોની અલ્પતા, એકાવલીનાં આભૂષણ, બાજુબંધના ઘાટ તેમજ સ્થળ પર જોવા મળતાં મંદિરસ્થાપત્યના દ્વારશાખ, ઉત્તરાંગનો દેવ-દેવી પટ્ટ તથા અન્ય પુરાવશેષોના આધારે શક્તિ-ગણેશની પ્રતિમાને આશરે ઈ.સ.ની ૧૦-૧૧ની સદીમાં મૂકી શકાય.

(ફોટોગ્રાફ : પુરાતત્ત્વખાતું, ગુજરાત સરકારના સૌજન્યથી, અધિક્ષક પુરાતત્ત્વવિદ, ઉત્તર વર્તુળ, ગુ.સ., અમદાવાદ)

ગણિતગમ્મત

બે સંખ્યાઓનો ગુણાકાર કરવાની આ અજબ-ગજબની રીત અજમાવી જુઓ. એક સંખ્યાને બમણી કરતાં જાઓ અને તેની સામે, બીજી સંખ્યાને અડધી કરતા જાઓ. એકી સંખ્યાને અડધી કરશો ત્યારે પૂર્ણાંક પછી જે ૧/૨ શેષ આવે તેની અવગણના કરો. છેવટે ૧ સંખ્યા આવે એટલે અડધી કરેલ સંખ્યાઓ પૈકી જેટલી બેકી સંખ્યાઓ હોય તેની સામેની સંખ્યાઓ રદ કરો. પછી બમણા કરેલ સ્તંભની સંખ્યાઓનો સરવાળો કરો, જે સંખ્યા મળશે તે મૂળ બે સંખ્યાઓનો ગુણાકાર. હશે, જે ત્રણ વર્તુળમાંની સંખ્યાનો સરવાળો હશે. દા.ત.

	અડધા કરો		બમણા કરો	
	૩૭	x	(૯)	
(બેકી)	૧૮ $\frac{1}{2}$	x	૧૮	(રદ કરો)
	૯	x	(૩૬)	
(બેકી)	૪ $\frac{1}{2}$	x	૭૨	(રદ કરો)
(બેકી)	૨	x	૧૪૪	(રદ કરો)
	૧	x	(૨૮૮)	
			= ૩૩૩	


આ રીતે ગુણાકાર મેળવવાની રીતને 'રશિયન ખેડૂતની રીત' કહે છે.

-નૌતમભાઈ વખારિયા

હું અને પીપળો

પ્રફુલ્લ રાવલ

મારા ઘરની પછીતે એક પીપળો હતો. એની ડાળીઓ વારંવાર કપાતી, વળી ઊગતી. પાનખરમાં માત્ર બે-ચાર ડાળીઓ દેખાય. તે ય સુક્કી. જાણે પીપળો માંદો ન પડ્યો હોય ! પણ ચોમાસાના પહેલા વરસાદ પછી પીપળાને નવું જીવન મળી જતું. નવી કૂંપળ ફૂટતી અને ડાળીઓ વિકસતી જતી. કોઈક પાંદડાં તો છેક મારા જાળિયામાંથી ઘરમાં આવવા મથતાં રહેતાં. અલબત્ત, અજવાળું થોડું ઓછું આવતું. સૂર્યનાં કિરણો માર્ગ કરીને માંડ માંડ પ્રવેશતાં. ક્યારેક વાદળિયો દિવસ હોય તો ઓરડો અંધારિયો થઈ જતો. એ પીપળો



એક દિવસ એકાએક કપાઈ ગયો ! અજવાળું જ અજવાળું. ન પાંદડાંનો પ્રવેશ કે ન મકોડાનાં દર્શન. ઓરડો હવે ક્યારેય અંધારિયો થઈ જતો નથી. એ પીપળાના કારણે જે ઠંડક રહેતી હતી તે હવે રહી નથી. ક્યારેક પાંદડાંની જે મીઠી સુવાસ આવતી હતી તે પણ અલોપ થઈ ગઈ છે. ફૂટતી કૂંપળ જોવાનો લહાવો રહ્યો નથી. પીપળાની ડાળીઓ પર પક્ષીઓ આવીને જે કિલકિલાટ કરતાં હતાં તેનું શ્રવણ મારા માટે સ્વપ્નવત્ બની ગયું છે. પીપળો ગયો અને ઘણું બધું ગયું. મહોલ્લામાં ભાગ્યે જ વૃક્ષ જોવા મળે. મારું એ સદ્‌ભાગ્ય કે પીપળાના સંગે મેં જીવનના સાડાચાર દાયકા પસાર કરી નાખ્યા. હું એ ઓરડામાં બેસતો તો ય એકલું ન લાગતું. પીપળો સતત મને સોબત આપતો. હું બોલું અને એ સાંભળે. નવાં પાંદડાંની આછી લીલાશ મને બહુ ગમતી. કૂમળુ પાંદડું માતાના ખોળામાં રમતાં નિર્દોષ શિશુ જેવું નમણું લાગતું. આ પીપળાના કારણે જ મારા એ ઓરડામાં મકોડા પ્રવેશી જતા. એ મકોડાની હાર જોઈને હું ક્યારેક મારો સમય પસાર કરતો. હવે એ મકોડા નથી આવતા.

આ તો પછીત પાછળનો પીપળો. આંગણે પીપળો સારો, પછીતે નહીં. લોકવાયકા કહેતી કે એ અશુભ કહેવાય. શુભ-અશુભનું કોઈ ગણિત મને હજુ સમજાયું નથી. હા, પીપળો કપાયો પછી મને હૃદયરોગનો હુમલો જરૂર આવ્યો ! પણ તબીબીશાસ્ત્ર તો એનાં કારણો જુદાં જ ગણે છે. અન્ય એક પીપળાનું મને ભારે આકર્ષણ રહ્યું છે. આજે ય રસ્તે ચાલતાં, એ પીપળાને જોઈને ક્યારેક છોળી ઊઠું છું. હું નિશાળે બેઠો ત્યારે પાટી-પેન લઈને ગયો હતો. મારો વર્ગ મેડી પર હતો. મને માસ્તરે બારી પાસે બેસાડ્યો. સામે જ પીપળો. હું લખતાં-વાંચતાં અવારનવાર મુગ્ધતાથી એ પીપળાને જોયા કરતો. એક વાર આંક લખવાના બદલે મેં પાટીમાં પીપળો દોર્યો. તે જોઈને માસ્તરે મને ફટકાર્યો. મારો ગાલ લાલચોળ. મેં ખીજમાં ને ખીજમાં બીજી વાર પાટીમાં પીપળો ચીતર્યો. એમ જ ક્યારેક બહાર જોવા બદલ હથેળી પર આંકણીનો માર પડતો. હથેળી ચચરી જતી. લાલચોળ થઈ જતી. પછી રિસેસમાં સખી મારી હથેળીને પંપાળતી રહેતી. 'તું શું કામ બહાર જોયા કરે છે ?' એવું કહેતી રહેતી. પણ હું પીપળાનો સંગ છોડી શકતો નહોતો. પીપળાની ડાળી, પાન અને પક્ષીઓ જોવા તરફ મન સતત લલચાતું. વરસાદ વરસે ત્યારે ન્હાતા પીપળાને જોવાનો આનંદ વળી ઓર જ ! એકથી ચાર ધોરણ ભણ્યો ત્યાં લગી એ પીપળાની દોસ્તી રહી. રિસેસમાં ક્યારેક એની નીચી વળેલી ડાળીને પકડવા સખી સંગે કૂદકા માર્યા છે. ક્યારેક એકાદ પાંદડું હાથ આવી જતું. ક્યારેક પાંદડું ચિરાઈ જતું. ક્યારેક ડાળખી પકડાઈ જતી. ડાળખી પકડાતી ત્યારે આનંદનો પાર ન રહેતો. પીપળા પર ચડવાનું મન થતું. પણ એક ડોશી અમને વારંવાર ટપાર્યા કરતી. આજે એ ડોશી હવે ત્યાં નથી, તો સખી ય ક્યાં છે ! અને પીપળો સૂકાતો ગયો છે !

આ પીપળો વસંતઋતુમાં મ્હોરી ઊઠતો અને પાનખરમાં સહેજ ભૂખરાં થયેલાં પાંદડાં ખરીને જમીન પર પથરાઈ જતાં. સખીએ મને કહેલું કે આ પાંદડું તો મરી ગયું કહેવાય. મેં એ પાંદડાને હળવેથી હથેળી પર મૂક્યું હતું. ખરે જ પાંદડામાં કશું જ ચેતન નહોતું. જરા ય સુંવાળપ નહીં. મુઠ્ઠી વાળી તો પાંદડાનો ભુક્કો ! પછી કૂદકો મારીને ડાળીએ ચોંટેલું પાંદડું તોડ્યું હતું. સખીએ કહેલું કે હવે એ ડાળી રડે છે, એનું બાળક કોઈ છીનવી ગયું માટે. મને ડાળીનું રુદન નહોતું સંભળાતું. સખીને સંભળાતું. આમેય એને ઘણું સંભળાતું પણ પ્રતિભાવ આપવામાં સાવ મોળી. બોલવા ટાણે હોઠ ખૂલ્યા જ નહીં, માત્ર ફફડ્યા; અને ખૂલ્યા ત્યારે ભયસિકત અવઢવમાં. પછી એ પાંદડાને ડાળી સાથે જોડવાનો મેં વ્યર્થ પ્રયત્ન કર્યો હતો. પાંદડું ડાળીને ફરી તો ન ચોંટ્યું તે ન જ ચોંટ્યું ! ત્યારે હું સહેજ ગમગીન થઈ ગયો હતો. ત્યાર બાદ મેં ક્યારેય કોઈ વૃક્ષની ડાળીએથી પાંદડું તોડ્યું નથી.

કિશોરાવસ્થામાં શ્રાવણ મહિનામાં ગામથી દૂર આવેલા સેરેશ્વરના મંદિરે ચાલતા જતા ત્યારે રસ્તે આવતા પીપળાના વૃક્ષ પાસે હું અને સખી દોડીને પહોંચી જતાં. કૂદકા મારીને એની ડાળી પકડવા મથતાં. હું એ પીપળો જોઈને પલ્લવિત થઈ જતો. સખીને મારો પીપળા પ્રત્યેનો અનુરાગ આશ્ચર્ય ઉપજાવતો. પીપળાને સંસ્કૃતમાં અશ્વત્થ કહેવાય એવું શબ્દજ્ઞાન મને ભીતરથી વિભોર બનાવી જ ગયું !

પીપળો મારે મન પવિત્ર તો છે જ. સાથે સાથે પરમ મિત્ર પણ છે. પીપળો મારી ઘણી વાતો જાણે છે. મારી લીલાથી વાકેફ છે. મારી લીલાનો પીપળાને પ્રત્યક્ષ પરિચય છે. મારી વ્યથાનું અભિજ્ઞાન પણ પીપળાને છે જ. હું પીપળાને જોઉં છું તો કોઈ મૌન યોગી તપ કરી રહ્યા હોય એવો ભાવ અનુભવું છું. પીપળાએ ક્યારેય મને નિરાશ નથી કર્યો. હતાશાની ક્ષણોમાં પીપળાએ મને પંપાળ્યો છે. હું પીપળાને જોઈ જોઈને આવતે ભવ પીપળો થવાની મનીષા સેવવા માંડ્યો છું. કારણ કે હવે મારે પીપળાની જેમ માત્ર સાંભળવું છે, માત્ર સહેવું છે અને રહેવું છે મૌન. બોલવું તો નથી જ. મારી વાણીએ મને કેટલો વિલાપ કરાવ્યો છે ! મને થાય છે કે મારી વાણી મારામાં સ્થિર થાય. મનમાં સ્થિર થાય ! હું વાણીમાં સ્થિર થાઉં ! માટે હે અશ્વત્થ વૃક્ષ, હવે મારે તારા કુળમાં જન્મવું છે. ડાળી બનું કે ડાળખું. પાંદડું બનું કે મૂળ. પણ થવું તો છે અશ્વત્થ વૃક્ષ જ. ❐

હરિભક્ત હોલો અને નરસૈંયો ભક્ત હરિનો

રાસબિહારી ર. દેસાઈ

પ્રકૃતિ - સજીવ અને નિર્જીવ-ના વિવિધ ધ્વનિઓના અનુકરણમાંથી જ માનવસર્જિત સંગીતનો આવિર્ભાવ થયો. એ દિશામાં સજીવ વિકાસ થતાં રહેશે.

સંગીતશાસ્ત્રમાં આવતા સાત સ્વરો (સા,રે,ગ,મ,પધ,નિ)ને જુદાં જુદાં પ્રાણી-પક્ષીઓના અવાજ સાથે સરખાવ્યા છે.

આ જ સંદર્ભમાં એક નાનું-શું પણ તદન નોખું, કદાચ અગાઉ કદી ન નોંધાએલું નિરીક્ષણ છે.

ફેબ્રુઆરી. ૨૦૦૧ : અમારા ફ્લેટની લૉબી પાસે આસોપાલવ. જાણે કે હાથ લંબાવી આપણી સાથે હસ્તધૂનન કરે એટલી નજીક એની ડાળ. ડાળ પર એક હોલો, કબૂતર-પરિવારનું ઘરેલુ પંખી. રોજ એકસરખું ગાય-ઘૂઘવે રોજિંદું ગાન. પણ આજે એને સૂર લગાવવાનું જાણે શૂર ચડ્યું. સળંગ આવર્તનો પર આવર્તનો લઈ ધ્યાન ખેંચે એવું એનું ગાન : 'અરે, સાંભળો તો ખરા. હું કેવું ગાઉં છું'

લોકોક્તિમાં હોલો કહેવાય 'ભગત', તેથી-

। પ્ર ભુ-તું- । પ્ર ભુ - તું - । ....

તરત આર્કિમિડીઝના 'યુરેકા' જેવો ઝબકારો થયો. આ તો-

।૧ ૨ ૩ ૪ ૫ ।૧ ૨ ૩ ૪ ૫ ।.....

ધિં ના ધિંધિં ના તિં ના ધિંધિં ના

ખંડ જાતિ; બે ખંડ જોડાઈને સંગીતનો ઝપતાલ રચે...

હજી અનુભવ અધૂરો હોય એમ રૂમમાં સામે જ નરસિંહ મહેતાની સુંદર છબિ, હાટકેશ. મંડળે ભેટ આપેલી. ટેપરેકૉર્ડરની ઉપર બેસાડ્યા છે ભગતને.

હોલો એનું ગાન સંભળાવે છે આ શ્રોતાને. વળી સંકેત કરે છે નરસૈંયા તરફ !

અને તરત બીજો 'યુરેકા' ઝબકારો-

૬ ૭ ૮ ૯ ૧૦

। જા - ગ ને - । જા - દ વા । - । ....

૧ ૨ ૩ ૪ ૫ । ૧ ૨ ૩ ૪ ૫

હોલાનું ગાન અને નરસૈંયાનું ઝૂલણા-પ્રભાતિયું. બે ભક્તોનો મેળ જામી ગયો !

એપ્રિલ ૨૦૦૧ : આજોલ પાસે સંસ્કારતીર્થમાં આયુ ઉપચાર માટે ૨૧ દિવસ રહેવાનું થયું. સુંદર, શાંત, પવિત્ર તીર્થના ઉપવનમાં તો અન્ય પક્ષીઓ સાથે હોલાનાં ટોળાં, એમનું સંઘગાન પણ. એનું અનેકાનેક વખત શ્રવણ કરતાં બે ભક્તોના મેળનું સમર્થન મળ્યું, અનુભવ દૃઢીભૂત થયો.

ઝૂલણાનો મૂળ પંચકલ એકમ 'દાલદા'. એનાં બીજાં બે રૂપાંતરો 'લદાદા' (આને 'રામછંદ' પણ કહ્યો છે) અને 'દાદાલ' પણ સંવાદી છે, ઝૂલણામાં સહજ ઢળી જાય.

ઉદાહરણ તરીકે : । તું - પ્ર ભુ - । તું - પ્ર ભુ - ।

માત્ર 'સમ'નું સ્થાન બદલાય. એકમમાં કાંઈ ફેર ન પડે. એટલે હોલા-ગાન પંચકલ તો છે જ. ક્રમસેક્રમ બે સળંગ આવર્તન કરે ત્યારે ઝપતાલ બને, ૭+૧ વખત આવર્તન કરીને ગાય ત્યારે ૩૭ માત્રાનાં નરસૈંયો; ઝૂલણા બને ! છેલ્લા બોલમાં 'દા', પછી ત્રણ માત્રા વધે અને ઝપતાલનો 'સમ' આવે.

'આમ હોલાના ટહુકા અને નરસિંહનાં પ્રભાતિયાં વચ્ચે ગજબનું લયસામ્ય છે.

અન્ય પક્ષી-પ્રાણીઓની બોલીમાં પણ લય તો હોય છે જ, છતાં નિયમિત પુનરાવર્તનના અભાવમાં છંદ-તાલ પકડાતા નથી અથવા નવા શોધાવા બાકી હશે. જ્યારે હોલા-ગાનમાં છંદ અને તાલ બંને નિર્વિવાદ પકડાય છે.

ભજનગાયકો પ્રભાતિયાં-ઝૂલણાના પંચકલમાં એક માત્રા ઉમેરીને છ માત્રાના 'દાદરા' તાલમાં ગાવાનું પસંદ કરે, સહેલું પડે ઝપતાલ, લોકસંગીતને ઓછો અનુકૂળ, બાકી વાસ્તવમાં ઝૂલણા ઝપતાલમાં ગવાય તો વધુ દીપે, નૈસર્ગિક લાગે.

હોલા-ગાનના સ્વરોમાં જેટલા લય-તાલ સુસ્પષ્ટ છે, તેટલા સ્પષ્ટ સ્વરો નથી. 'પ્ર' (સા)થી 'ભુ' (રે-નહિ કોમળ, નહિ શુદ્ધ; ક્યાંક વચ્ચે શ્રુતિસ્થ)થી નાની ઝીણી 'મીંડ' અને તું (લગભગ સા પર વળી, બધા હોલા માટે આટલું ય સામાન્ય (કૉમન) નહિ, બદલાતું રહે.

વળી, ગ્રામીણ પરંપરામાં 'હોલો - ઘડિયાળો' (કવિ રાજેન્દ્ર શુક્લએ માહિતી આપી. આભાર.) કહેવાય. અમુક ચોક્કસ સમયાંતરે (આશરે દોઢ કલાક એક હોલા માટે હોઈ શકે) બોલે તે પરથી ગામડાના લોકો સમયનો અંદાજ લગાવે. હવે આ તો વૈજ્ઞાનિક તથ્ય જેને **Bio-clock** કે **Body-clock** કહીએ.

આ જ વિષયમાં થોડા અન્ય નોંધપાત્ર અનુભવો યાદ આવી ગયા.

હિમાલયમાં યોગી કૃષ્ણપ્રેમ આશ્રમે મીરતોલા જતાં બે પક્ષીઓ (નામ ?)નું ગાન સાંભળી ચરણ થંભી ગએલા. પ્રસંગ મે ૧૯૭૭નો.

કોયલનો રંગ, કદમાં થોડાં મોટાં, અવાજનો **Timbre** કોયલના અવાજ જેવો જ પણ સહેજ મોટો, ઘેરો. કોયલના ટહુકામાં સળંગ વક્રાકાર હોય એવી અહીં 'મીંડ' (**glide**) નહિ પણ બે છૂટા-છૂટા સ્વરો સુસ્પષ્ટ, સરખા સ્વરાંતરે જ બોલે.

એક પક્ષી : । કૂ કૂ કૂ કૂ ।
ગૃ સા ગૃ સા* (ગૃ - કોમળ ગાંધાર)

આના જવાબમાં બીજું પક્ષી, પહેલા પક્ષીના 'ગૃ'ને 'સા' બનાવી તેનો 'ગૃ' લઈ સરખા સ્વરાંતરે બોલે :

બીજું પક્ષી : । કૂ કૂ કૂ કૂ ।
ગૃ સા ગૃ સા
*ના આધારે (મા ગૃ મા ગૃ) (મા-તીવ્ર મધ્યમ)

એના જવાબમાં એ જ ઢબે

પહેલું પક્ષી : । કૂ કૂ કૂ કૂ ।
ગૃ સા ગૃ સા

*ના આધારે (ની મા ની મા) (ની-કોમળ નિષાદ)

આમ ઊંચે ને ઊંચેના સ્વરો ગાવાની સ્પર્ધા ચાલુ રહી.

અંતે જે પક્ષી સૌથી ઊંચેનો સ્વર ન ગાઈ શક્યું તે ઊડી ગયું !

પહેલા પક્ષીના સા* ના આધારે 'સ્કેલ' આ પ્રમાણે બને :

। સા - ગ - મા - ધ । સા - ગ -

આટલા સંયોજનને પાશ્ચાત્ય સંગીતમાં **'Diminished'** અથવા **Minor Augment' chord** કહી શકાય. (બીજું નામ પ્રચલિત નથી.)

'સા'નું સ્થાન બદલીને થએલા ગાયન-વાદનને શાસ્ત્રીય સંગીતમાં મૂર્ચ્છના' કહે છે.

હિમાલયનાં 'દૈવી' (!) પક્ષી-ગાનમાં કેવી વિચિત્ર-ગૂઢ, ક્ષણિક મૂચ્છિત કરી દેતી મૂર્ચ્છના !

(૨) નારગોળ (દક્ષિણ. ગુજરાત)માં સંગીત શિબિર ૧૯૮૪ : એક બુલબુલ (કે પછી અન્ય કોઈ પંખી પણ હોઈ શકે.) રોજ વહેલી સવારે (આશરે ૩-૪ વાગે) અમને સંગીત સંભળાવી જગાડે. ગાન એટલું અદ્ભુત અને પ્રબળ કે જાગી જ જવાય. મોંસૂઝણું થતાં પહેલાં ઊડી જાય.

બુલબુલાં તો ઘણાં સાંભળ્યાં, પણ આ તો જાણે બુલબુલોમાં ય 'લતા મંગેશકર' હતું ! આવું બુલબુલ-ગાન ક્ષ્યન્યથા અન્યત્ર કદી સાંભળ્યું નથી.

ટુટુટુ ટુ ટુ - । (અવાજ બંધ)

૧ ૨ ૩ ૪

સાસારપા ૪ ૪ ?

(ડબલ ખરજ)

આવાં તો કેટલાંય ફેરફારવાળાં આવર્તનો. પણ નિયમિત પુનરાવર્તન નહિ. લય-તાલ પકડાય નહિ. રેકૉર્ડ કર્યું. શિબિરાર્થીઓ (સોમિલ, આભાબહેન, આરતી, વગેરે) સાંભળીને અભિભૂત, પરેશ (ભટ્ટ (પ્રશિક્ષણ માટે આવેલો) કહે, 'આ ટેપ મને સાંભળવા આપો, એનાં નોટેશન કરી, એમાંથી કમ્પોઝિશન કરીશ.' (પડકાર ઝીલે નહિ એ પરેશ નહિ. એ સ્વરરચના ન કરી શક્યો એમ કહેવા કરતાં નિયતિને એ મંજૂર નહિ હોય એમ માનવું રહ્યું. શિબિર પછી બે જ માસ બાદ પરેશ પ્રભુને વહાલો થઈ ગયો. બુલબુલગાન પરેશ વિના કસેટસ્થ ઓશિયાળું. એ વેળા એ માત્ર ૩૨ વર્ષનો, કોણ જાણે કેટલાંય ને ઓશિયાળાં કરતો ગયો !

(૩) પૂ. સ્વ. જિતુભાઈ મહેતા. પ્રખર સંગીતજ્ઞ, અઠંગ શ્રોતા, 'મુંબઈ સમાચાર'ના કટાર લેખક, સંગીત-સમાલોચક, કવિ પણ ખરા. 'માંડવાઈની જૂઈ' એમણે લખ્યું, મૂળ ભાવનગરના. એમની સાથે કલાકો પર્યન્ત સંગીતસત્સંગ થતો. એમણે એક અસાધારણ પ્રસંગ કહેલો.

ભાવનગરના સંગીત ઉત્સાદો 'અગન' નામનાં પક્ષી પાળી, એમને રિઆઝ કરાવી સ્વરારોહણ ગવડાવતા. બે ઉત્સાદોનાં અગન વચ્ચે રાજદરબારમાં સ્પર્ધા યોજાતી (હિમાલયનાં પંખીઓ જેવું જ કંઈક). એક પક્ષી ચડતા સ્વરોમાં કશું ગાઈને ઉપરનો કોઈ સ્વર છોડી દે. બીજું અગન એ છોડી દીધેલો સ્વર પકડી, ત્યાંથી આરોહણ આલાપ કરી એનો કોઈ ઊંચો સ્વર છોડી દે. પહેલું અગન એ સ્વર પકડી ત્યાંથી હજી ઉપર સ્વરારોહણ કરે. પછી બીજા અગનનો વારો આવે. અંતે જે પક્ષી આગળ ઉચ્ચતમ સ્વર પકડી ગાઈ ન શકે, ગાવાનું બંધ કરે, તે પક્ષી અને તેના ઉસ્તાદ હાર્યા ગણાય. વિજેતાને ઈનામ મળે.

(૪) પૂ. જિતુભાઈએ જ કહેલી બીજી વાત (આનું સમર્થન અન્યત્રથી પણ મળ્યું છે). મ. ઉ. અબ્દુલકરીમખાં સાહેબે કૂતરો પાળેલો એના ભસવા સિવાયના 'ઊ' અવાજમાં માલકૌંસ રાગના સ્વરો ગવડાવી શકતા !. થોડાં વર્ષો પૂર્વે-મહદંશે દૂ.દ.ના 'સુરભિ' અંકમાં - જપાનના એક યુવાને એના પાળેલા કૂતરા પાસે 'ઊ' અવાજમાં કોઈ પાશ્ચાત્ય ગાનનો આલાપ કરતો બતાવલો, સંભળાવેલો.

પક્ષી-પશુ પાસેથી માણસે સંગીત મેળવ્યું. આ તો માણસ પક્ષી - પશુને સંગીત શીખવે એવું થયું !

...વર્ષો પહેલાં સર સી.વી. રામન (રમણ) (ફિઝિક્સના નોબેલ પારિતોષિક વિજેતા પ્રથમ ભારતીય વિજ્ઞાનીક) આવેલા. અમે ફિઝિક્સના પ્રાધ્યાપકો એમને હોંશે હોંશે સાંભળવા ગએલા. એમણે કહેલી વાત હૈયે જડાઈ ગઈ છે : 'પ્રકૃતિનું અત્યંત નિષ્ઠાપૂર્વક કરેલું એકધારું ઝીણું નિરીક્ષણ જ તમને કશુંક નવું શોધી કાઢવા, સંશોધન કરવા પ્રેરે. પછી જેવી તમારી લગન.' હોલો-નરસૈંયોવાળા અવલોકનમાં આ જ તથ્ય હશે, માનવું પડે. ❑

લઘુકથા

ભોટ

તરુલતા દવે

'સાહેબ !' વિનયે આજુબાજુ જોયું. ભ્રમ થયો હશે એમ માનીને એણે ચાલવા માંડ્યું. વળી એના કાને અવાજ સંભળાયો 'સાહેબ, તમને બોલાવું છું.' ને એ ઊભો રહી ગયો. સામે ઊભી હતી મીના. પંદર વરસની એ છોકરી ધીમે અવાજે બોલાવી રહી હતી. આ વરસે જ એની નિમણૂક થઈ હતી. શિક્ષક તરીકે કામ કરવામાં એને મજા પણ પડતી હતી. બહેને એણે મહેણું માર્યું હતું :

'વિનય, તું ભણાવીશ ? તને ભણાવતાં આવડશે ખરું કે ?'

બહેન પોતે શિક્ષિકા હતી. ટ્યુશનો પણ કરતી. વિનય સાથે નાનપણથી જ ઓછું ભળતી કારણ વિચારભેદ 'વિનય, રહેવા દે શિક્ષક બનવાનું, બીજી નોકરી શોધી લે. હવે જમાનો બદલાઈ ગયો છે. ને તું રહ્યો સાવ ભોટ માણસ.'

બહેનના શબ્દોથી એને બહુ લાગી આવ્યું હતું. બહેને એને ભોટ કહ્યો. ભણવામાં એ કેવો હોશિયાર હતો એ બહેન ક્યાં નહોતી જાણતી ? તો યે એને ભોટ કહેતી હતી ? બહેનની વાત જુદી હતી. સ્કૂલે ન જાય તો યે કોઈ પૂછતું નહીં. મરજી મુજબ જ વર્તતી. એવું તે શું હતું ?

છતાં એ શિક્ષક બનીને રહ્યો. ને એ પણ બહેનની સ્કૂલમાં જ વિદ્યાર્થીઓ ખુશ હતા. ધ્યાન દઈને ભણતા. પોતાનું જ્ઞાન અને સંસ્કાર વિદ્યાર્થીઓમાં ઠાલવવા એ પ્રયત્ન કરતો. વિદ્યાર્થીઓનો માનીતો 'સર' એ બની ગયો.

મીનુ બોલી, 'સાહેબ, હું બોલાવું છું', એને નવાઈ લાગી. બોલ્યો, 'બોલ, શું કામ છે ?' 'સાહેબ...' મીનુએ આજુબાજુ જોઈ લીધું. પછી ધીમા અવાજે બોલી, 'સાહેબ, આ વખતે તમે સોમવારનું પેપર કાઢવાના છોને ? મને પ્રશ્ન કહેશો ? લ્યો આ સો રૂપિયાની નોટ. હું કોઈનેય નહીં કહું, વિદ્યાના સમ, બસ.'

સાંભળીને એ ઘા ખાઈ ગયો. આગનીતરતી આંખે એણે મીનુ તરફ જોયું. એ ડઘાઈ ગઈ. મીનુ 'મોટાબહેન તો આવું જ કરે છે. તમે તો એમના ભાઈને ?' -ને એ જવાબ આપવા પણ ન રોકાયો.

❑

આથમતાં અજવાળાં - ૧૧

દિવાળી : ઝાયણી

ભગીરથ બ્રહ્મભટ્ટ

શહેર એટલે હેલો... હાય... 'કેમ છો ?' 'મજામાં ?'ની સંસ્કૃતિ. કેટલી બધી દાંભિક ! હું આજે શહેરની દિવાળી જોઉં છું ત્યારે મને અનાયાસ જ મારા ગામની દિવાળી સાંભરી આવે છે.

શહેરમાં તો કેવળ 'ફોર્મેલિટી' છે. અંતરનો ઊમળકો ક્યાં કાંઈમાંય છે ? ક્યાં છે હૃદયમાં ઉષ્મા ? ક્યાં છે હરખ ! ક્યાં છે કોઈ પર્વનો પાવનકારી મહિમા ?

ગામડામાં તો દિવાળીના પર્વનો અનેરો મહિમા છે. બબ્બે મહિના પહેલાંથી પર્વની રાહ જોવાતી હોય. કેટકેટલાં માણસો ગામડામાં દિવાળીની રાહ જોતાં હોય ! ખેડૂઓ, ગામનો કુંભાર, ગામનો દરજી, ગામનો સુથાર, ગામનો વાઘરી, કોઈ ફેરીવાળો, કોઈ દુકાનદાર વગેરે દિવાળીની જ પ્રતીક્ષામાં હોય. એમના ધંધામાં વધારો કરવો હોય કે ઘટાડો, કોઈને પૈસા આપવાના હોય કે લેવાના - દિવાળીનો જ વાયદો ! દિવાળી ભલે વર્ષનો છેલ્લો દિવસ કહેવાય, પણ જાણે જીવનનો મહત્ત્વનો ઉત્સવ ગણાતો. દરેકના કેન્દ્રમાં દિવાળી રહેતી. દિવાળીના દિવસોમાં જ માતાજીની માનતા પૂરી કરવાની હોય, એ દિવસોમાં જ કોઈને પૈસા આપવાના હોય, લેવાના હોય, કપડાં સીવડાવવાનાં હોય, કોઈ સારી વસ્તુ ઘરમાં વસાવવાની હોય. કેટકેટલો આનંદ ! કોઈના નવા સંબંધો બાંધવાના હોય કે એ સંદર્ભે વાત કરવાની હોય, કોઈને જોવાનો હોય કે કોઈને બતાવવાનો હોય, દિવાળીનો જ વાયદો થતો.

ખેતર સુધારવાનું હોય કે ગિરો મૂકવાનું, છોડાવવાનું હોય કે ભાઈઓના ભાગ પાડવાના હોય... દિવાળી જ એક એવો ઉત્સવ કે દિવસ દરેક માણસના કેન્દ્રમાં જે મહત્ત્વનું સ્થાન ભોગવતો હોય ! ગામમાં કોઈ નવી પ્રવૃત્તિ કરવાની હોય, ગોચર રાખવાનું હોય કે ગામના તળાવના ખોટ વેચવાના હોય, ગામની કોઈ દુકાન ભાડે આપવાની હોય - બધું જ બધું આ દિવસોમાં નક્કી થતું. લોકો ટાંપીને આ ટાણાની રાહ જોતાં. બધા જ વ્યવહારો દિવાળીને ધ્યાનમાં રાખી થતા.

'અમેલી દિવાળી'એ એમ જ તમને ઉત્તરો સાંભળવા મળે. (અમેલી એટલે હવે પછીની)

'અલ્યા, ક્યારે પૈસા આપીશ ?'

'અમેલી દિવારી.'

'સેતરનું શું કરવાનું છે ?'

'અમેલી દિવારીએ.'

બસ આ 'અમેલી દિવાળી' - 'હવેની દિવાળી' - એ વાયદાના સહારે મારું ગામ જીવે છે, જીવ્યું છે. દિવાળી-એના કેન્દ્રમાં જ ગામ શ્વાસ લઈ રહેલું લાગે. ગામનો બધો કારભાર કારોબાર દિવાળીના સહારે ચાલતો હોય છે. દિવાળી સૌ વ્યવહારોના કેન્દ્રમાં રહેતી.

મારા ગામની દિવાળીની આજે વાત કરવાનો મને અભરખો જાગ્યો છે. પાંચમ - છઠ પહેલાંથી મા અને બહેન રોજના કામમાંથી નવરાશ કાઢી ઘઉંની સેવ પાડે, મઠ તડકે કાઢે. નાની ઘંટી સાફ કરાવે, જાળાં પાડે, બાવાં પાડે. મારા ઘરનાં હું બાવાં પાડતો ત્યારે છેક પગથી માથા સુધી કાળો મેશ થઈ જતો. કેટલીય ધૂળ મેંશ મારા ગળામાં ભરાઈ જતી... બે ચાર છ દિવસ સુધી થૂંકમાં એ ગળફા ભેગી નીકળતી ત્યારે ખબર પડતી કે કેવી દિવાળીની તૈયારીઓ ! એનું દુઃખ નહોતું, આનંદ હતો. દૂરદૂર ગામને પાદરેથી માથે ઉપાડીને લીંપણની માટી લાવતા, હું માટીખાણે ખોદતો, બેન-બા-ભાઈ વારાફરતી ઉપાડી લાવતાં. ગામમાં ફરીફરી છાણ ભેગું કરતાં. માટીમાં છાણ મિલાવી મા ગાર કરતી અને ઉજાગરા કરીકરીને લીંપણ કરતી. હું ધ્યાન રાખતો, કૂતરાં પગલાં ન પાડે તેનું... પણ મારા મનમાં હજુય એ ઓકળીઓનો આનંદ અકબંધ સચવાયો છે. ચોક નવોનકોર થઈ જતો. આજે મકાનને માથે નવો માળ લઈએ ને જે આનંદ થાય એનાથી ઝાઝો આનંદ ઓકળીઓ જોઈને, નવો નકોર ચોક જોઈને થતો.

મહોલ્લાની બાળાઓ મદદ કરે. કોઈ સેવો પડાવે, કાંઈ સેવ ઝીલે. કોઈ વણે. કોઈ સૂકવે... કેટકેટલો ભાઈચારો ! સુંવાળીઓ, પૂરીઓ, વડાં, મોહનથાળ, શીરો એ દિવાળીની મુખ્ય વાનગી ગણાય.

અમારા ગામમાં દિવાળી અગિયારસથી શરૂ થાય. મા ઘરના ગોખલે અને બહાર આંગણે, તુલસીક્યારે દીવો મૂકે એટલે સમજી લેવાનું આવી રમઝટ દિવાળી... પછી તો રોજ રાતે ગોખલામાં દીવા થાય. આખું ગામ દીવા મેલે. દીવા ઝગે... અમે ગૌરવ લઈએ. મારા ઘરે પાંચ દીવા, કોઈ કહે મારે ત્યાં સાત દીવા ! એમ દીવાઓ ઝગે. વાઘબારસનો કોઈ મહિમા સમજાયો નથી, પણ મા સરસ્વતીનાં મહિમા એ દિવસે થતો હાવો જોઈએ એમ હવે સમજાય છે. મૂળ 'વાક્'માંથી 'વાગ્' થઈ 'વાઘ' કહેવાતું હોવું જોઈએ ?

ધનતેરસે વહેલા ઊઠવાની હરીફાઈ થતી. જેનું મોસાળ દૂર હોય એને વધારે વહેલા ઊઠવું પડે. 'ગધેડાં કાઢવાં' એટલે મોસાળ મોકલવાં, જ્યાં જન્મ લીધો હોય ત્યાં. વહેલા ઊઠવાની, ઉઠાડવાની વાતનો મહિમા વધારવા માટે ગધેડાં કાઢવાની વાત જોડાઈ તો નહિ હોય ને ? વહેલા ઊઠીએ ત્યારે મા ભેંસોનાં શિંગડાં રમચીથી રંગતી હોય. ગામની બધી ભેંસો-બળદો ઘણાંનાં શિગડાં લાલ લાલ રમચીથી રંગાઈ જતાં. એવાં લાગે કે જોતા જ રહી જઈએ ! મૂળ ધણ તેરસ... પણ હવે ધણ ગયાં એટલે એ તહેવાર 'ધન'માં પરિવર્તિત થઈ ગયો છે.

આજે તો ધનતેરસે ધન ધોવાય છે. પંચામૃત થાય છે. કંકુ, ચોખા, ફૂલથી પૂજા થાય છે. ઘારી-ઘૂઘરાનો ભોગ ધરાવાય છે. પણ એના મૂળમાં તો ધણની પૂજા હતી. ઘરની મુખ્ય સ્ત્રીઓ ખૂબ વહેલી ઊઠી ચકલા ઉપર કાળિયા-ધોળા પૂરે. મીઠાના સાથિયા પૂરે, વડા-પૂરીય થાય. અને એમ લોકો એકબીજાં સાથે ઝઘડવાનું ઓછું કરતાં જાય.

કાળીચૌદશ એટલે મંત્રતંત્ર, માતા દેવીનો દિવસ. ભૂતપ્રેતનો દિવસ એવું સમજતો. બચુ ભલો સાધના કરતો બાવો હતો. ગામમાં એવી અફવા કે રાતે બાર વાગે કેટલાક લોકો સ્મશાને જઈ સાધના કરે. ચાર લોકો પણ કાળીચૌદશ સાધે. કેટલાક લોકો પોતાની કુળદેવીને ભોગ ધરાવે. હનુમાનજીને તેલ ચઢે. છોકરાંની આંખો અંજાય, મેશ પડે.

'કાળી ચૌદશના આંજ્યા,

કોઈના ના જાય ગાંજ્યા.'

એમ કહી મા અમારા બધા ભાંડુડાંની આંખો પાડેલી મેંશથી આંજતી. સાંજે કકળાટ નીકળે. તળેલી વાનગી બને. પૂરી કે વડાં હોય. ખાઈએ અને વસવાયાંને ખવરાવીએ. મોટો મહિમા. કાગમાંગણીઓ

(અનુસંધાન પૃ. ૬૩૬)

કોહિનૂર હીરાની ગાથા

વી.બી. ગણાત્રા

નીરખ્યો કોહિનૂર હીરો બે વર્ષો પૂર્વે, લંડનના 'ધ ટાવર ઑફ લંડન'માં, પ્રદર્શન ક્રાઉન જ્વેલ્સ અને રાચરચીલાનું.

પ્રદર્શનમાં પ્રવેશતાં જોવા મળ્યું ઇંગ્લંડની વર્તમાન રાણી ઇલિઝાબેથ, ૧૯૫૩માં થયેલા રાજ્યાભિષેકની ફિલ્મનું પ્રદર્શન, ત્યાર બાદ ઉપલે માળે 'ક્રાઉન જ્વેલ્સ' અને રાચરચીલાનું પ્રદર્શન.

રોજબરોજ સેંકડો પર્યટકોનો ધસારો એટલે ક્રાઉન જ્વેલ્સ નીરખનાર પર્યટકો માટે મુવિંગ પ્લૅટફૉર્મ તૈયાર કરાયું છે, જેથી પર્યટકને નીરખવાની તક મળે.

કોહિનૂર હીરાનું કામણ અનેરું છે. ઈ. ૧૯૦૫થી અનેક ગણા મોટા હીરાઓ હસ્તીમાં આવ્યા છે, પરંતુ ભારતીય માટે કોહ-ઈ-નૂર, પ્રકાશ પુંજ! પ્રદર્શન સુપેરે માણવા માટે ખરીદ્યા કલાગ્રંથો (૧) ધ ક્રાઉન જ્વેલ્સ, (૨) ધ ટાવર ઑફ લંડન.

'ધી ટાવર ઑફ લંડન' વિશાળ સંકુલ છે જે અગાઉ ઇંગ્લંડના રાજવીઓનું રહેઠાણ હતું અને જેમાં કુખ્યાત 'સ્ટાર ચેમ્બર' છે.

ભારત પર્યટકોમાંથી એક વર્ષમાં જેટલી કમાણી કરે છે તેનાથી અધિક કમાણી એકલું લંડન શહેર એક માસમાં અહીંનાં પર્યટકો પાસેથી કરે છે.

કોહિનૂર હીરાનો ઇતિહાસ વિવાદાસ્પદ છે, દંતકથા અને લોકવાયકા અને અનુશ્રુતિસભર છે. કોહિનૂર હીરાની જનેતા ગોલકોંડાની ખાણ. ૧૮મી સદી પૂર્વે હીરાક્ષેત્રે ભારતની જાણે કે ઈજારાશાહી, ભારતમાંથી વિશ્વભરમાં હીરાની નિકાશ. (ધ ક્રાઉન જ્વેલ્સ, પૃ. ૪૯) કોહિનૂર હીરો મહાભારતના કર્ણનો હીરો? એટલા બધા ભૂતકાળમાં ન જઈએ તો-

ઈ.સ. ૧૩૦૪ માળવાના રાજવી કોહિનૂર હીરો ધરાવતા.

૧૫૨૬ : મુગલ સામ્રાજ્યના સ્થાપક બાબર ગ્વાલિયર નરેશને હરાવીને કોહિનૂર હીરો પ્રાપ્ત કરે છે.

૧૫૨૬-૧૭૦૭ : કોહિનૂર હીરો વારસામાં હુમાયૂં, અકબર, જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબને મળે છે.

૧૭૩૮-૩૯ : સંહારક નાદિરશાહ મુગલ સૈન્યને કરનાલના યુદ્ધમાં હરાવે છે, દિલ્હી કબજે કરે છે, લૂંટે છે, કત્લેઆમનું તાંડવ રચે છે. તત્કાલીન મુગલ 'સમ્રાટ' મોહમ્મદશાહ (રંગીલા રસુલ) પોતાની પાઘમાં હીરો સંતાડે છે તેની જાણ નાદિરશાહને જનાનાની એક નોકરાણી મારફત થાય છે. નાદિરશાહ છટકું ગોઠવે છે, મોહમ્મદશાહને ભોજન માટે આમંત્રે છે. ભોજન બાદ દોસ્તીનો હાથ લંબાવવાનો ઢોંગ કરે છે. પરસ્પર પાઘ બદલવાનું સૂચવે છે. મોહમ્મદશાહ સમજી જાય છે, પરંતુ લાચાર છે. પોતાની પાઘ નાદિરશાહને સુપરતે કરે છે, ઢળે છે 'કોહિનૂર હીરો'.

અઢળક લૂંટ સંગાથે નાદિરશાહ પાછો ફરે છે. ૧૭૪૭ જૂનમાં નાદિરશાહનું અફઘાનિસ્તાનમાં ખૂન થાય છે. નાદિરશાહનો સેનાપતિ અહમ્મદશાહ અબ્દાલી (દૂરાણી) કોહિનૂર હીરાનો કબજો લે છે. તેનો પુત્ર તૈમૂર લંગ વારસામાં તે મેળવે છે.

૧૭૯૩ : તૈમૂર લંગનું મૃત્યુ થાય છે અને તૈમૂરના ત્રણ પુત્રો વચ્ચે ગાદી માટે પડાપડી થાય છે. પુત્ર શાહ જમન ગાદી પચાવી પાડે છે, તેનો ભાઈ મહમદશાહ જમનને પદભ્રષ્ટ કરે છે, તેની આંખો ફોડે છે, ગાદી પચાવે છે, પરંતુ તૈમુરનો પુત્ર શાહ સુજા અને તેની બેગમ વફા કોહિનૂર હીરો પચાવી પાડે છે. શાહ સુજા અને વફા બેગમના પણ હાલહવાલ થાય છે અને બંને પંજાબનરેશ રણજિતસિંઘનું શરણ શોધે છે.

રણજિતસિંઘનો જીવનકાળ ઈ. ૧૭૮૦, નવેમ્બર ૧૩-૧૮૩૮, જૂન ૨૭, ૧૮૧૩, જૂન ૧. સોદાબાજીમાં રણજિતસિંઘ શાહ સુજા અને વફા બેગમ પાસેથી કોહિનૂર હીરો પ્રાપ્ત કરે છે.

રણજિતસિંઘને અનેક રાણીઓ અને સંતાનો હતાં તેના મૃત્યુ બાદ પંજાબની ગાદી માટે રણજિતસિંઘના પુત્રો અને સરદારો વચ્ચે ખૂન-ખરાબી થાય છે, ૧૮૪૩, સપ્ટેમ્બર ૧૫. રણજિતસિંઘના સગીર પુત્ર દલિપસિંઘને પંજાબના રાજવી તરીકે ઘોષિત કરવામાં આવે છે : ૧૮૪૯, માર્ચ ૨૯. ગવર્નર જનરલ ડેલહાઉસી પંજાબ પચાવે છે, દસ વર્ષીય દલિપસિંઘ પદભ્રષ્ટ થાય છે. પરંતુ કોહિનૂર હીરાનું શું?

'ધ ક્રાઉન જ્વેલ્સ' ગ્રંથ વદે છે (પૃ. ૫૧) કે બ્રિટિશ સામ્રાજ્ય પંજાબ જીતી લેતાં દસ વર્ષીય મહારાજા દલિપસિંહ કોહિનૂર હીરો રાણી વિક્ટોરિયાને 'ભેટ' ધરે છે. (ઈ.સ. ૧૮૪૯)

બ્રિટિશ સામ્રાજ્ય માટે 'લૂંટ' એ 'ભેટ'નો પર્યાય કે પછી 'ભેટ' એ 'લૂંટ'નો પર્યાય.

રણજિતસિંઘના મૃત્યુ બાદ એકાદ દાયકામાં તેનું પંજાબ શીખરાજ્ય, છિન્નભિન્ન અને નામશેષ, આંતર વિગ્રહને કારણે, ડેલહાઉસીની કૂટનીતિને કારણે.

દલિપસિંઘને ઇંગ્લંડ ધકેલવામાં આવે છે, રાણી વિક્ટોરિઆનાં 'લાડકો' બને છે, 'ખ્રિસ્તી ધર્મ' અંગીકાર કરે છે. તેની માતા રાણી જિનદન નેપાલથી ઇંગ્લંડ જાય છે. દલિપસિંઘ એક પછી એક બે લગ્ન કરે છે અને ગાદી પાછી મેળવવા ધમાલ કરે છે. પુનઃ શીખધર્મ અંગીકાર કરે છે, લક્વાગ્રસ્ત થાય છે. ઈ. ૧૮૯૩ના ડિસેમ્બરની ૨૨મીએ ઇંગ્લંડમાં મૃત્યુ પામે છે.

કોહિનૂર હીરો : ગોલકોંડાની ખાણથી માળવા, ગ્વાલિયર, દિલ્હી, અફઘાનિસ્તાન, પંજાબ, ઇંગ્લંડ (ઈ.સ. ૧૩૦૪થી ઈ.સ. ૧૮૪૯). કોહિનૂર હીરો રાણી વિક્ટોરિઆનું અવસાન થતાં 'ક્રાઉન જ્વેલ્સ' બને છે. ત્યાર બાદ તે ૧૯૦૨ : રાણી એલેક્ઝાંડરનાં રાજમુકુટમાં.

૧૯૧૧ : રાણી મેરીના રાજમુકુટમાં. કુલિનન હીરા અને ૨ બાંચરૂપે, કુલિચન ૪ પેન્ડન્ટરૂપે

૧૯૩૭ : રાણી ઇલિઝાબેથ (ક્વીન મધર)ના રાજમુકુટમાં.

૧૯૫૩ : વર્તમાન રાણી ઇલિઝાબેથ (૨) ના રાજમુકુટમાં. ત્યાર બાદ 'ટાવર ઑફ લંડન'ના 'ક્રાઉન જ્વેલ્સ'ના પ્રદર્શનમાં.

અસલ કોહિનૂર હીરો ૧૮૬ $^{1}/_{16}$ કેરેટ.

ઈ. ૧૮૫૧ : કોહિનૂરનું કટિંગ. વજનમાં ૪૩ ટકા ઘટાડો થયો દંતકથા છે કે કોહિનૂર પુરુષ માટે અપશુકનિયાળ છે અને આથી ઈ. ૧૮૪૯થી ઇંગ્લંડમાં રાણીઓ જ કોહિનૂર ધારણ કરે છે (ધ ક્રાઉન જ્વેલ્સ, પૃ. ૫૧).

(અનુસંધાન પૃ. ૬૩૪)

માન ન માન !

રિદ્ધિ દેસાઈ

સવારમાં ઊઠતાંવેંત અરીસામાં મુખદર્શન કરવું એ સ્ત્રીના સ્ત્રીત્વનો એક આગવો અંશ ગણાય છે. સવારના પ્હોરમાં ઊઠીને જ્યારે જ્યારે હું આ ઉક્તિને ચરિતાર્થ કરવાની ચેષ્ટા કરું છું ત્યારે ખૂબ જ ભયભીત થઈ જાઉં છું. ના,ના ! મારું મુખારવિંદ કંઈ બહેન તાડકા, ત્રિજટા અને શૂર્પણખાના સુભગ સમન્વયનો ચિતાર આપે એટલું અદ્‌ભુત નથી. પરંતુ ચહેરા પર પતઝડનાં પત્તાંની માફક પાંપણના વાળ ખરેલા જોઉં છું તો ચિંતિત થઈ જાઉં છું. મહાકવિ કાલિદાસે શકુંતલાની આંખની પાંપણને ભ્રમરની પાંખની ઉપમા આપી હતી. હજુ આજેય ઘણા કાલિદાસના વંશજો સ્ત્રીની પાંપણોને એ રીતે પંપાળતા હોય છે. એવી સ્ત્રીઓના લિસ્ટમાંથી મારું નામ શું બાકાત થઈ જશે ? એવો ભય મને સતત સતાવે છે. કેટકેટલાં ક્રીમો, લોશનો અને તેલો પિવડાવી પિવડાવીને પાંપણનાં બાવડાં બનાવ્યાં હોય અને એ કમોસમે ખરતી રહે એ તે કેવી રીતે જિરવાય ?

તું તો સાવ વેવલી છે ! મારા વિશે તટસ્થ અભિપ્રાય આપતાં મારી સખીઓ અકસર આવું કહે છે. એમનું કહેવું છે કે પાંપણનું ખરવું તો શુભ ગણાય. પાંપણ ખરે એટલે એને હળવેકથી ઉપાડીને હથેળી પર મૂકવાની. પછી મનમાં કાંક ઇચ્છા ધારીને એને ફૂંક મારીને ઉડાડી દેવાની. તું અજમાવી તો જો ! તારી ઇચ્છા ફળે છે કે નહીં ? એક દિવસ મેં મારા ગાલ પર કુંવારી માતાએ ત્યજી દીધેલા બાળક જેવો પાંપણનો વાળ ખરેલો જોયો ને મારી ભીતર ટૂંટિયું વાળીને પડેલો રમૂજનો કીડો સળવળી ઊઠ્યો. મારી સખીઓ સમક્ષ એમનો ઉપહાસ કરવાના ઉમદા ઈરાદે મેં એ વાળ મારી હથેળી પર મૂકતાં મનમાં ઇચ્છા કરી કે મારે સૂરજ પર બેસીને આઇસક્રીમ ખાવો છે ! આ વાતનું મારા સુજ્ઞ સખી વૃંદે મને ત્યારે સ્મરણ કરાવ્યું જ્યારે અમે મહાબળેશ્વર ગયાં હતાં. ત્યાં હું જે અશ્વ પર આરુઢ હતી એનું નામ સૂરજ હતું અને સંયોગવશ એ વખતે મારા કરકમળ મધ્યે આઇસક્રીમનો કપ હતો. આ જોઈને મારી સખીઓએ બિલકુલ એક અઠંગ જ્યોતિષીની અદાથી કહ્યું : જોયું ને ! સૂરજ પર બેસીને આઇસક્રીમ ખાવાની તારી ઇચ્છા ફળી કે નહીં ? આ વાત જ્યારે મેં અમારા પરિચિત સંતબાબા પ.પૂ.પ.પૂ. સ્વામી સૂરજપ્રતાપસિંહજીની પાવન શ્રવણેન્દ્રિયે ધરી ત્યારે એમણે એમની આદતવશ મને હેતપૂર્વક (કે હેતુપૂર્વ) હળવો ધબ્બો મારતાં કહ્યું, બાલિકે, તારી એ મહેચ્છા બીજી રીતેય ફળી શકતી'તી ! હરિ ૐ તત્ સત્ !' લોકોનું કહેવું છે કે ખરતી પાંપણની પેઠે ખરતો તારો પણ ખૂબ ફળદાયી હોય છે. મોટા મોટા સારસ્વતો માટેય આ એક શ્રદ્ધાનો વિષય છે. એક વાર એક કવિમહાશયને મેં ઊર્ધ્વમુખે આકાશ ભણી તાકતા જોયા એટલે કુતુહલવશ એમની સમક્ષ મેં પૃચ્છા કરી કે, હે કવિરાજ ! આપ આ ક્યાં કર્મની ચેષ્ટા કરી રહ્યા છે ? ત્યારે એમણે આકાશમાં તારાને બદલે જાણે એમના ભાવકો મંડળી જમાવીને બેઠા હોય એમ ત્યાં જ નજર ચોંટાડી રાખતાં કહ્યું : 'બસ ! એક ખરતા તારાનો દર્શનાભિલાષી છું.' 'ખરતા તારાનું આપને શું કામ પડ્યું ?' મેં ઉત્સુકતા દાખવી એટલે કવિવરે અત્યંત ગંભીર મુખમુદ્રા ધારણ કરતાં કહ્યું : 'કવિતા કાજે એની જરૂર છે.' કવિતા રચવા કલ્પનાની જરૂર હોય છે એ વાત વયને કારણે કદાચ કવિશ્રી ભૂલી ગયા હશે એવી ધારણા હેઠળ એમની સુષુપ્ત સ્મૃતિને ઢંઢોળતાં મેં કહ્યું : 'કવિશ્રેષ્ઠ ! કવિતા રચવા તો કલ્પના જ કાફી હોય છે. ખરતો તારો જોવાનો વૃથા પરિશ્રમ શીદને કરો છો ?' ત્યારે કવિવરે એમની ઉંમર જેટલા જ એંશી સેન્ટિગ્રેડ તાપમાને ઊકળી ઊઠતાં કહ્યું : 'ક્યા પાજી ગદ્ધાને કવિતા રચવી છે ? મારે તો મારી ફૂટડી મઝાની અષ્ટાદશી પ્રશંસક કવિતા માટે એનો ખપ છે !'

વહેમોનું વિશ્વ સાચે જ નિરાળું હોય છે. હેડકી આવે એટલે આપણને કોઈક યાદ કરતું હોય છે. આ આપણો એક સર્વસામાન્ય લોકમત બની ગયો છે. ઇતિહાસવિશારદ શ્રીમાન ધૂરંધરાચાર્યનું કહેવું છે કે પહેલાંના જમાનાનાં સુસંકુચિત જુનવાણીઓ પત્નીને વારંવાર હેડકી આવવાના મહાઅપરાધ હેઠળ છૂટાછેડા આપી દેતા. તે સમયમાં સ્ત્રીઓને (ખાસ કરીને રાત્રિટાણે) હેડકી આવવી એ છૂટાછેડા માટેનો એક સશક્ત મુદ્દો ગણાતો જેથી તે સમયના પુત્રીવત્સલ માતાપિતા પોતાની લાડકવાયી માટે યથાશક્ત બહેરો મુરતિયા ખોજતા. બધિર નવયુવક એ આજના ગ્રીનકાર્ડવાળા જુલમી મુરતિયોની પેઠે તે સમયનાં માતાપિતાઓની પ્રથમ પસંદગી રહેતી. હજુ આજેય હેડકી આવે એટલે ચોક્કસ કોઈ યાદ કરતું હોય છે એમ માનનાર શ્રદ્ધાળુઓની કમી નથી. હેડકી બાબતે ઘણાખરા સાહિત્યકારોને ફરિયાદ હોય છે કે તેઓ બહાર ગયા હોય ત્યારે ઘેર પત્ની યાદ કરતી હોય એટલે હેડકી આવે અને ઘેર આવી ગયા પછી ય સાલ્લી એ જ તકલીફ ! તમે નિરીક્ષણ કરો તો ખબર પડે કે સૌથી વધુ હેડકી સુંદર સુંદર સ્ત્રીઓને જ આવતી હોય છે અને એ માટે એમણે કવિઓ-લેખકોને આજ સુધી માફ કર્યા નથી. સુંદર સ્ત્રીઓ સાહિત્ય નથી વાંચતી હોતી ! ચાંદ જેવો ચહેરો, ભ્રમરની પાંખ જેવી પાંપણો, ગુલાબની પાંદડી જેવા હોઠ, મૃગલી જેવાં નેણ, ધનુષ્યની કમાન જેવી ભમ્મર, સુરાહી જેવી ગરદન. કદલીસ્તંભ જેવી જાંઘ... - સુંદર સ્ત્રીઓનાં નૈન, નાક, ભમ્મર, ઓષ્ઠ, ગાલ, ગરદન, વક્ષ:સ્થળ, નાભિ વગેરે એકેય અંગને સાહિત્યકારોએ બક્ષ્યું છે ખરું ? એક હેડકી આવીને જીવ જતા રહ્યા ! મરનાર માટે અકસર આવું કહેવાય છે. જો કે આ પ્રકારની હેડકીઓમાં યાદ કરનાર જેન્ટલમૅન એક જ હોઈ શકે - શ્રીમાન યમકુમાર પાડાવાળા !

આપણી હિન્દુ શુકનાવલિ કહે છે કે રાત્રિ ટાણે શ્વાનનું રુદન એક અમંગળ શુકન છે. કૂતરું ઊર્ધ્વમુખે રુદન કરે એટલે ત્યાં આસપાસમાં કોકની ચિરવિદાય થાય છે. જો કે પત્ની એ પ્રકારે રુદન કરે તો ઘરમાં(સાડી, પર્સ, સેન્ડલ, ઘરેણાં જેવી) કોઈ વસ્તુનું આગમન થાય છે એ વાત અલગ છે. સંસ્કૃત સાહિત્યમાં એક ઠેકાણે શ્વાનની આ વિલાપવૃત્તિ અંગે લખ્યું છે કે, રાત્રે ઊર્ધ્વમુખે કલ્પાંત કરતો શ્વાન વાસ્તવમાં કલ્પાંત નથી કરતો હોતો, પરંતુ યમરાજના આગમનની છડી જ પોકારતો હોય છે. આવી શ્વાનગાથામાં આસ્થા ધરાવતા રમણીક નામના એક સજ્જનની સાસુ એના વ્હાલસોયા જમાઈને ઘેર બીમાર પડી. જમાઈરાજની વિલક્ષણ ચાકરીના પ્રતાપે તે આ ફાની દુનિયામાંથી લગભગ ઊઠું ઊઠું જ થઈ ગઈ હતી. આત્મા વિશે જેમ ગીતામાં કહ્યું છે કે આત્માને અગ્નિ બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી તેમ રમણિકની પ્રતાપી સાસુના વકરેલા રોગને વૈદો તથા દાક્તરોનાં ઓષધો કોઈ પણ પ્રકારે સ્પર્શી શકતાં ન હતાં. ઘરના તમામ શ્રદ્ધાળુ

સમ્બ્યાંના દહાડા કૅલેન્ડર અને ડશ્રાઓની તારીખો ગણવામાં યેનકેન પ્રકારેણ પસાર થતા હતા. એવામાં એક માઝમ રાત્રિએ અચાનક રમણીકની શેરીનો શ્વાન શેરુ ઊંચે સાદે વિલાપ કરવા માંડ્યો ને રમણીકની આશાવાદી આંખોમાં એકદમ ચમક આવી ગઈ. એ સુજ્ઞ પુરુષને જ્ઞાન થઈ ગયું કે, હવે તો સાસુજી 'શુભે શૈઘં પ્રકુર્વીત' - (સારા કામમાં ઉતાવળ કરવી)ની નીતિએ એણે હોંશે હોંશે એના અત્રતત્ર રહેતાં તમામ સગાંસંબંધીઓને તત્કાળ તેડાવી લીધાં. અડધી રાતે દોડધામ કરીને છાણાં, મટકી, કાંટિયુ (કફન), ફૂલમાળા અને નનામીનાંય પ્રબંધ કરી નાખ્યો. પરંતુ સખેદાશ્ચર્યજનક રીતે બીજે દિવસે સવારે ઊઠતાંવેંત જ્યારે એની સાસુએ કસાટા આઇસક્રીમ ખાવાની મહેચ્છા દર્શાવી ત્યારે રમણીકને પળ વાર માટે તો રાત્રે શેરુએ કરેલા રુદન કરતાંય અનેકગણું વેધક રુદન કરવાની ઇચ્છા થઈ ગઈ. એ દિવસથી એનામાં અનોખા આત્મજ્ઞાનનો ઉદય થયો કે જૂની રૂઢિઓ અને માન્યતાઓ મનુષ્યને ભયંકર ગેરમાર્ગે દોરે છે.

આ જ વાત મેં મારા ઓલ્ડ મોડેલ દાદીમાને સમજાવવા ઘણો યત્ન કર્યો, પરંતુ એમની હિમાલય જેવડી અડગ અને અવિચળ (અંધ) શ્રદ્ધાને હું ડગાવી શકી નહીં. કાચનું ફૂટવું અતિ અશુભ ગણાય ! આ એમના ચિંતનસાગરનું એક મહામૂલું મોતી હતું. એ હિસાબે અમારાથી ભૂલચૂકે ઘરમાં કાચની કોઈ વસ્તુ ભાંગતી તો તો અમારો બરડો ભાંગવા લાકડી લઈને અમારી પાછળ દોડતાં. એ વીફરેલી વૃદ્ધ વાઘણને કોણ સમજાવે કે કાચ ભાંગે એ તો પચ્ચી-પચ્ચાનું નુકસાન થયું કહેવાય. પરંતુ જો અમારો બરડો ભાંગે તો ઓછામાં ઓછું દશવીશ હજારનું તો નુકસાન થાય જ ! પગરખું ઊંધું પડે એટલે ઘરમાં કંકાસ થાય જ. આ માન્યતામાંય એમને અપૂર્વ શ્રદ્ધા. એ મુજબ તેઓ અત્ર તત્ર જ્યાં જ્યાં પગરખાં અવળાં પડેલાં જોતાં ત્યાં ત્યાં મારી પાસે એ સવળા કરાવતાં. (કહેવાય છે કે હરિજનોએ એક સમયે આવા ઘોર અત્યાચાર સામે અવાજ ઉઠાવ્યો હતો. પરંતુ હું કેવળ ગૃહજન હોવાથી સાવ લાચાર હતી.) હું દાદીમાને ઘણું સમજાવતી કે એમ પગરખાં ચત્તાં કરવાથી જો દુનિયામાં કલહ રોકી શકાતો હોત તો આપણા ઉમાશંકરજી 'વિશ્વશાંતિ' રચવાને બદલે 'પગરખાંપુલટ' કે 'સેન્ડલસુલટ' જેવાં કાવ્યો ન રચત ! આ પ્રસંગે હું પુનઃ રમૂજના રવાડે ચડી ગઈ. મેં દાદીમાની ફીરકી લેતાં કહ્યું, હે પૂજ્ય દાદીશ્રી ! હું વિશ્વશાંતિ નામની એક સંસ્થાની સ્થાપના કરવા ઇચ્છુક છું, જે વિશ્વમાં ચોમેર ચિરશાંતિ સ્થાપવાના ભગીરથ પ્રયાસરૂપે ઘેરઘેર ફરીને લોકોનાં જોડાં ચત્તાં કરવાનું મહાન કાર્ય કરશે.

આવા જુનવાણી લોકો તો ઠીક છે. પરંતુ હેરતની વાત તો એ છે કે આજની યુવાપેઢીય આવા ફિતૂરોથી વિમુક્ત રહી શકી નથી. આજે ઘણા ભણેલાગણેલા લોકોય એવું માને છે કે બહાર જતી વેળાએ તમે એમને ટોકો એટલે એમનું કામ બગડવાનું જ. અહીં મારું કહેવું છે કે શું ગંજો (તથા ગંજી પણ) વિગ પહેરવાનું ભૂલી જાય તો એને ન ટોકવો જોઈએ ? દવાખાને જઈ રહેલા ડૉક્ટરસાહેબ મક્ષિકામર્દક (માખી મારવાનું સાધન) લેવું ભૂલી જાય તો એમને ન ટોકવા જોઈએ ? એક સરકારી કર્મચારી બાપડો કામ પર જતી વેળાએ ઝપકી મારવામાં સુગમતા રહે એવું ઓશીકું લેવું ભૂલી જાય તો એને ન ટોકવો જોઈએ ? સંસદમાં જઈ રહેલ માનનીય નેતાજી દંડૂકો, હૉકીસ્ટીક, ઈંટાળા વગેરે ભૂલી જાય તો એમને ન ટોકવા જોઈએ ? છતાંય લોકોનું એમ જ માનવું છે કે બહાર જતી વખતે એમને ટોકો એટલે કામ બગડે જ બગડે. એક સંસ્કૃતના પ્રોફેસરસાહેબ પણ આમ જ માનતા; પરંતુ મૂળ તો એ પ્રોફેસરજીવ એટલે પુસ્તક, પેન, ફાઈલ, બૅગ, ચશમાં, પાકીટ રોજ કંઈ ને કંઈ ભૂલી જતા એટલે એમની પત્નીએ એમને જતી વેળાએ રોજ ટોકવા પડતા. આ બાજુ કૉલેજમાં વિદ્યાર્થીઓ એમનો પીરિઅડ ક્યારેય એટેન્ડ કરતા ન હતા. પ્રોફેસરસાહેબના મનમાં વહેમ પેસી ગયો કે એમની પત્નીના ટોકવાથી જ આમ થાય છે. આખરે એક દિવસ કંટાળીને એમણે એમની પત્નીને ધમકી આપી કે ખબરદાર, કાલથી તેં મને જતી વેળાએ ટોક્યો છે તો હું તને છૂટાછેડા આપી દઈશ ! બીજે દિવસે સવારે સાહેબજી કૉલેજ જવા તૈયાર થયા ત્યારે એમણે શર્ટ અને કોટ તો પહેર્યાં પરંતુ નીચે પાટલૂન પહેરવાનું વિસરી ગયા. તેમ છતાં એમની સૂચના મુજબ એમની પત્નીએ એમને ટોક્યા નહીં. પ્રોફેસર સાહેબ સાંજે કૉલેજથી પાછા ફર્યા ત્યારે ખૂબ ખુશખુશાલ લાગતા હતા. ઘેર આવતાંની સાથે જ એમણે એમની પત્નીને હરખભેર હલાવી નાખતાં કહ્યું, 'જોયું ને ! આજે તેં મને ટોક્યો નહીં ને તે જીવનમાં પ્રથમ વાર મારા બધા વિદ્યાર્થીઓએ મારો પીરિઅડ ભર્યો !

હજુ તો આવી કૈંક માન્યતાઓ લોકમાનસમાં દૂધમાં સાકર ભળે એમ ભળી ગઈ છે. આંગણે કાગડો બોલે એટલે મેહમાન આવે એવી ભીતિવશ આપણે કાગડાને ક્યારેય સુખે બેસવા કે બોલવા દીધો નથી. છીંક આવે એટલે અપશુકન થયું કહેવાય, આવું શુકનાવલિ કહે છે, જ્યારે ડૉક્ટરો કહે છે કે શરદી થઈ કહેવાય ! રસ્તામાં ચાલતાં ચાલતાં ઠોકર વાગે એટલે સમજવું કે કોઈ ભરપેટ ગાળો દઈ રહ્યું છે. આ પણ એક સુખ્યાત લોકવાયકા છે. ભલા માણસ ! એમ ગાળો દેવાથી ઠોકર વાગતી હોત તો આખ્ખેઆખ્ખું સુરત ચાલવા ને બદલે ઠોકરો જ ખાતું હોત એટલું જ નહીં, પ્રજાના બહોળા વર્ગનો 'સ્વસ્તિવચનપ્રસાદ' ખાનારા નેતાઓ, પોલીસો, અધિકારીઓ, સરકારી કર્મચારીઓ, વકીલો, જજ, ડાંક્ટરો અને 'ભાઈ' ઓ પૈસાને બદલે ઠોકરો જ ખાતા હોત ! કહેવાય છે કે બિલાડી રસ્તો કાપે એટલે ખરાબ જ થાય ! આવું તે કંઈ બોલાતું હશે ? (આ વાક્ય ઉંદરડાને મોઢે હજુય શોભે એવું છે.) ❑

અનુસંધાન] કોહીનૂર હીરાની ગાથા [પૃ. ૬૩૨થી

શુકન-અપશુકન કોને છોડે છે ?

ઈ.સ. ૧૮૬૦માં દક્ષિણ આફ્રિકામાં હીરા શોધાય છે. ઈ. ૧૮૮૮માં DE Beers કં. હસ્તીમાં આવી (હીરાક્ષેત્રે આંતરરાષ્ટ્રિય કં.) ત્યારથી હીરાક્ષેત્રે ભારતનું વર્ચસ્વ ઘટતું ચાલ્યું.

ઈ. ૧૯૦૫ : વિશ્વમાં સૌથી મોટા ૩૧૦૬ કૅરેટનો Cullinan હીરો શોધાયો.

૫૩૦.૨ કૅરેટ કુલિનન ૧ હીરો : ઈંગ્લંડના રાજાના રાજદંડમાં.
૩૧૭.૪ કૅરેટ કુલિનન ૨ હીરો : ઈંગ્લંડના રાજના મુકુટમાં
(ધ ક્રાઉન જ્વેલ્સ, પૃ. ૪૯-૫૩) ઈ. ૧૯૧૧ પશ્ચાત્ ?)

કોહિનૂર હીરો મુગલ સમ્રાટોનાં મુકુટમાં જડવામાં આવેલો કે ? મોહમદશાહને તો કોહિનૂર હીરો પાઘમાં છુપાવવાનો વખત આવ્યો. મુગલ સમ્રાટો માટે કોહિનૂર હીરો કમનસીબ નીવડ્યો હોવાનું જાણ્યું નથી, કારણ કે ઈ. ૧૫૨૬થી ૧૭૩૮ સુધી કોહિનૂર હીરો મુગલ સમ્રાટો પાસે જળવાયો. નાદિરશાહ, અહમદશાહ અબ્દાલી, શાહ સજા અને રણજિતસિંઘ પાસે કોહિનૂર હીરો લાંબો ટક્યો નહિ (ઈ. ૧૭૩૮થી ઈ. ૧૮૩૮), ઈંગ્લંડની રાણીઓ પાસે. ઈ. ૧૮૪૯થી વર્તમાન સુધી કોહિનૂર હીરો ટક્યો છે. પ્રદર્શનમાં અનેક તાજ-મુકુટો અને અન્ય હીરાઓમાં કોહિનૂરનું નૂર ઝંખવાય છે. ❑



સંમુખ સાગરમઠ-૩૦

એક વહેણની વાત

—— પ્રીતિ સેનગુપ્તા ——

તિબેટની અમારી યાત્રા સમાપ્ત થઈ ચૂકી હતી, પણ સફર હજી પૂરી થઈ નહોતી. અમે ક્યાંકથી નીકળેલાં ખરાં, પણ ક્યાંયે પહોંચી શકતાં નહોતાં. રસ્તો તૂટતો હતો, જાણે ખૂટતો નહોતો ! સાંકડી બેઠકોવાળી સ્થાનિક બસને ક્યાંક અટકવું તો પડવાનું જ હતું, પણ ત્યાં હશે તૂટી પડેલો હિસ્સો – રસ્તાનો અંત નહીં.

પણ એ અવરોધ, એ વિચ્છેદ આજે હવે છેલ્લો હશે. હા, હવે તો - ક્યારેક તો કસોટીના સૂત્રનો છેડો આવેને. બે દિવસથી અમે કુદરતના વિદ્રોહી મિજાજનો પરચો મેળવતાં રહ્યાં હતાં. અમે હવે થાક્યાં હતાં, નંખાઈ ગયાં હતાં, નાહ્યાંધોયાં વગરનાં ગંદાં અને પરસેવે ખરડાયેલાં હતાં. હવે તો અમે જરા આરામનાં, રાહતનાં અધિકારી બન્યાં જ હતાં. ને છતાં, બધાં હસતે મોઢે હતાં. કોઈ નહોતું ફરિયાદ કરતું, કે નહોતું 'ખોટાં' રોદણાં રડતું. ખરેખર સરસ જૂથ મળ્યું હતું મને, હું રહી એકલ-પ્રવાસી. મારી મેળે નીકળવું વધારે જ પસંદ કરું, કારણ કે એ રીતે કેવળ લય, કેવળ આનંદની સ્થિતિ પામી શકું. સદ્‌ભાગ્યે આ બધાં પશ્ચિમી પ્રવાસીઓ મળતાવડાં, સરળ અને સ્વભાવે પરિપક્વ હતાં.

તૂટેલો છેલ્લો હિસ્સો ખૂબ ટૂંકો હશે, એમ અમને કહેવામાં આવેલું. પછી એ વિષે અમે શંકા કરી ન હતી. નેપાલી ગાઈડે જણાવેલું કે ક્યાં તો દરેકે પોતાનો સામાન જાતે ઉપાડી લેવો, અથવા જાતે જ પોર્ટરને રોકી લેવો. નેપાલી ટ્રાવેલ એજન્સીના કાર્યકરો આગળ ગામના માણસો બહુ વધારે ભાવ ઠરાવવા માગે છે, એમ એણે કહેલું.

મેં તો ખાતરીપૂર્વક માનેલું કે મારો સામાન હું જાતે સંભાળી લઈ શકીશ. જવાનું તો પાંચ મિનિટ જ હતુંને. કૃતસંકલ્પ થઈને કૅમેરા-બૅગને ખભા પર ત્રાંસી લટકાવી. પાસપોર્ટ વગેરે વાળી થેલી એની અંદર મૂકી દીધેલી. પછી મોટી સૂટકેસને એનાં પૈડાં પર ઘસડવા માંડી. બારાબિસે નામના ગામમાં થઈને જતો એ રસ્તો કાચો, ભીનો હતો. ક્યાંક વરસાદનાં પાણીથી ખાબોચિયાં ભરાયેલાં, તો ક્યાંક કાદવ પથરાયેલો. તોયે થોડું ઘસડતાં, થોડું ઊંચકતાં હું આગળ વધતી રહી. ને એટલામાં મેં સામે હજી વધારે એક ભયજનક, વેગ-ગર્વીલું વહેણ જોયું.

ડાબી બાજુ પર સુંદર નામધારી, રજતવર્ણી સોના કોશી નદીનું દ્રુત-ગતિ ગમન હતું. સામે, જમણી બાજુથી આવતું, શક્તિમાન અને મદોન્મત્ત એવી ભોટે કોશી નદીનું વહેણ, પૂરપાટ દોડી આવતા માતાલ હિંસ્ર પ્રાણીની જેમ, સોના કોશીના પ્રવાહમાં ઝંપલાવતું હતું. આ નાટ્યાત્મક-ભયાત્મક સંમિશ્રણના સ્થાન પરનો લાકડાનો પુલ બે જ દિવસ પહેલાં તૂટી ગયેલો. અરે, એના ફુરચા ઊડી ગયેલા. મોટા મોટા પાષાણો એવા ધસી આવ્યા, અને પહાડો પરની કાળમીંઢ શિલાઓ એવી ગબડી આવી કે ચોમેર વિનાશ સર્જાઈ ગયો. વીસેક જેટલાં ગ્રામજનો ચગદાઈ જાન ગુમાવી બેઠાં.

એ બે ઉચ્છૃંખલ સ્રોતમાં એવાં તો પૂર ચઢી આવ્યાં હતાં કે કિનારા પરનાં ઘર-બાર તણાઈ ગયાં, ગામનું નાનકડું ફૂટબોલનું મેદાન ધોવાઈ ગયું, ને એકની એક શાળાના ચોગાનમાંનાં સાદાં મકાન બિચારાં ડહોળાં પાણીમાં તરી રહ્યાં. ઊભરાયેલાં, અમળાતાં પાણીમાં ત્રણ નિર્દોષ છોકરાં પણ ખેંચાઈ ગયાં હતાં. એ સંહારનાં ચિહ્ન અમારી ચારે પાસ દેખાતાં હતાં. કુદરતનો પ્રચંડોગ્ર આક્રોશ આપણે ક્યાંથી સમજવાનાં ?

મારી આંખોની સામે જ્યારે મેં ભોટે કોશી જેવા ગામડિયા નામવાળી નદીનું છંછેડાયેલું ફુંફાડા મારતું વહેણ જોયું કે તરત મને સમજણ પડી ગઈ કે મારી જાતે એના પરથી મારી સૂટકેસ તો નહીં જ લઈ જઈ શકું. એ ઘડીએ મારી બાજુમાં ગામનો એક માણસ ચાલતો હતો. એના ખભા પર દોરડું હતું. એનો અર્થ એ કે એ પોર્ટર તરીકે કામ કરતો હશે. સૂટકેસ મેં એને આપી દીધી. એક પણ ડગલું ચૂક્યા કે થોભ્યા વગર એને ઉપાડીને એ તો ચાલ્યો. અવિચારી, ઉદ્ધત, દયાહીન જળ-વમળમાં થતો, વચ્ચે આવતા પથ્થરો પર પગ મૂકતો-કૂદતો કેટલી સહેલાઈથી એ પાર નીકળી ગયો !

વિસ્મયથી ગળા પર હાથ મૂકી એને જોતી હું ત્યાં જ ઊભી રહી ગઈ હતી. પેલે પાર પહોંચી પાછાં ફરી એણે મારી તરફ જોયું, હાથ લંબાવી મને પ્રોત્સાહન આપવા પ્રયત્ન કર્યો. હું હજી અચકાતી રહી. જરાક આગળ કેટલાક સ્થાનિક પુરુષો સાંકડો, કામચલાઉ પુલ બનાવવા મથી રહ્યા હતા. કામ એવું ધીમું ચાલતું હતું કે ક્યારે પૂરો થશે, એ કહેવાય નહીં. અમારો નેપાલી ગાઈડ કશી ચિંતા કે અચકાટ વગર સહેજમાં વહેણને પાર કરી ગયો. એની પાછળના બીજા પોર્ટર અને અમારામાંના બેએક પુરુષોએ પણ ગરજતા, ઘુમરી ખાતા એ પ્રવાહમાં ઝંપલાવ્યું.

સામે તો મારે પણ જવાનું હતું. ને જો નદીનો પડકાર હતો, તો ચલો, આ ઝીલ્યો એ પડકાર. થોડી ઉન્મત્તતા સ્પર્શી ગઈ મને પણ. મેં જોયું નદી તરફ. ખૂબ સુંદર હતી એ, જો એને જોયા, ને સાંભળ્યા જ કરવાની હોત તો ઘણી વહાલી પણ લાગી હોત. દૂર દૂરનાં કદાચ હૃદ્ય-સંયત તિબેટમાંનાં - શૃંગો પરનો બરફ ઓગળીને થયેલાં એ ઠંડાં પાણીમાં, હોઠ પર સ્મિત સાથે, મેં પગ મૂક્યો. જરા વારમાં મારાં શૂઝ અને મોજાં ફરીથી સાવ ભીનાં થઈ ગયાં. પગ લપસ્યો પણ ખરો, ને હું ચમકી. હજી તો પોણું વહેણ બાકી હતું ! મારો ભલો પોર્ટર મારી પાસે પાછો આવી ગયેલો. તરત મારી કૅમેરા-બૅગ એણે લઈ લીધી. મારો હાથ પણ ઝાલ્યો. એનો આધાર અનિવાર્ય હતો. અને એમ, ડગમગ પણ અડગ, હું સામે પાર જઈ ચડી !

કેટલાક પુરુષો, ઊંચા હોવાને કારણે, અધૂરા એ પુલને કૂદી ગયા. બે તરફ ગોઠવેલા પથરાઓના ઢગલા વચ્ચેની જગ્યા મારે માટે ઘણી



ક્યારેક ખૂબ રુક્ષ બની જતો પ્રદેશ

પહોળી હતી. છેવટે એ જગ્યા પર લાકડાંનાં પાટિયાં ગોઠવાયાં. એ પણ ડગમગ તો થતાં જ હશે, પણ હવે, પાણીમાં એક અંગૂઠો પણ બોળ્યા વગર, એના પરથી પેલે પાર જવું શક્ય હતું. તે વખતે મને થયું કે આટલામાં પૂરો થઈ જશે એવી ખબર હોત તો રાહ જોઈ હોત ! પણ ખેર, અંતે બધું પૂરું થઈ ગયું હતું.

બધાં જ ભૂમિ-સ્ખલન તથા જળ-વહન અમે નિર્વિઘ્ને પાર કર્યાં હતાં. અમારી જીત થઈ હતી એમ કહું તોયે એટલું કબૂલ તો કરવું જ પડે કે કુદરતે ઇચ્છ્યું હશે તેથી જ અમે જીત્યાં, અને જીવ્યાં.

હવે ભીનાં ગોનાં જેવાં મારાં શૂઝ અને મોજાંને કાઢી નાખી શકું તેમ હતી. કાઠમંડુની ટ્રાવેલ એજન્સીએ મોકલેલી બસમાં બેસીને એમ જ કર્યું. થેલીમાંનાં સેન્ડલ પહેરી લીધાં. એ તો કોરાં જ હતાં. પરન્તુ મારા પગ ક્યાંય સુધી ઠંડા બરફ જેવા રહ્યા. જે ઊંચા, ઠંડા-અતિસુંદર - પ્રદેશમાં અચરજભર્યા દિવસો વિતાવ્યા હતા તેની સ્મૃતિ આ રીતે જાણે માથાથી પગ સુધી અનુભવાતી રહી હતી.

તિબેટમાં ફર્યાં એ બસથી નાની એવી બસ કાઠમંડુથી આવી હતી. દરેક જણને બબ્બે બેઠકો મળે તેમ નહોતું. સંકડાશ થઈ ગઈ, પણ બધાં સમાઈ તો ગયાં. બસની અંદરનાં, હવા માટેનાં છિદ્ર ખૂલતાં નહોતાં. છતમાં એક અધખૂલી બારી હતી, છતાં પાછળ ખૂબ ઘામ હતો. શ્વાસ લેવાની હવા નહોતી. હું પહેલી જ બેઠક પર બેસી ગઈ, ને તેથી ડ્રાઈવરની બારીમાંથી હવા પામી. કેટલાં બધાં સાહસ કર્યાં. માથું ટેકવીને હવે થોડું ઠરવું હતું. તિબેટના વિયોગના અજંપાથી ઉદાસ થતા રહેતા મનને પણ સંભાળવાનું હતું. ઊંડા શ્વાસ લેવાના હતા.

થોડી વારે લામાસાન્ગુ ગામ આવ્યું. ત્યાં આરામ-વિરામ માટે અમે રોકાયાં. સ્થાનિક રેસ્તોરાંમાં મને દાળ-ભાત ખવડાવવાની નેપાલી ગાઈડની ખૂબ ઇચ્છા હતી. પહેલાં તો મેં ના પાડી, પણ સહેજ વિચાર કર્યા પછી મેં થોડું ખાઈ લીધું. ભૂખ લાગેલી, અને ખાવાનું સારું હતું. ઘણા દિવસે આપણું ખાવાનું મળ્યું, એટલે તો વળી વધારે સ્વાદિષ્ટ લાગ્યું. જૂથના બીજા કોઈએ કશું ખાધું નહીં. એ પશ્ચિમીઓ માટે પૂરતું ચોખ્ખું નહોતું ! મને તો, ભઈ, મઝા આવી !

એ પછી રસ્તો ખરાબ નહોતો. દશ્યપટ તો તિબેટથી તદ્દન જુદો હતો. સર્વજનીય દુનિયામાં અમે પાછાં આવી ગયાં હતાં. ❐

વાર્તા

માણહ

રમેશ ત્રિવેદી

કમળાએ જોયું કે એના વરનો ભાઈબંધ ગામડેથી આવ્યો હતો. રાતે મોડે સુધી જાગીને બંને મિત્રો એ વાતોચીતો કરી, ને સવારની બસમાં એ વિદાય પણ થઈ ગયો. એના ગયા પછી તરત કમળાએ પતિને પૂછી નાખ્યું :

'સાચું કે 'જો હોં... તમારો આ હગલો ય ચ્યેટલા લઈ ગ્યો ?'

'પણ એ એના માગતા પૈસા લેવા આયો'તો.' 'ચ્યેટલા રૂપિયા હતા ?'

'હતા તો તૈણ હજાર... પણ હમણાં તો માંડ બેનો વેત પાડ્યો.'

'શેના માગતો'તો એ રૂપિયા ?' મોંએ આવેલા શબ્દો પાછા ઠેલીને કમળા ચૂપ રહી ને પછી પતિના દુકાને ગયા પછી એ રાંધણિયામાં પેઠી. એને થયું : આ માણહથી તો હાથ જોડ્યા ભૈસાબ. ગયા મહિને જ ગામડેથી એનો જેઠ આવેલો, છોડીનું આણું કરવા એ રૂપિયા લઈ ગયો, ને થોડા દાડા પછી પાછળ ને પાછળ એની નણંદ ય આવી પોંચી ભૈની આગળ રોદણાં રોઈ ભેંસ લાવવા હારું રૂપિયા કઢાઈ ગઈ. ને હવે રહી જતું' તું તે ભૈબંધ ય દોડી આવ્યો. કમળાનો વર બપોરે ઘેર આવ્યો. એ ચૂપચાપ ભાણું પીરસી રહી હતી ત્યારે સામે ચાલીને એના પતિએ પૈસાની વાત કાઢતાં કહ્યું, 'જો કમળા, આ રમણિયાએ જ ખરે નાકડે નાણાં ગણી આલેલાં. આપણાં લગ્ન ઊકલી શકેલાં. મારા બાપ પાહે ત્યારે શું હતું, લોટી ? આટલા વરસે થોડો હાથ એનો ભીડમાં હતો તે માંડ મોં ખોલ્યું એ બિચારે....' કમળા કશું જ બોલી નહીં. એનો વર જમ્યા પછી થોડો આડે પડખે થઈને ફરી દુકાને જવા તૈયાર થયો ત્યારે એણે એને ધીમા સાદે કહી નાખ્યું : 'કઉસુ... રમણભૈને બઉ ભીડ હોય તો ઈમના બાકીના હજાર ય...' ચંપલો પગમાં નાખતી વેળાએ થોડાક વિચારમાં પડી ગયેલા પતિને કમળાએ તરત કહી નાખ્યું :

'હાલ તમારી પાંહે રૂપિયાનો વેત ના હોય તો મારી એકાદ જણસ...' પણ એ વાત પૂરી કરે એ પહેલાં જ થોડુંક ચાલીને એના પતિએ કહ્યું, 'જાઉં છું... બેએક દા'ડામાં થોડી ઉઘરાણી પતે તો...'

કમળા ફળિયાના વળાંકે વળી રહેલા પતિની પીઠ સામે તાકી રહી. એના મનમાં સવાલ ઊઠ્યો, 'ખરેખર રમણભૈએ લગનવેળાએ પૈસા આલ્યા હશે ? કે પછી આ ય ભૈબંધને પૈસા આલવા ખાતર બા'નું ?' પણ પછી તરત મનોમન હસી પડી : 'મૂઆ ત્યાર બે પૈસા નઈ બચે તો... બર્યું... આપડા ભાગ્યમાં આવું માણહ ચ્યોંથી. હેં !'

અનુસંધાન] દિવાળી : ઝાયણી [પૃ. ૬૩૧ થી

નીકળે. સીમમાંથી સોટી જેવાં લાકડાં લાવી એમાં ચીરો કરી, લીંપી, સૂકવી, દીવો મૂકી નીકળીએ. એ દિવાળીનો દિવસ એટલે મહત્ત્વનો દિવસ. દીપમાળાઓ પ્રગટે. ફટાકડા ફૂટે. માલપુઆ જેવું નવું નવું રંધાય ખવાય. દૂરદૂર નોકરી કરનારા ઘરે આવે. બધાં પરિવારજનો ગ્રામજનો એ દિવસે ભેગાં થાય. ગામડું રળિયામણું લાગે... વેપારીઓ ચોપડા પૂજે. અમે પ્રસાદ લેવા પહોંચી જઈએ. ફૂટતા ફટાકડાઓ જોઈએ.

અમારા પંથકમાં બેસતા વર્ષને લોકો ઝાયણી કહે છે. બેસતું વર્ષ એટલે નવું વરસ. આજે તો 'હૅપિ ન્યૂ ઈયર' શબ્દો કેવા બોદા લાગે છે. જ્યારે એ દિવસોમાં 'જેશી કૃષ્ણ' શબ્દો કેવા મીઠા લાગતા ! વહેલા ઊઠીને વડીલોને મળવા જઈએ.

'ભૈ સો વરહના થજો, હખી થજો' આવા આશીર્વાદોથી ઊજળા થઈએ. ગામના પશાભા ગોળ ખવરાવે. આજના પેંડાની તુલનામાં ત્યારની મારસ અથવા ગોળ ઘણાં મીઠાં હતાં !

સોફા ઉપર બેસવાનું નહોતું. અગાશીમાં ચારિયું પાથર્યું હોય, કોઈક શેતરંજી. પણ એ આવકારમાં એમની આંખોમાં ગજબની અમી હતી.

ગામને ગોંદરે બધા ભેગા થાય. મહારાજ આવે. સારપત્રિકા વાંચે. ગરબો થાય. બધા ભેગા થઈ ખેતરમાંથી લાવેલાં લોબરીનાં ફૂલોથી, થોડાં કાગળનાં ફૂલોથી ગરબો શણગારે. ગામની બહેનો ચકલે ગરબે ઘૂમે... જૂનો ઢાળ... જૂનો ગરબો... એનો એક લ્હાવો હતો ! ગરબો એકબે દિવસ ગામમાં રહે અને પછી એને વળાવી દેવાય.

કેટકેટલો આનંદ દિવાળીની પ્રતીક્ષાનો ! આજે તો એ ઊમળકો જ ખોવાઈ ગયો છે. કોણ જાણે કેમ ? એટલે જ મનોમન બોલી પડાય છે : 'એક વો ભી દિવાલી થી !' ❐

પસ્તીનાં પાનાં

— ડાં. પ્ર. ચુ. વૈદ્ય —

ડૉ. હોમી ભાભા

તા. ૨૮-૨-૯૩. હમણાં મેં ડાં. હોમી ભાભા વિષે જ્યોર્જ ગ્રીન્સ્ટાઈનનો એક લાંબો લેખ વાંચ્યો. ૧૯૪૭-૪૮ના ગાળામાં ડાં. ભાભાના સંશોધન-વિદ્યાર્થી તરીકે કામ કરવાનો મને લાભ મળ્યો હતો.



હોમી ભાભા પૈસાપાત્ર કુટુમ્બમાં જન્મ્યા હતા. કેમ્બ્રિજ જઈ તેમને તો ગણિત ભણવું હતું, પણ પિતાની ઈચ્છા તેમને એન્જિનીઅર બનાવવાની હતી. એટલે ૧૯૩૦માં તેમણે એન્જિનીઅરિંગ ટ્રાઈપોસ પાસ કરી અને પછી ૧૯૩૧માં ગણિતમાં રેંગ્લર થયા. આમ, તેમની સાથે સંશોધન માટે હું કેમ જોડાયો તે સમજાય તેવું છે. મેં તેમની સાથે ૧૪ માસ કામ કર્યું અને તે દરમિયાન મને જે છાપ પડી તેવી જ છાપ ગ્રીન્સ્ટાઈનના લેખમાંથી પડે છે. એક-બે નમૂના :

૧૯૪૭ની વાત છે. એક દિવસ તે મારી રૂમમાં આવ્યા અને મને કહે, ચાલો મારી સાથે. તે મને બાથરૂમમાં લઈ ગયા. મને વિલાયતી ખુરશી-જાજરૂ બતાવીને કહે, પેશાબ-પાણી માટે આ કેમ વાપરવું તે શીખી લેજો ! આજકાલ ફર્સ્ટ ક્લાસમાં રેલવેમાં ખુરશી-જાજરૂ હોય છે અને ત્યાં લખેલું હોય છે : **Gentlmen, please, will lift the seat !** હું આ જ વાત ડાં. હોમી ભાભા, **F.R.S.** પાસેથી શીખ્યો !

તાતા ઇન્સ્ટિટ્યૂટ આૅફ ફંડામેન્ટલ રિસર્ચ (**T.I.F.R.**)નું નવું મકાન તૈયાર થયું ત્યારે તેમણે સ્ટાફને સર્ક્યુલર મોકલ્યો. 'આ મકાનો માટે તમને ગર્વની લાગણી હોવી જોઈએ અને તેને સ્વચ્છ રાખવાની તમારી ફરજ છે. જો તમે કોઈને અવ્યવસ્થા કે અસ્વચ્છતા આચરતા જુઓ તો તેને રોકજો અને જરૂર પડે મારું ધ્યાન ખેંચજો.'

લેખમાં એક બીજી વાત પણ છે. પૈસાદાર કુટુમ્બમાં, પશ્ચિમી ઢબે ઊછરેલા ભાભા સામાન્ય કુટુમ્બમાંથી આવતા વિજ્ઞાનિકની સામાજિક સ્થિતિ સમજી શકતા નહોતા **T.I.F.R.**નાં નવાં મકાનનાં રંગરોગાન ફર્નિચર, ભીંતચિત્રો, અરે કેન્ટિનનાં ચા-કૉફી બનાવવાના મશિન વિષે તેમણે જેટલી ચીવટ રાખી તેથી અડધી પણ ચીવટ સ્ટાફ ક્વાર્ટર્સ સવેળા બાંધવામાં તેમણે દાખવી નહોતી. કદાચ મુંબઈમાં મકાનની કેવી તીવ્ર તંગી છે તેનો આછોપાતળો ખયાલ પણ તેમને નહિ હોય. લેખની આ વાતનો તો મને પણ અનુભવ છે. એક વર્ષ પ્રયત્ન કરવા છતાં મને રહેવા ઘર (ભાડે) ન મળ્યું. એટલે તો મારે **T.I.F.R** છોડી વિદ્યાનગરનો રાહ લેવો પડ્યો અને ત્યારે હું ત્યાં સૌથી વધુ સીનિઅર સાયન્ટિસ્ટ હતો છતાં !

આશાવાદને ધક્કો

તા. ૬-૬-૯૩. મારો સ્વભાવ સામાન્ય રીતે આશાવાદી છે. પણ હમણાં હમણાં દેશમાં અને સમાજમાં એવું કેટલુંક બન્યું છે કે મારા જેવા આશાવાદીના આશાવાદને ધક્કો લાગ્યો છે. કર્ણાટકનાં જંગલોમાં પુષ્કળ સુખડ (ચન્દન)નાં ઝાડ છે. આ જંગલોમાંથી મોટા પ્રમાણમાં સુખડની ચોરી થાય છે. તે માટે દાણચોરોનું એક વિશાળ અને અતિવ્યવસ્થિત તંત્ર છે. તે તંત્રનો સરદાર વિરપ્પન છે અને તે તંત્રમાં જંગલખાતાના કેટલાક અધિકારીઓ અને પોલીસો પણ ખરા.

મહિના-દોઢ મહિના પહેલાં જંગલખાતાની જીપમાં અમલદારો વિરપ્પનને પકડવા નીકળ્યા. જંગલમાં વિરપ્પને બિછાવેલી સુરંગ ઉપરથી તે જીપ પસાર થતાં, ૮ અમલદારોનાં મોત થયાં. આ ઘટના પછી પોલીસખાતાએ વિરપ્પનને પકડવાની ઝુંબેશ ઉપાડી અને દસ-પંદર દિવસ પછી સમાચાર આવ્યા કે પોલીસ સાથેની ઝપાઝપીમાં વિરપ્પનના ૮ માણસો મરાયા - પણ પાંચેક દિવસ પછી ટાઈમ્સ આૅફ ઈન્ડિયાના તંત્રી- લેખમાં એક વિચિત્ર, આડકતરો ઉલ્લેખ જોયો. વિરપ્પનને પકડવામાં નિષ્ફળ નીવડેલી પોલીસે આબરૂ બચાવવા કારસો કર્યો. જેલમાં સજા ભોગવતા કેટલાક કેદીઓને ઉજાણી માટે જંગલમાં લઈ ગયા. ત્યાં તેમની ઉપર ગોળીબાર કરી મારી નાખ્યા અને વિરપ્પનના સાગરીત જેવાં કપડાં પહેરાવી જાહેર કર્યું કે પોલીસ ઝપાઝપીમાં વિરપ્પનના સાગરીતોને મારી નાખ્યા છે !

પોલીસખાતાની આ કાર્યવાહી તો નિન્દનીય છે; પણ એક વાત તો એથીયે વધુ ઘૃણાજનક છે. પોલીસ સાથેની ઝપાઝપીમાં વિરપ્પનના ૮ સાથીઓ મરાયા તે સમાચાર તો દેશભરનાં છાપાંમાં છપાયા પણ આ તો નાટક હતું અને પર્યટન પર લઈ જવાયેલા કેદીઓનું પોલીસે ધોળે દિવસે ખૂન કર્યું છે તે વાત કોઈ છાપામાં વાંચવા ન મળી. ટાઈમ્સ આૅફ ઈન્ડિયાના તંત્રી લેખમાં તેનો આડકતરો ઉલ્લેખ થયો તો મારા ધ્યાનમાં આ વાત આવી. આપણા લોકશાહી રાજકારણમાં છેવટે તો સૌ સારાં થઈ રહેશે તેવા આશાવાદને જે ધક્કો લાગ્યો તે તો આ બીજી વાતનો છે. આપણાં છાપાંઓને, સમાચાર એજન્સીઓને, સમાજને સાચી વાત જણાવવાની જરૂર પણ ન લાગી !

અદ્રક કે પંજે

તા. ૧૪-૬-૯૩. દુનિયામાં એવાં કેટલાંક નાટકો છે જે સતત ભજવાતાં રહે છે એમાં લંડનમાં ભજવાતું **Mouse Trap** (ઉંદર પકડવાનું પાંજરું) તથા અમેરિકાનું **My Fair Lady** આવે છે. તેવી જ રીતે બબ્બનખાનનું 'અદ્રક કે પંજે' પણ આવે છે. અદ્રક કે પંજેના આજ સુધી ૮૦૧૬ શો થઈ ચૂક્યા છે. આમાંનો એક શો પ્રેમાભાઈ હૉલમાં અમે જોવા ગયાં હતાં. જો કે અમને તે બહુ સારું લાગ્યું નહોતું. હૈદરાબાદી ઉર્દૂમાં મૂળ લખાયેલું અને અમે તે જ ભાષામાં જોયું. પણ પછી તો દુનિયાના ૪૪ દેશો અને ૨૭ ભાષાઓમાં તે ભજવાયું છે.

આજથી ત્રીસેક વર્ષ પહેલાં બબ્બનખાન ખૂબ ગરીબ હતો અને મ્યુનિસિપલ ફાનસને અજવાળે તેણે આ નાટક લખી નાખ્યું. નાટકમાં ઝાઝાં બાળકો ધરાવતા એક ભાઈની વાત આવે છે અને મોટા કુટુમ્બની માયામાંથી નીપજતી પરિસ્થિતિમાંથી તે સતત બે કલાક હાસ્ય નિપજાવતા રહે છે. માઈ ફેર લેડીનો લેખક રેક્સ હૅરિસન તો કહે છે કે, કોઈ પણ જાતના સંગીત કે ધ્વનિ-પ્રકાશના ઉપયોગ વગરના આ નાટકની દર્શકગણ ઉપર જાદૂઈ અસર થાય છે !

ઝૂંપડામાં રહેવાથી અને બૅન્કમાં પટાવાળાની નોકરીથી શરૂઆત કરનાર બબ્બનખાન આજે તો હૈદરાબાદના શાન્તિનગર વિસ્તારમાં આવેલા મકાનમાં રહે છે. અને મકાન ઉપર પાટિયું છે **Babban Khan, the Guinness Man.** સૌથી વધારે, ૮૦૧૬ શો જેના નાટકના થયા છે તે નાટક તથા તેના સર્જકનાં નામ ગીનીઝ બુક આૅફ વર્લ્ડ રેકોર્ડમાં

આવ્યાં છે. માટે ગીનિઝ મન એમ પાટિયા ઉપર ઉમરેલું છે. ઈ.સ. ૨૦૦૦ સુધીમાં તો તે નાટકના ૧૦,૦૦૦ શો સુધી પહોંચવા માગે છે ! અને પછી 'અદ્રક કે પંજે' નો બીજો ભાગ 'ગુંબજ કે કબૂતર' ભજવવાની યોજના કરે છે.

આજકાલની બે વાત

તા. ૪-૭-૯૩. આજકાલ અમદાવાદમાં કેળાં ૧૨ રૂપિયે ડઝન મળે છે. એટલે કે એક કેળાંના એક રૂપિયો. હું મુંબઈની કૉલેજમાં ભણતો ત્યારે વળતાં લોકલ ટ્રેનમાં કેળાં મળતાં અને અમે.બે આને ડઝન કેળાં લઈને ખાતા. બે આના એટલે ૧૨ નવા પૈસા. આમ, તે વખતે ૧ પૈસાનું એક કેળું મળતું આજે ૧૦૦ પૈસાનું એક કેળું ! ૧૦૦ ગણો ભાવ વધારો ! તે દિવસોમાં શિક્ષકનો પગાર મહિને ૬૫ રૂપિયા આજે તે ૬૫૦૦ નથી પણ ૨૮૦૦ થી ૩૭૦૦ છે. **Inflation** (ફુગાવો)નું કેવું સચોટ' ઉદાહરણ !

હવે બીજી વાત. આઝાદી મળી તે પહેલાં અને ત્યાર પછી પણ રાષ્ટ્રિય કાર્યક્રમમાં લોકોનાં ટોળેટોળાં ઉભરાતાં. નર્મદા યોજનાની તરફેણમાં ગુજરાતમાં પ્રબળ લોકમત છે તે જાણીતી વાત છે. પણ આઝાદી પહેલાંથી ચાલી આવતી પરિપાટી પ્રમાણે લોકમતની પ્રબળતાનું માપ તો તે અંગેની જંગી જાહેરસભા જ ગણાય છે. તે અનુસાર નર્મદા યોજના અભિયાન તરફથી વડોદરા પાસેના બોડેલી ગામમાં એક જંગી જાહેર-સભાનું આયોજન થયું હતું. તેમાં નર્મદા યોજના વિષે પ્રધાનનું ભાષણ શરૂ થયું અને લોકો એક પછી એક ઊઠવા લાગ્યા. કારણ ? આજકાલ 'જંગી સભામાં' લોકો આપમેળે જતા નથી પણ ગામડેથી ૧૦ કે ૨૦ રૂપિયા આપી, શહેરમાં જમાડવાની શરતે ખટારા અને બસ ભરીને માણસો લવાય છે. અને તેથી આવી સભાના વિરોધીઓએ નવું શસ્ત્ર શોધી કાઢ્યું છે. 'તમારી બસ તો પાછી ફરવા ઊપડે છે' તેવી અફવા ફેલાવવી એટલે લોકો ઊઠવા માંડે. પેલી નર્મદા અંગેની સભામાં પણ આવું જ થયું. માઈક ઉપરથી 'સભા પૂરી થયા પછી જ બસ-ખટારા નીકળશે' એવી જાહેરાત પછી જ અડધા કલાકે માંડ વ્યવસ્થા સ્થપાઈ ! તો આ છે અમારી ૧૯૯૩ની જંગી જાહેરસભાનું રહસ્ય !

ત્રણ વિજ્ઞાનીઓની શતાબ્દી

તા. ૧૧-૮-૯૩. આ વર્ષે ત્રણ વિજ્ઞાનીઓની શતાબ્દી આવે છે. આ ત્રણે બંગાળી છે. મેઘનાથ સાહા, પી.સી. મહાલોનોબીસ અને સત્યેન્દ્રનાથ બોઝ આ મહાલોનોબીસ એ આમ તો મહાલનવીસ એટલે કે મામલતદાર : પણ બંગાળી રીતે મહાલનું મહાલો થયું અને નવીસનું એ જ રીતે નોવીસ થયું. અને બંગાળીમાં 'વ' અને 'બ' વચ્ચે ભેદ નથી એટલે છેવટે મહાલોનોબીસ થયું. આ મહાલોનોબીસ મોટા સંખ્યાશાસ્ત્રી (**statistician**) હતા અને મારી એક પુત્રીના ગુરુણાં ગુરુ. એ પુત્રીએ પોતાનું **Ph.D.** સી.આર.રાવ નીચે કર્યું અને સી.આર.રાવનું **Ph.D.** મહાલોનોબીસ નીચે થયું. પણ હું તો આ ત્રણેને એકસાથે એક જુદા જ સંદર્ભમાં જાણું છું. ૧૯૧૫થી ૧૯૧૮ના ગાળામાં આઈન્સ્ટાઈને તેનો સાપેક્ષતાનો વ્યાપક સિદ્ધાન્ત રચ્યો. આઈન્સ્ટાઈનના આ અંગેનાં પેપરો (લેખો) જર્મન ભાષામાં હતાં. ૧૯૧૯ના ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે, પ્રકાશના કિરણ ઉપર ગુરુત્વાકર્ષણની અસર વિષે આઈન્સ્ટાઈને કરેલી આગાહી અવલોકનથી સાચી ઠરી એટલે આખી દુનિયાનું ધ્યાન આઈન્સ્ટાઈન તરફ ગયું. અને ત્યારે મહાલોનોબીસે સાહા અને બોઝને સૂચન કર્યું કે આપણે આઈન્સ્ટાઈનના પેપરનું અંગ્રેજીમાં ભાષાન્તર કરીએ. આમ, ૧૯૨૦માં તેમણે આ ભાષાન્તર કર્યું અને આ રીતે ભારતમાં સાપેક્ષતાનો અભ્યાસ થઈ શકે તે માટે તેમણે પહેલું પગલું ભર્યું. આથી મારે માટે તો આ ત્રણે ગુરુણાં ગુરુ છે.



સત્યેન્દ્રનાથ બોઝ

મેઘનાદ સાહામાં સાહા એટલે આપણો શાહ - નાનો દુકાનદાર બંગાળમાં તો તે ઘણી નીચી નાત ગણાય. તેમાં વળી આ તો નાનપણથી દેશપ્રેમી. ૧૯૦૫માં બંગાળનો બ્રિટિશ ગવર્નર ઢાકા ગયો ત્યારે 'ગવર્નર, પાછો જા' ના દેખાવોમાં જોડાએલ એટલે પોલીસચોપડે તેનું નામ ચડેલું. આ ૧૯૦૫ની વાત પછી તો ૧૯૨૧માં, ઉચ્ચ તાપમાને થતા આયોનિઝેશનમાં પરિવર્તન માટે તેણે વિખ્યાત સાહા-સૂત્ર મેળવ્યું અને પ્રખર વિજ્ઞાનીક તરીકે તેની ખ્યાતિ જામી ગઈ.

પણ આ ત્રણમાંથી રૂબરૂ મળવાનો મને પ્રસંગ તો ફક્ત એક જ માટે મળ્યો હતો - સત્યેન્દ્રનાથ બોઝ માટે. ૧૯૫૨માં હું કલકત્તા સાયન્સ કૉંગ્રેસમાં ગયો હતો. બોઝનું મુખ્ય કામ તો પ્રકાશના કણો (**Photons**)નું સંખ્યાશાસ્ત્રીય અધ્યયનનું હતું. પણ તે દિવસોમાં આઈન્સ્ટાઈને ગુરુત્વાકર્ષણ અને વિદ્યુત-આકર્ષણનો સમન્વય કરતો એક નવો સિદ્ધાંત આપ્યો હતો અને સત્યેન્દ્રનાથ બોઝને આઈન્સ્ટાઈનના નવા સમન્વય સિદ્ધાન્તમાં રસ જાગ્યો હતો. એટલે એક દિવસ બપોરે લંચ અને લંચ પછીની મીટિંગ સાયન્સ કૉલેજના બોઝના રૂમમાં રાખી હતી. પંદરેક જણની મીટિંગમાં હું પણ હતો. આમ જુઓ તો આ પંદર જણમાં આઈન્સ્ટાઈનના તે વખતના સમન્વય સિદ્ધાન્તના કાર્ય સાથે પરિચિત એવા અમે બે જ જણા હતા - બંદ્યોપાધ્યાય અને હું. અને અમે એક કલાક સુધી નવા સિદ્ધાન્તનું વિવરણ કર્યું. આમ એ ગુરુણાં ગુરુના પણ એકાદ કલાક માટે અમે (મેં અને બંદ્યોપાધ્યાયે) ગુરુ તરીકે કામ કર્યું ! (ક્રમશઃ)

प्रसंगपराग

અમલદારશાહીનું આક્રમણ

દિનુભાઈ દવે

દિલ્હીથી માંડ ૩૦ કિ.મી. દૂર આવેલું ફરીદાબાદ આજે તો ઉદ્યોગોથી ધમધમતું એક ઔદ્યોગિક નગર છે, પરંતુ આજથી ૫૦-૫૫ વર્ષ પહેલાં ભારતને આઝાદી મળી ત્યારે ત્યાં માત્ર ઉજ્જડ જમીન હતી અને સમગ્ર પ્રદેશ તદન વેરાન હતો. ફરીદાબાદના વિકાસના પાયામાં સુધીર ઘોષ નામના એક સનંદી અધિકારીએ સ્વનિર્ભરતાથી વિકાસ થઈ શકે તેનો એક સરળ પ્રયોગ કર્યો હતો. તેની વિગત જાણવી આજે પ્રસ્તુત પણ છે અને અનુકરણીય પણ. આ સ્થળે ૩૫૦૦ એકર ઉજ્જડ જમીનમાં ૪૦ હજાર જેટલાં નિરાશ્રિતો તંબુ બાંધીને રહેતાં હતાં. ગૃહમંત્રાલયના અધિકારી તરીકે સુધીર ઘોષની ફરજ તેમનાં રહેવા-જમવાની સુવિધા જાળવવા પૂરતી સીમિત હતી, પરંતુ સુધીર ઘોષે વિચાર કર્યો કે સરકાર દરરોજના સરાસરી એક રૂપિયા લેખે આ લોકો પાછળ જે ખર્ચ કરે છે તે રકમ મહિને ૧૨ લાખ જેવી થાય. વર્ષે એક કરોડ ચાળીસ લાખ કરતાં વધુ થાય અને ત્રણ વર્ષે તો સવાચાર કરોડથી પણ વધારે થાય. અને છતાં ત્રણ વર્ષ બાદ આનું કંઈ વળતર તો મળવાનું નહીં !

તેણે વિચાર કર્યો કે એક સ્વાયત્ત બોર્ડ ઊભું કરી આ રકમ લોન તરીકે લઈને આ લોકો પોતાના વસવાટ અને વિકાસ માટે પ્રયત્ન કરે તો અહીં કાયમી વસવાટ ઊભો કરી શકાય, અને તેમની ધંધા-રોજગારની તકો પણ ઊભી થાય. સુધીર ઘોષે આ વિચાર નેહરુ સમક્ષ મૂક્યો અને તેમની અનુમતિ મળતાં આ નિરાશ્રિતોનાં જૂથો સાથે વાતચીત શરૂ કરી. સૌનું કહેવું હતું કે તેઓ તો વેપારી કે વકીલ જેવો વ્યવસાય કરી જાણે અથવા નોકરી કરી જાણે, પરંતુ હાથપગ ચલાવવાનો તેમને મહાવરો જ ન હતો. આમ છતાં સુધીર ઘોષે પ્રયત્ન ચાલુ રાખ્યો. તેમની સાથે વાતચીત ચાલુ રાખી, ધીમે ધીમે તેમને મકાનો બાંધવાથી માંડી રસ્તા બનાવવા, વૃક્ષો વાવવાં, વગેરે કામોમાં પળોટ્યા. પરિણામે જે લોકો તંબુમાં વેરવિખેર અવસ્થામાં રહેતાં હતાં તેઓ એક વર્ષમાં પોતાનાં પાકાં ઘરોમાં રહેતાં થયાં એટલું જ નહીં, પરંતુ તેમનાં બાળકો માટે શાળા હતી અને સમાજ માટે દવાખાના જેવી સુવિધાઓ પણ ઊભી થઈ શકી હતી. જાતમહેનતને કારણે બે રૂમોવાળી નાહવાધોવાની વ્યવસ્થાવાળી રહેણાકની સુવિધાનો ખર્ચ માત્ર રૂ. ૧૯૩૩ જેવો આવ્યો હતો.

આ બધું એટલું સાહજિક રીતે થયું હતું કે સરકારી તંત્રને આ કામોની સફળતા ખૂંચવા લાગી. જેમનાં હિત ઘવાતાં હતાં તે સૌ મનમાં સમસમી રહ્યાં હતાં. શક્તિશાળી સનંદી અધિકારીઓ અને સરકારની જાહેર સંસ્થાના અધિકારીઓએ શરૂઆતમાં એમ માન્યું હતું કે સુધીર ઘોષ પોતાની ઘોર ખોદી રહ્યા છે, પણ બે વર્ષમાં ફરીદાબાદમાં એવી નમૂનેદાર વસાહત બની ગઈ કે દેશવિદેશના મુલાકાતીઓ અહીં આવતાં અને વિકાસ પામી રહેલા એશિયા અને આફ્રિકાના દેશો આ રીતે વિકાસ કરી શકે તેનો સ્પષ્ટ સંદેશો તેમને અહીં મળતો હતો કે સ્વનિર્ભરતાથી પણ વિકાસ થઈ શકે. વડાપ્રધાન આ કાર્યક્રમમાં જોડાયેલા હોઈ કોઈ સનંદી અધિકારી તો ઠીક પણ કોઈ મંત્રી પણ તેમાં દખલ કરવાની હિંમત કરી શકતા નહીં, કારણ કે બોર્ડના સભ્ય ન હોવા છતાં ત્રણ વર્ષ સુધી વડાપ્રધાન દરેક માસિક મીટિંગમાં હાજરી આપતા. આમ, પ્રથમ વાર સરકારી તંત્રમાં અમલદારશાહીના સર્વાધિકાર દબાઈ ગયા હતા.

અમેરિકન માધ્યમોમાં પણ ગૌરવ સાથે ફરીદાબાદની સફળતાની નોંધ લેવાઈ હતી અને તે પરથી અમેરિકન સેનેટરોએ સુધીર ઘોષને આ પ્રયોગના સંદર્ભમાં અમેરિકાની મુલાકાત લેવાનું સૂચન કર્યું.

સ્વાયત્ત સંસ્થાની સ્વતંત્રતા સરકારી અમલદારશાહી તોડી નાખતી હોય છે. અને આ તક તેમને સુધીર ઘોષના અમેરિકાના નિમંત્રણમાં સાંપડી. નેહરુના મનમાં તેઓ એવું ઠસાવવામાં સફળ થયા કે સુધીર ઘોષ સરકારી અધિકારી તરીકે અમેરિકાની મુલાકાત લે તે યોગ્ય નથી. નેહરુ અને સુધીર ઘોષ વચ્ચે આ બાબતમાં લાંબી ચર્ચા ચાલી પણ નેહરુ સંમત ન થતાં સુધીર ઘોષ રાજીનામું મૂકીને અમેરિકાની મુલાકાતે ગયા ! તેઓ માત્ર વૉશિંગ્ટનમાં જ નહીં, પણ અમેરિકાના જુદા જુદા પ્રદેશોમાં ફર્યા ! વિશ્વ. વિદ્યાલયોમાં કામ કરતાં લોકોને મળ્યા, પત્રકારો અને સરકારી અધિકારીઓને પણ મળ્યા અને અમેરિકામાં એવો મત ઊભો કરી શક્યા કે ભારતને આર્થિક મદદ કરવાનો આ યોગ્ય સમય છે. ફરીદાબાદની સફળતાનો ઠીક ઠીક પ્રચાર અમેરિકાનાં માધ્યમોમાં તો થઈ ચૂક્યો હતો. ત્યાં લોકોને એ વાત ગળે ઊતરી હતી કે થોડી મદદ અને ઉત્સાહ આપવામાં આવે તો ભારતની પાંચ કે છ વર્ષમાં કાયાપલટ થઈ શકે. પરંતુ જ્યારે સુધીર ઘોષ જૂન ૧૯૫૨માં ભારત પાછા ફર્યા ત્યારે તેમણે ભગ્નહૃદયે જોયું કે નેહરુનો સાથ ગુમાવતાં જ ફરીદાબાદમાં અકલ્પ્ય પરિવર્તન થઈ ચૂક્યું હતું. મુંબઈથી એક સરકારી અધિકારીને ફરીદાબાદમાં મૂકવામાં આવ્યા હતા ને તેણે ફરીદાબાદતંત્રની લગામ સંભાળી લીધી હતી. અને અમલદારશાહી તેની ચીલાચાલુ પદ્ધતિથી અહીં કામ કરી રહી હતી. ફરીદાબાદના એક સફળ પ્રયોગ પછી આ કેડી ઉપર આગળ ચાલવાનો ક્રમ તૂટી ગયો. આક્રમક અમલદારશાહીનો આ વરવો વિજય હતો.

(સુધીર ઘોષ લિખિત પુસ્તક Gandhi's Emissary માંથી A revolution that did not come off ઉપરથી)

પ્રસંગકથા

વિનોદ ભટ્ટ

ચુનીલાલ મડિયાએ પોતાના લેખ 'ખોટી જોડણી સહેલી નથી'માં નોંધ્યું છે કે ગુજરાત રાજ્યમાં સરકારી રાહે રવીન્દ્ર-શતાબ્દીની ઉજવણી થયેલી ત્યારે એ સભામંડપના પ્રવેશદ્વારે માહિતીખાતા તરફથી બંધાયેલ પતાકામાં મોટા અક્ષરે 'રવીન્દ્ર'ને બદલે 'રવિન્દ્ર' ચીતરાયેલું તે જોઈને કવિ નિરંજન ભગત પ્રવેશદ્વારેથી જ પાછા ફરી ગયાનું કહેવાય છે.

•

છાપાંવાળાઓ જોડણીની શુદ્ધતાથી બહુ હરખાતા નથી. એક વાર આપણા કવિ શેખાદમ આબુવાલાએ 'જનસત્તા'ના (એ વખતના) તંત્રી વાસુદેવ મહેતાને ખુશખબર આપતાં જણાવ્યું કે બીજાં છાપાં કરતાં (આપણા) 'જનસત્તા'માં મુદ્રણદોષો બહુ ઓછા આવે છે. જવાબમાં વાસુદેવ મહેતાએ પોતાની લાક્ષણિક ઢબે પ્રત્યુત્તર વાળ્યો હતો : 'આપણું તો એવું, સરક્યુલેશનેય ઓછું ને ભૂલો પણ ઓછી.'

ઈતિહાસધારા

અશોક હર્ષ

રાજા વિક્રમના દરબારમાં નવ અસામાન્ય વિદ્વાનો હતા. નવરત્ન તરીકે ઓળખાતા આ વિદ્વાનોનાં નામ હતાં ધન્વન્તરી ક્ષપણક, અમરસિંહ, શંકુ, વેતાલ ભટ્ટ, ઘટકર્પર, કાલિદાસ, વરરુચિ અને વરાહમિહિર. આ નવરત્નોમાંના એક વરાહમિહિરનું નામ એક શ્રેષ્ઠ જ્યોતિષી, શિલ્પવિજ્ઞાની તથા ગણિતશાસ્ત્રી તરીકે જાણીતું હતું. તેના લખેલા ગ્રન્થો ઉપલબ્ધ છે, પણ તેના ચરિત્રની કશી માહિતી ઉપલબ્ધ નથી.

આદિત્યદાસ નામના વિદ્વાન પિતાના વિદ્વાન પુત્ર વરાહમિહિરનો જન્મ ઈ. ૪૯૦માં કાપિત્થ નામે ગામમાં થયેલો. પિતા પાસેથી જ વિવિધ વિદ્યાઓ શીખીને તેણે નામ મેળવતાં રાજા વિક્રમે તેને આદરપૂર્વક પોતાની રાજધાની ઉજ્જયિનીમાં બોલાવી લીધો. ઉજ્જયિનીમાં રહીને તેણે જ્યોતિષ ઉપર અનેક પુસ્તકો લખ્યાં, જેમાં 'બૃહત્સંહિતા' સૌથી વધુ ખ્યાત છે. તે સમયે શાસ્ત્રીય ઉપકરણો ઉપલબ્ધ ન હોવા છતાં જ્યોતિષશાસ્ત્રમાં કરેલું પ્રદાન આશ્ચર્યકારક છે.

બૃહત્સંહિતા એ વરાહમિહિરે લખેલા મહાગ્રન્થ 'હોરાશાસ્ત્ર'નો એક ભાગ છે. તેનો પહેલો ભાગ 'જાતક' અથવા 'બૃહદ્ જાતક' નામે ઓળખાય છે. એનો બીજો ભાગ છે 'યાંત્રિક' અથવા 'યાત્રાનિબંધ', ત્રીજો ભાગ છે 'બૃહત્ સંહિતા,' જે 'વરાહમિહિરસંહિતા' તરીકે પણ ઓળખાય છે. તેણે એમાં દેવમૂર્તિઓ વિષે પણ વિસ્તારપૂર્વક લખેલું છે - સવિશેષ સૂર્યમૂર્તિ વિષે. 'હોરાશાસ્ત્ર' ઉપરાંત જ્યોતિષશાસ્ત્ર પરના બીજા પણ કેટલાક ગ્રન્થો તેણે લખેલા છે.

આપણા ઈતિહાસમાં નાદિરશાહને એવો તો ક્રૂરકર્તા આલેખ્યો છે કે એની બીજી બાજુ જાણવાની આપણે તકલીફ જ નથી લીધી. અલબત્ત, દિલ્હીમાં એણે ચલાવેલી કત્લેઆમનો જોટો મળવો મુશ્કેલ છે, પણ એનાં કારણોમાં ઊંડાં ઊતરવાનું આપણે માંડી જ વાળ્યું છે.

નાદિરશાહે ઈરાનમાંથી અફઘાનોને હાંકી કાઢી પોતાનો મુલ્ક પાછો મેળવ્યો ત્યારે મુઘલ સમ્રાટ મહંમદશાહે અફઘાનોનો પક્ષ લઈને નાદિરે મોકલેલા ઈરાનના બે એલચીઓ કેટલાક ઘોડેસવારો સાથે મોકલ્યા. પરંતુ તેમને દાદ ન આપતાં કાબૂલના મુઘલ સૂબાએ નાદિર સામે મોરચો માંડતાં તેણે કાબૂલ જીતી લઈ કાબૂલના જ કેટલાક આબરૂદાર વતનીઓને બંને દેશો વચ્ચે સારા સંબંધ સ્થાપવા મોકલી આપ્યા. તેમને હણી કાઢવામાં આવ્યા. જલાલાબાદમાં કેટલાક ઈરાનીઓની કત્લ કરવામાં આવી. નાદિરે આથી જલાલાબાદ પર આક્રમણ કરી તે કબજે કરી લેતાં મુઘલ સમ્રાટ મહંમદશાહે નિઝામ ઉલ્મુલ્કને તેની સામે લડવા મોકલી આપ્યો પણ તે લડવાનું ટાળતો જ રહ્યો. નાદિરે આગળ વધી પેશાવર, અટક અને લાહોર પણ કબજે કર્યાં.

લાહોરથી નાદિરે ફરી દિલ્હી સંદેશો મોકલ્યો, પણ તેને જવાબ આપવાને બદલે સમ્રાટ મહંમદશાહે તેનો સામનો કરવા રજપૂત રાજવીઓની મદદ માગી. કોઈ રાજવી તેની મદદે ન આવ્યો, અને નાદિરની દિલ્હી ભણીની કૂચ ચાલુ રહી. આ વખતે નિઝામઉલ્મુલ્કે નાદિરને બે કરોડ રૂપિયા આપી મનાવી લીધો, અને એના બદલામાં રાજ્યનું વજીરપદ માગ્યું જે મહંમદશાહે ખુશીથી તેને આપ્યું.



નાદિરશાહ

પોતાનું વજીરપદ ગુમાવતાં ત્યારના વજીર સાદતખાંની ઈર્ષા ઉત્તેજાઈ. તેણે નાદિરશાહના કાન ભંભેર્યા કે, 'બે કરોડ રૂપિયાની શી વિસાત છે ? એટલા તો હું તમને આપી શકું તેમ છું. દિલ્હીમાં એટલું તો અઢળક ધન છે કે તમે કલ્પી પણ ન શકો. અને દિલ્હી હવે ક્યાં દૂર છે ?'

નાદિર દિલ્હી પહોંચતાં મહંમદશાહે તેને એક મહેલમાં ઉતારો આપ્યો. તેના કબીલાના સૈનિકો શહેરમાં ચક્કર લગાવવા માંડ્યા. એવામાં એક સવારે એવી અફવા ઊડી કે નાદિર મૃત્યુ પામ્યો છે, એટલે લોકો એના સૈનિકો પર તૂટી પડ્યા અને તેમની કત્લ શરૂ કરી. આ કત્લ બંધ ન પડતાં નાદિર પોતે તેના કેટલાક ઉમરાવો સાથે મહેલની બહાર નીકળ્યો. પરંતુ કત્લ ચાલુ જ રહી, ખુદ તેની સાથેનો એક ઉમરાવ પણ માર્યો ગયો. આથી નાદિરના ક્રોધે માઝા મૂકી અને તેણે પોતાના લશ્કરને કત્લેઆમનો છૂટો દોર આપી દીધો. આગ, લૂંટ અને કત્લનો એ દોર એટલી હદે પહોંચ્યો કે દિલ્હી તારાજ થઈ ચૂક્યું, છેવટે નિઝામઉલ્મુલ્કે આંખમાં આંસુ સાથે નાદિરને વિનતિ કરતાં તેણે કત્લેઆમનો પોતાનો હુકમ પાછો ખેંચી લીધો.

સવારથી શરૂ થયેલી દિલ્હીની તારાજી બપોરે બંધ પડી ત્યાં સુધીમાં દિલ્હીનાં ત્રણ લાખ પ્રજાજનો રહેંસાઈ ચૂક્યાં હતાં અને દિલ્હી એક ભેંકાર સ્મશાનમાં ફેરવાઈ ગયું હતું. તા. ૧૧મી માર્ચ ૧૭૩૯ની સવારથી શરૂ થયેલી કત્લેઆમ બંધ પાડતાં તા. ૧૩મી માર્ચે નાદિરશાહે સાંજ પડતાં જાહેર કર્યું કે હવે હરેક વ્યક્તિ કશા ભય વિના પોતપોતાનું કામ શરૂ કરી દે. તેણે દિલ્હીની ચારે બાજુ સખ્ત પહેરો ગોઠવી દીધો, અને શાહી ખજાનાની સાથે અમીર-ઉમરાવોની મિલકતની લૂંટ શરૂ કરી.

ઈતિહાસવિદોના જણાવ્યા પ્રમાણે નાદિરશાહ તા. ૬ઠ્ઠી મેના રોજ દિલ્હીથી પાછો ફર્યો ત્યારે હિંદની ૭૦ કરોડની માલમિલકત પોતાની સાથે લેતો ગયો - મયૂરાસન સહિતનું સોનું, ચાંદી, ઝવેરાત, સોનામહોરો અને રોકડા રૂપિયા, કીમતી વસ્ત્રો, શસ્ત્રાસ્ત્રો વગેરે. આ ઉપરાંત એક હજાર હાથી, સાત હજાર ઘોડા અને દસ હજાર ઊંટ પોતાની સાથે લઈ ગયેલો. પણ પાછો ફરેલો નાદિરશાહ એ પછી જીવી શક્યો નહોતો. છેવટે તા. ૧૯મી જૂન ૧૭૪૭ના દિવસે આલહખાન મુહમ્મદખાન કાચારે ઊંઘમાં જ તેને રહેંસી નાખ્યો. □

—ધારાવાહી બંગાળી નવલકથા—

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

બીજે દિવસે સવારે ઊંઘમાંથી જાગતાં અમને મોડું થયું. ઊઠતાં વેંત મારા ડૉક્ટરનો ફોન આવ્યો હતો એમ નોકરોએ કહ્યું. એટલે મેં ડૉક્ટરને ફોન જોડ્યો. ડૉક્ટરે પૂછ્યું : 'મારો દર્દી કેમ છે ?'

મેં કહ્યું, 'મેં હજી એને જોયો નથી. કાલે સૂવા જતાં ઘણું મોડું થઈ ગયું હતું. એટલે હમણાં જ હું ઊઠ્યો. પછીથી તમને ફોન કરીને સમાચાર આપું છું.'

ડૉક્ટરે કહ્યું. 'ગભરાવાનું કારણ નથી. મેં એની બધી રીતે પરીક્ષા કરી છે. નાડી હૃદયઆંખો બધું બરાબર છે. મને લાગે છે કે સખત તાપમાં ફર્યો તેથી તાવ ચઢ્યો. છતાં દવાથી સારું થઈ જશે. તાવ ઊતરી જશે. આજે વખત મળશે તો એનું લોહી લઈ જઈને તપાસ કરીશ. તમારી મિસીસ કેમ છે ?'

મેં કહ્યું : 'એ હજીય ઊઠી નથી. રાતે અમે બહુ મોડેથી સૂવા ગયાં. છોકરો રડારોળ કરતો હતો, એટલે અમને બન્નેને ઉજાગરો થયો.'

'છોકરાએ બહુ ત્રાસ આપ્યો ?'

'એની માસીને ન જોતાં, રડારોળ કરી હતી, પણ પછી પાછો ઊંઘી ગયો.'

ડૉક્ટરે કહ્યું : 'ઠીક છે. સમય મળતાં હું આવીને જોઈ જઈશ.' એમ કહીને ટેલિફોન મૂકી દીધો.

પછી હું હાથમોઢું ધોઈ બ્રશ કરીને બાબલા પાસે ગયો. વીરસિંહ અને આયા પણ રાત આખી જાગ્યાં હતાં. એ લોકો બહુ વિશ્વાસપાત્ર. મેં ધાર્યું હતું કે એ બન્ને ત્યાં જ હશે. પણ ત્યાં જઈને મેં જે જોયું તેથી હું હેરત પામી ગયો. રીટા બાબલાને ખોળામાં લઈ પથારીમાં બેઠી હતી.

મેં કહ્યું : 'આ શું ? તું અહીં ?'

રીટાએ ધીમે સાદે કહ્યું. 'જરા ધીરેથી બોલો. એ હમણાં જ ઊંઘ્યો છે.'

મેં ધીરે સાદે કહ્યું, 'તું અહીં ક્યારે આવી ? રાતે ઊંઘી નથી લાગતી.'

આયાએ કહ્યું, 'મેમસાહેબ આખી રાત આને ખોળામાં લઈ બેસી રહ્યાં છે.' રીટાએ કહ્યું, 'રાતના ઊંઘ જ આવી નહિ. હું શું કરું ? પણ ઊંઘ ન આવી એ સારું જ થયું છે. ઊંઘમાં ઊંઘમાં જોરથી 'માસી ક્યાં છે માસી ક્યાં છે' એમ બૂમ પાડતો હતો ને રડતો હતો. ત્યારે મેં કહ્યું 'હું જ તારી માસી !' એમ મેં કહ્યું ત્યારે તરત જ એ ઊંઘી ગયો. ત્યારથી એને ખોળામાં લઈને બેઠી છું. ખોળામાંથી નીચે મૂકું તો એ હીબકાં ભરે તો ? પારકા છોકરાને ઘરમાં રાખી આપણે કેવી મુસીબત ઊભી કરી, જોયું ને ?'

મેં કહ્યું, 'તને બહુ ત્રાસ પડ્યો. તું હવે ઊઠ અને આને મારા ખોળામાં આપ. ને તું હાથમોઢું ધોઈએ જરા આરામ કર.'

મેં જોયું કે રીટાની સાડીને ડાઘ લાગ્યો છે. એટલે મેં પૂછ્યું, 'તારી સાડીને આ શાનો ડાઘ લાગ્યો ?' રીટાએ કહ્યું. 'એણે ઊલટી કરેલી. મેં મારી સાડીથી લૂછી કાઢ્યું.'

એ વખતે આયાએ હળવેથી બાબલાને પોતાના ખોળામાં લઈ લીધો. રીટા ઊભી થઈને પોતાના ખંડમાં ચાલી ગઈ. હું આશ્ચર્યવત્ એને જતી જોઈ રહ્યો. સાચેસાચ ડૉક્ટર ! છોકરીઓનું મન કેવું અદ્ભુત હોય છે તેની કલ્પના આપણે પુરુષો કરી શકતા નથી. આ રીટા જ્યારે ક્લબમાં જતી ત્યારે એ કોઈ જુદી જ વ્યક્તિ હતી. રોજ ત્રણ પેગ વ્હીસ્કી ન પીએ તો એનો મિજાજ ઠેકાણે ન રહે: એનો બાપ કર્નલ હતો. સૈન્યમાં ઊંચા હોદ્દા પર હતો. એના સમાજમાં વ્હીસ્કી પીવાની ફૅશન હતી. જે દારૂ ન પીતો હોય તે એના સમાજમાં હરિજન લેખાતો. ભાત, દાળ, શાક ખાતા હોય તે લોકો ન્યાતબહાર ફેંકાઈ જતા પણ જે વ્હીસ્કી કે રમ પીતા હોય તે ન્યાતમાં સામેલ થઈ શકતાં. જ્યારે મારાં રીટા જોડે લગ્ન થયાં તે દિવસે મને યાદ છે કે દારૂનું બિલ અગિયાર હજાર રૂપિયા આવેલું. જીવનભર આજ ક્રમ રહેત : ક્લબ, કૉકટેલ અને દારૂ. પણ ભગવાને રીટાને ફટકારી. માણસના સ્વભાવની વિરુદ્ધ માણસ ગયો, કે એનો સ્વભાવ જ એક દિવસ એનો કટ્ટો દુશ્મન બની જાય છે. જેમ કે જો માણસ એક દિવસ બધા વાઘ મારી નાખે તો વનનાં હરણની સંખ્યા વધી જાય. અને હરણની સંખ્યા જો ખૂબ વધી જાય તો જંગલનાં ઝાડપાન બધાં એ સફાચટ કરી જાય ને વન ઉજ્જડ થઈ જાય. અને દેશમાં ઝાડપાન ઓછાં થઈ જાય તો દેશ મરુભૂમિ બની જાય છે ને વરસાદ પડે જ નહિ.

તેવી રીતે આપણા સમાજમાં એવી અનેક છોકરીઓ છે કે જેમની ઉત્તરાવસ્થાની દશા જોઈ મને પારાવાર દુઃખ થાય છે. એક દિવસ મેં જોયું કે એક સ્ત્રી એક ટેબલ આગળ બેસી દારૂ પીતી પાનાં રમતી હતી. એકાએક એ દારૂના નશાને લીધે હો હો કરતી જોરજોરથી હસવા લાગી અને તે સાથે એનું આખું અંગ પક્ષઘાતથી જડ બની ગયું. આમ પ્રકૃતિ પોતાની રીતે બદલો લે છે. જેવું કુદરતમાં થતું હોય છે તેવું જ માનવના ક્ષેત્રમાં પણ થતું હોય છે.

આ મેં નજરે જોયું છે. ડૉક્ટર, રીટાના પણ આખરે એવા જ હાલ થાત. પણ થયા નહિ. કારણ આ રોગે એને ઉગારી લીધી. એનું એકાએક ગુસ્સે થઈ જવું, પ્યાલા રકાબી ભાંગી નાખવાં, એ બધું થતાં જ મેં તરત જ ડૉક્ટરને બોલાવ્યા.

એમણે સાંભળીને કહ્યું, 'આ બહુ સારાં લક્ષણ છે. તમે તમારી પત્ની પર નજર રાખ્યાં કરજો. એને છોકરા માટે કુમળી લાગણી જન્મે અને છોકરાને એની તરફ માસીને માટે છે તેવું વળગણ થાય તેવો પ્રયત્ન કર્યા કરજો.' આમ કહી એ લોહી લેવા જતા હતા પણ છોકરાની ઊંઘમાં ખલેલ પડે તેથી લોહી લીધું નહિ. એમણે કહ્યું, 'હવે તાવ પણ ઓછો થઈ ગયો છે. પહેલાં કરતાં સારી રીતે ઘસઘસાટ ઊંઘે છે. એટલે લોહી લેવું ઠીક નથી. કાલે અથવા પરમ દિવસે, કે પછી કોઈ દિવસ લોહી લઈશ તો પણ ચાલશે. સાંજે એને કેમ છે તેની ખબર આપજો.' કહીને ડૉક્ટર ચાલ્યા ગયા.

* * *

મિસ્ટર સેને કહ્યું, 'ડૉક્ટર, તમને મારી વાત સંભાળતાં ત્રાસ તો નથી થતોને ? તમને ન ગમતું હોય તો મને કહેજો. માણસ જ્યારે પોતાના દુઃખની વાત કોઈને કહેતો હોય ત્યારે એ મનમાં આશા રાખે કે સાંભળનાર એની તરફ સહાનુભૂતિ દર્શાવશે. પણ મારી તરફ તમે સહાનુભૂતિ દર્શાવો એમ હું ઇચ્છતો નથી. આમ જોવા જઈએ તો મને કશું દુઃખ હોવું ન જોઈએ. મારા જીવનમાં કશી ઓછપ ન હોવી જોઈએ. કશો અભાવ ન

હોય. જો હોય તો મારા હાથ નીચેના લોકો મારું માન ન રાખે. મારા હુકમની અવગણના કરે, પણ અહીં તો મારું સ્થાન જુદું છે. હું તો ફક્ત દર્દી જ છું જે તમારા હુકમને તાબે છે. આપણી વચ્ચે એ પ્રકારનો જ સંબંધ છે. તેથી જ હું તમને મારી બધી વાત કરીને મન મોકળું કરવા ઈચ્છું છું. જો તમને સાંભળવાનું ન ગમે તો સ્પષ્ટતાથી મને કહી દેજો. મારે બીજું કંઈ કહેવું નથી.'

બીજી એક વાત... મેં પોતે કારમી ગરીબી કેવી હોય તે અનુભવ્યું છે. તો બીજી તરફ અઢળક ધનસંપત્તિ હોય તો જીવન કેવું હોય તે પણ જાણ્યું છે. પણ એ સ્પષ્ટપણે જાણી લીધું છે કે બન્ને વચ્ચે કશો તફાવત નથી. આજે મારી દશામાં પરિવર્તન આવ્યું છે એ વાત ખરી. આજે બેંકમાં મારા લાખો રૂપિયા છે એ વાત પણ સાચી. આજે મારા માથા પર મારા પૈસાથી બંધાયલું એક છાપરું છે, એ વાત પણ સાચી. પણ મારો 'હું' મારો પહેલાંનો જ 'હું' છે. એટલે કે આજના 'હું' બનવા માટે તે દિવસના 'હું' ને કશી ઝંખના નહોતી.'

આજે જે વ્યક્તિ સૂતી સૂતી તમારી જોડે વાત કરે છે તે પહેલાંનો જ 'હું' છે, એ જ પહેલાંનો આદિમાનવ. એ માણસ છૂપો રહીને આજે પણ સુખી હોય ત્યારે હસે છે, દુઃખ પડે ત્યારે રડે છે, એની પર આક્રમણ થાય તો બદલો લે છે, ભૂખ લાગે ત્યારે વાઘની જેમ છટફટ કરે છે. પણ બધું છૂપા છૂપા, આડશમાં રહીને. પહેલાં બધા એ જોઈ શકતા, હવે તો કોઈ જોઈ શકતું નથી. એ તફાવત છે.' ડૉક્ટરે પૂછ્યું, 'પછી શું થયું ?'

પલટુ સેને કહ્યું, 'કહું છું. બહારથી ચોકીદારે આવીને ખબર આપી કે, ગઈ રાતે જે માણસ આવ્યો હતો તે પાછો આવ્યો છે.'

હું મનોમન ચિઢાયો. એ પાછો શા માટે આવ્યો ? કાલે રાતે તો એ ગયો હતો. તો આજે વળી પાછો શા માટે આવ્યો ?

પણ મારા મનમાં થયું, એ આવ્યો તેમાં એણે કંઈ ખોટું કર્યું નથી. એ લોકોનો છોકરો. તેને જોવા એ તો આવવાના જ. એમના પોતાના બાળકને અમે અહીં અમારી પાસે રાખ્યો છે, તો એ કેમ છે તેની તપાસ કરવા તો આવવાના જ.

એ માણસ આવ્યો. એની સાથે ઘૂમટો તાણેલી એક સ્ત્રી હતી.

એ માણસે ઓળખાણ આપી : હજૂર ! આ છે દેવવ્રતની માસી.

મેં એ સ્ત્રીને ધારીધારીને જોઈ. પણ એના શરીરનાં અંગોમાંથી કશું જ દેખાતું નહોતું. એક સફેદ સાડીમાં એ ઢંકાયેલી હતી. ફક્ત પગના પંજા દેખાતા હતા. મોઢું આખું ઘૂમટાથી ઢંકાયેલું હતું.

પેલા માણસે કહ્યું. 'કાલે એને તાવ હતો એટલે જઈને મેં માસીને બધી વાત કરી. માસીએ એ સાંભળી અને એનાથી રહેવાયું નહિ, તેથી મને લઈને અહીં આવી છે. માસી આખી રાત ઊંઘી નથી. એને બાબલાની જ ચિન્તા થયાં કરતી હતી. હવે બાબલાને કેમ છે ?'

મેં બધી વાત કરી. ડૉક્ટરે એને તપાસીને શું કહ્યું તે પણ જણાવ્યું. મેં કહ્યું, 'ચિંતા કરવા જેવું કશું જ નથી. એને દવા આપીને ઊંઘાડી દીધો છે.

પેલી સ્ત્રીએ પેલા માણસના કાન પાસે મોઢું લઈ જઈને કશું કહ્યું. તે સાંભળી પેલા માણસે મને કહ્યું, 'માસી કહે છે કે કાલે રાતે બાબલો માસીને શોધતો હતો ?'

મેં કહ્યું, 'હા, વારે વારે શોધતો હતો. હીશમાં આવતાં માસી ક્યાં છે, માસી ક્યાં છે કરતો હતો. તે પછી એને સમજાવી-પટાવીને ઊંઘાડી દીધો. ડૉક્ટરબાબુ સવારે આવ્યા હતા, એમણે બધી તપાસ કરી. તાવ ઊતર્યો છે. બેએક દિવસ પછી લોહી તપાસશે ત્યારે ખબર પડશે કે શાની માંદગી છે.'

ત્યાર પછી એ સ્ત્રી તરફ જોઈને મેં કહ્યું, 'તમે શા માટે આટલે દૂરથી કષ્ટ ભોગવીને આવ્યાં, નકામો ખર્ચ કર્યો. દેવવ્રતની તબિયત વિષે હું જ આવીને ખબર આપી જઈશ. તમારે આવવાની તકલીફ નહિ લેવી પડે.'

એ સ્ત્રીએ પાછું કંઈ પેલાના કાનમાં કહ્યું. એ સાંભળીને પેલાએ પૂછ્યું, 'માસી એક વાર બાબલાને જોઈ શકે ?'

મેં કહ્યું, 'જોઈ તો શકે, પણ અત્યારે તો એ ઊંઘે છે.' પેલા માણસે કહ્યું, 'તોપણ માસીને એક વાર એનો જોવો છે. ગમે એમ પણ માસીનો જીવ છે ને ? ભાણેજ હોવા છતાં બાબલો તો માસીને પેટના દીકરા જેવો છે.'

મેં પૂછ્યું, 'માસીને જો બાબલા માટે એટલું ખેંચાણ હોય તો ભાણેજ વિના એ ત્યાં શી રીતે રહી શકશે ?'

પેલી સ્ત્રીએ પાછું પેલાના કાનમાં કંઈ કહ્યું. પેલાએ એ સાંભળી મને કહ્યું, 'માસી કહે છે કે એ રહી શકશે. એ માંદો છે સાંભળીને એક વાર એને જોવા આવી છે.'

મેં કહ્યું, 'ઠીક છે. આવો' કહીને હું એમને અંદર લઈ ગયો. એ લોકો મારી પાછળ પાછળ આવતાં હતાં. અંદર જઈને જોઉં છું તો રીટા અંદરથી બહાર આવી નહોતી. સૂતેલા બાબલાને આયા ખોળામાં લઈને બેઠી હતી.

પેલા માણસની જોડે બાબલાની માસી પણ ત્યાં આવીને ઊભી રહી. ઘૂમટાના બાકોરામાંથી એણે એકીટશે બાબલા સામે જોયાં કર્યું. એ એને જોતી જ રહી.

મેં એને વારી. કહ્યું, 'તમને જો બાબલાથી છૂટાં પડતાં બહુ દુઃખ થતું હોય તો એની તબિયત જરા સારી થતાં તમે એને ઘેર લઈ જજો. હું તમને દુઃખી કરીને તમારી પાસેથી એને ઝૂંટવી લેવા ઈચ્છતો નથી.' ત્યાર પછી એ બે જણે કશી વાત કરી. પેલા માણસે કહ્યું, 'માસી કહે છે, કે એક વાર બાબલાને માથે હાથ મૂકીને એને આશીર્વાદ આપે, ને પછી ચાલી જાય, તમને વાંધો ન હોય તો.'

મને કંઈ વાંધો નથી એમ સાંભળીને એ સ્ત્રીએ બાબલાને માથે હાથ મૂક્યો ને જોરથી રડી પડી.

મને પોતાને હું અપરાધી હોઉં એમ લાગવા માંડ્યું. મને થયું, મારી પાસે પૈસા છે તેથી એક જણના હૃદયસર્વસ્વને આ રીતે ઝૂંટવું છું. જો મારી પાસે પૈસા ન હોત તો હું શું કરત ? તો શું પૈસા જ એકમાત્ર સર્વોપરી તત્ત્વ છે પણ પ્રચુર પૈસા હોવાને કારણે તો રીટાની માંદગી છે ? પૈસા ન હોત તો કદાચ અમારા પોતાના દીકરાને પણ આ રીતે કોઈ નિઃસંતાન ધનવાન માણસને એને ઉછેરવાને દત્તક આપી દેવો પડત.

પેલો માણસ બહાર આવ્યો, એટલે મેં પૂછ્યું. 'તો તમે જાઓ છો ?'

પેલી સ્ત્રીએ ઘૂમટામાંથી જ આંખમોઢું લૂછી લીધાં. પેલા માણસે કહ્યું, 'તો અમે જઈએ. તે રાત્રે જ મયરાડાગાથી નીકળ્યાં હતાં. અમારે ઘણું દૂર જવાનું છે.'

મેં કહ્યું. 'તમે ભૂખે પેટે ન જશો. કશું મોઢામાં નાખીને જાઓ. હું વ્યવસ્થા કરું છું.'

મેં કહ્યું, 'તો જરા વાર થોભો.' ને પછી હું અંદર જઈ થોડા રૂપિયા લઈ આવ્યો ને એ સ્ત્રીને આપવા માંડ્યા. કહ્યું, 'આ પૈસા તમારી પાસે રાખો. તમે ગરીબ છો. તમને કામ લાગશે. આમાં પાંચસો રૂપિયા છે. લો.'

એ મહિલા જેમ ઊભેલી હતી તેમ જ ઊભી રહી. તોયે હું તો પૈસા હાથમાં રાખીને ઊભો હતો.

મેં કહ્યું, 'લો, હાથ ધરો, એટલે આપું.'

એણે હાથ ધર્યો નહિ. કશું બોલીય નહિ. જેમ ઘૂમટામાં મોઢું ઢાંકીને ઊભી હતી તેમ જ ઊભી રહી. પેલા માણસે કહ્યું, 'માસી, લઈ લોને. તમારે પૈસાની તંગી છે. બાબુ પાસે પુષ્કળ પૈસો છે. લેવામાં વાંધો શો છે ? લઈ લો...' માસીએ એનો કશો જવાબ આપ્યો નહિ. મેં કહ્યું, 'અત્યાર સુધી તમે એનું લાલનપાલન કર્યું. એને ઉછેર્યો તેમાં પણ સારો એવો ખર્ચ થયો હશે. તમે પારકા ઘરનાં ઘરકામ કરી કરીને એને ખવડાવ્યો, પિવાડ્યો, કપડાંનો બંદોબસ્ત કર્યો. એ કંઈ મફત થોડું થયું હશે ? તે બધા માટે આ દાન છે એમ માની પૈસા લઈ લો.'

આ વખતે એ મહિલાએ પેલા માણસના કાનમાં કશું કહ્યું. એ વાત સાંભળી તેણે મને કહ્યું, 'માસી શું કહે છે એ જાણો છો હજૂર ! માસી કહે છે કે એ કંઈ ભાણેજને વેચતી નથી કે એનું દાન લે. મેં તમને એમ જ એને દાનમાં આપી દીધો છે. તમે જરાય માઠું લગાડતા નહિ હજૂર ? માસી ભદ્ર ઘરની સ્ત્રી છે. એને પેટ ભરવા પારકે ઘેર છૂટક કામ કરવું પડે છે. એમનાં લગ્ન તો બહુ સારા ઘરના છોકરા જોડે થયાં હતાં. માસી કહે છે કે ભાગ્યમાં લખાયલું દુઃખ ભોગવ્યા વિના એનો છૂટકો નથી. કોઈ એને ઉગારી નહિ શકે. પણ એનો ભાણેજ ખાવાપીવા કે પહેરવાઓઢવાનું કષ્ટ ન ભોગવે તેનું ધ્યાન રાખજો. એ સિવાય બીજું કશું માસીને જોઈતું નથી.'

મારે શું કહેવું જોઈએ તે મને સમજાયું નહિ.

છેવટે મેં કહ્યું, 'તો હું એક કામ કરું. તમારું સરનામું હું લખી લઉં. એ સાજો થાય ત્યારે હું જ એને લઈને તમારે ત્યાં આવીશ. તમારું નામ કહો તો...'

પેલા માણસે કહ્યું, 'મારું નામ ભૈરવ. ભૈરવ આઢ્ઢી.' મેં નામ સરનામું લખી લીધું. મેં પૂછ્યું, 'તું શું કરે છે ?'

પેલાએ હસતાં હસતાં કહ્યું, 'હું કશું કરતો નથી, હજૂર ! પહેલાં જાત્રાની નાટકમંડળીમાં કામ કરતો. હમણાં કશું કામ નથી.'

મેં કહ્યું, 'ઠીક છે.' બાબલાને સારું થઈ જાય એટલે હું તારી માસીને ત્યાં એને લઈ જઈશ. ને માસીની જોડે મેળાપ કરાવીશ.' મારી વાત સાંભળી એ લોકો ચાલ્યાં ગયાં. તે પછી થોડા દિવસે બાબલો તદ્દન સાજો થઈ ગયો. શરૂઆતમાં એ વચ્ચે વચ્ચે વ્યાકુળ બની જતો. જમતાં જમતાં અટકી જતો ને કહેતો કે મારું પેટ ભરાઈ ગયું છે. હવે મારાથી વધારે નહિ ખવાય. ત્યારે રીટા કહેતી, 'દીકરા, થોડું ખાઈ લે. કેવો ડાહ્યો છે મારો દીકરો ! તું ખાઈ લે તો તને ચિત્રોની ચોપડી અપાવું.'

ચિત્રની ચોપડીનું પ્રલોભન આવતાં એ થાળીમાંનું બધું ખાઈ લેતો અને કહેતો, 'ચિત્રની ચોપડી અપાવો છો ને ?'

રીટા તરત જ એને ગાડીમાં બેસાડી ન્યૂ માર્કેટ લઈ જતી અને એ જે માગે તે એને અપાવતી. ખર્ચની પરવા કરતી નહિ. એને માટે ખર્ચ કરવામાં અમે બન્ને જણ ઉદાર હતાં.

આમ, મેં એ દિવસોમાં નિરાંત અનુભવી. મેં વિચાર્યું કે હવે હું ફરીથી મારો સ્વાભાવિક નિત્યક્રમ સંભાળી શકીશ. રીટાને તો મેં સંતાન આપ્યું હતું.

એટલે પત્ની પ્રત્યેની મારી જવાબદારી સારી રીતે અદા કરી છે. મને ઑફિસમાં આવતો જોઈને મારા કર્મચારીઓ ઘણા રાજી થયા.

મારો ડેપ્યુટિ નરસિંહમ્ આવ્યો અને એણે મારા ઘરના ખબર પૂછ્યા અને મારી ગેરહાજરીમાં ઑફિસમાં શું શું થયું, તેનો વિસ્તારથી અહેવાલ આપ્યો. એ માણસ બહુ જ પ્રેમાળ અને ભલો છે. હું એક વાર દક્ષિણ ભારતમાં ગયો હતો. ત્યારે એની ઓળખાણ થયેલી તે વખતે એનો બહુ સામાન્ય પગાર હતો. એનું કામ જોઈ હું ઘણો રાજી થયો હતો. મેં એને કહેલું, 'જો ક્યારેય મારી ઑફિસમાં કામ કરવાની ઇચ્છા થાય ત્યારે ચાલ્યો આવજે. મારી ઑફિસનાં બારણાં તાર માટે હંમેશાં ખુલ્લાં જ છે.' ત્યાર પછી એક દિવસ એ આવી પહોંચ્યો. મેં મારી ઑફિસમાં એને રાખી લીધો. ત્યાર પછી એ એક પછી એક પગથિયાં ચઢતો ગયો. એ હમણાં મારાથી એક પગથિયું નીચે છે. હમણાં મેં એને મારો ડેપ્યુટિ બનાવ્યો છે.

શરૂઆતમાં એને સારું ઘર મળ્યું નહિ. પણ નોકરીમાં એ જેમ આગળ વધતો ગયો તેમ તેમ વધારે ને વધારે સારા ભાડાના ઘરમાં રહેવા માંડ્યું. પછી તેનો પગાર ઘણો વધ્યો. ત્યારે ઑફિસમાંથી લોન લઈને એણે ઘર ખરીદ્યું. ઑફિસે એને અગાઉથી પૈસા ધીરેલા.

મારા ઘરની પાસે ખાલી જમીન હતી. એ એણે ખરીદી. ત્યાર પછી ધીમેધીમે કરતાં ઘર બંધાવ્યું. મેં ગૃહપ્રવેશને દિવસે એનું ઘર જોયેલું.

એક સામાન્ય માણસમાંથી એ પોતાના જ પ્રયત્નથી ઘણી ઊંચી જગ્યાએ પહોંચ્યો તે માટે મને એની તરફ કૂણી લાગણી હતી. ઘર નાનું હોવા છતાં એને બહુ સરસ રીતે સજાવ્યું હતું. મેં એને કહ્યું, 'હવે તમે લગ્ન કરો !'

નરસિંહમે કહ્યું, 'હા, હવે લગ્ન કરી શકાય. મારા માબાપની ઇચ્છા છે કે એમને પૂરેપૂરા વિશ્વાસમાં લઈને લગ્ન કરું.'

મેં કહ્યું : 'જરૂર. જે કંઈ કરો તેમાં માબાપની સંમતિ લઈને જ કરજો. મારે તો માબાપ ભાઈબહેન કોઈ હતું નહિ તેથી જ મેં જાતે જ છોકરી પસંદ કરી હતી. પણ તમે એવું ન કરતા. તમે તો બધી બાબતમાં એમની સંમતિ લેજો.'

નરસિંહમે કહ્યું : 'સર ! હું મદ્રાસ જઈને જ લગ્ન કરીશ.'

મેં કહ્યું, 'જરૂર. તમને જ્યારે રજા જોઈએ ત્યારે મને કહેજો.' એણે કહ્યું હતું,' 'ઠીક છે સર ! હમણાં તો ઑડિટ થાય છે. એ પૂરું થાય પછી હું રજા લઈશ.'

આ પ્રમાણે નક્કી થયું હતું. પણ તે પછી રીટાની માંદગીને કારણે હું પણ ઑફિસમાં જઈ શકતો નહોતો, તેથી એ પણ રજા લઈ શક્યો નહિ, એટલે એને લગ્નનો મોકો મળ્યો નહિ.

ઘણા વખત પછી હું ઑફિસે ગયો હતો. મેં એને કહ્યું, 'હવે તમે લગ્ન માટે રજા લઈ શકો છો. તમે રજા લઈ લો. વિવાહનું કંઈ નક્કી કર્યું છે ?'

નરસિંહમે કહ્યું, 'હા, સર !'

એને મેં રજા આપી. એણે એક મહિનાની રજા લીધી. એક મહિના

પછી એ લગ્ન કરીને નવા ઘરમાં આવ્યો. એક વાર મને ઘેર બોલાવી વહુનો મેળાપ કરાવ્યો. એ બહુ ઠાવકી અને નમ્ર છોકરી હતી. એણે ચરણસ્પર્શ કર્યો. મેં એને આશીર્વાદ આપ્યા.

મેં નરસિંહમની વહુ અને મારી વહુની સરખામણી કરી. એ છોકરીના પગ સરળતાથી રંગેલા હતા. સેંથીમાં સિન્દૂર હતું. કપાળમાં કંકુનો ચાંદલો હતો. રીટા તો એ બધાંથી અળગી જ રહેતી. એ તો પુરુષની જેમ વાળ કપાવતી.

તે દિવસે નરસિંહમને ઘેર હું ઝાઝો સમય રોકાયો નહિ. એની વહુએ ચા આપી હતી. ન પીઉં તો ખરાબ લાગે એટલે મેં ચા પીધી. નરસિંહમની વહુ જાણતી હતી નરસિંહમ આજે જે કંઈ છે તે મારે લીધે છે. એની જે કંઈ ઉન્નતિ થઈ તે માટે હું જવાબદાર હતો. એથી હું એને ઘેર ગયો તેથી એણે કૃતાર્થતા અનુભવી તે એના વર્તન અને હાવભાવથી સમજાયું.

હું પાછો ફરતો હતો તે વખતે, મેં જે જોયું તેથી હું અસ્વસ્થ બની ગયો. હું આગળ ડગલું ભરી શક્યો નહિ. મેં જોયું કે ભીંત પર મારી છબી ટાંગેલી હતી.

હું છબીને જોયાં કરતો હતો. ત્યાં નરસિંહમે કહ્યું, 'આપણી ઑફિસમાં ગ્રૂપફોટો લીધેલો. તેમાંથી તમારી છબી જુદી કાઢીને એને એન્લાર્જ કરાવી છે.'

મેં પૂછ્યું, 'શા માટે એમ કર્યું ?'

નરસિંહમે કહ્યું, 'ના, એ તો હું રાખીશ જ. એને ખસેડવાનું ન કહેતા તમે મારી પર જે ઉપકાર કર્યો છે તે આ જિંદગીમાં કંઈ ભુલાય એવો છે ?'

હું કંઈ કહી શક્યો નહિ. પછી મેં જરા વાર રહીને કહ્યું : 'તમે કામ કરવાની આવડત દેખાડી તેને કારણે આગળ વધ્યા છો.' એમ કહીને હું ઘેર ગયો.

'ડૉક્ટર ! મારી ઑફિસના કર્મચારીના ઘરમાં સુખશાન્તિ જોઈને મને આનંદ થવો જોઈતો હતો. પણ સાચું કહું તો મને એની અદેખાઈ થઈ. હું એનો ઉપરી ને એ મારો ડેપ્યુટિ, તે મારા કરતાં સુખી ને મારા કરતાં વધારે સમૃદ્ધ.' ઘેર આવીને જોઉં છું તો રીટા હજી આવી નહોતી. હું મારા ખંડમાં ગયો. કપડાં બદલ્યાં ને ગાઉન પહેરી લીધો. મોડી રાતે રીટાની ગાડી દરવાજામાં આવી તેનો અવાજ સંભળાયો.

રીટા ઘરમાં આવી ત્યારે મેં જોયું કે બાબલો પણ એની સાથે હતો અને બાબલો તથા રીટા બન્નેનાં મોઢાં પર મલકાટ હતો. રીટાના હાથમાં ઘણી થેલીઓ હતી. મેં પૂછ્યું, 'આ બધું શું છે ?' બાબલાએ કહ્યું, 'બજારમાંથી લઈ આવ્યાં છીએ.' રીટાએ કહ્યું, 'આને કેક બહુ ભાવે છે. એણે માગી એટલે મેં ખરીદી. તે દિવસે. એણે ખાધી, ત્યારે એને ખૂબ ભાવી હતી. અને એ કેક કેક કરતો હતો. મેં પૂછ્યું, 'અત્યાર સુધી ન્યૂ માર્કેટમાં જ હતાં ?' રીટાએ કહ્યું, 'ના. એને લઈને સિનેમા જોવા ગઈ હતી. એમાં જંગલનાં જાતજાતનાં દૃશ્યો હતાં. મને થયું કે એને ખૂબ ગમશે.'

મેં હાથ લંબાવી બાબલાને છાતી સરસો ચાંપ્યો. મેં પૂછ્યું, 'તને મઝા પડી ?'

બાબલાએ કહ્યું, 'એક સિંહ વાઘની જોડે કુસ્તી કરતો હતો.'

રીટાએ કહ્યું : 'સિનેમા આગળ એક ભિખારીનો છોકરો પૈસા માગતો હતો. એને જોઈને બાબલો ઊભો રહ્યો ને એની સામે એકીટશે જોઈ રહ્યો. હું તો અકળાઈ. મેં પૂછ્યું કે એની સામે શું જોયાં કરે છે ? એણે કહ્યું, 'એને થોડા પૈસા આપો, મમ્મી.'

'કેમ ? પૈસા આપવા શા માટે કહ્યું ?'

રીટાએ કહ્યું, 'હું પણ એમ જ વિચાર કરતી હતી. એણે તો ક્યારેય ભિખારી જોયો નથી.'

બાબલાએ કહ્યું : 'આપણા દેશમાં આવા ઘણા છોકરાઓ છે, જે ભૂખ્યા હોય છે. ફાટેલાં ગંદાં કપડાં પહેરે છે. એવા છોકરા તમે જોયા નથી ?'

'એને જોઈને એમ શા માટે કહ્યું ? મને લાગે છે કે એને એના ગામના એવા છોકરા યાદ આવ્યાં હશે.' રીટાએ કહ્યું, 'હું ભિખારીને તગેડી મૂકતી હતી. મેં કહ્યું, 'ભાગ ભાગ અહીંથી જતો રહે' એટલે બાબલાએ રડવા માંડ્યું. ને એણે કહ્યું : 'એને ચાલી જવાનું કેમ કહ્યું મમ્મી ? એને પૈસા આપો.'

મેં કહ્યું : 'પછી ?'

રીટાએ કહ્યું : 'મેં પછી એને પચાશ પૈસાનો સિક્કો આપ્યો. એ પૈસા લઈને બીજી જગ્યાએ ગયો. પછી બાબલો મને કહે, કે 'આ બીજો છોકરો પણ છે. એને પણ પૈસા આપો.'

'તેં પૈસા આપ્યા.'

'હા, એને પણ ૫૦ પૈસાનો સિક્કો આપ્યો. બાબલો કહે કે પેલાં બીજો છોકરો છે એને પણ આપો.'

(ક્રમશઃ)

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

ગુજરાતી સા. પરિષદ જ્ઞાનસત્રનું ઉદ્‌ઘાટન સને ૧૯૬૬ માં શ્રી ૧૦૦૮ શ્રી શંકરાચાર્ય અભિનવ સચ્ચિદાનંદ તીર્થજીએ દીપ પ્રગટાવી કર્યું ત્યાર પછી જ ભારતમાં અને સર્વ સ્થળે દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન થાય છે. પહેલાં એવી પ્રણાલિકા નહોતી.

સાંજે પરમાત્મા શ્રી કૃષ્ણચંદ્રના મંદિરમાં અમે સાહિત્યકારોમાં મૂર્ધન્યોનું શ્રી શંકરાચાર્યજીએ સન્માન કર્યું અને શ્રી જ્યોતીન્દ્ર ભાઈ દવેને સાહિત્ય ધુરંધર (હાસ્યસર્જનો માટે)ની પદવી આપી. પછી સૌ વતી શ્રી જ્યોતીન્દ્રભાઈએ સંસ્કૃતમાં જ સાહિત્યકારો વતી જવાબ આપ્યો ત્યારે અમોને સમજાવ્યું કે સંસ્કૃત ભાષામાં આટલું મીઠું, સરળ અને આસ્વાદ્ય બોલી શકાય. તેમણે આપેલ પ્રવચનનો સાર આ પ્રમાણે છે : 'અહીં લોકશાહી શાસનના, કુલપતિ શ્રીકૃષ્ણની નિશ્રામાં જ્યારે આપ દ્વારકામાં સંસ્કૃત 'ડીઝ' યુનિવર્સિટીના કુલપતિએ, અમારા પૈકી પૂના યુનિ.ના કુલપતિશ્રી ધારેજી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વરાએલા કુલપતિ ડૉ. ડોલરરાય માંકડને સન્માન્યા છે. ત્યારે હું અમારો સાહિત્ય પરિષદનો કુલપતિ આપને અભિવંદન કરું છું. પુષ્કરભાઈએ દ્વારકા આવવા નિમંત્રણ આપ્યું ત્યારે હું સુદામો પ્રભુદર્શન પામવા માટે આવ્યો પણ શ્રીકૃષ્ણે જેમ સુદામાને માગ્યા કરતાં વિશેષ આપ્યું એમ આપે મને સુકલકડી શરીર-વાળાને 'ધુરંધર' બનાવી ધાર્યા કરતાં વિશેષ આપ્યું છે. જ્યોતિઓમાં ઈન્દ્ર એવા મારી આયુષ્યદોરી જ્યોતિ માફક સતત બળી રહી છે ત્યારે આપે લાંબા આયુના આશીર્વાદ આપી મને સાહિત્યસેવા માટે કૃતાર્થ કર્યો છે.' સંસ્કૃત વક્તવ્ય અમોને વાક્યે વાક્યે હસાવતું હતું. આ વર્ષે જ્યોતીન્દ્રભાઈની જન્મશતાબ્દી છે.

આપઘાત અને જાહેર માધ્યમો

કિરણ શીંગ્લોત

છેલ્લા એક વર્ષની અંદર વડોદરા શહેરની અંદર આત્મહત્યાના કિસ્સાઓમાં, અગાઉનાં વર્ષોની સરખામણીમાં ઉછાળો આવ્યો હોય તેવું જણાય છે. આત્મહત્યાના કિસ્સાઓનો અભ્યાસ કરતાં એવું સ્પષ્ટ થાય છે કે મકાનના ઉપલા માળેથી અથવા અગાસી ઉપરથી પડતું મૂકીને જાન આપી દેનારાં મૃતકોની સંખ્યા એમાં સૌથી વધારે હતી. માત્ર એક યુવાનને બાદ કરતાં પડતું મૂકીને આત્મહત્યા કરનારાઓમાં સૌથી વધારે સંખ્યામાં બહેનોનો સમાવેશ થતો હતો. આ પ્રકારનો સૌપ્રથમ કિસ્સો ડિસેમ્બર ૨૦૦૦માં બન્યો, જેમાં પોતાના પતિના અન્ય સ્ત્રી સાથેના પ્રેમસંબંધને કારણે નાસિપાસ થઈને એક યુવાન મહિલાએ એક બહુમાળી મકાનના આઠમા માળેથી પડતું મૂક્યું. આ બનાવને પગલે આ જ પ્રકારના બીજા લગભગ પાંચ જેટલા પ્રસંગો લગભગ ચાર માસના ટૂંકા ગાળામાં જોવા મળ્યા. બહેનોમાં સામાન્ય રીતે ઝેરી દવા ગટગટાવીને અથવા અગ્નિસ્નાન કરીને આપઘાત કરવાનું વલણ વધારે જોવા મળે છે, તેની સામે વડોદરામાં આપઘાત કરનાર વ્યક્તિઓ - ખાસ કરીને બહેનો -માં- ઊંચા મકાન ઉપરથી ઝંપલાવીને મોતને વહાલું કરવાનું વલણ શાથી એકાએક વધી ગયું એનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં આવે તો સ્થાનિક પ્રેસની ભૂમિકા છતી થયા વિના રહેતી નથી. આપઘાતના પ્રથમ કિસ્સાને છાપાંમાં જે રીતની પ્રસિદ્ધિ આપવામાં આવી તેના પગલે હતાશાથી પિડાતાં અન્ય બહેનોને આ પ્રકારનું પગલું ભરવાની પ્રેરણા મળી છે, એવો દાવો કદાચ વધારે પડતો નથી.

છાપામાં આવતા સમાચારો અને વિગતો લોકમાનસ ઉપર ભારે અસર કરે છે. લાખો લોકોની સવાર છાપાંના દર્શનથી જ પડતી હોય છે. માત્ર છાપાં જ નહીં, આપણાં સામયિકો, સિનેમા અને ટેલિવિઝન પણ આપણું માનસિક વલણ અને બંધારણ ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ધરાવે છે. જાહેર માધ્યમોની લોકમાનસ ઉપર વિધાયક અસરો પણ થઈ શકે છે અને હાનિકારક પણ. જાહેર માધ્યમોમાં પ્રગટ થતા સમાચારો, કિસ્સાઓ, વિગતો અને વાર્તાઓ જો હેતુવિહીન અને સ્વ-સ્થાપિત (**in-built**) સેન્સરશિપ વિનાનાં હોય તો જનસમાજને ભારે નુકસાન કરી શકે છે.

શ્નાઈડમેન નામના મનોવિજ્ઞાનીએ નોંધ્યું છે કે આપઘાતની સમસ્યા બહુ-પરિમાણીય છે. આપણાં જાહેર માધ્યમો ઘણી વાર નબળું માનસ ધરાવનાર અને હતાશાથી પીડિત લોકોમાં પોતાની જાતનો ભોગ ધરી દેવાની ઇચ્છા પેદા કરે છે. માનવવર્તન વિજ્ઞાન (બિહેવ્યોરલ સાયન્સ)માં થયેલાં અનેક સંશોધનોએ એવું પુરવાર કરેલું છે કે દૃશ્ય માધ્યમોની અંદર બતાવવામાં આવતાં હિંસાત્મક અને આક્રમક દૃશ્યોથી સમાજમાં આક્રમક વલણ કેળવાય છે. આ જ રીતે આત્મહત્યાની અંદર પણ જાહેર માધ્યમોની ભૂમિકા ઉઘાડી પાડતાં પરિણામો સંશોધનોથી પ્રાપ્ત થયેલાં છે.

પ્રેસની ભૂમિકા : ગયા વર્ષે અમદાવાદની અંદર પુત્રીના પ્રેમકરણ, પ્રેમમાં સંડોવાયેલા મનાતા અન્ય પાત્રની સતામણી અને આર્થિક બેહાલીથી નાસિપાસ થયેલા એક કુટુંબના તમામ સભ્યોએ સમૂહમાં આત્મહત્યા કરી. આ કિસ્સાને ગુજરાતી છાપાઓમાં ઘણા દિવસો સુધી ભારે ચગાવવામાં આવ્યો. વર્ષે આ પ્રકારનો લગભગ એકાદ બનાવ આપણે ત્યાં બનતો હોય છે. આવા બનાવોનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં આવે તો છાપાંઓની નકારાત્મક ભૂમિકા ઊડીને આંખે વળગે તેવી હોય છે. એપ્રિલ ૧૯૯૪માં માત્ર એક માસના ટૂંકા ગાળામાં કેરળ પ્રાંતમાં સામૂહિક આત્મહત્યા કરવાના ૧૦ જેટલા કૌટુંબિક કિસ્સાઓ નોંધાયેલા. આમાંના પહેલા બનાવને ત્યાંનાં છાપાંઓએ પહેલા પાન ઉપર મોટા મથાળા હેઠળ ભારે પ્રસિદ્ધ આપી. આના પગલે સામૂહિક આપઘાતના અન્ય ૯ જેટલા શ્રેણીબંધ બનાવો બન્યા. છાપાંઓએ મીઠું-મરચું ભભરાવીને, આ પ્રત્યેક કુટુંબને કેવી અસહ્ય માનસિક યાતનાને કારણે આવું કરુણ પગલું ભરવાની ફરજ પડી એની રોચક વાર્તાઓ છાપી. કેટલાક કિસ્સાઓમાં તો અરેરાટી પેદા કરે તેવા ફોટોગ્રાફ પણ આપવામાં આવેલા. આમ કરવા પાછળ છાપાંઓનો દાવો એવો હોય છે કે આનાથી ગુનેગાર પકડાય, એને યોગ્ય સજા થાય તથા સમાજમાં ધડો બેસે. ગયા વર્ષે અમદાવાદમાં બનેલા કિસ્સામાં પણ લગભગ એક અઠવાડિયા સુધી ગુજરાતી છાપાંઓમાં પ્રથમ પાન ઉપર એની સનસનાટી ભરેલી વિગતો પ્રગટ થતી રહી. આની પાછળ વર્તમાનપત્રોનો સ્પષ્ટ હેતુ લોકોમાં ચકચાર અને કુતૂહલ ઉત્પન્ન કરીને પોતાનો ફેલાવો વધારવાનો જ હોય છે. બનાવના એક અઠવાડિયા પછી આ સમાચારો આપમેળે શાંત પડી જતા હોય છે અને કહેવાતા ગુનેગારને સજા થાય ત્યાં સુધી કોઈ પણ કેસને કોઈ વર્તમાનપત્ર અનુસરતું હોતું નથી એ સ્પષ્ટ છે. આવા સમાચારો વાંચતી વખતે ઉપલા સ્તરે આપણને એમ જણાય છે કે ગરીબી, સામાજિક-આર્થિક તણાવ અને સતામણીનાં પરિબળોને વશ થઈને કોઈ પણ વ્યક્તિ કે કુટુંબ આત્મહત્યા કરવા પ્રેરાય છે. પરંતુ સૂક્ષ્મ સ્તરે વિચાર કરતાં એવું સ્પષ્ટ લાગશે કે આપઘાતના પ્રત્યેક બનાવને છાપામાં મોટા અક્ષરોમાં પ્રસિદ્ધિ આપવાથી સમાજમાં હતાશા, ગરીબી અને અન્ય સંકટોથી ઘેરાયેલાં લોકોમાં આપઘાતી વલણ કેળવાય છે. વર્તમાનપત્રોમાં મોટાં મોટાં મથાળાંઓ હેઠળ રોચક અને વિકૃત શૈલીમાં આત્મહત્યાના સમાચારો આપીને જાહેર પ્રજાના માનસમાં જુગુપ્સા અને ચકચાર પેદા કરવાનો જે માર્ગ અપનાવવામાં આવે છે તે સાવ વખોડી નાખવા જેવો છે. આત્મહત્યાના સમાચારો છાપવા બાબતમાં વર્તમાનપત્રોએ પોતાની નીતિરીતિની પુનઃ સમીક્ષા કરવી આવશ્યક છે. આ પ્રકારના સમાચારો સમાજનું ઘડતર કરવામાં કોઈ ચોક્કસ પ્રકારની વિધાયક ભૂમિકા ભજવતા હોય એવું માનવાને કોઈ કારણ નથી. જે વ્યક્તિએ આત્મહત્યા કરી હોય એના વિશે છાપાંમાં મીઠું-મરચું ભભરાવીને આપવામાં આવેલી વિગતો મરનારનાં કુટુંબીજનો અને સ્વજનોને, એમના આ દુઃખદ સમયમાં ઘણી કઢંગી અને મૂંઝવનારી પરિસ્થિતિમાં મૂકી દે છે. વાચકોના એક વર્ગના મનોરંજન અને કુતૂહલ પૂરું પાડવાના પ્રયત્નમાં પ્રેસ આપઘાત કરનાર વ્યક્તિનાં ભાંગી પડેલાં કુટુંબીજનોને ભારે માનસિક યાતના પહોંચાડે છે. આ પ્રકારના પત્રકારત્વને શી રીતે રચનાત્મક ગણી શકાય ? આત્મહત્યાની ઘટનાઓને વ્યાપક પ્રસિદ્ધ આપવાથી સમાજમાં આપઘાત કરવાનું નબળું માનસિક વલણ ધરાવનાર વ્યક્તિઓ ઉપર એક ખોટું ઉદાહરણ બેસે છે અને એમનાં મનમાં મરવા માટેનો રહ્યો - સહ્યો ડર નીકળી જાય છે. આવાં લોકો આપઘાતના બનાવોનું રોચક વર્ણન વાંચીને

એમનાં પોતાનાં દુઃખો કે તણાવ સામે લડવાની સહનશક્તિની માત્રા અજ્ઞાતપણે ઘટાડી દે છે અને જિંદગીનાં દુઃખો દૂર કરવા માટે આત્મહત્યાનો વિકલ્પ શ્રેષ્ઠ જ છે એવું સ્વીકારી લે છે.

યુવાન માનસ ઉપર થતી અસરો : જાહેર માધ્યમોની સૌથી વધારે નકારાત્મક અસરોનો ભોગ કિશોરો અને યુવાન બનતા હોય છે. જેમના સામાજિક આધાર અને કૌટુંબિક તેમજ સામાજિક વાતાવરણ અતિશય નબળાં હોય તેવાં લોકો ઉપર આવી અસર દેખીતી રીતે જ સૌથી વધારે જોવા મળે છે. માનસિક અને સામાજિક રીતે સંતપ્ત હોય તેવા યુવાનો ઘણે ભાગે આત્મહત્યાના અતિશય પ્રસિદ્ધિ પામેલા બનાવોને અનુસરવાનું માનસિક વલણ ધરાવતા થાય છે. આ પ્રકારના સામાજિક રોગને 'વર્ધર સિન્ડ્રોમ (Werther Syndrome)' તરીકે ઓળખવામાં આવે છે. જર્મન નવલકથાકાર ગેથેએ ગઈ સદીમાં એક વિખ્યાત નવલકથા આલેખી જે 'ધ સૉરો ઑફ યંગ વર્ધર' (The Sorrow of Young Werther) નામથી પ્રચલિત થઈ. આ નવલકથાનો નાયક વાર્તામાં આપઘાત કરે છે, એનું રોચક વર્ણન વાંચીને યુરોપનાં રાષ્ટ્રોમાં યુવાનોની અંદર આત્મહત્યા કરવાનો રીતસરનો જુવાળ આવ્યો. મરનાર વ્યક્તિઓએ આપઘાત કરતી વખતે નવલકથાના નાયક વર્ધર જેવાં જ કપડાં પહેરીને અને પુસ્તકમાં આત્મહત્યાનું વર્ણન કરતાં પૃષ્ઠોને પોતાની છાતી આગળ ખુલ્લાં રાખીને વરવા માનસનાં દર્શન કરાવ્યાં. આનાથી ચોંકી ઊઠેલાં અનેક યુરોપિયન રાષ્ટ્રોમાં ગેથેની નવલકથા ઉપર તત્કાળ પ્રતિબંધ મૂકવામાં આવેલો.

આપણાં વર્તમાનપત્રોમાં જે પ્રકારના સમાચારો, વાર્તાઓ અને ધારાવાહી નવલકથાઓ છાપવામાં આવે છે તે પણ આ પ્રકારની 'વર્ધર અસર' (Werther effect) પેદા કરવાની પૂરતી ક્ષમતા ધરાવતા હોય છે. આ અસર કંઈ તત્કાળ થતી નથી. એટલે કે આ પ્રકારનાં વર્ણનો છપાય પછી તરત જ આપઘાતના બનાવોમાં ઉછાળો આવે એવું જરૂરી નથી. ચકચાર ભરેલી વાર્તાઓ અને વર્ણનો સૌપ્રથમ તો યુવાન માનસની અંદર અત્યંત ખાતરીપૂર્વક અજ્ઞાતપણે નોંધાય છે. આનાથી એમના માનસમાં આપઘાત કરવા બાબતમાં જે કંઈ વિરોધ કે અણગમો હોય છે તે ધીમે ધીમે ઘટતો જાય છે. અન્ય વ્યક્તિએ કરેલા આપઘાતના નિર્ણય પાછળ રહેલાં મજબૂત કારણો પણ વાંચનાર વ્યક્તિ પોતાના મનમાં ભરોસાપૂર્વક ઠસાવી દે છે કે મરનાર વ્યક્તિ માટે અન્ય કોઈ વિકલ્પ રહેતો નહોતો. પછી પોતાની જીવન-પરિસ્થિતિમાં પણ જીવન ટૂંકાવી નાખવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી એવી એમની ખાતરી થઈ જાય છે. માટે સૌથી સરળ માર્ગ કયો એ એમનું મન ખોળવા માંડે છે ત્યારે છાપાં કે સામયિકમાં પ્રગટ થયેલા કિસ્સાઓનું વિગતવાર વર્ણન એમને મરવાની અને મરવાના સૌથી સરળ ઉપાયની પ્રેરણા આપે છે. એમાં કોઈ નવાઈ નથી કે ઉપરથી ઝંપલાવીને મોતને વહાલું કરનાર અભાગી વ્યક્તિ પાછળ આ જ પ્રકારના આપઘાતની શૃંખલા પેદા થાય છે. વર્તમાનપત્રો અને સામયિકોમાં સચોટ રીતે વર્ણવવામાં આવેલા કિસ્સાઓ એક ધીમી ગતિએ ફેલાતા વિષાણુ (slow virus)નું ઉદાહરણ પૂરું પાડે છે. એની અસર અમુક સમય પછી થાય છે કે જ્યારે સમસ્યાઓથી ઘેરાયેલી વ્યક્તિની પોતાની, આપત્તિ સામે સંઘર્ષ કરવાની અને જીવવાની ઇચ્છા સામે મૃત્યુ દ્વારા જીવન અને સંઘર્ષનો અંત આણવાની ઇચ્છા અનેકગણી બળવાન બની જાય છે.

દૃશ્ય માધ્યમોનો પ્રભાવ : પશ્ચિમની અંદર થયેલા અનેક અભ્યાસોથી એવું પુરવાર થયેલું છે કે જ્યારે પણ કોઈ પ્રચલિત ટેલિવિઝન ધારાવાહિક કે કાર્યક્રમમાં યુવાન કે કિશોર વયની વ્યક્તિના આપઘાતનો બનાવ દર્શાવવામાં આવે પછી એ સમાજમાં કિશોર વયના આત્મહત્યાના કિસ્સાઓ એકાએક વધી જાય છે. આપણે ત્યાં દક્ષિણ ભારતમાં મલયાલમ ચલચિત્રોમાં હિરો કે હિરોઈનના આપઘાતનું દૃશ્ય ટેલિવિઝન પર જોયા પછી આપઘાતના પ્રયાસોમાં વધારો થતો હોવાનું ત્યાંના માનસિક સ્વાસ્થ્યના વિશેષજ્ઞોએ નોંધ્યું છે. આમ પણ મૃત્યુ અને આત્મહત્યાના પ્રસંગોને વધારે પડતી ચમક-દમકથી દર્શાવવાનું વલણ આપણા દૃશ્ય માધ્યમોનું રહ્યું છે. બાળકોના માનસ ઉપર આની ઘણી માઠી અસર પડે છે. ટેલિવિઝન ઉપર બાળકો માટે દર્શાવવામાં આવતા કાર્યક્રમોની ગુણવત્તા એટલી તો નિમ્ન હોય છે કે તેઓને પુખ્ત વ્યક્તિઓ માટે બનાવવામાં આવેલા કાર્યક્રમો જોવાની ફરજ પડે છે. સર્વેક્ષણથી એવું જોવા મળ્યું છે કે ત્રણથી બાર વર્ષની ઉંમરના લગભગ ૯૦ ટકા બાળકો જ્યારે ચલચિત્રો બતાવવામાં આવે છે ત્યારે ટેલિવિઝન સામે ચીટકી જાય છે. આ ચલચિત્રો એવાં હોય છે કે જે એમના માટે બનેલાં હોતાં નથી. આ ચલચિત્રોમાં દર્શાવવામાં આવતાં પુખ્ત વયની વ્યક્તિઓ માટેનાં પ્રેમ, હિંસા, બળાત્કાર, મૃત્યુ, આપઘાત અને અશ્લીલતાના વિષયવસ્તુને બાળક પોતાના અણવિકસિત મગજથી જુએ છે ત્યારે એના પર શી માઠી અસર થઈ શકે છે એનો આપણાં માતાપિતાઓ, વડીલો, સમાજ, ટેલિવિઝન કાર્યક્રમો અને ચલચિત્રોનાં નિર્માતાઓ, નિર્દેશકો તેમ જ કલાકારોને જરા પણ અંદાજ હોતો નથી.

આવા એક દક્ષિણ ભારતીય ચલચિત્રની અંદર એક જાણીતો દક્ષિણ ભારતીય સુપર સ્ટાર બાળકોના એક જૂથ સામે આત્મહત્યા કરવાનું દૃશ્ય ભજવે છે. આ દૃશ્ય દસ વર્ષના એક કુમળા બાળકે જોયું. ચિત્રનો અભિનેતા આપઘાત શા માટે કરે છે એની બાળકના માનસમાં ઝાઝી સમજ પડી નહીં, પણ એને છત ઉપરથી લટકવાની બાબત એક નવીન પ્રકારની રોમાંચક રમત લાગી. એણે આ રમતનો તજ્ઞો એની પોતાની જ શાળાના મિત્રો આગળ ઘડી કાઢ્યો. શાળાના વર્ગખંડમાં આત્મહત્યાનું નાટક ભજવાયું. બાળકે પંખા ઉપર લટકતો ગાળિયો પોતાની ગરદનમાં ભરાવ્યો. સદ્નસીબે મજબૂતાઈને અભાવે ગાળિયો તૂટી ગયો અને કિશોર બચી ગયો, પણ ગરદનની ગંભીર ઈજાઓ સાથે એને દવાખાનામાં દાખલ કરવો પડ્યો. જો બાળક ખરેખર મરી ગયું હોત તો દોષ કોનો - એની નાદાનિયતનો ? એને ચિત્ર જોવા દેનાર માતાપિતાનો ? આવું ચિત્ર બતાવવા બદલ ટેલિવિઝનનો ? કે પછી કેવળ ભાગ્યનો ? આવાં તો કંઈ કેટલાંયે ચલચિત્રો અને ટેલિવિઝન કાર્યક્રમો કૂમળાં માનસની અંદર આત્મહત્યાના વિચારનું બીજ રોપતાં હોય છે. બેસુમાર પિક્ચરોમાં હિરોના મૃત્યુને ભવ્ય રીતે નિરૂપવામાં આવે છે. આવાં દૃશ્યો ઉપરથી પ્રેરણા મેળવીને જ હતાશા અને ગુસ્સાથી ઘેરાયેલા કિશોરો તેમ જ યુવાનો આત્મહત્યાનો ગર્ભિત ઈશારો પ્રાપ્ત કરે છે. આ પ્રકારના કાર્યક્રમો અને ચલચિત્રો વિશે સમાજે ચિંતિત થવાની જરૂર છે. વર્તમાનપત્રો, સામયિકો, ટેલિવિઝિન અને ચલચિત્રોના નીતિવિષયક ઘડવૈયાઓએ આ સમસ્યાને ગંભીરતાથી લેવાની તાતી આવશ્યકતા છે.

જાહેર માધ્યમો આ અંગે શું કરી શકે ? આત્મહત્યાના સમાચારો, પ્રસંગો અને વાર્તાઓનું વર્ણન કરવામાં જાહેર માધ્યમોએ ચોક્કસ

(અનુસંધાન પૃ. ૬૪૮)

ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિની વાહક માણભટ્ટની પરંપરા

જોરાવરસિંહ જાદવ


જૂના કાળે બ્રાહ્મણોએ પેટિયું (રોટલો) રળવા માટે કર્મકાંડનો વ્યવસાય અપનાવ્યો. ઉત્તર ગુજરાતના વ્યાસ બ્રાહ્મણોએ ભવાઈ રમવાનો વ્યવસાય સ્વીકાર્યો એમ સંગીતના જાણકાર ગુજરાતના કથાકાર ભટ્ટ અને વ્યાસ બ્રાહ્મણોએ માણ સાથે આખ્યાન પરંપરાનો આરંભ કર્યો. ભગવદ્ગોમંડલ નોંધે છે કે 'માણભટ (માણ+ભટ્ટ) તાલ દેવા માટે તાંબાની મોટા પેટવાળી ગાગર કે માણ સાથે રાખી, તાલ દઈ કથા કરનાર વ્યાસ; માણ સાથે રાખી કથા કહેનાર બ્રાહ્મણ, માણ વગાડતાં આખ્યાન કરનાર કથાકાર. માણ એટલે ગાગર, સાંકડા ગળાનું મોટા પેટવાળું વાસણ, તાલ વગાડવાનું મોટું વાસણ,' ઉપદેશકોના અમુક વર્ગથી તાલ માટે વાપરવામાં આવતું ધાતુનું મોટું વાસણ. સંગીતના વિવિધ રાગરાગિણી સાથે ગવાતાં અને મંજિરાંની એકસરખી ઝમઝટ મચાવતાં હરિકીર્તનોની પડખે, પંક્તિઓ પ્રમાણે અને પંક્તિઓના આવતા શબ્દસમૂહ પ્રમાણે રણકાર કર્યે જતી માણ કંઈ જુદું જ, ગરવું અને છતાં નમ્ર એવું, વાતાવરણ ઉપજાવે છે.

સારસ્વતો ભલે ભાલણને આખ્યાન સાહિત્યનો પિતા ગણતા હોય, પરંતુ સને ૧૭૦૧થી ૧૭૭૦ દરમ્યાનમાં વડોદરામાં થઈ ગયેલા ભટ્ટ પ્રેમાનંદે ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવા માટે પાઘડી નહીં પહેરવાની પ્રતિજ્ઞા લઈને પોતાના ગાગરગાનથી ગુજરાતને ઘેલું કર્યું હતું. ત્યારથી માણ સાથે આખ્યાન પરંપરાને ચાલુ રાખનારા બ્રાહ્મણ માણભટ્ટ તરીકે ખ્યાતિ પામ્યા. આ માણભટ્ટો ગામડાંમાં ગાગરિયા ભટ્ટ તરીકે ઓળખાતા. આવા ગાગરિયા ભટ્ટો ગઈ કાલ સુધી ગામડાના ચોરે કે નગરોની પોળોમાં જઈને આખ્યાન-સત્ર યોજતા. જૂના કાળે આજના જેવી અને આજના જેટલી શિક્ષણસંસ્થાઓ નહોતી ત્યારે ગાગરિયા ભટ્ટોની આ સંસ્થાએ ગ્રામ અને નગરજનોને પૌરાણિક કથાઓના જ્ઞાન દ્વારા ધર્મ પ્રતિ અભિરુચિ પ્રગટાવી, અનીતિથી અળગા રાખી સદાચાર અને ધર્મભાવના તરફ વાળવાની પ્રશંસનીય કામગીરી બજાવી હતી. સાક્ષર શ્રી કૃષ્ણલાલ ઝવેરીના કથનાનુસાર અગાઉના વખતમાં છાપખાનાની કળા વિકસિત થઈ નહોતી ત્યારે માણભટ્ટો ઊગતા લેખકોની કૃતિઓને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડતા. આ પરંપરામાં છેલ્લા પાંચ દાયકામાં થઈ ગયેલા લલ્લુ વ્યાસ, વલ્લભરામ વ્યાસ, રેવાશંકર વ્યાસ, ચુનિલાલ વ્યાસ, છનાલાલ વ્યાસ વગેરેને પણ અહીં યાદ કરવા જોઈએ. આજે તો આ પરંપરાના અવશેષસમા શ્રી ધાર્મિકલાલ પંડ્યા અને સુરેશ જોષી જેવા બેત્રણ ગણ્યાગાંઠ્યા ગાગરિયા ભટ્ટો મૂડીરૂપે આપણી પાસે રહ્યા છે. ગુજરાતની આ ગૌરવવંતી પરંપરા કાળના ગર્ભમાં વિલીન થવા માંડી છે.

લોકસંગીત સાથે માણ કે મટકાવાદનની પરંપરા ભારતના અનેક પ્રાંતોમાં પ્રાચીન પરંપરામાંથી જોવા મળે છે. કચ્છી કાફીઓ ગવાય એમાં માટીનું મટકું, સુરંજો, જોડિયો પાવો ઇત્યાદિ વાદ્યોનો ઉપયોગ આજેય થાય છે. કેરળ અને દક્ષિણ ભારતમાં માટીનાં વિધવિધ વાદ્યોનાં મોં પર ચામડું મઢીને તાલવાદ્ય તરીકે એનો ઉપયોગ કરવામાં આવે છે. રાજસ્થાનના લોકસંગીતકારો માટીનું ચીતરેલું કલાત્મક મટકું મોં વડે ફૂંક મારતા મારતા તાલ આપતા આપતા હાથમાં રમાડે છે ત્યારે એ બહુ રૂપાળું લાગે છે. જૂના કાળે દેશી ભજનો ગાતી વેળા હાથમાં વીંટિયું કે વેઢ પહેરીને મટકા માથે તાલ આપવાની પરંપરા આપણે ત્યાં હતી. એ પછી કાળક્રમે મટકાના આકારપ્રકારો, ઘાટઘૂટ અને માધ્યમો બદલાતાં રહ્યા. ધાતુપાત્રોની શોધ થયા પછી કુંભારોની પાંચસાત હજાર વર્ષ પુરાણી મટકા-માણની કળા કંસારા કારીગરોએ જૂના જમાનામાં જ્યારે રેડિયો, ટી.વી અને ફિલ્મો જેવાં મનોરંજનનાં સાધનો લોકજીવનમાં પ્રવેશ્યાં નહોતાં ત્યારે ગુજરાતનાં ગામડાંઓ માણભટ્ટોના ગાગરગાનથી અહર્નિશ ગુંજારવ કરતાં. કથાકાર વ્યાસજી ધોતિયું, કસોદાર જામો અને માથે ચકરીવાળી લાલ પાઘડી પહેરી ખભે ખેસ નાખતા. સાથે તાંબાની માણ અને બે સાજિંદાઓ રાખતા. આ સાજિંદાઓ જોડિયા તરીકે ઓળખાતા. આ વ્યાસ કથાકારોમાં જેમની પાસે થોડીઘણી જમીન હતી, તે મોસમમાં ખેતી કરતા અને નવરાશના વખતમાં આખ્યાન કરવા નીકળતા. આખ્યાનકારોને ગામલોકો કથાકાર; વ્યાસજી કે પુરાણી કહેતા.

આવા વ્યાસજી કે પુરાણીઓ ત્રણ જણની ટુકડીમાં આખ્યાન કરવા માટે ગામડાંઓમાં કે શહેરોમાં જતા. ગામડાગામના ચોકમાં લાકડાનો ઊંચો પાટ મુકાતો. તેના પર રજાઈ અને ચાદર બિછાવી વ્યાસપીઠ તૈયાર કરવામાં આવતી. આ પાટ માથે માણ ભટ્ટ બિરાજમાન થતા. મોતીમઢી ઈંઢોણી પર તાંબાની માણ મૂકી હાથની દસે આંગળિયે કરડા (વેઢ) પહેરી માણભટ્ટ આખ્યાનની શરૂઆત કરતા. કોરેમોરે તેમના બે જોડિયા મંજિરાંની સંગત કરવા માટે બેસતા. આખ્યાનમાં માણ અને મંજિરાં સાથે દોકડ અને ખંજરી જેવાં વાદ્યો પાછળથી દાખલ થયાં. અસલમાં આખ્યાનકારો માટીની માણ જ વાપરતા. એ પછી તાંબાની માણ આવતાં સાંકડા મોં અને મોટા પેટવાળી માટીની માણ સાવ જ વિસરાઈ ગઈ.

માણ સામાન્ય રીતે શક્તિનું સ્વરૂપ મનાય છે. આખ્યાન મહિનોમાસ ચાલવાનું હોય તો શક્તિના પ્રતીકરૂપે ત્રિશૂલ પધરાવી માણનું વિધિવત્ પૂજન કરી કથાકાર આખ્યાનનો આરંભ ગણેશસ્તવનથી કરતા. પછી વાણીની દેવી સરસ્વતીની સ્તુતિ કરવામાં આવતી. ત્યાર બાદ માણ અને મંજિરાંની જુગલબન્ધી સાથે ગદ્યપદ્યમાં મહાભારતની કથા વિવિધ પ્રસંગોને વણી



માણભટ્ટ કથાકાર પ્રેમાનંદ
(ચિત્રકાર : ર.મ.શ.)

લઈને ગીતસંગીતમાં રજૂ કરતા. એ વખતે માણનો રણકાર તો કડડ કડડ કડ... કડડ કડડ કડ અથવા કડડ કડડડ કડડ કડડડડ એમ કોઈ પણ રીતે ઢાળ, ઢાળની પંક્તિઓ અને શબ્દસમૂહ પ્રમાણે ચાલ્યા કરતો. શબ્દસમૂહમાં લાંબાં ટૂંકાં શબ્દજૂથો વચ્ચે આવી ચડે, તો માણના રણકારના બોલમાં એ જ રીતે આડા ઠેકા લેવામાં આવતા અને માણ ઉપર આંગળિયો સરળતાથી ફર્યા કરતી. તાલ, નરઘાં અને તાંબાની માણ એ એમનાં સાજ હતાં.

કથાને અંતે રોજ સાંજે શ્રદ્ધાળુ ભક્તો તરફથી માણભટ્ટ અને જોડિયાઓને જમવાનાં નોતરાં અપાતાં. કથાકાર સવારે જેને ત્યાં જમી આવ્યા હોય તેનાં જોડકણાં બોલીને જમાડનાર સદ્‌ગૃહસ્થની પ્રશંસા કરતા.

'આજ તો ભઈ આનંદ થયો છે
ને થઈ છે લીલાલહેર
જસુભાના ઘેર જમવા ગયા'તા
લાડુ બનાવ્યા સાર.
જામફળનું શાક બનાવ્યું
ને રાયતાનો આચાર
વ્યાસજીને એક પાયલી આપી
બે જોડિયાને આપી બે બે આની
આજ તો રે ભઈ આનંદ થયો
હવે કાલ્યની ચિંતા થાય રે ?

વ્યાસજીની ચિંતાની વાત સાંભળીને ભાવિક શ્રોતાઓમાંથી પુરાણીને બીજા દિવસે જમવાનું નોતરું મળી જતું. આસ્થાળુ ભક્તો કથામાં આવતા ત્યારે વાટકા ભરીને દાળ, ઘી, તેલ, ચોખા તથા અનાજ લઈ આવતા. માણમાં શ્રોતાઓ રોકડ પૈસા નાખતા. આ આવકમાંથી માણભટ્ટની આજીવિકાનું ગાડું ગબડ્યા કરતું, સમાજને કથા-આખ્યાનશ્રવણનો આનંદ મળતો. આજે તો લોકસમાજ અને નગરજીવનમાંથી આખ્યાન-પરંપરાની સરવાણી જાણે કે સાવ લુપ્ત થવા લાગી છે. મનોરંજનનાં માધ્યમો વધી પડતાં પ્રજાને કથા આખ્યાનમાં રસ ઓછો થઈ ગયો છે. મોંઘવારી માઝા- મૂકી રહી હોવાથી લોકોને રોટલો રળવાની ચિંતામાં ઝાઝી ફુરસદેય રહેવા પામી નથી. એ સંજોગોની વચ્ચેય ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિની પરંપરારૂપ માણભટ્ટની આ કલા કંઈક અંશે સચવાઈ રહી છે એ જ એનું સાર્થક્ય છે. ગુજરાત લોકકલા ફાઉન્ડેશન જેવી ખ્યાતનામ સંસ્થા આવી કલાઓને જીવંત રાખવા મથામણ કરી રહી છે, એ આનંદ અને ગૌરવની વાત છે. □

અનુસંધાન] આપઘાત અને... [પૃ. ૬૪૬ થી

આચારસંહિતાનું પાલન કરવું જોઈએ.

આપઘાતના કિસ્સાઓનું વળીવળીને, દરરોજ, દિવસો સુધી અને વધારે પડતું કવરેજ ટાળવું જોઈએ. સનસનાટી પેદા કરવાના આશયથી ભડકાવનારી હેડ લાઈન્સ મોટા અક્ષરોમાં ન છાપવી જોઈએ. આત્મહત્યાના સ્થળના ફોટોગ્રાફ, અંતિમ ક્રિયાના ફોટોગ્રાફ અને નાટકીય વર્ણનથી દૂર રહેવું જોઈએ. આત્મહત્યાની ઘટનાને મૃત્યુની દૈનિક નોંધમાં સમાવી લઈને એનું મહત્ત્વ ઘટાડવું જોઈએ. આત્મહત્યા કરનાર કમભાગી વ્યક્તિના જીવનની યાતનાઓનું વિસ્તારથી વર્ણન કરવાની વૃત્તિ ગમે તે ભોગે અટકાવવી જોઈએ, કેમ કે આવાં વર્ણનો આત્મહત્યાના કાર્યને જાણે-અજાણે સમર્થન આપતાં હોય છે.

ઘણાં છાપાંઓ આપઘાતના બનાવનું કાલ્પનિક અને ખરીખોટી વિગતો ઉમેરીને રજેરજ વર્ણન આપતાં હોય છે. આનાથી આત્મહત્યા કરવાનો વિચાર ધરાવનાર અન્ય વ્યક્તિઓને પ્રેરણા અને માર્ગદર્શન મળી રહે છે. ઘેરી હતાશાની અંદર સપડાયેલ વ્યક્તિ જ્યારે આત્મહત્યાનો નિર્ણય લે ત્યારે એ અત્યંત કમનસીબ અને જવલ્લે જ લેવામાં આવતો નિશ્ચય હોય છે, એને સ્થાને છાપાંઓ એવું ચિત્ર રજૂ કરતાં હોય છે કે જે આ નિર્ણયને વાજબી ઠેરવે છે. આ ખોટું છે.

પ્રસંગને ચમક - દમક આપવાની વૃત્તિ નિંદનીય છે.

આત્મહત્યાને એવા સાધન તરીકે ન મૂલવવી જોઈએ કે એના દ્વારા વ્યક્તિ પોતાના મનની ઈચ્છાની પૂર્તિ કરે છે.

જો વર્તમાનપત્રો અને જાહેર માધ્યમો આ આચારસંહિતાને વળગી રહે તો સમાજમાં આપઘાતનો દર ઘટાડવામાં ઘણી મદદ મળે. આત્મહત્યા એક સામાજિક રોગ છે. એનું નિવારણ કરવામાં જાહેર માધ્યમોનું ઉત્તરદાયિત્વ ઘણું ઊંચું છે. જો તેઓ સાચો અભિગમ અપનાવે, તો સમાજમાં માનવજીવનનું મૂલ્ય પુનઃ પ્રસ્થાપિત કરી શકાય અને એક સ્વસ્થ, ભાવનાશીલ સમાજની રચના કરી શકાય. તદ્દન વ્યાપારી અને તીવ્ર સ્પર્ધાત્મકતાનાં મૂલ્યો ઉપર ચાલતા આજના આ સમયમાં આ કાર્ય મુશ્કેલ જરૂર છે, પણ સાવ અસંભવ તો નથી જ. □

અનુસંધાન] ફિલ્માકાશ [પૃ. ૬૨૦થી

સૌંદર્યસમૃદ્ધિ પણ તેમની ફિલ્મો 'શ્રી ગૌરાંગ'માં વિષ્ણુપ્રિયાની તેમણે ભજવેલી ભૂમિકા કે 'માં'માં ભજવેલી બ્રહ્મચારિણીની, અને છેલ્લે ૧૯૩૫માં જ આવેલી 'માનમયી ગર્લ્સ સ્કૂલ'માં નિભાવેલી ભૂમિકા દ્વારા પ્રસ્થાપિત થઈ ચૂક્યાં હતાં. પણ મોટી સમસ્યા એ હતી કે તેઓ એક બીજી નિર્માણસંસ્થા 'રાધા ફિલ્મ કંપની' સાથે લાંબા કરારથી જોડાયેલાં હતાં, અને એ લોકો તેમને ધ ન્યૂ થીએટર્સમાં કામ કરવાની પરવાનગી આપે તેમ નહોતાં. આ સમસ્યા જેટલી ન્યૂ થીએટર્સને પજવતી હતી તેથી ય વધુ તો કાનનદેવીને ખુદને સતાવતી હતી. તાજેતરમાં જ શ્રી અજિત શેઠ-નિરુપમા શેઠ (સંગીતભવન ટ્રસ્ટ, ઈસ્માઈલ બિલ્ડિંગ, ફ્લોરા ફાઉન્ટન, મુંબઈ ૪૦૦૦૦૧) દ્વારા બહાર પાડવામાં આવેલી, શ્રી ચંદ્રકાન્ત મહેતા (દિલ્હી) દ્વારા અનુવાદિત થયેલી માત્ર સો રૂપિયા કિંમતની કાનનદેવીની આત્મકથા 'સર્વને મારા નમસ્કાર'માં પૃષ્ઠ ૩૪ ઉપરના કાનનદેવીના પોતાના શબ્દો હૃદયદ્રાવક છે : "મને યાદ છે કે, 'દેવદાસ' ફિલ્મ શરૂ કરતાં પહેલાં પ્રમથેશ બરુવા હું પાર્વતીની ભૂમિકા ભજવું એમ ઈચ્છતા હતા, પણ રાધાની જોડે કરાર કર્યા છે એમ કહીને મારે દુર્લભ સુયોગ હાથમાં આવ્યો તેને છોડી દેવો પડ્યો ત્યારે નિર્દય નિયતિના પગમાં માથું પછાડવાનું મન થયું. તે સમયે ન્યૂ થીએટર્સ ખૂબ પ્રતિષ્ઠાસંપન્ન સંસ્થા હતી અને શ્રી બરુવા ફિલ્મ ઉદ્યોગમાં પરીકથાના નાયક સમા હતા. તેમની જોડે અને એમના દિગ્દર્શનમાં કામ કરવું એ કોઈ કલાકાર માટે હથેલીમાં ચાંદ પકડવા જેવું હતું. તેમાં વળી શરદબાબુની વાર્તા ! આવો દુર્લભ અવસર કંઈ ફરી જીવનમાં આવે ખરો ? (આવું બનવા) પાછળ કોઈ કુટિલ ગ્રહનું કારસ્થાન હશે એવું ત્યારે મને લાગેલું. પણ આ અડચણ ખરેખર અડચણ નહોતી. રાધા ફિલ્મ્સના સંચાલકો બહાનાં કાઢ્યા કરતા અને પોતાના સ્વાર્થને કારણે એક નિઃસહાય, અનભિજ્ઞ છોકરીને સતાવ્યાં કરતાં હતાં એ તો મેં બહુ પાછળથી જાણ્યું."

(ક્રમશઃ)

કયે નામે કરવો સાદ ?

મહેશ ધોળકિયા

એક આપણું વિખ્યાત લોકભજન છે :

'હરિ તારાં છે હજાર નામ,
કયે નામે લખવી કંકોતરી ?'

વસ્તુતાએ બધાં નામ હરિનાં છે, બધું જ હરિનું છે, હરિ જ છે, બીજું કંઈ છે જ નહિ, એટલે એનું અલગ નામ હોવાનો અર્થ જ નહિ ને? હરિને સંબોધન કરવાની આ સમસ્યા છે.

પરંતુ આ હરિના જ માત્ર નહિ, મનુષ્યના સંબોધનની પણ સમસ્યા છે. જેનો આપણ સંસારીઓએ રોજ સામનો કરવો પડે છે.

આ જગતમાં ત્રણ પ્રકારના મનુષ્યો છે : એક અજાણ્યા, બીજા અર્ધજાણીતા અને ત્રીજા જાણીતા : આ જે વચલો વર્ગ છે અર્ધ પરિચિતનો, તેને આપણે નામથી બોલાવીએ છીએ.

'સુરભિબહેન, મને આ ફાઇલ તૈયાર કરીને સાંજે જતાં પહેલાં આપજો.' વિભાગીય વડા તેના સ્ટાફનાં કર્મચારીબહેનને એ રીતે સંબોધે છે. કેમ કે એ તેમના આંશિક પરિચયમાં છે.

'આજે ધ્રુવભાઈ ઘરે આવવાના છે.' પતિ પત્નીને પોતાના કોઈ સગા વિશે આ રીતે નામજોગ વાત કરે છે, કારણ એ પરિવારના પરિચિત જણ છે.

'ગવરીબહેને આજે પૈસા માગ્યા છે.' શ્રીમતી શ્રીમાનને ખબર આપે છે.

'ગવરીબહેન કોણ ?' પતિના પરિચિતોના લિસ્ટમાં આ નામ નથી.

'તમેયે ખરા છો, આપણાં કામવાળી બાઈ !' પત્ની માટે એ બાઈ ઠીકઠીક જાણીતાં છે. તેનું નામ તેના હોઠ પર રમે છે.

'રમેશ સરે આજે અમને સરસ વાર્તા કહી.' બાળક ઘેર આવીને હોંશથી વાત કરે છે, એનાં મમ્મી-પપ્પા મંદોત્સાહથી વાત સાંભળી લે છે.

મુશ્કેલી અપરિચિતના સંબોધનમાં સર્જાય છે.

'છોકરાં'

'છોડી'

'બહેન'

'માજી'

એવાં વ્યાપક સંબોધનોથી કામ ચલાવવું પડે છે.

'કાકા' એવું સંબોધન જીરવવું સહેલું નથી - એમાંયે જ્યારે તે રૂપાળી છોકરી દ્વારા થતું હોય !

'દાદા'

'અદા'

'ડોસા'

'ડોસી', 'માજી'

એવાં સંબોધનો કડવાં ઝેર લાગે તે સ્વાભાવિક છે.

અર્ધું અમદાવાદ 'કાકાઓ' અને 'માસીઓ'થી સભર છે, કેમ કે ત્યાં એવો રિવાજ છે કે અપરિચિત મધ્યવયસ્ક પુરુષ તે 'કાકા' અને એવી મહિલા તે 'માસી'.

આ થયાં જાતિવાચક સંબોધનો.

કેટલાંક વિશિષ્ટતાવાચક પણ હોય છે.

'એ ધોતી, બાજુ પર ચાલ.'

'ટોપી, જોઈને રસ્તો ઓળંગ.'

'સાઇકલ, આમ ક્યાં હાંકે છે ?'

અમદાવાદની પોળો ગાજે છે 'રિક્ષા' એવા નાદથી, અને મુંબઈમાં સંભળાય 'ટૅક્સી !'

'એય ચડ્ડી ! ક્યાં રખડે છે ?'

'કોથળા ! આઘો ખસ.'

'જાડિયા,' 'લંબુ', 'ઠીંગુ', એ બધાં આવાં સંબોધનો છે, જે અપરિચયની ચાડી ખાય છે.

આ તો સમજાય એવી વાત છે, પણ જે અતિપરિચિત છે, આત્મીય છે, માનીતું છે, વહાલું છે, એને નામથી ન સંબોધવાની, ખાસ કરીને ગુજરાતની પરંપરા વિલક્ષણ છે. સંબોધનની ખરી સમસ્યા અહીં સર્જાય છે. કેમ કે, જેને અવારનવાર સંબોધવાના હોય છે, તેને બોલાવવાનું જે હાથવગું સાધન છે નામ તે લેવાતું નથી.

હવે આ ચાલ બહુ પ્રચલિત નથી, છતાં એ તદ્દન લુપ્ત પણ થયો નથી.

તમને જો કોઈ 'મોટાભાઈ', 'નાનુભાઈ,' 'છોટુ', 'બાળુ', 'તોફાની', 'ગાંડો', 'બાબાભાઈ' કે 'બેબીબહેન' (જેને પોતાને એક બેબી હોય) એવા માણસો મળી જાય, તો જરૂર જાણજો કે તેમનાં માતાપિતાએ સંબોધનની સમસ્યા હલ કરવા માટે પાડેલાં આ તખલ્લુસ છે. એક જમાનામાં મા-બાપ પોતાનાં બાળકોને એમનાં અસલ નામથી ન સંબોધતાં. બાપ સમક્ષ તો સંબોધવાની ખાસ જરૂર ઊભી થતી નહિ, અને મા લજ્જાવશ ન સંબોધતી. એવું મનાતું કે પોતાનાં બાળકનાં નામ લેવાથી તેમનું આયુષ્ય ઘટે. આ સાચું હોય કે નહિ, પરંતુ આનાથી પ્રેમ તો જરૂર વધતો હશે. અથવા તો જ્યાં પ્રેમ પ્રગાઢ હોય ત્યાં નામનો ઉપયોગ ન થાય. આની પાછળ રહસ્ય શું હશે ? એવું કલ્પી શકાય કે જે નામનો વારંવાર બધા ઉપયોગ કરતા હોય, જે નામ સર્વસાધારણ, વપરાશી અને વાસી બની ગયું હોય, તે નામ પ્રેમ અને મમતાને ઝીલવા અસમર્થ બની જાય. તેથી એક અંગત વત્સલ નામ તેને અપાય છે, સાવ પોતીકું અનપોલ્યૂટેડ.

આમ, કાન્તિ કિકલો બને છે અને સરયું બને છે સૂનું.

ઘણી માતાઓ તો 'એઈ' અને 'એ'થી જ કામ ચલાવવા ઉદ્યુક્ત રહે છે.

'એને બોલાવો ને'. એ કહેશે.

'ગોવિંદને ?'

'ના'

'તો અરવિંદને ?'

'ના, ના.'

'તો પ્રકાશને ?'

'ના, ભૈ ના, ચોથાને'

આમ, ઘણી વાર નંબરનો ઉપયોગ ચાલે છે. આ પણ કેવી અદ્‌ભુત વાત છે કે સામાન્ય રીતે જ્યાં સદંતર લાગણીશૂન્યતા હોય તેવી જેલ અને સેનામાં માણસો નંબરથી ઓળખાય છે. એવું આપણે માનીએ છીએ, પરંતુ લાગણીનાં જ્યાં ઘોડાપૂર ઊમટતાં હોય ત્યાં પણ નંબરનું પ્રચલન હોય છે.

(અનુસંધાન પૃ. ૬૭૧)

પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો-૯

યોગેન્દ્ર માંકડ

ધર્મસુધાર અને વિચારબુદ્ધિ

પ્રબુદ્ધ ચિંતકોનું એક આગવું લક્ષણ એ હતું કે પ્રથાલક્ષી પરિવર્તનની તેમની અદમ્ય ઝંખના હોવા છતાં તેઓ વાસ્તવિક રાજકારણનાં કલુષિત પાણીમાં પડવા નહોતા માગતા. રાજકારણનું ક્ષેત્ર કદાચ તેમના સ્વભાવને અનુકૂળ નહોતું. એક તરફ મૂળભૂત રીતે યથાસ્થિતિપરક પ્રથા અને બીજી તરફ તેનું ઉન્મૂલન તાકતા વિચારો વચ્ચેનાં સમીકરણો અવળાં હોય તે સ્વાભાવિક હતું. પરંતુ એક વાત સ્પષ્ટ હતી : ધર્મ તેમને કોઈ પણ સ્વરૂપમાં સ્વીકાર્ય નહોતો.

ધર્મના સંસ્થીકૃત અને બૌદ્ધિક આવિર્ભાવથી મુખ્ય પ્રબુદ્ધ ચિંતકો અત્યંત પ્રક્ષુબ્ધ હતા. ઘણા 'ફિલૉસોફિસ' - ખાસ કરીને ફ્રાંસ અને ઈંગ્લૅંડમાં - ખ્રિસ્તી ઈશ્વરમીમાંસા, ચર્ચાના સત્તાભિમુખ ભ્રષ્ટાચાર (ખાસ કરીને રોમન કૅથોલિક ચર્ચ) અને કોઈ પણ કુષ્ટરોગની જેમ લોકોના માનસ પર ધર્મએ જમાવેલી પકડ અને તેમાંથી ઊભી થતી અંધશ્રદ્ધાના નિતાંત આલોચકો હતા. વૉલ્તેર, ડહોલબાખ અને દિદેરો જેવા પ્રબુદ્ધ ચિંતકો માટે ધર્મની 'જુલમશાહી'માંથી લોકોની મુક્તિ એ સાર્વત્રિક મુક્તિલક્ષી રાજકારણની દિશામાં પ્રથમાઘાત હતો. જે લોકો ખોટા ધાર્મિક ખયાલોથી ઘેરાયેલાં રહેતાં હોય તેમનું પોતાના પર સ્વસ્થ અને સંતુલિત નિયંત્રણ હોઈ શકે નહિ તેવી તેમની સ્પષ્ટ સમજ હતી.

વૉલ્તેરે પોપ, જેસુઇટ્સ અને ખ્રિસ્તી ધર્મગુરુઓ સામે પોતાનું 'ધર્મયુદ્ધ' શરૂ કર્યું. 'ક્રિસ્ટિઅન ગૉડ' સામેનું યુદ્ધ તેની ચરમ સીમા હતી. તે સમયે એવી પરંપરાગત દલીલ કરવામાં આવતી હતી કે ઈશ્વરનું અસ્તિત્વ 'તેના સર્જન' (**His Creation**)માં અભિવ્યક્ત થાય છે. આ દલીલની સામે ડૅવિડ હ્યુમે સંશયવાદી દર્શનનું શસ્ત્ર ઉગામ્યું. હ્યુમ એવું સ્પષ્ટ રીતે માનતો હતો કે 'રિઝન' - વિચારબુદ્ધિ-માં શ્રદ્ધા ધરાવતા માણસનું ચમત્કારમાં માનવું એ મોટો વિરોધાભાસ છે. આસમાનમાં નિવાસ કરતા આક્રોશી ઈશ્વરના અસ્તિત્વ અને તેની ધ્રુજાવી નાખતી શક્તિ વિશે પ્રચલિત માન્યતામાં વિશ્વાસ એ ગભરાયેલાં અને દુર્બલ મનુષ્યનું લક્ષણ છે. આદિમ લોકો જેનાથી ગભરાતાં તેની પૂજા કરતાં. ચમત્કારો અને બલિદાન આ જ માનસિકતાનાં દ્યોતક હતાં. વાસ્તવમાં આ પ્રકારનાં વિધાનો પાછળનું લક્ષ્ય આફ્રિકાના આદિવાસીઓ નહોતાં. લક્ષ્ય હતું ખ્રિસ્તી ધર્મ અને તેના 'ચમત્કારો' અને 'યુકેરિસ્ટ' (**eucharist** - એક પ્રકારનો ખ્રિસ્તી ધર્મસંસ્કાર જેમાં ભોજન વખતે પીરસવામાં આવતા રોટી અને દારૂ ઈશુના લોહી અને માંસનું સ્વરૂપ ધારણ કરશે એવી શ્રદ્ધા).

પોતાના **Letters Persanes (Persian Letters - 1721)**માં મોંતેસ્કે પોપને જાદુગર કહ્યો. આત્મા, દેવદૂત, શેતાન, ડાકણ વગેરે વિશેના ખયાલોમાં વિશ્વાસ પ્રાચીન માનસનું લક્ષણ હતું. તેની તુલનામાં પરિપક્વ બુદ્ધિનિષ્ઠાએ સફળતાપૂર્વક પુરવાર કર્યું કે આમાંનાં કોઈનું અસ્તિત્વ સુધ્ધાં નથી. અસ્તિત્વમાં છે માત્ર કુદરત અને કુદરત એ ભૌતિક પદાર્થોની બનેલી એક વ્યવસ્થા છે, જેનું સંચાલન વિજ્ઞાનના અપરિવર્તનશીલ નિયમો પ્રમાણે થાય છે.

અગાઉ ઉલ્લેખ થયો છે તે પ્રમાણે જ્ઞાનપ્રકાશયુગીન ચિંતકોમાં ઈશુના સૌથી મોટા વિરોધી તરીકે વૉલ્તેરનું સ્થાન મોખરે છે. પોતાની કારકિર્દીનો ઘણો મોટો હિસ્સો તેણે ભૂતપ્રેત અને ધર્મ સામેના સંઘર્ષમાં વાપર્યો. શરૂઆતના તબક્કામાં ધાર્મિક સહિષ્ણુતા કે તેનો અભાવ તેની મુખ્ય નિસબતનો વિષય હતો. સમય જતાં તેનો વિરોધ વધુ આક્રમક બન્યો અને ધર્મના ટીકાકારો કે જુદું અર્થઘટન કરનારાઓને સળગાવી મૂકવાના કે 'ડાકણો'ને મૃત્યુદંડ આપવા જેવા ખ્રિસ્તી ધર્મના રિવાજો સામે તેણે ભીષણ સંગ્રામ આદર્યો. ખ્રિસ્તી સંપ્રદાય અને ચર્ચની સામે તેણે 'આધુનિક પૅગનિઝમ' (ધર્મવિરોધવાદ)ની હિમાયત કરી - રૅશનલ, પરોપકારી ઈશ્વરના અસ્તિત્વમાં માનતો બિનમતાગ્રહી ધર્મ, જે ન્યૂટોનિઅન વિશ્વનો કર્તા હોય અને મનુષ્યોમાં ન્યાય અને નીતિમત્તાનો પ્રેરક હોય. આવા ઈશ્વરની ગેરહાજરીમાં માણસ દુષ્ટ શા માટે ન થાય ? (આથી વૉલ્તેર માનતો કે જો ઈશ્વરનું અસ્તિત્વ ન હોય તો તેનું નવેસરથી નિર્માણ કરવું પડશે !)

પરંતુ આ પ્રકારના 'કુદરતી ધર્મ'માંથી તેણે સમય જતાં વિશ્વાસ ગુમાવી દીધો. તેનું મુખ્ય કારણ હતું ૧૭૫૫માં લિસ્બનમાં થયેલો ભયાનક ભૂકંપ, જેણે હજારો માણસોના જાન લીધા. આ કૉસ્મિક કત્લેઆમને કારણે વૉલ્તેરે કુદરત પાછળ રહેલી કથિત નિર્દોષ પ્રજ્ઞા (**Benign Intelligence**)માંથી વિશ્વાસ ગુમાવી દીધો. આ સાથે તેના જીવનનાં પાછલાં વર્ષોમાં ધર્મ સામેના તેના આક્રમક અને આત્યંતિક વિરોધમાં અભૂતપૂર્વ વધારો થયો. ધર્મવિરોધી તેનો આક્રોશ હવે માત્ર પોપ, ચર્ચ અને પાદરીઓ પૂરતો જ મર્યાદિત નહોતો, પરંતુ તે આ સર્વને અતિક્રમીને ધાર્મિકતાના કોઈ પણ સ્વરૂપના આવિર્ભાવ સુધી વિસ્તર્યો.

આમ કેમ બન્યું ? 'સાચા ધર્મ અને શ્રદ્ધા'ને નામે આચરવામાં આવતી ભયંકર ક્રૂરતા અને થાંભલે બાંધીને સળગાવી મારવાનો યુગ તો પૂરો થઈ ગયો હતો. 'ઈન્કિવઝીશન' (**Inquisition**) - રોમન કૅથોલિક ધર્મપંથ વિરોધીની ન્યાયતપાસ - અને ધર્મયુદ્ધનો સૂર્ય પણ અસ્ત પામી ગયો હતો. 'પવિત્ર સંઘર્ષો'નો એક જમાનો હતો, પરંતુ હવે તો તે ઈતિહાસનો માત્ર એક અંશ જ હતો. અઢારમી સદીનાં યૂરોપિઅન ચર્ચો પ્રમાણમાં સહિષ્ણુ બન્યાં હતાં અને કેટલાક ફ્રેંચ પ્રબુદ્ધ ચિંતકો પોતે જ ખ્રિસ્તી ધાર્મિક વ્યવસ્થાનો ભાગ હતા [દા.ત. માબ્લી નામનો પ્રમાણમાં ઓછો જાણીતો ફ્રેંચ ચિંતક તેમાંનો એક હતો. તે જ પ્રમાણે એમ કહેવાય છે કે કેન્ટરબરીના આર્ચબિશપની પત્ની ગિબન નામના ઈતિહાસકાર સાથે વ્હિસ્ટ (પત્તાંની એક રમત) રમતી. ગિબન પોતે ધર્મ અને ધાર્મિકતાનો પ્રખર વિરોધી હતો]. તો પછી જે ચિંતકો પોતે ધાર્મિક બાબતોમાં સહિષ્ણુ હોવાનો ગર્વ અનુભવતા અને માનવ મર્યાદાઓ તેમજ નબળાઈઓને સ્વાભાવિક ગણતા હતા તેઓ સંપ્રદાય અને પાદરીઓની બાબતમાં અશ્લિલતામાં કેમ સરી પડતા હતા કે તેમની સામે કાદવ શા માટે ઉછાળતા હતા ?

આ પ્રશ્નનો જવાબ સરળ નથી, કારણ કે ધાર્મિક શ્રદ્ધાની બાબતમાં જ્ઞાનપ્રકાશયુગીન વલણોનો વ્યાપ તેમજ વલણો પોતે અત્યંત સંકુલ છે. ઘણા બૌદ્ધિકો એમ માનતા હતા કે અશ્રદ્ધા ધર્મનું સ્થાન લઈ શકે નહિ. વિજ્ઞાન અને દર્શને ખ્રિસ્તી અને માનવીય તેમજ 'ચમત્કારોના ઈશ્વર' વિશે ભલે સંશય ઊભો કર્યો હોય છતાં કોઈક સર્જનહાર તત્ત્વ તો અસ્તિત્વમાં છે જ. હ્યુમ જેવો સંશયવાદી ચિંતક પણ એમ માનતો હતો કે બ્રહ્માંડમાં જે કંઈ ગતિશીલ છે તેની પાછળ કોઈક વ્યવસ્થાપનનો સિદ્ધાંત કામ કરે છે અને અવકાશી પદાર્થોની ગતિ અને પરિધિ એ કોઈ આકસ્મિક બાબત નથી. બીજું, ઘણા પ્રબુદ્ધ ચિંતકો 'પ્રિસ્ટક્રાફ્ટ' (વધુ સત્તાપ્રાપ્તિ

માટેનાં પાદરીઓનાં કાવતરાં) અને ચર્ચના બાહ્યાડંબરની વિરુદ્ધ હતા. છતાં તેમની પોતાની વ્યક્તિગત આગવી સાધુતા પણ હતી. મોટા ભાગના પ્રબુદ્ધ ચિંતકો એવું પણ માનતા હતા કે ચર્ચની જાહેર ધાર્મિક વિધિઓને અનુરૂપ વર્તન તેમનું ઔચિત્ય જાળવવા ખાતર પણ દાખવવું જોઈએ. પછી ભલે કોઈ તેમાં માનતું હોય કે ન માનતું હોય. આવું ઔપચારિક રીતે સંમતિદર્શક વર્તન યોગ્ય સામાજિક વ્યવસ્થા અને શાંતિ જાળવવામાં મદદરૂપ થઈ પડે એવી તેમની સમજ હતી. અલબત્ત, આની સાથે સંકળાયેલો મહત્ત્વનો પ્રશ્ન એ હતો કે ઔચિત્યપૂર્ણ વર્તન ધર્મ અને તેને સંલગ્ન વિધિઓને કાયદેસરતા બક્ષે તેનું શું ? પરંતુ સંભવતઃ આ પ્રશ્ન પ્રબુદ્ધ ચિંતકોને સતાવતો નહોતો.

ઘણા ચિંતકો 'નાગરિક' ધર્મના હિમાયતી હતા જેથી રાષ્ટ્રભક્તિ અને કોમ્યુનિટી સ્પિરિટ (બિરાદરી જુસ્સો) જેવા ગુણો વિકસે. આ સંદર્ભમાં ગિબનનું નિરીક્ષણ અત્યંત સૂચક છે : રોમન ધર્મને ધ્યાનમાં રાખીને તેણે એવું વિધાન કર્યું હોવાનું મનાય છે કે લોકો તેને એટલે કે રોમન ધર્મને સાચો ધર્મ માનતા હતા, દાર્શનિકો તેને ખોટો ધર્મ માનતા હતા અને શાસકો તેને 'ઉપયોગી' ધર્મ માનતા હતા ! રસપ્રદ વાત એ છે કે વૉલ્તેર જેવો ઉચ્ચ કક્ષાનો ચિંતક પણ એવું માનતો હતો કે નોકરો અને પત્ની સવિશેષ રીતે ધાર્મિક વૃત્તિવાળાં હોવાં જોઈએ. જો ઈશ્વરનો ડર ન હોય તો એક ચમચાચોર બને અને બીજી બેવફા બનવાને લલચાય ! ધર્મનિષ્ઠાની 'ઉપયોગિતા' પિછાનીને ઘણા ચિંતકોએ દ્વિસ્તરીય ધાર્મિક પ્રથાની હિમાયત કરી - અગ્રવર્ગ માટે સરળ, શુદ્ધ અને રૅશનલ ધર્મ અને જનસાધારણના દિલ અને દિમાગને નિયંત્રણમાં રાખવા માટે ક્ષુબ્ધ કરનાર બીજો ધર્મ !

એક સામાન્ય માન્યતા એવી છે કે સમગ્ર પશ્ચિમી વિચાર સમય જતાં રૅશનલ સમાજમાં ઉત્ક્રાંત થયો, કારણ કે તે પ્રથમ અશ્રદ્ધાળુ બન્યો. બીજા શબ્દોમાં શ્રદ્ધાનો અભાવ એ જાણે કે રૅશનલ થવા માટેની પૂર્વશરત હતી. પરંતુ ઐતિહાસિક પુરાવાઓ આ દાવાને સમર્થન આપતા નથી. વાસ્તવમાં ધર્મમાં માન્યતા વિશેના સમગ્ર રંગપટમાં એક છેડે સંપૂર્ણ શ્રદ્ધા છે તો બીજે છેડે સંપૂર્ણ નાસ્તિકતા છે. વાસ્તવમાં આ બન્ને અંતિમ બિન્દુઓ વચ્ચે અનેક ધર્મછાયાઓ છે. એ યાદ રાખવું જરૂરી છે કે ઘણા પ્રબુદ્ધ ચિંતકો ધર્મમાં શ્રદ્ધા ધરાવતા હતા. દા.ત. રૂસો પોતાના જીવનનાં પાછલાં વર્ષોમાં ધાર્મિક આસ્થાનાં લાગણી અને આધ્યાત્મિક દૃષ્ટિએ-બૌદ્ધિક દૃષ્ટિએ નહિ - વખાણ કરતાં થાકતો નહોતો. તે જ પ્રમાણે મહાન બ્રિટિશ બહુજ્ઞાતા (**polymath**) જોસેફ પ્રિસ્ટલી - ઑક્સિજનનો શોધક - જ્ઞાનપ્રકાશ યુગે જન્માવેલી શિક્ષણ, વિજ્ઞાન, ટેક્નોલૉજી અને ઉદ્યોગવાદનો મોટો પુરસ્કર્તા હતો અને તે પ્રગતિ તરફ લઈ જશે જ તેવી તેની દૃઢ માન્યતા હતી છતાં સહસ્રવાદી ક્રિસ્ટિઆનિટીમાં પણ તે શ્રદ્ધા ધરાવતો હતો. પ્રિસ્ટલીનો ધાર્મિક ઝોક મૂળભૂત રીતે યુનિટેરિઅન હતો (યુનિટેરિઅનવાદ ખ્રિસ્તી ધર્મનો એક ફાંટો છે જે ટ્રિનિટી અને ઈશુના દૈવી તત્ત્વ એમ બન્નેને નકારે છે).

ઉત્તર જર્મની, સ્કૅન્ડિનેવિયા, ઈંગ્લૅન્ડ, સ્કૉટલૅન્ડ વગેરે દેશોમાં પણ ધાર્મિક બાબતો પ્રત્યે આગવું ચિંતન ધરાવતા ચિંતકોનું વલણ ખ્રિસ્તી ધર્મ પ્રત્યે દુશ્મનાવટભર્યું નહોતું. તેઓ એક એવા વિશુદ્ધ ધર્મની હિમાયત કરતા હતા કે જે વિજ્ઞાન, રિઝન, ચેતના અને સંભાવના સાથે સુસંગત હોય. ઘણા શિક્ષિત લોકો એમ પણ માનતા હતા કે ધર્મ પ્રગતિનો અવરોધક જ હોય એવું જરૂરી નથી. જો લુથરવાદી ધર્મસુધારણાએ મધ્યયુગીન ચર્ચને ભ્રષ્ટાચારમાંથી મુક્ત કર્યું તો 'વિચાર અને વિવેકની આગેકૂચ' આ પ્રક્રિયા પૂરી કરશે એમ તેઓ સ્પષ્ટ રીતે માનતા હતા. જેમજેમ મનુષ્યનો બૌદ્ધિક વિકાસ થતો જશે તેમતેમ ધાર્મિક વળગણો ઓછાં થતાં જશે એવી તેમની દૃઢ માન્યતા હતી. એ રીતે જોતાં જ્ઞાનપ્રકાશયુગીન ચિંતકો માટે અતીતરાગ એક ખૂણે બેસીને વાગોળવા જેવો પદાર્થ નહોતો. અતીતરાગ મનુષ્યની માનસિકતામાં પહેલેથી ઊંડે સુધી પડેલો છે. તેનો પ્રતિકાર કરવો અત્યંત મુશ્કેલ છે કેમ કે સામાન્ય રીતે વર્તમાનની 'રૅશનલ' આલોચના તરીકે તેને સમજવામાં આવે છે અને અતીતના 'રૅશનલ' યશોગાન તરીકે તેને જોવામાં આવે છે. પરંતુ અતીતરાગની મુશ્કેલી એ છે કે તે વાજબી અને પ્રમાણસરની આલોચના અને વખાણને વાજબીપણા અને પ્રમાણભાનની વાજબી મર્યાદાઓની પાર લઈ જાય છે, જે વાજબી અસંતોષને અતીત માટેની ઘેલછામાં ફેરવી નાખે છે. આ ઘેલછા એટલે શૈશવી નિર્દોષતા અને આનંદનું સ્ફટિક જેવું નિર્મળ સ્વરૂપ, જે ભાગ્યે જ અસ્તિત્વમાં હોય છે. એ અર્થમાં પ્રબુદ્ધ ચિંતકો માટે અતીતરાગ સુખદાભાસી પરાગમનનું એક સ્વરૂપ હતું.

આ સંદર્ભમાં જ્હોન લૉકનો ગ્રંથ **Reasonableness of Christianity** (૧૭૯૪) આગવું પ્રદાન મનાય છે. તેના મત મુજબ ખ્રિસ્તી ધર્મના મૂળભૂત સિદ્ધાંતો રિઝન અને અનુભવ સાથે સુસંગત છે. ખ્રિસ્તી હોવું એટલે રૅશનાલિટી પ્રત્યે પ્રતિબદ્ધતા હોવી, પરંતુ પરંપરાગત ધર્મશ્રદ્ધાનો જે ખયાલ રિઝન સાથે સુસંગત ન હોય તેનો અસ્વીકાર કરવો. સ્વાભાવિક રીતે ધાર્મિક જંતરમંતર, ભૂવાજતિ, દોરાધાગા વગેરેને આમાં સ્થાન નહોતું કે નહોતું સ્થાન કોઈ પણ પ્રકારની ધાર્મિક પરિકલ્પના કે કિંવદંતીઓનું. આધુનિક વિજ્ઞાનમાં આ બધાંને ઉઘાડા પાડવાની ક્ષમતા હતી એથી આગળ જતાં એમ સ્વીકારવામાં આવ્યું કે ખ્રિસ્તી ધર્મ અને રિઝન વચ્ચે સમન્વય શક્ય નથી, કારણ કે ખ્રિસ્તી ધર્મ મૂળભૂત રીતે તર્કનિષ્ઠાથી પર છે અને તેના રૅશનલ વિકલ્પની ખોજ થવી જોઈએ.

એ ઉપરાંત પ્રબુદ્ધ ચિંતકોએ એવો પણ ઈશારો કરવાનો પ્ર... કર્યો કે ખ્રિસ્તી ધર્મ ગણતરીપૂર્વકનું ષડયંત્ર છે. લૅટિન ભાષા (જે જનસાધારણની ભાષા નહોતી), આડંબર અને સંજોગોએ ચર્ચ માટે અસાધારણ સત્તા અંકે કરવાનું અને લોકમાનસ પર પોતાનું નિયંત્રણ રાખવાનું શક્ય બનાવ્યું. સમગ્ર રીતે જોતાં ચર્ચ યુરોપના સૌથી ધનાઢ્ય નિગમથી વિશેષ કશું જ નહોતું.

'ફિલૉસૉફિસ'ને ચર્ચ સામે મુખ્યત્વે ત્રણ કારણોસર વાંધો હતો : (૧) આર્થિક રીતે સંપન્ન ચર્ચો સામાન્ય અર્થતંત્ર માટે બોજારૂપ હતાં અને છતાંય અનૌપચારિક રીતે રાજકીય સત્તા ભોગવતાં હતાં (૨) કૅથોલિક ચર્ચે અન્ય ધર્મોને ગેરકાનૂની ગણ્યા અને (૩) શિક્ષણ-વ્યવસ્થામાં તેણે ઈજારાશાહી ઊભી કરી. તેણે પોતાને અનુકૂળ ન હોય તેવાં પુસ્તકો પર પ્રતિબંધ મૂક્યો અને ગેલીલિયો જેવા સામે કામ ચલાવી જ્ઞાનના વિકાસમાં અવરોધક પરિબળ પુરવાર થયું. આથી પણ વધારે ભયંકર બાબત એ હતી કે જ્યાં રાજ્યસત્તાએ યજ્ઞવેદીને તલવાર આપી - જે સ્પેઈનમાં બન્યું - ત્યાં બૌદ્ધિક અને વૈજ્ઞાનિક સ્થગિતતા આવી. જ્યાં ચર્ચની પાંખો રાજકીય નાગરિક સત્તાએ કાપી લીધી - ખાસ કરીને ઈંગ્લૅન્ડમાં - ત્યાં પ્રગતિ અને વિકાસ નિશ્ચિત બન્યાં. એ રીતે જોતાં જ્ઞાનપ્રકાશ યુગે યુરોપીય પ્રજા અને સંસ્કૃતિ માટે નવી નિસબત ઊભી કરી અને પ્રિન્ટિંગ ટેક્નોલૉજીની શોધે મુક્તિનાં નવાં દ્વાર ખોલ્યાં. (ક્રમશઃ)

કલાવાર્તા

વીરબાળા ભાવસારનાં રેતચિત્રો

મૂળ વતન રાજસ્થાનનું બાંસવાડા, પણ જન્મ ૧૯૪૧માં અમદાવાદમાં. તેમના પિતા



વૃજલાલભાઈ ભાવસાર જાણીતા સ્વાતંત્ર્ય સેનાની તથા ખાદી કાર્યકર્તા હતા. તેમનાં માતા પ્રસિદ્ધ સમાજસેવિકા હતાં અને એટલે જ વીરબાળામાં નાનપણથી ઉચ્ચ સંસ્કારો આવ્યા. ૧૯૬૬માં તેમણે ગુજરાતમાંથી ફાઈન આર્ટ્સમાં ડિપ્લોમા પ્રાપ્ત કર્યો. ૧૯૬૭માં આર્ટ માસ્ટરની ઉપાધિ મેળવી. ૧૯૭૦માં વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈનમાંથી પ્રથમ ડિવિઝનમાં દ્વિતીય સ્થાને રહી એમ.એ. ફાઈનમાં ડ્રૉઈંગ અને ચિત્રકલામાં ઉચ્ચ પદવી મેળવી. ૧૯૮૬માં રાજસ્થાન યુનિવર્સિટીમાંથી ટ્રાઈબલ આર્ટ મોટિફ્સ ઑવ સધન રાજસ્થાન' વિષયમાં પીએચ.ડીની ઉપાધિ હાંસલ કરી. તેમના વૈયક્તિક ચિત્રપ્રદર્શનો ૧૯૭૧થી લઈ ૧૯૯૩ સુધીમાં અમદાવાદ, ન્યૂ દિલ્હી, જયપુર. મુંબઈ. કલકત્તા. ભોપાલ અને ઉદેપુર જેવાં સ્થળોની આર્ટ ગૅલરીઓમાં યોજાયાં. ૧૯૮૨માં રાજસ્થાન રાજ્ય લલિતકલાનો ઍવૉર્ડ મેળવ્યો. ૧૯૮૭નો ઑલ ઈન્ડિયા કાલિદાસ સમારોહ ઍવૉર્ડ તથા રાષ્ટ્રિય લલિત કલાનો ઍવૉર્ડ પણ મેળવ્યા. તેમણે કલાવિષયક તથા કલાસમીક્ષા કરતા અનેક લેખો પ્રસિદ્ધ કર્યા છે. ખાસ તો તેમના મુખ્ય રસ અને અભ્યાસના પરિપાકરૂપે તેમણે તૈયાર કરેલું 'આદિવાસી કલા' - (ટ્રાઈબલ આર્ટ - પુસ્તક દિલ્હીના પબ્લિકેશન ડિવિઝને ૧૯૯૩માં પ્રસિદ્ધ કર્યું. તેમણે ૧૯૬૪થી લઈ ૧૯૯૭ સુધીમાં ભારતનાં અનેક શહેરોમાં ભરાયેલાં કલાપ્રદર્શનોમાં ભાગ લીધો છે. વળી, તેમણે શિલ્પોનું સર્જન પણ કર્યું. છે, તેમનાં ચિત્રો ભારતની મોટી સંસ્થાઓ તથા ખાનગી સંગ્રહોમાં સચવાયાં છે. ૧૯૬૪થી ૧૯૭૩ સુધી ગુજરાતમાં કલાસંસ્થાઓમાં તેમણે ચિત્રકલા શીખવી, ૧૯૭૪થી વર્તમાન સુધી તેઓ યુનિવર્સિટી ઑવ રાજસ્થાન જયપુરના ડિપાર્ટમેન્ટ ઑવ પેન્ટિંગના એસોસિયેટ પ્રોફેસર છે. વળી, સંવેદનશીલ સાહિત્યિક જીવ હોવાથી તેમણે હિંદીમાં 'સંવેદનસાર' અને 'કરવટેં અભિવ્યક્તિ કી' શીર્ષક ધરાવતા બે કાવ્યસંગ્રહો પણ પ્રસિદ્ધ કર્યા છે.


અમદાવાદમાં જ્યારે વીરબાળા કલાશિક્ષણ લેતાં હતાં ત્યારે તેમનાં ડ્રૉઈંગ્સ તથા જળરંગી ચિત્રો જોઈ 'કુમાર'ના કલાપારખુ તંત્રી શ્રી બચુભાઈ રાવતે તેનાં ભારોભાર વખાણ કરેલાં તે બાબત વીરબાળા આજે પણ ભૂલ્યાં નથી, કારણ કે તે સમયે પણ આવા પ્રોત્સાહક શબ્દો તથા 'કુમાર'ના નિત્ય વાચને તેમને કલાકાર તરીકે આગળ આવવા માટેનો રસ્તો સ્પષ્ટ કરી



એક વૃદ્ધનુ પોર્ટ્રેટ

આપ્યો. કલાસંસ્થાઓમાં શરૂઆતનાં વર્ષોમાં સેવાઓ આપતાં આપતાં તેમણે જળરંગોમાં. તૈલરંગોમાં. પ્રેસ્ટલમાં. ક્રેયોનમાં જે દૃશ્યચિત્રો. પોર્ટ્રેટ ચિત્રો તથા આકૃતિપ્રધાન ચિત્રો બનાવ્યાં તેમાં પણ તેમની માધ્યમ પરની પકડ તથા કલાસૂઝ અને દૃષ્ટિનાં દર્શન થાય છે, છતાં પણ તેઓ આ ચિત્રોને અભ્યાસો માને છે.

વીરબાળાની સાચી પ્રતિભા તો ઝળકવાની હતી રેતીના માધ્યમથી તૈયાર કરેલાં તેમનાં રેતચિત્રોમાં બસ, અહીંથી શરૂ થયો રંગોને ત્યજી દઈ કેવળ રેતીના માધ્યમથી જ ચિત્રસર્જન કરવાનો તેમનો મક્કમ નિર્ધાર, અને તે આજ સુધી, જ્યારે તેઓ સેવા નિવૃત્ત થવાનાં છે ત્યાં સુધી સતત તેમને અતિપ્રિય અને તેમનો સ્વભાવ જ બની ગયો છે. ભૂમિજન્ય રેતી અને માટીને



રેતી-માધ્યમમાં આકૃતિપ્રધાન ચિત્ર



એક સુંદર જળરંગી દૃશ્યચિત્ર

જ તેમના મૌલિક રંગમાં જ આછા-ઘેરા ટોનલ વેલ્યૂઝ સાથે, પ્રકાશછાયાની લીલા સાથે ગુંજાયશ પ્રકટ કરતા ભાવવાહી, સર્જનાત્મક માધ્યમ તરીકે કલાત્મક રીતે પ્રયોજતાં આવ્યાં છે. અને તેમાં તેમણે આકૃતિપ્રધાન તત્ત્વોનો ચિત્રાવકાશમાં કલાત્મક રીતે એવી રીતે વિનિયોગ કર્યો છે કે સમગ્ર સંરચનાઓ એક રહસ્યમયી, સ્વપ્નિલ દુનિયા સર્જે છે.

મૂળ વતન બાંસવાડા વન્ય પ્રદેશમાં આવેલું છે અને નાનપણથી જ ત્યાંના તેમના ઉછેર દરમ્યાન વીરબાળાએ વાગડ પ્રદેશની આદિવાસી સંસ્કૃતિ તથા લોકસંસ્કૃતિનો નિકટનો પરિચય કેળવ્યો તથા તેમનો ઊંડો અભ્યાસ પણ કર્યો. અહીંનાં આદિવાસી ભીંતચિત્રો, મૃણપાત્રો, તથા જીવનરીતિનો નિકટવર્તી અભ્યાસ તેમનાં ચિત્રોમાં પણ મુખ્ય આધાર રૂપે જોવા મળે છે. તેમનાં ચિત્રોમાં વિષયરૂપે ખંડેરો, પર્વતો, સીડીઓ, દરવાજા, પર્ણહીન વૃક્ષો, તેની રુક્ષ ડાળીઓ, વાડ તથા કેટલીક વાર આદિવાસી માનવાકૃતિઓ, આધુનિક માનવાકૃતિ ચિત્રાવકાશમાં અંદર જતાં કે બહાર આવતાં જોવા મળે છે, પરંતુ ચિત્રસંરચનામાં જે સૃષ્ટિ નિર્માણ થાય છે તે તો અલૌકિકતાનો, કાવ્યમયતાનો અનુભવ કરાવે છે. શરૂઆતમાં ફેવિકોલને પાણીમાં ઘોળીને ચિત્રફલક પર તેનો લેપ લગાવે છે અને પછી તેના પર નદીની રેતી છાંટીને આકાર નિર્માણ કરે છે. આ રેતીને ચિત્રફલક પર ક્યાં ઝીણી રાખવાની અને ક્યાં તેને ફેલાવી તેમાંથી આકાર બહાર લાવવાનો છે તે તો કેવળ ઘેરા અને આછા શેડ દ્વારા જ શક્ય બને છે. તેમનાં ચિત્રોમાં રેતીનું રેખાંકન મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. વીરબાળાના મતે પ્રેક્ષકોએ આ ચિત્રોને માધ્યમની દૃષ્ટિએ જોતાં તેમના અતીતનો અનુભવ કરવો જોઈએ અને જૂની સભ્યતા જે ખંડેરોમાં દબાઈ ગઈ છે તેનો અહેસાસ કરવો જોઈએ. એ વાત બિલકુલ સાચી છે કે વીરબાળાના અર્ધઅમૂર્ત કક્ષાનાં લાગતાં આકૃતિપ્રધાન ચિત્રો આપણને અતીતની કોઈ રહસ્યમયી દુનિયાનો અનુભવ અવશ્ય કરાવે છે તો સાથે સાથે સમગ્ર ચિત્રસંરચનાઓ સૌંદર્યશાસ્ત્રીય તથા દશ્યાત્મક રીતે પણ આનંદદાયક અને સંતર્પક બની છે. તેમના મતે રેતી દશ્યકલાનું શાશ્વત અને આદિ માધ્યમ છે.

ભારતના જાણીતા સમકાલીન કલાકાર એમ. કે. પુરી



૧૯૩૮માં કવેટામાં જન્મેલા એમ.કે. પુરીએ તેમનું પ્રારંભિક કલાશિક્ષણ દહેરાદૂનની ચિત્રકુટિરમાં શ્રી દેવીસિંઘ પાસે ૧૯૫૩થી ૧૯૫૬ સુધીમાં લીધું. ૧૯૬૧થી ૧૯૬૫ દરમ્યાન ન્યૂ દિલ્હીની ત્રિવેણી કલાસંગમ સંસ્થામાં તેમણે ચિત્રકલાનો અભ્યાસ જાણીતા કલાકારો અને અધ્યાપકો કે.એ. કુલકર્ણિ અને નંદ કાટ્યાલ પાસે કર્યો. ૧૯૬૯માં ન્યૂ દિલ્હીની કૉલેજ ઑવ્ આર્ટમાંથી નૅશનલ ડિપ્લોમા ઈન ફાઇન આર્ટ પૉટરી કેન્દ્રમાં જાણીતા પૉટરી નિષ્ણાત અને કલાકાર ગુરુચરણસિંઘ અને એસ. માનસિમરાન સિંઘ પાસે સિરામિક્સનો અભ્યાસ કર્યો. ૧૯૬૮થી ૨૦૦૦ સુધીમાં તેમણે ન્યૂ દિલ્હી, મુંબઈ, વારાણસી, લખનઊ, બૅંગલોર, હૈદરાબાદ, પૅરિસ, ચંદીગઢ તથા અમદાવાદમાં વૈયક્તિક પ્રદર્શનો યોજ્યાં છે. કયુબા અને મેક્સિકોમાં સમકાલીન ભારતીય ચિત્રકલાનાં પ્રદર્શનોમાં, પૅરિસમાં ફ્રેંચ અને ભારતીય કલાકારોના સંયુક્ત પ્રદર્શનોમાં તેમણે ભાગ લીધો. તેમણે સિરામિક, શિલ્પ, ગ્રાફિક તથા ચિત્રકલા અંગેની મહત્ત્વની શિબિરોમાં પણ ભાગ લીધો છે. તેમને આઇફૅક્સનાં તથા સાહિત્યકલા પરિષદ, દિલ્હીનાં પારિતોષિકો મળ્યાં છે. વળી, આઇફૅક્સે તેમના ભારતીય સમકાલીન કલા માટેના પ્રદાન માટે બહુમાન કર્યું. તેમનાં ચિત્રો ખાનગી તથા જાહેર સંસ્થાઓનાં ભારતમાં તથા પરદેશમાં, સંગ્રહાયાં છે. તેઓ બૉમ્બે આર્ટ સોસાયટી ઑવ ઇન્ડિયા, ગાંધર્વ મંડળ, આઈફૅક્સના આજીવન સભ્ય છે. તેમણે સંગીત,





સર્જનાત્મ ડ્રોઇંગ] ચિત્રકાર : એમ.કે. પુરી [સર્જનાત્મક ડ્રોઇંગ

નાટ્યકલા, થીએટર, નૃત્ય તથાં કવિતામાં ગહન, સાત્ત્વિક રસ છે, અને તે બધું તેમની સમગ્ર ચેતનામાં એવી રીતે આત્મસાત્ થયું છે કે તે તેમની સર્જનાત્મક કૃતિઓમાં પણ વારંવાર જોવા મળે છે.

પ્રધાનપણે એમ.કે. પુરીનાં ચિત્રસર્જનો આકૃતિપ્રધાન હોવાથી તેમાં માનવાકૃતિઓ સાથે ક્વચિત્ પક્ષીઓ, ફૂલો, પર્ણો, ઘોડા - જેવી પ્રાણી આકૃતિઓનો પણ કલાત્મક રીતે પ્રતીકાત્મક વિનિયોગ થયો છે. વળી તેમણે સિરામિક્સ તથા શિલ્પનો અભ્યાસ કર્યો હોવાથી તેમનાં ચિત્રોમાં જોવા મળતી કેટલીક માનવાકૃતિઓ કે માનવમસ્તકો શિલ્પ જેવાં બન્યાં છે. તેમાં નક્કરતા છે, ત્રિપરિમાણપણું છે તો સાથે સાથે માનવદેહની સુંદરતા પણ તેમની એકેડેમિક ડ્રોઈંગ પરની હથોટીને કારણે ધ્યાનપાત્ર રીતે જોવા મળે છે. પુરી સૌથી વધુ મહાન ચિત્રકાર પિકાસોના પ્રયોગલક્ષી માનવાકૃતિરચનાથી પ્રભાવિત છે. એટલે જ તેમનાં ચિત્રોમાં જોવા મળતાં માનવ-મસ્તકો અને માનવાકૃતિઓ એકમાંથી બીજીમાં કે ત્રીજીમાં બહાર નીકળતી જોઈએ છીએ અને તેમાં કેટલાક ચહેરાઓ તો મહોરાં (માસ્ક) તરીકે આલેખાયાં છે. આ ચહેરાઓ કે મસ્તકો શિલ્પો જેવાં ગોળાઈવાળાં અને ત્રિપરિમાણીય બન્યાં છે અને તેના એક ભાગ પર પ્રકાશ દર્શાવી અન્ય ભાગ અંધકારમાં કે છાયામાં રાખી કલાકાર સમગ્ર ચિત્રસંરચનામાં અન્ય પદાર્થોના સંબંધમાં એક પ્રકારનું રહસ્યમય વાતાવરણ સર્જે છે. તેથી જ તેમનાં કેટલાંક ચિત્રો અધિવાસ્તવવાદની કક્ષાએ પહોંચે છે. તેમનાં સર્જનાત્મક ડ્રોઈંગ્સ નોંધપાત્ર છે.

'સત્ય'ને છુપાવતી આ માનવાકૃતિઓ કે માનવ-મસ્તકો અને તેમણે પહેરેલાં 'મ્હોરાં' સમકાલીન માનવીની સ્થિતિનું દર્શન કરાવે છે. વળી આ સમકાલીન માનવીની દ્વિધાયુક્ત સ્થિતિમાં તેના અન્ય માનવીની સાથેના પ્રેમના કે વંચનાના સંબંધોને પણ તેમણે તેમનાં ચિત્રોમાં આકારિત કર્યાં છે. કોઈ ચિત્રમાં ભારતીય પુરાણકથામાં જોવા મળે તેવા માનવપ્રાણીના સંબંધોનું પણ સ્પષ્ટ આલેખન છે. તેમણે સર્જેલી રૂપસૌંદર્યયુક્ત નગ્ન સ્ત્રીઓની આકૃતિઓ અશ્લીલ લાગતી નથી. તેમનાં ચિત્રો નિતાંત દૃશ્ય, સૌંદર્યાત્મક આનંદ અને સંતોષ આપતી કલાકૃતિઓ બની છે.

કલાવૃત્ત

હર્ષદ શાહનાં કમ્પ્યુ ચિત્રો



કમ્પ્યુ પેઇન્ટિંગ
(કલાકાર : હર્ષદ શાહ)

મણિનગરમાં અંગ્રેજી બોલવા માટેના, વ્યક્તિત્વ વિકાસ માટેના તથા જાહેર ભાષણકારના વર્ગો ચલાવતા મૂળ નડિયાદના વતની તથા કવિતા સંગીતમાં અને ચિત્રકલામાં ઊંડો રસ ધરાવતા અતિ ઉત્સાહી અને સંવેદનશીલ હર્ષદ શાહે જાણીતા ચિત્રકાર અને તેમના મિત્ર નવીન ઢગતના પરિચયમાં આવ્યા પછી કમ્પ્યુટર પર કેવળ ગ્રાફિક્સની અસરો કરતાં ય વધુ ચિત્રકળાની અસરો ઊભી કરતાં રેખાઓ, રંગો રૂપો તથા પેઇન્ટરલી ક્વૉલિટીવાળાં ચિત્રોનું નિર્માણ કર્યું છે.

હર્ષદ શાહનાં ડિજિટલ કે સાયબર કલાનાં ચિત્રો એટલા માટે નોંધપાત્ર છે કે હવે રંગો, બ્રશ, પેન, પેન્સિલ વગેરે સાધનો વિના પણ કમ્પ્યુટરની રંગીન પ્રિન્ટ્સમાં સર્જનાત્મક કક્ષાનાં ચિત્રોનું સર્જન થઈ શકે છે અને છતાં કમ્પ્યુટર પ્રિન્ટ્સ દૃશ્ય અસરોવાળી તેની પોતાની પ્રકૃતિ પણ તેમાં હાજર હોય જ છે. હજુ ભવિષ્યમાં આવા પ્રયોગો કમ્પ્યુટર કલાની વધુ ગુંજાયશો શક્યતાઓ પ્રકટ કરવા માટે થતાં જ રહેશે, પછી ભલે ઘણા અનુભવી કલાકારોને તેમાં ઘણી મર્યાદાઓ દેખાય.

હર્ષદનાં ચિત્રોમાં રંગોનો ભાવદર્શી અને સમુચિત પ્રયોગ તેમની સ્વપ્રસૃષ્ટિનાં સર્જન માટે થયો છે. દૃશ્યપ્રભાવાત્મક તથા સૌંદર્યશાસ્ત્રીય રીતે સંતર્પક આ ચિત્રોમાં ચિત્રાવકાશમાં શિલાઓનાં વિવિધ રૂપો તથા તેમનું માનવાકૃતિઓમાં રૂપાંતરિત થવાની ક્રિયા તથા રહસ્યમય પક્ષીઓ, અંગુલિઓ જેવાં રૂપો એકબીજા સાથે સંબંધો સ્થાપી સ્વપ્રસૃષ્ટિ રચે છે.

ગાંધીજીની પ્રસ્તુતતા દર્શાવતાં ચિત્રો

૧૯૬૬માં કેરલમાં ત્રિચુરના મુલ્લસરમાં જન્મેલા સી.કે. મુરલીએ માસ્ટર ઑવ્ ફાઇન આર્ટ્સ ઉપાધિ ગ્રાફિક કલામાં શાંતિનિકેતનના કલાભવનમાંથી મેળવી ત્રિચુર, ન્યૂ દિલ્હી તથા અમદાવાદના ગ્રુપ શોમાં ભાગ લીધો. અન્ય




ગાંધીજી
(કલાકાર : સી.કે. મુરલી)

કક્ષાનાં, રાષ્ટ્રિય કક્ષાનાં તથા આંતરરાષ્ટ્રિય કક્ષાનાં પ્રદર્શનો તથા બિયેનાલ પ્રદર્શનોમાં પણ ભાગ લીધો. તેમણે કાઢેલી ઉત્તમ ગ્રાફિક પ્રિન્ટ્સની ખૂબ સરાહના થઈ. તેમને મહત્ત્વની શિષ્યવૃત્તિઓ મળી તથા તેમનાં ચિત્રો પરદેશના ખાનગી સંગ્રહમાં તથા દેશની મહત્ત્વની કલાસંસ્થાઓમાં પણ સંગ્રહાયાં છે. હાલમાં તેઓ અમદાવાદની સ્કૂલ ઑવ આર્કિટેક્ચર અને સ્કૂલ ઑવ ઇન્ટિરિઅર ડિઝાઇન, સેપ્ટ કૅમ્પસમાં વિઝિટિંગ ફૅકલ્ટી તરીકે સેવાઓ આપી રહ્યા છે. મુરલીએ કન્ટેમ્પરરી આર્ટ ગૅલરીમાં તેમના વૈયક્તિક પ્રદર્શનમાં ગાંધીજીના અહિંસા તથા અસહકાર અને સહિષ્ણુતા માટેની લડતના પ્રસંગોને તેમનાં આગવાં સંયોજનમાં નિરૂપ્યાં છે. આજના હિંસક, અસહિષ્ણુ યુગમાં ગાંધીજીનાં મૂલ્યો તથા સત્ય માટેના પ્રયોગોની અને ખાસ તો અહિંસાની પ્રસ્તુતતા વધી છે. એક ચિત્રમાં ગાંધીજીના હાથમાં પડતાં વર્ષાનાં બિંદુઓને ગાંધીજીનાં અશ્રુબિંદુઓ સાથે ઉચિત- પણે સરખાવવામાં આવ્યાં છે. એક સાદા છતાં સચોટ ચિત્ર-સંયોજનમાં મુરલીએ ગાંધીજીને નીચે નમીને થોડા મીઠાને હાથમાં લઈને બ્રિટિશ સત્તાને પડકારતા દર્શાવ્યા છે. એક ત્રિકોણાત્મક આકારમાં ગાંધીજીને ઊભેલા દર્શાવવામાં આવ્યા છે. ગાંધીજીના ચહેરાને ઢાંકી દેતાં કબૂતરોને આસપાસ પ્રતીકાત્મક રીતે ઊડતાં બતાવ્યાં છે, પણ શાંતિની વાત વર્તમાન સમયમાં એક ભ્રમણા જ છે ? તેમણે તૈયાર કરેલાં ત્રણ ઇન્સ્ટોલેશનમાં પણ હિંસા અને અસહિષ્ણુતાનું સૂચન કર્યું છે. બંસીલાલ દલાલ

જનક પટેલની કૉલાજકૃતિઓ

અમદાવાદના કલાકારો તથા કલાજગતમાં તેમજ કલારસિકોમાં જનક પટેલનું નામ એક બૌદ્ધિક, સભાન, ગંભીર કલાકાર તથા ડિઝાઇનર તરીકે આદરથી લેવામાં આવે છે. ચિત્રકલા તથા વ્યાવસાયિક કલામાં તેમણે કુલ સાત નોંધપાત્ર ઇનામો મેળવ્યાં છે. ૧૯૫૮માં સર જે.જે. સ્કૂલ ઑવ આર્ટ, મુંબઈમાં તેમણે પ્રથમ વર્ગમાં ચિત્રકલામાં ડિપ્લોમા મેળવ્યો. ૧૯૫૯માં ડ્રૉઇંગ ટીચર સર્ટિફિકેટ પણ મેળવ્યું. વર્ષો સુધી તેમણે એક સર્જક ડિઝાઇનર તરીકે અટિરા જેવી જાણીતી સંસ્થામાં સેવાઓ આપી છે. ૧૯૬૦થી ૨૦૦૦ સુધીમાં તેમણે અનેક ગ્રૂપ પ્રદર્શનોમાં ભાગ લીધો છે. તાજેતરમાં તેમની સર્જનાત્મક કૉલાજકૃતિઓનું




રોબોટ-આકારની કૃતિ (કલાકાર : જનક પટેલ)

એક પ્રદર્શન અમદાવાદની આથર સંસ્થાની ગૅલરીમાં યોજાઈ ગયું. તેમણે જાણીતી સંસ્થાઓ માટે કેટલાંક પ્રભાવકારી મ્યુરલ પણ તૈયાર કર્યાં છે. તેઓ ઘણાં વર્ષોથી ગુજરાત લલિતકલા અકાદમીના સક્રિય સભ્ય રહ્યા છે અને તેનાં વાર્ષિક પ્રદર્શનો વેળા એક નિર્ણાયક તરીકેની સેવા પણ આપી છે.

નોંધપાત્ર બાબત આ ચિત્રો માટે એ છે કે તેમાં જનકભાઈની કલાસર્જકની દૃષ્ટિ ઉપરાંત એક સર્જક ડિઝાઇનરની દૃષ્ટિ પણ દેખાય છે અને એટલે જ તેમનાં ચિત્રોમાં ચોક્કસતા, સ્વચ્છતા તથા રંગરૂપોમાં 'હાર્ડ એજ'નાં દર્શન થાય છે. દૃશ્યાત્મક રીતે તેમજ સૌંદર્યશાસ્ત્રીય રીતે ખરેખર આ ચિત્રો પ્રભાવકારી ઉપરાંત સંતર્પક બન્યાં છે.

વિજય પટેલની તસવીરો

ધોળકાની ફાઇન આર્ટ્સ કૉલેજમાંથી અપ્લાઇડ આર્ટમાં ડિપ્લોમા તથા ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડનું કમર્શ્યલ ફોટોગ્રાફીમાં સર્ટિફિકેટ પ્રાપ્ત કરનાર યુવા કલાકાર-તસ્વીરકાર વિજય પટેલ કૅમરા ક્લબ ઑવ કર્ણાવતી અમદાવાદ તથા ફૉક્સ કૅમરા ક્લબ અને ગુજરાત વિઝ્યુઅલ આર્ટિસ્ટ ઍસો સિએશનના સક્રિય સભ્ય પણ છે. તેમની કારકિર્દીનો ગ્રાફ દર્શાવે છે કે તેમણે કૅમરા ક્લબ ઑવ કર્ણાવતી અમદાવાદ તથા ફૉક્સ કૅમરા ક્લબ અને ગુજરાત વિઝ્યુઅલ આર્ટિસ્ટ ઍસોસિએશનના સક્રિય સભ્ય પણ છે. તેમની કારકિર્દીનો ગ્રાફ દર્શાવે છે કે તેમણે કૅમરા ક્લબ ઑવ કર્ણાવતી દ્વારા યોજિત ફોટોગ્રાફીની શિબિરોમાં ભાગ લીધો છે. તેની એક ફોટો સ્પર્ધામાં દ્વિતીય ઇનામ પણ તેમણે મેળવ્યું. ફોટોગ્રાફીની રાષ્ટ્રિય કક્ષાની સ્પર્ધામાં પણ ભાગ લીધો અને કૉનિકા સેન્ચુરિયા ચિલ્ડ્રન્સ ફોટો સ્પર્ધામાં 'હલ્લો, કિડ્સ ઑવ ઇન્ડિયા' માટે ઇનામવિજેતા બન્યા. હાલમાં તેઓ મહાદેવ દેસાઈ સમાજ સેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-માં કલાકાર તરીકે તેમની સેવાઓ આપી રહ્યા છે. ફોટોગ્રાફી કરવા માટે મુસાફરી કરવાનો તેમનો શોખ તેમને મધ્યપ્રદેશના 'સિટી ઑવ જૉય' તરીકે ઓળખાતા અને કલા, સ્થાપત્ય, પ્રાકૃતિક સૌંદર્ય અને સંગીત માટે સુખ્યાત માંડુમાં તેમને લઈ ગયો. માંડુની કેટલીક યાદગાર તસવીરોનું એક પ્રદર્શન વિજય પટેલે તાજેતરમાં અમદાવાદની કન્ટેમ્પરરી આર્ટ ગૅલરીમાં યોજ્યું. વિજય પટેલ માંડુની ચીલાચાલુ પિક્ચર પોસ્ટકાર્ડમાં જોવા મળતી તસ્વીરોને બદલે ત્યાંના ઐતિહાસિક પઠાણ સ્થાપત્યશૈલીના ઉત્તમ નમૂના જેવી સ્થાપત્ય રચનાઓની અંદરના અને બહારના પ્રાકૃતિક પરિવેશના નિજી કલાત્મક દૃષ્ટિકોણ ધરાવતાં દૃશ્યોની સુંદર, યાદગાર તસ્વીરોથી પ્રેક્ષકોને સાચેસાચ સ્થળસૌંદર્ય તથા પ્રાકૃતિક વાતાવરણનું દર્શન કરાવ્યું છે. વળી, રંગીન પ્રિન્ટોમાં ઉચ્ચ ફોટો ટેક્નિકલ ગુણવત્તા દેખાઈ આવે છે. અસરકારક સંરચનાઓ બનવા ઉપરાંત કેટલીક તસવીરો ફિશ-આઈ વ્યૂના સુંદર, સફળ પરિણામરૂપ નમૂના છે. રાણીરૂપમતીના મહેલ પરથી ટૉપ વ્યૂથી લીધેલી તસ્વીર સાચેસાચ કાવ્ય સમી લાગે છે



રાણી રૂપમતીનો મહેલ (ફોટો : વિજય પટેલ)

કલાસ્મૃતિ

ગઝલ સામ્રાજ્ઞી બેગમ અખ્તર



'દીવાના બનાના હૈ તો દીવાના બના દે, વરના કહીં તકદીર તમાશા ના બનાદે' અને 'એ મહોબ્બત તેરે અંજામ પે રોના આયા' જેવી લોકપ્રિય ગઝલોનાં ગાનારાં બેગમ અખ્તરને શેર-શાયરી તેમજ ગઝલનાં રસિયાં લોકો, આજે પણ એટલા જ પ્રેમથી તેમની કસેટો દ્વારા સાંભળે છે. અને રેડિયો ઉપર ક્યારેક એમની ગઝલના શબ્દો સંભળાય તો કાન સરવા થઈ જાય છે.

એવું કહેવાય છે કે, તેઓએ ગઝલો ગાઈને શાયરોને અમર બનાવી દીધા છે. એક જમાનામાં ઘણા શાયરો પોતાની ગઝલ બેગમ અખ્તરના કંઠે ગવાય તેના માટે આતુર રહેતા હતા અને ક્યારેક સિફારસ પણ કરાવતા. બેગમ તેમની ગઝલ પોતાના અનોખા અંદાજ-માં ગાય તો પોતાને ધન્ય સમજતા. બેગમે, ફૈઝ અહમદ ફૈઝ, શમીમ જયપુરી, જિગર મુરાદાબાદી, શકીલ બદાયુની, ગાલીબ, મીરતકી મીર, બાદશાહ ઝફર, દાગ, અહમદ ફરાઝ જેવા ભારતીય તેમજ પાકિસ્તાની શાયરોની ગઝલોને પોતાનો કંઠ આપીને દર્દભર્યા અવાજથી અમર બનાવી દીધા છે.

વર્ષો પૂર્વે, બિહારમાં મહાપૂર આવેલ. રાહતકાર્ય માટે ફંડફાળો ઉઘરાવવાનો એક કાર્યક્રમ યોજયો. જાણીતા ગાયકો અને કવ્વાલોએ હા પાડી, પણ કાર્યક્રમના દિવસે કોઈ દેખાયું નહીં, કારણ પુરસ્કાર મળવાનો નહોતો. ખેર, કોઈએ કહ્યું કે અખ્તરી સારું ગાય છે. બસ, સાત વર્ષની અખ્તરીને સ્ટેજ ઉપર રજૂ કરી દીધી. અખ્તરીએ રિયાઝ દ્વારા જે કોઈ ગઝલો અને ભજનો આવડતાં હતાં તે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો. સતત છ કલાક સુધી પ્રેક્ષકો દંગ થઈને સાંભળી રહ્યાં. અને એક જ રાતના કાર્યક્રમે અખ્તરીને પ્રસિદ્ધ ગઝલ-ગાયકોની હરોળમાં બેસાડી દીધી. અને ત્યાર બાદના ફંડફાળાના કાર્યક્રમોમાં લોકો અખ્તરીને સાંભળવા હોંશે હોંશે ટિકિટો ખરીદતાં.

અખ્તરી ફૈઝાબાદ યા બેગમ અખ્તરનો જન્મ કલકત્તામાં થયો હતો, પરવરીશ ફૈજાબાદમાં થઈ. ગઝલ ગાયકીની એક ખાસ પ્રકારની રજૂઆતને કારણે તેમને ખાસી પ્રસિદ્ધિ મળી. હિઝ માસ્ટર્સ વૉઇસની રેકોર્ડ ઊતરવા માંડી. ઑલ ઇન્ડિયા રેડિયોનાં વિવિધ સ્ટેશનો ઉપર તેમના કાર્યક્રમ યોજાવા માંડ્યા, પોતાની ગઝલો, દાદરા, ઠુમરી, ચૈતી, પૂર્વી કે ટપ્પાની ધૂન તેઓ જાતે તૈયાર કરતાં, જેથી એક ખાસ પ્રકારની છાપ તેમની ગાયકીમાં સંભળાતી અને લોકો ઝૂમી ઊઠતાં. ગઝલના શબ્દો, તેમનો અવાજ, હારમોનિયમની ચાલ અને બોલને તરન્નુમમાં ચગાવવાની રીતથી શ્રોતા સ્તબ્ધ થઈ જતાં. તખ્તા ઉપરનો તેમનો કાબૂ તેમજ વિશ્વાસ જબરજસ્ત હતો. સ્ટેજ ઉપર આવતાંની સાથે જ પ્રેક્ષકો તરફ એક નજર ફેરવી જાણીતાઓને હળવું સ્મિત આપવું, વાદકોને પ્રફુલ્લિત કરવા અને હળવો આલાપ છેડીને હારમોનિયમ શરૂ કરવું એટલામાં જ પ્રેક્ષકો તાળી પાડવા લાગતાં. તેમના તરાનાની લઢણ ઉપરથી સાંભળનારા કઈ ગઝલ ગવાશે તે પામી જતાં.

બેગમ અખ્તરે દેશ-વિદેશમાં ઘણા જાહેર તેમજ ખાનગી કાર્યક્રમો આપ્યા છે, ઘણી ભેટ સોગાદો પ્રાપ્ત કરી છે. પદ્મશ્રીનો ઇલકાબ મેળવ્યો છે. હજ પઢી આવ્યાં છે. આજે પણ મુસ્લિમ તહેવારોમાં તેમના દ્વારા ગવાએલ નાત-કવ્વાલીઓ વગાડવામાં આવે છે. પોતાના કાર્યક્રમો માટે આઠ મહિના તેઓ બહાર રહેતાં અને ઉનાળામાં આરામ ફરમાવતાં હતાં. મહેમાનગતિ પણ સુંદર કરતાં. તેમને બાળકો ખૂબ જ ગમતાં, પોતે લખનઊના એક સફળ બૅરિસ્ટર સાથે લગ્નથી જોડાયાં, પણ પોતાને બાળકનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું નહીં. કહેવાય છે કે તેમનું લગ્નજીવન પાછળના સમયમાં આનંદદાયક રહી શક્યું નહોતું.

ખાસ પ્રકારનું પીણું, ખાસ પ્રકારનું પાન, અમુક પ્રકારની સાડી, સ્ટેજ ઉપર બેઠક લેવાની રીત, તેમજ હારમોનિયમ ઉપર આંગળીઓ ફેરવવાની ખાસ અદા આ બધું ઘણું માહક લાગતું. ગઝલના શેરના સવાલને તેઓ કલાકો સુધી અલગ અલગ રીતે ગાઈને જાણે કે શબ્દોના અર્થ સમજાવતાં હોય તેમ લાગતું. મેં જાતે તેઓને ગુજરાતના ખાનગી તેમજ જાહેર કાર્યક્રમોમાં ઘણી વાર સાંભળ્યાં છે. દિલ્હીની નરૂલા હૉટેલમાં પાનથી સન્માન્યાં છે. દુઆ-સલામ કરી છે. નાની ઉંમરે તેઓ ગાતાં ત્યારે વચ્ચે 'મેરા નામ અખ્તરી ફૈઝાબાદ' એવું સંભળાતું. એ કેસેટો ચલતીમાં હતી એટલે કે ઝડપથી ગવાતી. આ કેસેટ ઉપરાંત ઘણી બધી કેસેટો, - અખબારો કે સામયિકમાં આવેલા તેમના લેખો તેમજ કાર્યક્રમની તસવીરો મારા જેવા એક ગુજરાતી ચિત્રકાર પાસે મોટી સંખ્યામાં હોય તેમજ અસંખ્ય ચિત્રો સર્જાયાં હોય તેનાથી વધારે તેમની ગઝલનવાઝીને બીજી શી દાદ હોઈ શકે.

આવાં આ મહાન ગઝલગાયિકાનો નિલમબેન ગામડિયા દ્વારા અમદાવાદના ટાઉન હૉલમાં તા. ૩૦-૧૦-૧૯૭૪ના રોજ કાર્યક્રમ યોજાયો, તે દિવસે ક્રિકેટ મૅચ હતી એટલે પ્રોગ્રામમાં નવાબ પટૌડી તેમજ બીશનસીંગ બેદી જેવાનું સ્ટેજ ઉપર બેગમે સ્વાગત કર્યું. અને પોતે પણ ભાવવિભોર થઈ ગયાં. અડધા કાર્યક્રમે તેમણે દિલ-દર્દની ફરિયાદ કરી, કાર્યક્રમ બંધ કરવા કહ્યું. વિનંતી કરી પણ ધંધાર્થી બહેરા કાને તે અથડાઈને પાછી ફરી. આખરે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ રાત્રે તેમને હૃદયનો હુમલો આવ્યો અને મોડી રાતના તા. ૩૧-૧૦-૭૪ના રોજ તેમનું અવસાન થયું. આ સમગ્ર બનાવનો હું સાક્ષી રહ્યો. ટાઉન હૉલમાં ટેપરેકોર્ડર લઈને બેઠેલો એટલે આખો કાર્યક્રમ બેગમના અવાજો સાથે ટેપ કર્યો, આજે પણ તેમની યાદમાં ક્યારેક સાંભળું છું. ટીવી ઉપર તેમની ડૉક્યુમેન્ટરી આવે તે જોવાનો લાભ લઉં છું.

ગઝલગાયકો આવશે અને જશે, પણ કેટલાક એવા સૂરીલા અવાજો હોય છે જે એક હલકીસી 'ખલીશ' છોડી જાય છે કેટલાંક ગમતાં દર્દોની જેમ. સલામ આ સ્વર્ગસ્થ ગઝલની મલ્લિકાને.

-ગજેન્દ્ર શાહ

કંકાવટી

મંજુલાબહેન દવે

શ્રી મંજુલાબહેન દવે એટલે મૃદુલાબહેન સારાભાઈ, પુષ્પાબહેન મહેતા વગેરે મોટા ગજાની મહિલાઓના યુગનાં એક સન્નિષ્ઠ અને સેવાભાવી કાર્યકર્તા. કોઈ પણ જાતના પીઠબળ વગર આત્મસૂઝથી સ્ત્રીઓના કલ્યાણ માટે આજ સુધી કાર્યરત છે.



શ્રી મંજુલાબહેન દવેનો જન્મ ૧૯૧૫ના જૂન માસમાં જામનગરમાં થયો હતો. તેમના પિતા મણિશંકરભાઈ રાવળ જામનગર રાજ્યની એકમાત્ર મહાશાળાના આચાર્ય હતા. શ્રી મંજુલાબહેનને ભણતરની ખૂબ જ ધગશ સાથે સાથે એમના પિતાશ્રીને પણ સ્ત્રી કેળવણીમાં પૂરતો રસ હતો. શ્રી મંજુલાબહેનને અભ્યાસ માટે તેમણે ખૂબ પ્રોત્સાહન આપ્યું. આખા જામનગર રાજ્યમાં મૅટ્રિક પાસ થનાર પ્રથમ યુવતી એટલે શ્રી મંજુલાબહેન દવે.

૧૯૩૪માં એમનાં લગ્ન શ્રી જયંતીભાઈ દવે સાથે ધાંગધ્રામાં થયાં. શ્રી જયંતીભાઈના પિતા દેવશંકરભાઈ દીવાન હતા. એમનું આખું કુટુમ્બ સુધારક વિચારસરણી ધરાવતું હતું. એમનાં સાસુજીએ એમને બી.એ. સુધી ભણવામાં ઘણો સાથ આપ્યો. લગ્ન પછી મંજુલાબહેન અને શ્રી જયંતીભાઈ સુરેન્દ્રનગર આવ્યાં. બન્ને કુટુમ્બ સુધારક અને ગાંધીરંગે રંગાયેલાં હતાં. મંજુલાબહેનમાં પણ રાષ્ટ્રિય રંગ પુરાયા અને તેઓ ખાદીધારી બન્યાં. મંજુલાબહેનને ચાર ભાઈઓ અને એક બહેન હતી. એમના પિતા ઘરમાં અને શાળામાં ખૂબ જ શિસ્તના આગ્રહી હતા. એમના ઘરમાં રોજ સાંજે રામાયણ, મહાભારત, ગીતા, ભાગવત જેવા ધર્મગ્રન્થોનું વાચન થતું, દરેક સંતાનોનો વારો આવતો. જેનો વારો હોય એ ભાઈ કે બહેન વાંચતાં. ફક્ત વાંચતાં એટલું જ નહિ, પિતાજી સાથે ચર્ચા પણ કરતાં.

ખાસ ધ્યાન ખેંચે એવું એ છે કે રાજકારણ કે સમાજસેવાના સંસ્કારો એમના માતૃપક્ષમાં કે શ્વસુરપક્ષમાં ક્યાંય નહોતા. સરકારી નોકરી હોવાથી બીજું કંઈ કરી શકાય જ નહિ.

પરન્તુ ૧૯૩૦-૩૨માં ગાંધીજીની ચળવળ અને દાંડીયાત્રાએ મંજુલાબહેનને રાજકારણ તરફ આકર્ષ્યાં. ધીરે ધીરે રાજકારણનો ઝોક વધતો ગયો. આ દરમ્યાન જ સુરેન્દ્રનગર ગયાં. ત્યાં નવું મહિલામંડળ શરૂ થયું હતું. આ મહિલામંડળમાં એ મંત્રી બન્યાં ત્યારે તેમની વય વીસ વર્ષની હતી. ૧૯૪૨ સુધી તેઓ સુરેન્દ્રનગરમાં રહ્યાં. ત્યાં જ એમણે મહિલા કલ્યાણની પ્રવૃત્તિમાં પહેલાં ડગ માંડ્યાં. ત્યાર પછી ૧૯૪૨માં એમના પતિની બદલી મીઠાપુર થઈ. ત્યાં પણ એમણે મહિલામંડળ અને બાળમન્દિર વગેરે પ્રવૃત્તિનો આરંભ કર્યો.

આ પહેલાંની એક વાત અહીં નોંધવી જોઈએ. મંજુલાબહેન જ્યારે પંદર-સોળ વર્ષનાં હતાં ત્યારે અડયારમાં માદામ મૉન્ટેસરીએ બાળમન્દિર માટેનો ત્રણ મહિનાનો કોર્સ શરૂ કર્યો હતો. એમના પિતાએ મંજુલાબહેનને આ કોર્સ કરવા અડ્યાર મોકલ્યાં. ત્યાં એમણે આત્મસૂઝથી સુંદર કાર્ય કર્યું.

આ મોન્ટેસરીની તાલીમ હતી તેથી એ મીઠાપુરમાં બાલમન્દિર સ્થાપી શક્યાં. ૧૯૪૨ થી ૧૯૪૫ સુધી મીઠાપુરમાં રહ્યાં અને બાળમન્દિરની પ્રવૃત્તિનો આરંભ કર્યો. ત્યાર પછી તેઓ જામનગર આવ્યાં. ૧૯૪૮માં શ્રી મંજુલાબહેને જામનગરમાં બાલમન્દિર, કુમારમન્દિર અને સર્વોદય મહિલામંડળની સ્થાપના કરી. આ રીતે એમણે જામનગર જિલ્લાના જાહેર જીવનમાં પ્રવેશ કર્યો. સર્વોદય મહિલામંડળ જામનગરની પ્રાથમિક સંસ્થા બની.

આ દરમ્યાન પાકિસ્તાન થતાં કરાચીનાં અગ્રગણ્ય કાર્યકર્તાઓ રંભાબહેન અને ગંગાબહેન જામનગર આવી પહોંચ્યાં. અને ત્યાં જ સ્થાયી થયાં. એમણે જામનગરમાં બીજું મહિલામંડળ શરૂ કર્યું. મંજુલાબહેન એમાં પણ જવા માંડ્યો.

સર્વોદય મહિલા મંડળે જામનગરમાં પાકિસ્તાનથી આવેલ નિરાશ્રિતોના પુનર્વસવાટનો પ્રશ્ન હલ કરવામાં ઘણી મહત્ત્વની કામગીરી કરી હતી.

૧૯૫૫માં જામનગર જિલ્લા ગ્રામ પંથકમાં મહિલાઓ અને બાળકોની કલ્યાણ પ્રવૃત્તિનો મંજુલાબહેને આરંભ કર્યો. આને સુદૃઢ કરવા માટે જિલ્લા સમાજ કલ્યાણ સંઘની સ્થાપના કરી. કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડની યોજના નીચે ૧૪ ગામડાંઓમાં બાળકો તથા મહિલાઓના સર્વાંગી વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. મંજુલાબહેનની આ પ્રવૃત્તિના ફલસ્વરૂપે જિલ્લાની બહેનોમાં જાગૃતિ આવી રહી હતી. તો બીજી બાજુ નિરાધાર ત્યકતા અને વિધવા બહેનોના અને અનાથ બાળકોના પ્રશ્નો તેમના મનમાં ઘુમરાઈ રહ્યા હતા. આ માટે પુખ્ત વિચાર અને યોગ્ય માર્ગદર્શનને પરિણામે ૧૯૫૭માં મહિલા જાગૃતિને યોગ્ય વળાંક આપવામાં આવ્યો. સમાજનાં દૂષણોનો ભોગ બનેલાં બહેનોની પોતાની અંતરવ્યથા ઠાલવવાનું સ્થાન મળવું જ જોઈએ. આ દિશામાં મંજુલાબહેને એક મહત્ત્વનું કદમ ઉપાડ્યું.

ઈ.સ. ૧૯૫૫માં નવી દિલ્હીના કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડ દ્વારા સરકારે સૌરાષ્ટ્ર રાજ્યમાં સ્ત્રીઓ અને બાળકોની વિવિધ પ્રવૃત્તિઓનો પ્રારંભ કર્યો. આ બોર્ડની પ્રવૃત્તિઓ જામનગર જિલ્લામાં કાર્યાન્વિત કરવાની જવાબદારી મંજુલાબહેનને સોંપવામાં આવી, જેના પ્રથમ પગલા રૂપે જિલ્લાના ગ્રામ વિસ્તારોમાં ૧૪ સમાજ કલ્યાણ કેન્દ્રો, સ્ત્રીઓના કલ્યાણ માટે શરૂ કરવામાં આવ્યાં. ગ્રામ વિસ્તારમાં આવાં કેન્દ્રોની મોટી માગણી થઈ એટલે ૧૯૬૦માં જામનગર જિલ્લા સમાજ કલ્યાણ સંઘની સ્થાપના કરવામાં આવી. આ સંઘ આજે પણ જિલ્લાનાં દૂર દૂરનાં ૧૦૦ જેટલાં ગામડાંઓમાં કેન્દ્રો ચલાવે છે.

સ્વતંત્રતાની પ્રાપ્તિ બાદ રચનાત્મક કામના એક ભાગરૂપે સ્ત્રીઓમાં સંગઠન અને જાગૃતિનું કાર્ય ચાલુ રહ્યું. સૌરાષ્ટ્રમાં પણ પ્રજાવત્સલ ઢેબરભાઈના પ્રધાનમંડળ સમક્ષ રાજ્યના સળગતા પ્રશ્નોમાં એક પ્રશ્ન સ્ત્રીઓની વધતી જતી આત્મહત્યાના ગુનાનો હતો. મૂંઝાઈને આત્મહત્યા કરતી સ્ત્રીઓને રક્ષણ આપવા માટે ગુજરાતના પ્રત્યેક જિલ્લામાં સ્ત્રી-વિકાસગૃહ સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું. જામનગર

જિલ્લાં રાજકીય જાગૃતિમાં, રચનાત્મક પ્રવૃત્તિઓમાં તેમજ શિક્ષણમાં ઘણો પછાત હતો. સ્ત્રીઓને અનેકવિધ કષ્ટો વેઠવાં પડતાં હતાં. એવી પરિસ્થિતિમાં દાનવીર શેઠ મેઘજી પેથરાજ શાહે સ્ત્રી-વિકાસગૃહ સ્થાપવા માટે મોટું દાન આપ્યું. શેઠ કાન્તિલાલ રતિલાલ વર્ધમાન શાહે પાંચ એકર જમીન આપી. પંડિત જવાહરલાલ નેહરુના વરદ હસ્તે પાયો નખાયો. અને શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહની તા. ૨-૧૦-'૫૭ના રોજ જામનગરમાં સ્થાપના થઈ. આ વિકાસગૃહની સંપૂર્ણ જવાબદારી મંજુલાબહેને સંભાળી, કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ દ્વારા જામનગર જિલ્લા સમાજ કલ્યાણ સંઘ અને કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ એ બન્ને સંસ્થાઓ મંજુલાબહેનનાં વિશિષ્ટ અને આગવાં સર્જનો છે. એક નાનકડા વિચારથી શરૂ થયેલી આ સંસ્થા આજે તો વિકસતા વટવૃક્ષ સમી બની ગઈ છે. તેની વડવાઈઓ અને છાયા નીચે બાળકો અને બહેનોને આશ્રય, રક્ષણ, શિક્ષણ, સ્વાવલંબન અને સામાજિક ન્યાય અને એવાં પુનઃ સ્થાપનાનાં અનેક કાર્યો થઈ રહ્યાં છે. છેલ્લાં ૩૫-૪૦ વર્ષમાં કંઈ કેટલીય મહિલાઓના ઉઝરડાઈ ગયેલા જીવનમાં શ્રી મંજુલાબહેને ચંદનનો શીળો લેપ લગાવ્યો છે. તૂટવાની અણી પર આવેલો કે તૂટી ગએલાં અનેક પારિવારિક સંબંધોને પ્રેમપૂર્વક મંજુલાબહેને જોડ્યાં છે.

જામનગરના પછાત વિસ્તારોમાં આંગણવાડીનું સંચાલન પણ વિકાસગૃહ સંસ્થા દ્વારા થઈ રહ્યું છે. મંજુલાબહેનની ધગશના ફળરૂપે ૧૯૮૩માં ગુજરાત બાળ કલ્યાણ ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરનાર સંસ્થા તરીકે તેને પ્રથમ પારિતોષિક મળ્યું હતું. ૧૯૮૪માં રાજ્ય બાલ કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામ કરનાર વ્યક્તિને મળતું પારિતોષિક મંજુલાબહેનને એનાયત કરવામાં આવ્યું હતું.

તેઓ ૧૯૫૫થી ૧૯૭૫ સુધી સમાજ કલ્યાણ સંઘનાં માનદ મંત્રી, ૧૯૬૦ થી ૧૯૮૦ સુધી જેલમાંથી મુક્ત થયેલા કેદીઓ માટેની સહાય સમિતિનાં સભ્ય, ૧૯૬૨ થી ૧૯૮૨ સુધીના બે દાયકા ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડનાં સભ્ય, ૧૯૭૧ થી ૧૯૭૬ સુધી આ બોર્ડનાં પ્રમુખ હતાં. ૧૯૫૬થી ૧૯૬૪ સુધી બાળ અદાલતનાં માનદ મેજિસ્ટ્રેટ હતાં. ૧૯૫૬થી ૧૯૫૧ સુધી સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમીની કારોબારીનાં સભ્ય હતાં.

શૈક્ષણિક ક્ષેત્રે તેમનું પ્રદાન મહત્ત્વનું રહ્યું છે. ૧૯૭૫થી જામનગર વિદ્યોત્તેજક મંડળનાં સહમંત્રી, ૧૯૭૦થી આયુર્વેદ સોસાયટીના વ્યવસ્થાપક મંડળનાં સભ્ય, ૧૯૫૭થી ૧૯૬૨ સુધી ગુજરાત યુનિવર્સિટી સેનેટમાં અને ૧૯૬૭થી ૧૯૭૨ સુધી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટમાં સક્રિય સભ્ય પદે રહી ચૂક્યાં છે. અલીઆબાડાની ગંગાજળા વિદ્યાપીઠ અને જામનગરની ભારતીય વિદ્યાભવન સંચાલિત મહિલા કૉલેજ સાથે તેઓ ઘનિષ્ઠપણે સંકળાયેલાં છે.

રાજકીય ક્ષેત્રે પણ તેમનું સ્થાન અગ્રગણ્ય રહ્યું છે. ૧૯૪૮ થી ૧૯૫૨ સુધી જામનગર સુધરાઈમાં કાર્યરત હતાં. ૧૯૫૭થી ૧૯૬૨ સુધી જિલ્લા પંચાયતનાં સભ્ય હતાં. ૧૯૫૭ થી ૧૯૬૭નો પૂરો દાયકો જામનગર શહેરમાંથી તેઓ ધારાસભામાં ચૂંટાયાં હતાં.

તેમણે બાળકો માટેના સ્પેશ્યલ ફુડ ન્યૂટ્રિશન પ્રોગ્રામની વિશેષ યોજનામાં પૂરેપૂરો ફાળો આપ્યો હતો. ગુજરાત રાજ્ય આ કાર્યક્રમમાં મોખરે રહ્યું હતું. આનો પૂરેપૂરો યશ મંજુલાબહેનને જાય છે.

૧૯૭૫ થી ૧૯૭૭ ત્રણ વર્ષ દુષ્કાળનાં આવ્યાં. મંજુલાબહેને કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડ પાસેથી પાંચ લાખની સહાય મેળવી કચ્છ, બનાસકાંઠા અને પંચમહાલમાં દુષ્કાળ વિસ્તારમાં બાળકો માટે પૌષ્ટિક આહાર તથા વસ્ત્ર વિતરણની વ્યવસ્થા કરી હતી. ૧૯૭૫માં આંતરરાષ્ટ્રિય મહિલાવર્ષમાં વિધવિધ પ્રવૃત્તિનું મંજુલાબહેને સરસ આયોજન કર્યું હતું. ધારાસભ્ય હતાં ત્યારે એમણે રાજ્યની શૈક્ષણિક અને સામાજિક સમસ્યાનો વ્યાપક અભ્યાસ કર્યો હતો.

છેલ્લાં પિસ્તાળીસ વર્ષો સમાજસેવાની પ્રવૃત્તિમાં જીવન સમર્પિત કરનાર મંજુલાબહેનની આજીવન સેવાઓને લક્ષમાં લેતાં યંગ મેન્સ ગાંધીઅન એસોસિએશનના ઉપક્રમે ૧૯૯૨નો નારી સમાજ સેવાનો શ્રીમતી ચંપાબહેન ગોધિયા એવૉર્ડ મંજુલાબહેનને એનાયત કરવામાં આવ્યો છે.

૧૯૯૪ના વર્ષમાં મંજુલાબહેનની પોતાની ૮૦ વર્ષની જૈફ વયે મહિલા સુરક્ષા ક્ષેત્રે એક વિશિષ્ટ પ્રદાન કરવાનો પ્રસંગ સાંપડ્યો. દ્વારકાના 'સનાતન સેવાશ્રમ સંસ્થા'ના અધિષ્ઠાતા સ્વામી કેશવાનંદના આશ્રમની આશ્રિત યુવતીઓ તથા સગીર બાળાઓના જાતીય શોષણનું કૌભાંડ બહાર પાડવામાં તથા આખા પ્રશ્નને સરકાર સમક્ષ રજૂ કરી સરકાર દ્વારા સ્વામી કેશવાનંદની ધરપકડ, કોર્ટ કાર્યવાહી અને જેલમાં ધકેલવા જેવી કાર્યવાહીમાં મંજુલાબહેને અથાક પરિશ્રમ ઉઠાવી મહિલાઓ સામેના અત્યાચાર, જાતીય શોષણ અને ગૌરવખંડન જેવી શરમજનક બાબતો સમાજ સામે ખુલ્લી પાડી છે એટલું જ નહિ, એ પાપકર્મ કરનારાને યોગ્ય નશ્યત મળી રહે તેવો પુરુષાર્થ એમણે હિંમતભેર કર્યો છે.

વધતી જતી ઉંમરને કારણે હાલમાં થોડી નાદુરસ્ત તબિયત હોવા છતાં વિકાસગૃહ કે જેનાં તેઓ આદ્યસ્થાપક છે તેની જુદી જુદી ત્રીસેક પ્રવૃત્તિઓને તેઓ માર્ગદર્શન આપી રહ્યાં છે. વિકાસગૃહની નાનીમોટી લાભાર્થી ૬૫૦૦ જેટલી બહેનો અને બાળાઓનાં માતા સમાં આજેય તેઓ એટલાં જ કાર્યરત છે.

મંજુલાબહેને સાથી કાર્યકરોની એક ટીમ ઊભી કરી છે. આવા સામૂહિક કાર્ય અને યોગ્ય નેતાગીરીના સફળ પરિણામરૂપે આજે આપણે કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ જામનગરને જોઈએ છીએ.

આટલાં બધાં પારિતોષિક, અને સિદ્ધિઓ જેમણે પ્રાપ્ત કરી છે એ મંજુલાબહેન વ્યક્તિ તરીકે હલકાં ફૂલ છે. 'અહમ્'ને તો એ ઓળખતાં જ નથી. કાયમ એમનો વ્હાલસોયો હસમુખ ચહેરો આપણાં મન જીતી લે છે. એમને નિરામય શેષ આયુષ્ય પ્રાપ્ત થાય અને એમની સંસ્થા ખૂબ ખૂબ ઉપયોગી કાર્ય કરી સમૃદ્ધ બને એ જ શુભકામના.

-તરલિકા આચાર્ય

અતીતમાં અવગાહન

જ્ઞાનેન્દ્રિયો કેટલી ? પાંચ કે દસ ?

આંખ, કાન, નાક, જીભ ને ચામડી એ પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા જ જગતના સવ પદાર્થોના અસ્તિત્વને આપણે પારખી શકીએ છીએ એમ લાંબા વખતથી આપણે માનતા આવ્યા છીએ. પણ વિજ્ઞાનના પ્રયોગો દ્વારા હવે નક્કી થયું છે કે સજીવસૃષ્ટિને ફક્ત પાંચ જ જ્ઞાનેન્દ્રિયો નથી. જર્મન વૈજ્ઞાનિક વૉલ્હબૉડે (**Wohlbod**) એવું સાબિત કર્યું છે કે પ્રાણીઓને સાત, આઠ કે તેથી પણ વધુ જ્ઞાનેન્દ્રિયો છે.

પ્રો. વૉલ્હબૉડ નિશ્ચયાત્મક રીતે કહે છે કે ગરમી અને ઠંડીનું જ્ઞાન દર્શાવવા માટે, આપણે ટટ્ટાર ચાલી શકીએ તે માટે, શરીરની સમતુલા બરાબર જાળવી રાખવા માટે, એવાંએવાં જુદાંજુદાં કાર્યો માટે જુદી ઇન્દ્રિયો હોવી જ જોઈએ. શરીરની સમતુલા જાળવવા માટેની ઇન્દ્રિય કાનની અંદર એક અવયવ (cochlea) રૂપે આવેલી છે. પણ હજુ તે ઇન્દ્રિયના સમતુલા જાળવવાના જ્ઞાન ઉપર જ્ઞાનના તંતુઓ કયા પ્રકારે નિયંત્રણ કરે છે તે સ્પષ્ટ થતું નથી. આ ત્રણ ઇન્દ્રિય ઉપરાંત માણસને દૂર અંતર ઉપર આગામી બનતા બનાવની આગાહીનું જ્ઞાન કે પ્રસંગોના સૂચનનું પણ જ્ઞાન થાય છે, જેને આપણે અંતર્જ્ઞાન, સ્વયંભૂવૃત્તિ કે પ્રેરણાના નામથી સંબોધીને સંતોષ માનીએ છીએ. પણ વાસ્તવિક તો તે માટે કોઈ જુદી ચોક્કસ જ્ઞાનેન્દ્રિય જ હોવી જોઈએ એમ વૈજ્ઞાનિકો કહે છે.

વળી કેટલાંક કાર્યો કોઈ એક જ ઇન્દ્રિય દ્વારા થતાં નથી એમ સાબિત થયું છે. દા.ત. સાંભળવાની ક્રિયા કાન દ્વારા થાય છે એમ આપણે માનીએ છીએ. પણ શરીર-શાસ્ત્રવિદો કહે છે કે આ માન્યતામાં સંપૂર્ણ સત્યાંશ નથી. વ્યક્તિના કાન કાપી નાખવામાં આવે કે કાનના પડદાને ઈજા પહોંચાડવામાં આવે તો પણ તેની સાંભળવાની શક્તિ નાશ પામતી નથી. એફ. કાનીઝસે નામના હંગેરિયન વૈજ્ઞાનિકે તદ્દન બહેરા માણસ અને કૂતરાને તેમનાં હાડકાં દ્વારા અવાજ વહન કરી સાંભળતાં કરવાની અભિનવ તરકીબ શોધી કાઢી છે, જે પરથી ફલિત થાય છે કે અવાજનો વહનધર્મ કાન ઉપરાંત અન્ય અવયવમાં પણ હોવો જોઈએ. એ જ પ્રમાણે જોવાનું કાર્ય પણ આંખ સિવાય બીજી પણ ઇન્દ્રિયો કરે છે. વીએનામાં ચક્ષુવિહીન ડૉ. ફેડરીચ મેન્સફેલ્ડે જ્યૂ પ્રજાના અંધાશ્રમનાં અંધ બાળકોને શ્રવણેન્દ્રિય દ્વારા જોવાનું કાર્ય કરવાની ટેવ પાડી છે. એ પ્રયોગોએ નક્કી કર્યું છે કે ચક્ષુવિહીનો કાન દ્વારા મકાનો, વૃક્ષો, ખંડનું ફરનીચર વગેરેનાં કદ અને રૂપ કહી શકે છે. તેઓ અવાજની ઘનતા ઉપરથી તે કેટલાં અંતર ઉપરથી આવે છે તે તેને ઉત્પન્ન કરનાર સાધનની બનાવટનો પદાર્થ તથા સાધનનાં રૂપ અને ઘાટ વગેરે બાબતો કેવળ કાન વતી પારખી શકે છે. આમ એક જ્ઞાનેન્દ્રિયની ખોડની અવેજીમાં બીજી જ્ઞાનેન્દ્રિય મોટે ભાગે મદદકર્તા નીવડે છે. પણ ટાઢાઊનાનું જ્ઞાન, સમતુલા જાળવવાની શક્તિ તથા ભાવિનું કથન કરવાની શક્તિ કોઈ સહાયકારક જ્ઞાનેન્દ્રિયો દ્વારા નહીં પણ કોઈ ચોક્કસ સ્વતંત્ર જ્ઞાનેન્દ્રિયોને આભારી છે એવું વૈજ્ઞાનિકોએ પ્રયોગો પરથી અનુમાન તારવ્યું છે.

એ જ પ્રમાણે કેટલાંક પ્રાણીઓમાં નિવાસસ્થાન શોધી કાઢવાની જે આશ્ચર્યકારક શક્તિ હોય છે તે પણ કોઈ જુદી જ્ઞાનેન્દ્રિયને આભારી છે એમ વૈજ્ઞાનિકો કહે છે. કૂતરાને ઘણે દૂર મૂકી આવીએ તો પણ અંતે તે પોતાના અસલ સ્થળે આવી જાય છે એ ઘણાને ખબર છે. પોતાની તીવ્ર ઘ્રાણશક્તિ વડે તે આ રીતે પાછો આવે છે એમ ઘણા માને છે. પણ તેમાં તથ્યાંશ નથી. માછલીને ઘ્રાણેન્દ્રિય હોતી નથી, છતાંય હેડડૉક નામની માછલી બેત્રણ વર્ષ સમુદ્રમાં વસવાટ કર્યા બાદ, પોતાના જન્મસ્થાનની નદીમાં પાછી ફરે છે. પંખીઓમાં તો આ રીતે પોતાનું વતન શોધી કાઢવાની શક્તિ આશ્ચર્યકારક હોય છે. પૃથ્વી પરનાં તમામ સ્થળે કાલક્રમે પક્ષીઓ હજારો માઈલોનું અચૂક સ્થળાંતર કરે છે. શરદ ઋતુના આરંભકાળથી થરથરો નામનું પક્ષી અચૂક રીતે ચીનથી અહીં આવે છે, દીવાળીઘોડા છેક યુરોપ અને ઉત્તર એશિયાથી આવે છે અને હંસ તિબેટમાંથી આવે છે. ઈંગ્લંડનું સ્વૉલો પક્ષી દર શિયાળે દક્ષિણ આફ્રિકા ઊડી જાય છે અને વસંતની શરૂઆતમાં પાછું ફરે છે. આમ સ્થાનાંતર કરવાનું અને અણચૂક્યા જૂના નિવાસસ્થાને આવી જવાનું પક્ષીઓને શી રીતે આવડતું હશે ? વૉલ્હબૉડ કહે છે કે તે માટે તેમનામાં કોઈ જુદી ગૂઢ જ્ઞાનેન્દ્રિય જ હોવી જોઈએ.

આ ઉપરાંત પણ પ્રાણીઓમાં બીજી એક અદ્‌ભુત જ્ઞાનેન્દ્રિય રહેલી છે. જાવાના એક ગામડામાં મોટાં વાંદરાંઓએ ખૂબ હેરાનગતિ કરવા માંડતાં તેમનું કાસળ કાઢવા ઝેર ભેળવેલું ખાદ્ય બધે મૂકવામાં આવ્યું. વાંદરાંએ તે ઝેરી ખાદ્ય ખાધું તો ખરું, પણ તરત જ તે ગામબહાર સીમમાં દોડી ગયાં અને ઝેરનિવારક છોડ શોધી કાઢી તે ખાવા લાગ્યાં. આથી મોટા ભાગનાં વાંદરાં મૃત્યુના પંજામાંથી ઊગરી ગયાં. આ તથા બીજા અનેક દાખલાઓ ઉપરથી વૈજ્ઞાનિકો ધારે છે કે પ્રાણીઓમાં એક વધુ રહસ્યમય અને અજ્ઞાત જ્ઞાનેન્દ્રિય હોવી જોઈએ. આ જ જ્ઞાનેન્દ્રિયના પ્રતાપે પ્રાણીઓ પોતાનો ખોરાક શોધી કાઢે છે, પક્ષીઓ કહોવાતાં વૃક્ષોની છાલમાંથી કે જમીનમાંથી ઊંડે દટાએલા કીડા ને જીવાત શોધી કાઢે છે.

ઉપર જણાવેલી જ્ઞાનેન્દ્રિય વડે કે બીજી કોઈ વિશિષ્ટ જ્ઞાનેન્દ્રિયને કારણે મધ્ય અને દક્ષિણ અમેરિકાના પોપટો ધરતીકંપના ભય સામે સાવધ થઈ રહે છે. એ જ રીતે વાદળાંનું નામનિશાન ના હોય તો પણ ઢોર ને ઘોડાંની એ જ્ઞાનેન્દ્રિયને કારણે થતા વિશિષ્ટ ચેનચાળા ઉપરથી ગોવાળો તોફાનનું આગમન જાણી શકે છે. કેટલાંક પ્રાણીઓ અને ખાસ કરીને હાથી, પોતાનું મૃત્યુ અગાઉથી જાણી શકે છે, અને તે માટેના નિયત સ્થળે પહોંચી જાય છે એ તો ખૂબ જાણીતી વાત છે. એ જ રીતે કેટલાક માણસો પણ આગામી બનાવોનું જ્ઞાન ધરાવે છે. આ જ્ઞાનને લીધે માણસો નજીકના ભવિષ્યમાં આવનાર આપત્તિ, મૃત્યુ યા દૂર વસતા આપ્તજન પર આવનારી કે આવેલી આપદા જાણી શકે છે. આ જ્ઞાનને અગમ્યવાદ કે ઉચ્ચ પ્રકારની કલ્પનાશક્તિ લેખવામાં આવે તો ભલે, પણ વૈજ્ઞાનિકો કહે છે કે આ નવમી જ્ઞાનેન્દ્રિયનાં ગૂઢ અને રહસ્યમય કાર્યો કેમ ન હોઈ શકે ?

દસમી જ્ઞાનેન્દ્રિય વિચારબળની છે. હિપ્નૉટિઝમ આનો એક પ્રકાર ગણાય. મદારીના સર્પખેલ પણ એમાં જ આવે. બધાં કરતાં કૂતરામાં આ દસમી જ્ઞાનેન્દ્રિય ઉચ્ચ પ્રકારે ખીલેલી હોય છે.

આમ, પ્રાણીઓનાં અનેક અદ્‌ભુત કાર્યોને આપણે 'પ્રેરણા'ના નામે સંબોધીએ છીએ; પણ

(અનુસંધાન પૃ. ૬૬૩)

અડકો દડકો

મધુરી પોપટી અને પટપટ પોપટ

ચંદ્રકાન્ત શેઠ

એક હતી પોપટી. તેનું નામ હતું મધુરી. બહુ મીઠું મીઠું બોલે. સૌને એ ગમે. કેટલાંક પંખી તો અમથાં અમથાં એને બોલાવડાવે અને એ બોલે ત્યારે તે સાંભળવાનો આનંદ માણે. કોઈ કોઈ વાર તો મધુરી ખુશમિજાજમાં હોય તો કોયલ ને મોરની, કાકાકૌવા અને કાગડાની બોલીની અદ્દલ નકલ કરે. સૌ રાજીનાં રેડ થઈ જાય. એક વાર તો તેણે મોરના ટહુકાની એવી નકલ કરેલી કે ચારપાંચ ઢેલ આજુબાજુથી દોડી આવેલી અને આવીને જુએ તો નજર સામે હતી મધુરી ! મોર હોય તો મળે ને ?

આ મધુરીને થયું કે મારે તો મારા બચ્ચાને બરોબર બોલતાં શિખવાડવું. એ રોજ એના બચ્ચાને જાતભાતનું બોલતાં શિખવાડે. પંખીઓ કહે : 'તારો આ દીકરો તો ભારેનો હોશિયાર છે ! કેવું પટપટ બોલે છે !' આ પછી તો એના બચ્ચાનું નામ જ પડી ગયું પટપટ પોપટ, એનો તો રુઆબ જ કોઈ ઓર. બૂટ-મોજાં ને ટાઈ પહેરીને લાટસાહેબની જેમ ચાલે. પોતાની જીભનું જોર સૌને જણાવે. એકાદ ઘરડા પોપટે તો મધુરીને ઠપકોય આપ્યો : 'તારા પટપટને જરા માપમાં રાખ, બહુ કરે એ થોડા માટે.' પણ મધુરીને તો એમ કે મારા પટપટને પારંગત ને પંડિત કરું. ના એ કોઈની વાત સાંભળે, ના પટપટને જરાય રોકે કે ટોકે.

પટપટ તો વાટે ને ઘાટે જ્યાં જાય ત્યાં બોલબોલ જ કરે, ભલેને કોઈ પૂછેગાછે નહીં, તોય બોલે. ખાય એના કરતાં બોલે વધારે. પાંખો કરતાં ચાંચ ચલાવે વધારે. ક્યારેક તો કોઈને એમ થાય કે આને બોલાવા જ થયો છે. બેચાર જણે તો એવી પણ વાત ચલાવી કે પટપટની ડાગળી જ ચસકી છે ! ને કોઈએ તો પટપટને એ સંભળાવ્યું યે ખરું ને ત્યારે પટપટ ને મધુરી એવાં તો બાખડેલાં કે ન પૂછો વાત. પછી તો સૌ આ મા-દીકરાની ઘડીપહોરની ટકટક ને કટકટથી કંટાળી ગયાં. એમના બોલનો હવે કોઈ તોલ જ નહોતું રાખતું.

ને છતાંય પટપટ તો એની વાતોમાં મસ્ત હતો. એ તો એકલો હોય ત્યારેય કોઈ પંડિતની જેમ ભાષણ ચલાવતો. એને તો પોતાનો અવાજ જ સૌથી વધારે ગમતો. ઘણી વાર એને થતું : 'બસ, જાણે હું બોલ્યા કરું ને મને જ સાંભળ્યા કરું.' કોઈ કોઈ વાર તો એ પોતાની હોશિયારી બતાવવા જંગલમાંથી ઊડી નજીકના શહેરમાંય પહોંચી જતો. ત્યાં કોઈના બંગલામાં કોઈ ઝાડ પર બેસી પોતાને જે કંઈ આવડતું તેનું હોશિયારીથી પ્રદર્શન કરતો. વારંવાર શહેરમાં જતાં ત્યાંની પાંચપચીસ વાતોય તેની ચાંચે ચડી ગઈ ! એ પછી તો જે એનો કંઈ ફાંકો વધ્યો છે ! જંગલમાં પોતાનાં સૌ સગાંવહાલાં ને દોસ્તોમાં તો એ ભળે જ નહીં. સૌ એને પછાત ને મૂરખ લાગે. પોપટીય પછી તો પટપટની જેમ પોતાને સૌનાથી ચઢિયાતી ને સુધરેલી માનવા લાગી. બંનેય પોતાને શહેરી માનવા લાગ્યાં. વારે તહેવારે શહેરમાં જાય, કોઈ બંગલામાં ઘૂસે, જાતભાતની વાતો ચલાવે, વધ્યુંઘટ્યું જે મળે તે વિના છોછે ખાય ને પાછાં વળે.

એક વાર મા-દીકરો બપોરના શહેરમાં ગયેલાં તે રાત પડી તોય પાછાં ન ફર્યાં. રાત્રે એમનાં આજુબાજુનાં સગાંને થયું : 'કેમ આવું થયું ? કંઈ થયું હશે એમને ?' સૌ મધુરી અને પટપટની ઊંડી ચિંતામાં પડી ગયાં. મધુરી ને પટપટ ભલે તેમને ઉતારી પાડતાં હોય, પણ હતાં તો પોતાનાં સગાંને, પોતાનાં જાતભાઈ ને ? એમને કંઈ થાય તો ચિંતા તો થાય જ ને ?

આખી રાત સૌએ મધુરી ને પટપટની વિમાસણમાં ગાળી. બીજા દિવસે એમનામાં જે ત્રણચાર અનુભવી ઘરડા પોપટો હતા તે તેમની તપાસ માટે શહેરમાં ઊપડવા તૈયાર થયા. તેમણે તેમના પાંચસાત ઉંદર મિત્રો હતા તેમનેય કહ્યું : 'તમેય શહેરમાં આવજો આજ સાંજના અમે તમારી રાહ જોઈશું.' તેમણે ઉંદરોને શહેરની ભાગોળે ચબૂતરો હતો ત્યાં આવવાનું કહ્યું. ત્યાં તેઓ સાંજના તેમની રાહ જોવાના હતા.

પેલા ઘરડા પોપટો તો આખો દિવસ શહેરમાં ફર્યા. મધુરી ને પટપટને જ્યાં હોય ત્યાંથી ટહુકો કરવા સૂચવ્યું. છેવટે એક બંગલાના વરંડાના પિંજરામાંથી દુ:ખભર્યો અવાજ આવ્યો. જોયું તો મધુરી ને પટપટ પોપટ એક પિંજરામાં કેદ. મધુરી તો રોતી જાય ને નિસાસા નાખતી જાય. પટપટનો તો ચીસો નાખીને અવાજ જ બેસી ગયેલો. પાંખો સાવ ઢીલી કરીને પડી રહેલો. એક દિવસમાં તો બેય ઠીક ઠીક નંખાઈ ગયેલાં. ઘરડા પોપટોએ દૂરથી તેમને

દિલાસો આપ્યો. સાવધાન રહેવાની સૂચનાઓ આપી અને રાત્રે પાંચસાત ઉંદરમામાઓ આવે તો જરાય નહિ બીવા અને તેઓ જે કરે તે કરવા દેવા જણાવ્યું. મધુરી અને પટપટને હવે જીભ કાબૂમાં રાખવાનુંયે સૂચવ્યું.

બંનેએ મૂંગા મોંએ તેઓ જેમ કહે તેમ કરવાની હા કહી. પેલા ઘરડા પોપટો શહેરની ભાગોળે ચબૂતરે ગયા ને આ મા-દીકરાનાં દોઢડહાપણ ને ફિશિયારી કેવાં મુશ્કેલી નોતરી બેઠાં તેની અંદરોઅંદર ચર્ચા કરવા લાગ્યા. એમ કરતાં સાંજ પડી ને પાંચસાત ઉંદરોય લપાતા-છુપાતા ચબૂતરે આવી ગયા. એક ઘરડા પોપટે પેલા ઉંદરોને કહ્યું : 'તમે મારી પાછળ પાછળ આવજો. હું જે મકાનના ટોડલે બેસું ત્યાં જઈ તમારે વરંડામાં મૂકેલા પિંજરાના સળિયા સિફતપૂર્વક તોડવાના છે.' પેલા ઉંદરો તો ગેલમાં આવી ગયા. બહાદુરીથી સૌ ઊપડ્યા ને વરંડામાં મૂકેલા પિંજરાના બારણાના તાર એક પછી એક તોડવા માંડ્યા. સહુની સહિયારી અને આકરી મહેનતે પિંજરાનું બારણું ઢીલું પડ્યું. થોડું જોર પેલા પોપટોએ પણ અજમાવ્યું. ને પરિણામે મધુરી ને પટપટ બંનેયને બહાર નીકળવાનો રસ્તો મોકળો થયો. એટલામાં ઘરનો માલિક પણ ખખડાટથી સાવધ થયો; એકદમ બહાર ધસી આવ્યો. પણ ત્યારે તો મધુરી ને પટપટ પિંજરામાંથી બહાર નીકળી ચૂકેલાં. બંનેયે જીવ પર આવી ઊડવા માંડ્યું. સાથે પેલા પોપટોય હતા. બધા ઊડીને ચબૂતરે પહોંચ્યા ત્યાં ઉંદરોય આવી લાગ્યાં. પોપટોયે ઉંદરોને મજાનાં ફળ આપ્યાં અને સાથે પ્રેમપૂર્વક ધન્યવાદ પણ. મધુરી ને પટપટ તો સાવ મૂંગાં થઈ ગયેલાં. બહુ બોલવા જતાં ને હોશિયારી બતાવવા જતાં જ તેઓ પકડાયેલાં. માંડ તેઓ બચ્યાં તે પણ આ પછાત ને જુનવાણી ગણાતા પોપટોની જ મદદથી બંનેય હવે બહુ આભારવશ હતાં. તેમણે હવે ઘરડા પોપટની સલાહ બરોબર કાને ધરી : 'બોલ્યા વગર ચાલે તો બોલવું જ નહિ, અને બોલવું પડે તો ઓછામાં ઓછું બોલવું.'

આ પછીથી મધુરી ને પટપટને કદીયે તકલીફ પડી નથી. બંનેય જંગલમાં મોજથી ઊડે છે, રસદાર ફળો આરોગે છે ને મીઠું મીઠું ગાય છે, ને તેય સૌ જ્યારે તેમને કહે છે ત્યારે અથવા ખરેખર તેમનું હૈયું આનંદથી ઊભરાય છે ત્યારે !

એક પ્રવાસની વાત

કનુભાઈ જાની

કઉં એક વાત ? તમે માનશો ?
છે ને તે, કૌં છું હું સાચ્ચે સાચ્ચું હોં કે !
મેં જોયેલું !
અરે ! માનશો ?-
હું તો, આખ્ખો પહાડ હતો,-
ત્યાં ટોચ હતી ને ?-
તેની ઉપ્પર હતી ચડેલી,
સાવ એકલી, હોં કે ! બોલો !
નહોતી તો યે હાંફ ચડી કે બાંફ ચડી !

ને પ્હાડ તો, બાપુ,
કૈં મોટો ! કૈં દૈત રે ઊંચો !
ને પ્હાડે તો હોય ને ઝરણાં ?
ને પ્હાડે તો હોય ને તરણાં ?
ઝાડ-ઝાંખરાં હરણાં-બરણાં ?
કૈં નૈં ! બોલો ! !
આખ્ખે આખ્ખો-
ભરો ગલોફાં બેય - રોજનાં રોજ-
તમારી હોય જેટલી મોજ-
એટલી પાટોની પાટો-ની શિલ્લે શિલ્લા
ખિચ્ચોખિચ્ચ ખડી ત્યાં, થપ્પે થપ્પા !
મેં તો, બોલો, બૌ જોયા છે પ્હાડો, હોં કે !
પાલિતાણા, આબુ ને ગિરનાર ચડ્યાં'તાં,
બોલો ! બૌ બૌ જોયા છે મેં
રિશિકેશ ને ફિશિકેશ-
ને ત્યાં તો, છે ને, પ્હાડોના પ્હાડો-નો દાદો
ધરી અડિંગો,
મિંચી આંખ
ને તપસી બેઠો
જટા મોકળી, બરફીલી લટ્ટ
લાખને ફરફરાવતો
બેઠો એવો ધરી અડિંગો
ચસકીને કે
હલે ય નહીં કે ચલેય નહીં !
ને આકાશે યે બેઠું એની ઉપર !
પણ જો, ધ્રૂજે પડી જવાની બીકે !
એવો, બોલે ! હિમાલય જોયો છે, હોં કે!
પણ આ તો વળી,
સાચ્ચે સાચ્ચું કઉં છું કે આ
એનાથી યે ક્યાંય ઊંચેરો, ક્યાંય સરસ
હું ત્યાં ગૈ'તી છેક ઊપલી ટોચે
લસરક લપસું ! લિસ્સો લિસ્સો એવો કે
જોવા જૈયે ને તો-
તમે માનશો ?
નજરે ય જાતી લપસી !
એવો આખ્ખે આખ્ખો ચોકલેટનો પ્હાડ!
શિખરેનાં શિખરો બસ નકરી ચૉક્લેટ, બસ !
બીજું કૈં નૈ ! નહીં ચોપડી, દફતર નૈ ને
લેસન નૈ કૈં બાની ત્રાડ-ફાડ,
કૈ કશ્શું યે નૈ !
પ્હેલાં હું યે ન તી માનતી.
મોં ખોલીને જીભ કાઢીને, જરા ફેરવી,
સરરર સરકી
સરવાણી સ્વાદોની મરકી !
સૂંઘી લીધું. થયું જ પાક્કું : છે જ બરાબર !
રંગ છીંકણી ઘેરો પણ એવો જ !
અને હા ! પ્હાડ ઉપરનાં વૃક્ષે લટકે,

ડાળે ડાળે.
ખાટાં મીઠાં, રંગરંગનાં બોરાં જેવાં
ગોળા-ગોળી ખાટ્ટા મિઠ્ઠા !
એમાં છે ને ?
તમે માનશો ?
એક દૂર મેં ગોળો જોયો.
અમે ગયાં'તાં આબુ ત્યારે
લાલ-લાલ મેં દીઠો'તો એક સંધ્યાટાણે
દડતો ગોળો
પડતો ગોળો !
હું તો ઊભી'તી !
બીતી નો'તી પણ
એવો એ, અંધારાથી બીને જાણે
ગયો ઓગળી અંધારામાં
પડી ગયો કે, ખડી ગયો કે, ખબર પડી નૈ!
પણ અહીં જોયો એવો ગોળો
લાલ-સુંવાળો-હાથે ઝાલ્યો !
ટંડમ્ ઠંડો !

તમે માનશો ?
એણે પૂછ્યું : 'ટપ્પી !'
મને થયું કે, વા ભૈ ! આ તો
નથી જણાતો ગપ્પી !
મારું જાણે છે એ નામ !
ને અહીં એનો યે મુકામ !
કહે, 'ટપ્પલી ! જોઈ શું રે છે ?
લે ને, હવે ! - વધારે લેને 'મોર' તું તારે!
કોઈ વઢે નૈં !'
મેં પૂછ્યું : 'તું કોણ ?'
કહે : 'આઈ' એટલે 'હું' જ
અને છું 'સ્ક્રીમ'
હસી હું ! 'બાપ્પુ ! ખોટ્ટું !
'આઈસ' છે ને પછી 'ક્રીમ' છે
બાપુએ શીખવ્યું છે પાક્કું !'
ત્યાં એ કહે : 'આઈ ઈઝ ક્રીમ !
આઈ ફ્રીઝ ક્રીમ - જેને જે કહેવું...
છો ને કહેતા !
આપણ ઠંડા રૈને, છાના રૈને, મીઠા રૈને,
રહેવું !
રહેવું બસ સરસતાં !
લપ્પસણે આનંદે સરતાં !
લપ્પસણે આનંદે સરતાં !
લે, તું લે ને !
ના કોઈ જોતું !
નૈં કોઈ રોકે, નૈં કોઈ ટોકે !'
'પણ ક્યાં ચમચી ? શેનાથી લઉં ?'

ત્યાં તો, બોલો ! - છે ને તે-
એક ઊતરી આવ્યો મોર !
સાંભળી હશે ગયો કે 'હેવ મોર' !
મને કહેકે 'ટપ્પી, તેં શું મને દીધો તોસાદ ?'
આ મનેય ભાવે, હોંકે !'
'પણ', મેં કીધું, 'વિનાચમચીએ
ખાવું શીયે ફાવે ?'
મોર તો નાચ્યો.
'ચાંચની કરું ચમચી !
તું મોં ખોલ મોં !
એક મૂકું છું એમાં
બીજું ગજવે મૂકીશ, હોં !'
પછી, મોર તો કમાલ બાપ્પુ !
તડાક મારી ચાંચ, ઉખેડે દડબું,
ઘાલી ચાંચે એની, મૂકે મારે મોંએ !
ફટાક કરતો મૂકે ને હું ગટાક કરતી ગળી
યે જાતી !
ચટાક કરી એ ચાટે પાછ્છો ફટાક દૈને
પ્હાડ તોડીને
ચૉકલેટની ફાડ કરીને
ઊંચે ઉછાળી ઝીલે !
એક આઇસક્રીમ,
એક ચૉકલેટ
એક આઇસક્રીમ ના
એક ચોકલેટ
એમ અમે બે સંપીને ત્યાં,
રમતાં'તાં ને જમતાં'તાં,
ત્યાં આભે ઊગ્યો ચાંદો !
થરથરતો'તો !

બોજ / મહેન્દ્ર રે. ત્રિવેદી

મમ્મી, મારી સાથે નિશાળે તું આવજે !
મારા દફતરને ઊંચકીને લાવજે !
રોજ મારે થોકબંધ ઊંચકવા ચોપડા
ને એટલી જ હોય એની નોટ !
કલર, કમ્પાસ અને લંચ-બૉક્સ લટકામાં !
એને ઊંચકું ને થાઉં લોટપોટ !
આખ્ખો દિવસ રોજ ભણવું નિશાળમાં
ને સાંજ પડે ટ્યુશનના ક્લાસમાં !
રાત ઢળે માંડ ત્યારે ઊંઘ હોય આંખમાં
ને થાક ભર્યો હોય શ્વાસ-શ્વાસમાં !
રાત, સપનું રમવાનું તું લાવજે !
મારા દિનભરના થાકને ઉતારજે !
મારા ભણતરની લાજ પ્રભુ રાખજે !
મમ્મી, સાથે નિશાળે તું આવજે !

બોલો ! કહે, 'હું છું માંદો !
હું છું ગરમગરમ ! લ્યો, માપોને ભૈ !'
દવા મને ઝટ આપો ને ભૈ !'
હાથ હાથમાં લીધો એનો
નાડી લીધી,
ગાલ અડાડ્યો હાથ,
મારી બા આમ જ માપે છે હોં મારો
તાવ-
કહું છું સાચ્ચે સાચ્ચું.
ચાંદો સાચ્ચેસાચ
હતો ત્યાં માંદો !
મોરે માપ્યો એનો તાવ, અને કૈં ઠપકો દીધો !
'વાદળમાં ત્યાં કેમ જાય છે
રોજ ભટકવા ?
કીધું નો'તું : 'શરદી થાશે' ?
ભેજ હોય ન્યાં,
હવા હોય ન્યાં,
ન્યાં ભીંજી જવાય
ન્યાં થીજી જવાય
આ ડીલ ધખે છે તેમાં થ્યો તું ધોળો
ફિક્કો !
લે, બાપુ આ દવા ! અને અહીં આવ !'

કહીને એને આખ્ખો
આઇસ્ક્રીમે ઠંડાવ્યો !
રંભરંભંગમાં ઠાંસીઠાંસીને
દીધો આઇસ્ક્રીમ-શેક !
ઉપર કૈં દીધું લીંબુ-પાણી !
ચૉકલેટ ને ગોળી મીઠા-ખાટી
મિનિટે મિનિટે
એણે લીધી !
ત્યાં તો ચાંદો
તરત થઈ ગયો ફીટ !
કહે, 'લો, ફી !'
દાક્તર કહે, 'ફી કેવી !?
આ તો સૌ કાજે છે દવા અમારી
સાર્વજનિક આ !'
એ સાંભળતાં, છે ને તે ભૈ,
ચાંદાભૈ તો
થૈ ગ્યા એવા રાજી કે
મોર ભઈને એવા ભેટે
એવા ભેટે-
જાણે ખરે જ પાજી !
કે પીંછેપીંછે ચાંદે-ચાંદો
વળગ્યો ઠંડો થૈ'ને !

તાવ ગયો ભૈ !
ચાંદ ગયો ભૈ !
મોર ગયાં ભૈ !
પહાડ ગયો ભૈ !
ચૉકલેટ ને આઈસ્ક્રીમ ને બધુંય - હાય રે !
કેવું ગાયબ - એક સાદમાં - બાતો કે ત્યાં
'શનિવાર છે, ઊઠ હવે તું
એદી ટપ્પી !'
સાદ પડ્યો ત્યાં
મન મૂકીને
ભાગ્યાં સૌએ
બાની એવી બીક !
કે પછી
એને યે શું
શનિ-સવારે
કદાચ વહેલું
હશે જવાનું
સ્કૂલે !?

અનુ.] અતીતમાં... [પૃ. ૬૫૯થી
શરીરશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને વૈદકીય શોધખોળો ક્રિયાઓ તથા જ્ઞાન વિશિષ્ટ જ્ઞાનેન્દ્રિયનું હોવાનું સૂચન કરે છે.

-ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

શરદ-પૂર્ણિમા

વર્ષાના વાદળઘેર્યા આકાશ પછી પહેલવહેલી આવતી આ નિરભ્ર અને નિર્મળ પૂનમ વખતે નથી હોતો ઉનાળાનો ઉકળાટ કે નથી હોતી શિશિરની શરીર કંપાવતી ટાઢ. તે સ્વચ્છ રાત્રિએ સ્વસ્થ શીતળતામાં રત્ન જેવાં તારાઓની વચ્ચે ઉલ્લાસથી પ્રકાશતા ચંદ્રની શોભા, તેની દૂધ જેવી ચાંદનીમાં નહાતું સૃષ્ટિનું સૌંદર્ય, અને તે બધાની મન પર થતી જાદુઈ અસરને કારણે શરદ-પૂર્ણિમા આપણા તહેવારોમાં અગત્યનું સ્થાન ધરાવે છે. શરદ-પૂનમ એટલે કુદરતનું કાવ્ય અનુભવવાનો તહેવાર.

એ દિવસે આપણે ત્યાં અગાશી કે ખુલ્લાં મેદાનોમાં બેસી ચન્દ્રની અમૃતસમી ચાંદની ઝીલતાંઝીલતાં અને મિત્રમંડળી સાથે આનંદવિનોદ કરતાં કરતાં દૂધપૌંઆ ખાવાનો રિવાજ છે. ચોમાસામાં પાકેલી નવી ડાંગરના પૌંઆ ઘણા મિઠાશવાળા લાગે છે. કેટલેક ઠેકાણે તેને કોપરા સાથે ખાવાની પ્રથા છે. શરદ-પૂર્ણિમાની ચાંદનીમાં દૂધપૌંઆ રાખી મૂકવાથી તેનું અમૃતીકરણ થાય છે એવી એક માન્યતા છે. આ ઉપાહારના કાર્યક્રમ ઉપરાંત સ્ત્રીઓ ઠેરઠેર રાસ-ગરબા ગાય છે. નાનામોટા પુરુષો એ આહ્લાદક ચાંદણાંમાં આટાપાટા રમે છે, કોઈ કોઈ ઠેકાણે સંગીત થાય છે, તો કોઈ ધાર્મિક વ્યક્તિ તે દિવસે વૈદિક બ્રાહ્મણ પાસે મંત્રજાગર કરાવે છે. આમ શરદઋતુના આ છેલ્લા દિવસે સૌંદર્યનું બની શકે તેટલું પાન કરવામાં આવે છે.

બ્રહ્માંડ-પુરાણમાં કહ્યું છે કે શરદ-પૂર્ણિમાને દિવસે શહેરના રસ્તાઓ સાફ કરી તેના પર સુગંધી જળનો છંટકાવ કરવો, ઠેકઠેકાણે પુષ્પો પાથરવાં, ચંદરવા તાણવા અને બધે પ્રફુલ્લ વાતાવરણ રાખવું, કારણ તે દિવસે લક્ષ્મી બધે ફરે છે. પણ તે રાત્રે નિસર્ગની જે અવર્ણનીય શોભા હોય છે તે તો પ્રત્યક્ષ લક્ષ્મી કરતાં પણ ચડી જાય તેવી હોય છે. જ્યોતિષીઓ કહે છે કે તે દિવસે ચન્દ્ર પૃથ્વીની વધારેમાં વધારે પાસે આવે છે. આસો સુદ ૧૫ને દિવસે આવતા આ તહેવારને મરાઠીમાં કોજાગરી પૂર્ણિમા પણ કહે છે. કેટલેક ઠેકાણે કાર્તિકસ્નાનની શરૂઆત આ દિવસથી કરવામાં આવે છે. આ માસની દશમ, એકાદશી કે પૂર્ણિમાથી એક મહિના સુધી કોઈ પણ તીર્થ પર રહી પરોઢિયામાં કરાતા સ્નાનને કાર્તિકસ્નાન કહેવામાં આવે છે.

પણ શરદ-પૂર્ણિમાનું સાચું સૌંદર્ય માણવું હોય તો રાત્રે બે વાગ્યે ઊઠવું જોઈએ. તે વખતે નીરવ રાત્રિની શાંતિમાં તારા, ચંદ્ર અને સૃષ્ટિ જે સંગીતમય તાલ લે છે તેનો આસ્વાદ એક વાર ચાખ્યા પછી ભાગ્યે જ ભૂલી શકાય તેવો હોય છે. ['કુમાર'સળંગ અંક ૨૯૮માંથી]

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૫૭૮ થી
અંકની કરામત કંઈ અજબ જ છે.

૯ના અંકમાં ૧થી ૯ તો શું, કોઈ પણ સંખ્યા ઉમેરતાં જે જવાબ આવે તે જવાબમાંના અંકોનું યોગફળ કરતાં જે જવાબ આવે તે પણ આખરે મૂળ સંખ્યાના અંકોના આખરી યોગફળ બરાબર થશે. જેમ કે-

૯+૧૮૬૨ = ૧૮૭૧ (૧+૮+૭+૧) = ૧૭ - ૮
અને ૧૮૬૨ (૧+૮+૬+૨) = ૧૭ - ૮
૯નો અંક અજબની કરામતો ધરાવે છે.

-મુનીરા વખારીઆ (મુંબઈ)

•

છ મહિનાથી લકવાગ્રસ્ત છું. નવા 'કુમાર' આવે છે તે વંચાય પણ જૂના અંકોને હાથ લગાડી શકતો નથી. તેથી 'કુમાર'ના જૂના અંકો વેચી નાખવા છે. અંક ૨૪૭થી પછીના બધા અંકો ૮૮૮ સુધી વેચવા છે. સને ૧૯૪૮ થી ૧૯૯૪ સુધીના દરેક વર્ષના ૧૨ અંકો પાકા પૂંઠામાં બાંધેલા છે. જે કોઈ ભાઈને લેવા ઇચ્છા હોય તેણે રશ્મિકાન્ત મહેતા, ૭, પાર્ક વ્યૂ, એલ.ડી. રૂપારેલ ક્રૉસ લેન, મુંબઈ-૪૦૦ ૦૦૬ - એ સરનામે તેમની ઑફર જણાવે. રૂબરૂમાં જોવા હોય તો તે પણ શક્ય થશે.- રશ્મિકાન્ત ક. મહેતા

•

'કુમાર'ના અંક નં. ૧૫૭થી ૧૯૨ (વર્ષ ૧૪-૧૫-૧૬) સુધીના જોઈએ છે. જે ભાઈને આપવા હોય તેઓ નીચેના સરનામે સંપર્ક સાધે : ન્યાલચંદભાઈ શાહ, ૬૭, લાવણ્ય સોસાયટી, નવા વિકાસગૃહ રોડ વાસણા, અમદાવાદ-૭.

સાહિત્યસંપર્ક

નાઈપૉલને નોબેલ પારિતોષિક

ભારતીય કુળના અને મૂળના વિદ્યાધર સૂરજપ્રસાદ નાઈપૉલને આ વર્ષનો સાહિત્ય માટેનો નોબેલ પુરસ્કાર આપવાની જાહેરાત થઈ છે. આ પૂર્વે ૧૯૧૩માં રવીન્દ્રનાથ ટાગોરને એમના કાવ્યસંગ્રહ 'ગીતાંજલિ' માટે પ્રથમ ભારતીયને આ પુરસ્કાર



એનાયત થયો હતો. અલબત્ત, નાઈપૉલ જન્મે ભારતીય નથી તેથી આ બીજા ભારતીયને સાહિત્યનો નોબેલ પુરસ્કાર પ્રાપ્ત થાય છે એમ કહેવામાં વાજબીપણું નથી. નાઈપૉલનો જન્મ પત્રકારત્વના ક્ષેત્રમાં રહેલા પિતા સૂરજપ્રસાદને ત્યાં ૧૭ ઑગસ્ટ, ૧૯૩૨માં ત્રિનિદાદ ખાતે થયો હતો. હા, આથી એમની રગોમાં ભારતીય લોહી અને ભારતીય સંસ્કારસુરભિ અવશ્ય હોય તે સ્વાભાવિક છે. પરન્તુ પૈતૃક વતનથી દૂર રહેલા અને દૂર શિક્ષિતદિક્ષિત થયેલા આ સર્જકને વતનની અવદશા અકળાવતી હોય તે સહજ છે અને તે માટે પોતે જ ખેવના અને ખાંખત રાખતા હોય તે પણ એટલું જ સહજ ગણાય. વળી, એ લાગણીમાંથી ધારદાર વ્યંગપ્રધાન તો ક્યારેક કયાં વિધાનો પણ કથાશૈલીમાં વણાતાં આવે તે પણ સહજ લેખાવું જોઈએ.

તેમને માટે આ પારિતોષિકનો નિર્ણય કરવા સારુ ચયનસમિતિને લાગ્યું કે તેમની પાસે એક પ્રકારની સુગ્રથિત કથનકળા છે અને વિશુદ્ધ વિશ્લેષણશક્તિ છે. બ્રિટિશ માહોલમાં ઊછરેલા આ કથાસર્જકને સંસ્થાનવાદ પછીની સામાજિક-સાંસ્કૃતિક-રાજકીય અંધાધૂંધીએ વિચલિત અને વિક્ષુબ્ધ કર્યા છે. એમની ૧૯૮૭માં રચાયેલી કૃતિ 'ધી એનિગ્મા ઑફ અરાઈવલ'ને આ સમિતિએ ખાસ લક્ષમાં લીધી છે. આ ઉપરાંત 'કમ્પેલ અસ ટુ સી ધ પ્રેઝન્સ ઑફ સપ્રેસ્ડ હિસ્ટરી'નો પણ ગણનામાં સમાવેશ થાય છે. એમણે. 'ધ મિડલ પેસેજ' નામની એમની પ્રથમ નવલેતર કૃતિમાં પોતાના વતન ત્રિનિદાદની પરિસ્થિતિનાં ભયચિંતા અને નિરાશાકંટાળો વ્યક્ત કર્યાં છે. આફ્રિકાના જીવન પર રચાયેલી બે નવલકથાઓ 'ઈન અ ફ્રી સ્ટેટ' તથા 'અ બેન્ડ ઈન ધ રિવર'માં ત્યાંનાં લોકોનાં દુઃખદર્દ અને શાસકોના રંજાડની જે વાત કરી છે તે ઘણા વિવેચકોને ગમી હોય તેમ લાગતું નથી. પરન્તુ 'હૂ કેર્સ ?' એ નિર્ભીક ન્યાયબુદ્ધિથી તેઓ સતત લખતા રહ્યા છે. એમણે બિન-આરબ દેશોની જે સફર ખેડી અને જોયું કે જેઓ ધર્માન્તર કરીને ત્યાં રહે છે તેઓને પોતાના પૂર્વ-ઈસ્લામિક અતીતને નકારવો-નિષેધવો પડે છે અને પ્રવર્તમાન ઈસ્લામી રાજકીય મહોરાં પહેરીને ફરવું-હરવું પડે છે. એમનાં આવાં નિરીક્ષણ અને અભિવ્યક્તિથી ઈસ્લામિક દેશોમાં, ખાસ કરીને આજના સંઘર્ષપ્રધાન સમયમાં વિરોધ થાય તે સ્વાભાવિક છે. એમની એક મહત્ત્વની રચના 'અ હાઉસ ફૉર મિસ્ટર બિશ્વાસ'માં ભારતીય આગંતુકોને કૅરિબિઅનમાં સમરૂપ થતાં કેવી હરકતો અને હાલાકી સહવાં પડે છે તેની વાત સ્પષ્ટ અને વેધકપણે કરી છે. એમણે કોઈ પણ પ્રકારના વિવેચનાત્મક કે જનતાત્મક વિરોધને ગણકાર્યા વગર પોતાની રીતે આત્મસત્તાથી સર્જન કર્યું છે.

૧૯૫૦થી તેઓ ઈંગ્લંડમાં વસ્યા પણ સતત વિશ્વપ્રવાસ કરતા રહ્યા છે. એ પ્રવાસે એમને સતર્ક અને સજાગ રાખ્યા છે. એમનું શિક્ષણ પ્રથમ પૉર્ટ-ઑ-પ્રિન્સમાં અને પછીથી ઑક્સ-ફર્ડ યુનિવર્સિટીમાં થયેલું. એમને ૧૯૯૦માં રાણી ઈલિઝાબેથ તરફથી 'નાઈટ'નો ઈલકાબ અપાયો હતો. એમને ૧૯૭૧માં 'ઈન અ ફ્રી સ્ટેટ' માટે બૂકર પારિતોષિક પણ એનાયત થયેલું. આરંભમાં એમને એકલતા અને નાણાંના અભાવનો સામનો કરવો પડ્યો હતો. પણ એ દુર્દશા ધીમેધીમે સુખમયતામાં પલટાતી ગઈ. ૧૯૫૫માં ૨૩ વર્ષની વયે પૅટ નામનાં મહિલા સાથે તેઓ લગ્નગ્રંથિથી જોડાયા. જો કે એ લગ્નજીવન દરમિયાન પણ એમના લગ્નબાહ્ય સંબંધો જારી રહેલા છતાં દામ્પત્યમાં વાવાઝોડું

શબ્દકથા

પાણેરી

રાજપરિવારની જરૂરિયાતોના સંદર્ભે કેટલાક વિભાગો રહેતા, જેમ રાજપરિવારના અલંકારો જ્યાં રહેતા સચવાતા તે ઘરેણાઘર, વસ્ત્રો રહેતા તે વસ્ત્રઘર, રસોઈઘર, ઈત્યાદિ. આવો જ એક મહત્ત્વનો વિભાગ હતો પાણીઘર. આ દરેક વિભાગના ઉપરી-અધ્યક્ષ રહેતા ને તેની નીચે સેવકોનો કાફલો મદદમાં રહેતો.

કેટલીક જાતિનો એક વર્ગ-સમૂહ કેટલાંક ખાસ નોકરી-વ્યવસાય સાથે મધ્યકાળમાં જોડાયેલ રહેતો ને તેનાથી જ ઓળખાતો. પછીથી સમય જતાં તે નોકરી-વ્યવસાય જ તેની અટક બની રહેતી. જેમ કે, બ્રાહ્મણોમાંની વર્તમાન પાણેરી અટક મધ્યકાળમાં રાજસ્થાનમાં બ્રાહ્મણોનો એક વર્ગ રાજઘરાનાના અમુક નોકરી વ્યવસાય સાથે સંકળાયેલો હતો. આગળ નોંધ્યું તેમ રાજપરિવારની જરૂરિયાતોનો એક વિભાગ પાણી-વિભાગ હતો. રાજસ્થાની ભાષામાં આને 'પાણેરા કહેવાતો. રસોઈઘર ને પાણીઘર મહત્ત્વનાં ને સંવેદનશીલ વિભાગ ગણાતા, કેમ કે રાજા કે રાજપરિવારના કોઈ સભ્યને ખાન-પાનમાં વિષ ન અપાય તેની ખાસ તકેદારી-કાળજી રાખતી પડતી. આવાં અનેક પ્રસંગો-ઉદાહરણો મળે છે, જેમાં રાજા કે રાજપરિવારના કોઈ સદસ્યને ખાનપાનમાં વિષ અપાયું હોય. આથી આ બન્ને સંવેદનશીલ વિભાગના અધિકારી-અધ્યક્ષ સૌથી વધુ વિશ્વસનીય હોવો આવશ્યક ગણાતો.

રાજપરિવારને ખાસ તો મહારાજા માટે પીવા-વાપરવાનું પાણી જ્યાંથી આવતું તે નિશ્ચિત કૂવો કે વાવ રહેતી ને તેના ઉપર કડક જાપ્તો રહેતો, જેથી તેમાં કોઈ વિષ ન ભેળવે. અહીંથી પાણી રાજમહેલ સુધી લઈ જવાય ત્યારે ને ત્યાં (રાજમહેલમાં) પણ પૂરતી સલામતી કાળજી રખાતી. આ વિભાગના અધ્યક્ષની જવાબદારી સામાન્ય રીતે વંશપરંપરાગત રહેતી. તેની સ્વાભિવ્યક્તિ અને વિશ્વસનીયતા મહત્ત્વની રહેતી. આમ તો 'પાણેરા' શબ્દ પેય જળની ઉપલબ્ધિ સૂચવે છે. આમ છતાં એ એક એવું સ્થાનવિશેષ હતું જ્યાં મહારાણાના અલ્પાહાર સંબંધિત સમગ્ર પેય, ફળફૂલ, દેવાલયોની પ્રસાદસામગ્રી, ઔષધિઓ અને સર્વ પ્રકારનાં દેશીવિદેશી મદિરાનો સંગ્રહ રહેતો. આધુનિક ભાષામાં આને 'પૅન્ટ્રી' કહી શકાય. તેના નક્કી કરેલા નિયમો હતા. આ વિભાગના વડા મેનારિયા બ્રાહ્મણો તેની મૂળ અટકના બદલે પછીથી 'પાણેરી' અટકથી જ ઓળખાવા લાગ્યા. તેઓને માદડી, બાના (ઉદયપુર), ગુવારડી (રાજસમન્દ), બોરખેડી (મંદસૌર) વગેરે ગામો જાગીર-માફમાં અપાયેલ. આના મૂળ પુરુષ એકલિંગનાથ મહારાણા ઉદયસિંહની સાથે ચિતોડથી (ઉદયપુર) આવેલ, મહારાણાના 'પાણેરી' હમેશા તેમના કૃપાપાત્ર રહેતા. આ રીતના શબ્દો ભારતીય જનજીવનની ઈતિહાસ સંબંધી સામગ્રી માટે મહત્ત્વના બની રહે છે.

હસમુખ વ્યાસ

ફરી વળ્યું નહોતું. આ પ્રથમ પત્ની પૅટનું ૧૯૯૬માં નિધન થતાં એમણે નાદીરા ખાનુમ અલવી નામની અન્ય મહિલા સાથે લગ્ન કર્યું. એમના આ અંગત જીવનના પ્રશ્નોની સંળભેળ એમના સાહિત્યિક જીવન પર પ્રભાવક રહી નથી. એમણે તો પ્રજા, મનુષ્ય, મનુષ્યનું મુક્તજીવન, રાજકીય ભ્રષ્ટતા, સાંસ્કૃતિક કટોકટી આદિ સમસામયિક પ્રશ્નોને વેધક શૈલીએ વાચા આપી છે. એમાં એમની તત્કાલીનતાથી પાર જઈ સર્વકાલીનતા સાધવાની વૃત્તિ અછતી રહેતી નથી. એમનું સાહિત્યસર્જન વાદવિવાદના વંટોળમાં ફંગોળાતું-ફેંકાતું રહ્યું હોવા છતાં તેમાંની સર્જનાત્મકતા ને સર્વકાલીનતાએ તેમને આજે આ પુરસ્કારના અધિકારી બનાવ્યા છે. -ધીરુ પરીખ

અવલોકન

મહર્ષિ અરવિંદના ભાવવિશ્વમાં...

પ્રખર દાર્શનિક મહર્ષિ અરવિંદના ભાવવિશ્વમાં લઈ જતાં મહર્ષિકૃત મહાકાવ્ય 'સાવિત્રી'ની સંક્ષિપ્ત મીમાંસા સાધક-શોધક-લેખક જગદીશ વ્યાસે 'સાવિત્રી' (એક અધ્યયન) શીર્ષક હેઠળ રજૂ કરી છે. સત્યવાન અને સાવિત્રીના કથાનક વડે મહર્ષિએ તો જિંદગીના પરમ અને ચરમ સત્યને તારવી બતાવ્યું છે, એ પણ કાવ્યશૈલીમાં.

માણસની રસના ઈન્દ્રિયોના માલિક મનની વાત અશ્વપતિના પ્રતીક પાત્ર વડે સમજાવવામાં આવી છે. માણસનું મન તેના કાબૂમાં રહેતું નથી. ભટકતા મનને કાબૂમાં રાખવું એ જ અનન્ય સિદ્ધિ. પરંતુ, એ જેવા-તેવાનું કામ નહીં. તપ, યોગ, સાધના જેવાં સાધનો કામે લગાડવાં પડે.

લેખકે પ્રસ્તુત પુસ્તકમાં 'સાવિત્રી' મહાકાવ્યના પર્વ-૧ના સર્ગ-૧ થી ૫ની સરળ રીતે ભાવવાહી છણાવટ કરી છે. શ્રી અરવિંદે 'સાવિત્રી'ના વિષયવસ્તુ વિષે નોંધ્યું છે કે, 'સાવિત્રી' એક એવા દર્શનનું, એક એવી અનુભૂતિનું નિરૂપણ છે કે જે સાધારણ પ્રકારનું નથી. એટલે લોકો એની કદર કરશે, કે એને સમજશે એવી આશા તમારે રાખવી ન જોઈએ.

શ્રી માતાજીએ પણ આ મહાકાવ્ય વિષે કહ્યું છે કે, વાસ્તવિક રીતે 'સાવિત્રી' કંઈક નગદ વસ્તુ છે, જીવતીજાગતી વસ્તુ છે. ચેતનાથી તે ઠાંસી-ઠાંસીને ભરાયેલી છે. તે એક પરમ જ્ઞાન છે. એક અધ્યાત્મ-પંથ છે, યોગ છે, તપસ્યા છે. લેખકે સરળ, રસાળ અને રોચક શૈલીએ મહર્ષિના સારભૂત શબ્દને અત્રે ઉદ્ધૃત કર્યો છે. જે સામાન્ય વાચકથી લઈને સાધક સુધીના સહુ કોઈને ઉપયોગી બની રહે તેમ છે..

(સાવિત્રી (એક અધ્યયન) : લે. જગદીશ વ્યાસ, પ્ર. ધીરજ પ્રકાશન, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦ ૧૩, વિક્રેતા-ગૌરાંગ વ્યાસ, ૯૪, શારદાનગર, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭, પ્ર. આ ૨૦૦૧, પૃ. ૧૩૮, ડબલ કાઉન સાઈઝ, પાકું પૂંઠું, કિં. રૂ. ૪૦/-)

માનવમનની વિડંબના અને યોગનો સાક્ષાત્કાર

શ્રી અરવિંદના જીવનદર્શન અને મર્મને સરળ બાનીમાં રજૂ કરતાં ઘણાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. હિન્દુ ધર્મ, દર્શન અને તત્ત્વ-ચિંતનના અભ્યાસી રોહિત મહેતાએ મહર્ષિ અરવિંદના જ્ઞાનસૂત્ર વિષે કરેલાં પ્રવચનોનું સંકલન-સંપાદન લેખક જગદીશ વ્યાસે 'યોગ, આધુનિક મનોવિજ્ઞાન અને શ્રી અરવિંદ' પુસ્તકમાં સામેલ કર્યું છે. માનવમનની વિડંબના અને યોગનો સાક્ષાત્કાર વાચક-ભાવકને એક જુદા જ ભાવવિશ્વ તરફ દોરી જાય છે. વક્તા રોહિત મહેતાએ શ્રીઅરવિંદના જીવનદર્શનના પરિપ્રેક્ષ્યમાં સારભૂત વક્તવ્ય આપેલું છે, જ્યારે સંપાદકે પણ જહેમતપૂર્વક વ્યાખ્યાનોનું મહત્ત્વ-પૂર્ણ સંકલન કરી આપ્યું છે.

મહર્ષિએ પ્રબોધેલા સિદ્ધાંત અનુસાર યોગ એ આપણું પ્રાચીન મનોવિજ્ઞાન છે. માણસ જ્યારે માનસિક તનાવનો ભોગ બને છે ત્યારે તેને મન અને શરીરને યોગ દ્વારા જ મુક્તિનો અહેસાસ થાય છે. પ્રસ્તુત પુસ્તકમાં ચૈતસિક અનુભૂતિ અને મનની શાંતિની વાત કરી છે. ચેતના સર્વત્ર-સર્વવ્યાપક છે; છતાં આજના યુગમાં ચેતનાની કટોકટી છે. માણસને સલામતીની ચિંતા સતાવે છે. આર્થિક સંપત્તિ, સામાજિક પ્રતિષ્ઠા ચાલી જશે, એનો ભય સતત માણસનો પીછો કરે છે, એનાથી બચવા માણસે યોગના શરણે જવાનું છે. માણસનું મન આંતર-બાહ્ય જગત સાથે પરિવર્તન કરાવી શકે છે એ યોગનો પ્રતાપ છે. એકંદરે પુસ્તકમાં નખશિખ અધ્યાત્મ કેડી કંડારી આપવામાં આવી છે.

[યોગ, આધુનિક મનોવિજ્ઞાન અને શ્રી અરવિંદ : વક્તા-રોહિત મહેતા, સં. જગદીશ વ્યાસ, પ્રકાશન અને વિક્રેતા ઉપર મુજબ, પ્ર.આ. ૨૦૦૧, પ્ર. ૧૪૨, ડબલ કાઉન સાઈઝ, પાકું પૂંઠું, કિં. રૂ. ૪૦.] -દિનેશ દેસાઈ

પ્રાપ્ત પ્રકાશનો


પરિચય ટ્રસ્ટ (મહાત્મા ગાંધી મૅમોરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨)નાં પ્રકાશનો : પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ નં. ૧૦૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ : ડૉ. ભાનુ ર. શાહ, ૧૦૦૧ ઈ. કૉમર્સ : અભિજિત દોશી, ૧૦૦૨ માથાનો દુખાવો : ડૉ. પ્રવીણ શાહ, ૧૦૦૩ શેરબજારમાં ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ : જયેશ ચિતલિયા, ૧૦૦૪ ભારતની વિદેશ નીતિનું વિહંગાવલોકન : ઉષા ઠક્કર, ૧૦૦૫ માનવ અધિકારો : યોગેશ કામદાર, ૧૦૦૬ ગુલાબદાસ બ્રોકર : દીપક મહેતા, ૧૦૦૭ વાલ્મીકિ રામાયણ : યોગેશ પટેલ, ૧૦૦૮ થાઈરોઈડની ગ્રંથિ : ડૉ. નલિન શાહ અને ડૉ. રાકેશ મલ્હોત્રા, ૧૦૦૯ વીસમી સદીની મહત્ત્વની ઘટનાઓ : રાજેન્દ્ર દવે, ૧૦૧૦ હૉસ્પિટલ છેલ્લો વિસામો : ડૉ. સરોજિની જિતેન્દ્ર સંઘવી, ૧૦૧૧ વૉલ્ટ ડિઝની : અભિજિત વ્યાસ, ૧૦૧૨ થૅલેસામીઆની બીમારી : ડૉ. કેતન ઝવેરી ૧૦૧૩ યાદગાર દસ્તાવેજી ચિત્રો : અમૃત ગંગર, ૧૦૧૪ પૂર્વનું તત્ત્વજ્ઞાન : પૂર્ણિમા દવે, ૧૦૧૫ બાળક દત્તક લેતાં પહેલાં : નીલિમા મહેતા, ૧૦૧૬ ઉમર ખય્યામ : બકુલ બક્ષી, ૧૦૧૭ બૅન્ક અને ખાતેદાર : સુધાકર શાહ, ૧૦૧૮ શ્રી વિવેકાનંદ રિસર્ચ ઍન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ : રજનીકુમાર પંડ્યા. ૧૦૧૯ બૉન્સાઈ વામન વૃક્ષ ઉગાડવાની કળા : જ્યોત્સ્ના તન્ના, ૧૦૨૦ આપણા સ્મૃતિગ્રંથો : યોગેશ પટેલ, ૧૦૨૧ નર્મદા યોજનાના ચાર દાયકા : દિગંત ઓઝા, ૧૦૨૨ મુંબઈ શેરબજારની વિકાસગાથા : જયેશ ચિતલિયા, ૧૦૨૩ આપણા શરીરના કોષો : ડૉ. લોપા મહેતા ૧૦૨૪ હરીન્દ્ર દવે : સુરેશ દલાલ, ૧૦૨૫ વૃદ્ધાવસ્થાને સમજીએ : હર્ષિદા રામુ પંડિત ૧૦૨૬ જિનેટિક એન્જિયરિંગ ડૉ. મનુ કોઠારી. દરેક ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, દરેક ૩૨ પાનાં, દરેકની કિંમત રૂ. ૬.

ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. (૧૯૯-૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨ અને ૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦ ૦૬)નાં પ્રકાશનો : થોભ, નહીં તો થાકી જઈશ (લેખસંગ્રહ) : લે. હરિભાઈ કોઠારી, ડિમાઈ સાઈ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૭૦. શ્રીમદ્ રાજચંદ્ર (જીવનરેખા), સંકલન : જયા મહેતા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૯૪, રૂ. ૪૦. દરિયા પારના દર્પણમાં (ટૂંકી વાર્તા સંગ્રહ)

સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]





મારું બયાન એ રીતે કીધું નદી સમક્ષ,
એક ખાલી નાવ સોંપી ને પાછો ફરી ગયો.
-હર્ષદ ત્રિવેદી

અણજાણ વાદળી કો' વરસી ગઈ છે વ્હાણું,
તારોડિયું ખર્યું છે, તડકો કદાચ તૂટે.
-હરિકૃષ્ણ પાઠક

સંપાદન : ડૉ. જયંત મહેતા અને પ્રીતમ લખલાણી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૯૦. ધૂમકેતુનું આકાશ (ધૂમકેતુ વિશેષ) સંપાદન : સુરેશ દલાલ, ડિમાઈ સાઇઝ, પાકું પૂઠું. પૃ. ૪૬૪, રૂ. ૩૦૦. બરફમાં મેઘધનુષ (અમેરિકામાં વસતા કવિઓની કવિતાઓનો સંચય) સં. ડૉ. જયંત મહેતા અને, પ્રીતમ લખલાણી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું. પૃ. ૧૪૪, રૂ. ૯૦.

અન્ય પ્રકાશકોનાં

ભૂકંપ (કાવ્યસંગ્રહ) લે. મધુવીર સોલંકી 'અર્મિત મિત્ર', ગૌરીબહેન એમ. સોલંકી, ૭૧-૨૫૮ મહાવીર ચાલ, જેઠીબાઈની ચાલી, રાજપુર, અમદાવાદ-૧, ક્રાઉન સાઈઝ, પૃ. ૪૮, રૂ. ૨૫. જી-પાંચથી જી-શૂન્યતા (લેખસંગ્રહ) લે. હરેશ ધોળકિયા, પ્ર. પોઝિટિવ એટીટ્યૂટ ટ્રેનિંગ સેન્ટર, ન્યૂ મિન્ટ રોડ, ભૂજ-કચ્છ, ડિમાઈ સાઈઝ, પૃ. ૪૮, રૂ. ૩૦. સૂર્યની શોધ પહેલાં (ગઝલસંગ્રહ) લે. કિશોર વાઘેલા, પ્ર. પોતે, ૩૦૬, શિવસાગર ફલૅટ્સ, તખ્તેશ્વર તળેટી, ભાવનગર-૩૬૪ ૦૦૧. ડિમાઈ સાઈઝ, પૃ.૭૨, રૂ. ૭૫. સરદારવંદના (કાવ્યાંજલિ સંચય) સં. દિલેરબાબુ, રાહી ઓધારિયા, ગુણવંત ઉપાધ્યાય અને પથિક પરમાર, પ્ર. એકટીવ કળાવૃંદ, ૧૦૨, સ્વપ્રીલ ફલૅટ્સ, ફૂલવાડી, ભાવનગર-૩૬૪૦૦૨. ડિમાઈ સાઈઝ, પૃ. ૭૨. રૂ. ૭૫. કલારાગ (રંગભૂમિના અભ્યાસ લેખો અને ચરિત્ર લેખો) લે. દિનકર ભોજક, પ્ર. પોતે, સ્ટેશન રોડ, માયા બજાર, વિસનગર-૩૮૪૩૧૫, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૧૬, રૂ. ૫૦. અને જાતક કાવ્યો (કાવ્યસંગ્રહ) લે. ઈન્દુ પુવાર, પ્ર. લજ્જા કૉમ્યુનિકેશન્સ, રજો માળ, સુપર માર્કેટ, રાજેન્દ્ર પાર્ક, વલ્લભવિદ્યાનગર, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૦૬, રૂ. ૫૦. જીવનગીત (કાવ્યસંગ્રહ) લે. વિહંગનાયક, પ્ર. નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨, દેરાસર પાસે, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ડિમાઈ સાઈઝ, પૃ. ૫૬, રૂ. ૫૦. લઘુકથાવિશેષ (લેખો અને લઘુકથાસંગ્રહ) સંપાદકો : ભગવત સુથાર, દિલીપ રાંચ અને રમેશ ત્રિવેદી, પ્ર. મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ કડી-૩૮૨૭૧૫, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૭૬, રૂ. ૧૦૦. સચેતસ (લેખસંગ્રહ) લે. ડૉ. અરુણ કક્કડ, પ્ર. પ્રવીણ પુસ્તક ભંડાર, લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૦૪, રૂ. ૬૦. નઈ તાલીમ દ્વારા સમાજપરિવર્તન મણકો-૧૮ (પરિચયમાળા) લે. મનુસખભાઈ સલ્લા, પ્ર. ગુજરાત નઈ તાલીમ સંઘ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૧૨, કિંમત જણાવી નથી.

માથેરાન
(દેશાટન-૩૩)




માથેરાન એક હિલ સ્ટેશન છે. માથેરાનનો અર્થ થાય છે ગાઢ જંગલોથી ઘેરાયેલો પર્વત. પશ્ચિમ મહારાષ્ટ્રના કર્જત જિલ્લામાંના સહ્યાદ્રી પર્વત પર અને મુંબઈથી ૧૦૮ કિ.મી. દૂર માથેરાન આવેલું છે.

માથેરાન સુંદર વનો અને આહ્‌લાદક વાતાવરણ માટે ખૂબ જાણીતું છે. સમુદ્રતટથી ૮૦૦ મીટરની ઊંચાઈએ આવેલું માથેરાન ૭.૩૫ ચોરસ કિ.મી. જેટલા પ્રદેશમાં ફેલાએલું છે. ઉનાળાની સખત ગરમીમાં પણ અહીંનું તાપમાન ૨૦થી ૩૦ ડિગ્રી સેલ્સિયસ હોય છે. આ પર્વત પર એક વખત આદિવાસી માનવીઓનું નિવાસસ્થાન હતું. હવે તેઓ નીચેની ઘાટીઓમાં રહે છે. લૉર્ડ એલ્ફિન્સ્ટને સન ૧૮૫૪માં સૌથી પહેલો પોતાનો બંગલો આ પર્વત પર બનાવ્યો. ત્યાર બાદ શ્રી અબ્દુલ હુસેન અને સર આદમજી પિરભોય દ્વારા અહીં રેલવે શરૂ થઈ. અત્યારે માથેરાનમાં નગરપાલિકા છે અને દરેક પ્રકારની સુવિધા જેવી કે હાઇ સ્કૂલ, હૉસ્પિટલ, રમતગમતનું મેદાન, બૅન્ક, પુસ્તકાલય વગેરે છે. એમ.ટી.ડી.સી. ગેસ્ટ હાઉસ ઉપરાંત આધુનિક સુવિધાવાળી અન્ય હોટેલો પણ છે. માથેરાન ફરવા જવાનો ઑક્ટોબરથી મે મહિના સુધીનો સમય સૌથી ઉત્તમ છે.

માથેરાનમાં પેનોરમા, ગાર બેટ, અેલેક્ઝેન્ડર ચોંક, બેલવેડર, ઈકોપૉઇન્ટ (એક વૃક્ષવાળી ટેકરી) વગેરે જોવાલાયક સ્થળો છે. 'શેરલૉટ લેક'નામનું બહુ સુંદર તળાવ માથેરાનને પાણી પૂરું પાડે છે. અહીંનું મધ પણ પ્રખ્યાત છે. વાંદરાં, હરણ, ચિત્તા વગેરે પ્રાણીઓ અને રૉબિન, કિંગ ફિશર, બુલબુલ વગેરે પક્ષીઓ અહીંનાં ગાઢ જંગલોમાં જોવા મળે છે.

માથેરાન સડક દ્વારા અને રેલવે દ્વારા જઈ શકાય છે. નજીકનું રેલવે સ્ટેશન નેરલ છે, જે મુંબઈથી ૮૭ કિ.મી. અને પૂનાથી ૧૨૬ કિ.મી. દૂર છે. નેરલથી એક નાની ગાડી ટૉય ટ્રેન માથેરાન સુધી જાય છે. આ ગાડીનો પ્રવાસ એક સુખદ અનુભવ કરાવે છે. ('યોગક્ષેમ'ને આધારે)



છે યુદ્ધ તો જગવવું પણ પ્રેમ રાખી,
લોહી લીધા વગર લોહી દઈ જ દેવું !
તાકાત હોય કરવા સહુ સાહસો આ,
જો મૃત્યુ પાછળ ય રાખી શકે તું આશા,
તો કેડી છોડી નવી કેડી તું ખેડતો છો,
જા તું ફરી જગતના ક્રમમાં નહીં તો.

('કલાપીનો કેકારવ'માંથી) -કલાપી

નૃત્યકાર લચ્છુ મહારાજની જન્મશતાબ્દી

આ વર્ષે જાણીતા શાસ્ત્રીય નૃત્યકાર લચ્છુ મહારાજની જન્મશતાબ્દી છે. એમનો પૂરો પરિવાર કથકનૃત્યને સમર્પિત રહ્યો છે ! એમના કાકા બિંદાદીન મહારાજ આ શૈલીના આત્મા સમાન 'લખનૌ ઘરાના'ના જનક ગણાય છે. પિતા પંડિત કાલિકાપ્રસાદજી શ્રેષ્ઠ તબલાનવાઝ હતા. ત્રણ ભાઈઓ અચ્છન મહારાજ, લચ્છુ મહારાજ અને શંભુ મહારાજ, ભત્રીજા બિરજુ મહારાજ, ભત્રીજા-પુત્રો જયશંકર મહારાજ, દીપક મહારાજ... વગેરે બધાએ આ કલાવારસાને સાચવ્યાં અને દીપાવ્યો છે.



ઉત્તર ભારતના કથક નૃત્ય પરંપરાના જ્ઞાત અને ગુરુ એવા લચ્છુ મહારાજનો જન્મ એક સદી અગાઉ ૧૯૦૧માં થયો હતો. એમનું મૂળ નામ પંડિત બૈજનાથજી હતું. કાકા, પિતા અને મોટા ભાઈ પાસેથી નૃત્યનું તથા ઉસ્તાદ ફૈયાઝખાં પાસેથી સંગીતનું શિક્ષણ મેળવેલું. વિવિધ વિષયો ઉપર એમણે 'માલતીમાધવ', 'ગૌતમ બુદ્ધ', 'રાધાકૃષ્ણલીલા' જેવી અનેક કથક શૈલીની નૃત્યના ટિકાઓની રચના અને તેમાં નવીન પ્રયોગ પણ કર્યા.

મુંબઈનિવાસ દરમ્યાન એમણે 'રામરાજ્ય'થી માંડીને 'એક હી રાસ્તા', 'મુઝે જીને દો', 'મોગલ-એ-આઝમ', 'તીસરી કસમ', 'પાકીઝા' સુધીની ઘણી ફિલ્મોમાં નૃત્ય-દિગ્દર્શન પણ કરેલું. વિવિધ રાજ્યોમાં પોતાનાં નૃત્યો દ્વારા એમણે કથક અને લખનૌ ઘરાનાને ગૌરવ અપાવ્યું. ભાવોને સંગીતમય બનાવીને તેની તાલબદ્ધ રજૂઆતમાં એમની કલાક્ષમતા અનુપમ હતી. તો ઠુમરી, દાદરા, પૂરવી, ખયાલ વગેરે ગાયકીમાં પણ તેઓ એટલા જ કુશળ હતા.

સંગીતની સેંકડો 'ચીજો' એમને કંઠસ્થ હતી. એમને મન 'કથક' એ શિવ-કૃષ્ણનું નૃત્ય હોઈ એની શાસ્ત્રીય શુદ્ધતાના તેઓ ચુસ્ત આગ્રહી હતા. સંગીત-નાટ્ય અકાદમી પુરસ્કાર (૧૯૫૭)થી સન્માનિત,લચ્છુ મહારાજે પદ્મશ્રી ઍવૉર્ડ (૧૯૭૪)નો અસ્વીકાર કર્યો હતો. આજના લગભગ બધા સુખ્યાત કથક નર્તકો તેમની પાસે નૃત્યશિક્ષણ પામ્યા છે. 'નૃત્યકારોમાં વિભૂતિપુરુષ' ગણાય એવા આપણા આ સાત્ત્વિક કલા-ઉપાસકનું ૧૯મી જુલાઈ, ૧૯૭૮ના રોજ નિધન થયું.

-ભરત'કુમાર' પ્રા. ઠાકર

વિશ્વસંસ્કૃતિના દ્રષ્ટા મહાત્મા ગાંધી

મહાત્મા ગાંધીએ ભારતીય સંસ્કૃતિના સમન્વયાત્મક સ્વરૂપને એની ગતિશીલતાથી, એના મિલનસારપણાથી અને એની સમગ્રતાની સાથે ઓળખ્યું હતું. તેથી એમણે ઉદ્‌ઘોષ કર્યો હતો,

'ભારતીય સંસ્કૃતિ ભિન્ન ભિન્ન ધર્મોમાંથી આવી છે એ બધી સંસ્કૃતિઓનો સંગમ છે, પરિણામે એ સંસ્કૃતિઓનું નવસંસ્કરણ થયું છે. એટલે જ ભારતીય સંસ્કૃતિ ભારતીય જ છે, તે સંપૂર્ણપણે હિન્દુ નથી, ઈસ્લામી નથી કે બીજું કંઈ નથી. તે બધી સંસ્કૃતિઓનો સમવાય છે અને એનું સાચું સ્વરૂપ પૂર્વનું છે.' એમણે દેશવાસીઓને આહ્વાન કર્યું હતું કે 'તેઓ પોતાની સંસ્કૃતિને અપનાવે તેમજ કમર કસીને એની રક્ષા માટે આગળ આવે અને એના પર થઈ રહેલા પ્રહારોનો પ્રાણપણે મુકાબલો કરે.' એમનો ઉદ્‌ઘોષ હતો, 'પોતાને ભારતીય કહેવડાવનાર દરેક સ્ત્રીપુરુષનો ધર્મ છે કે તેઓ આ સંસ્કૃતિને અપનાવે, એના રક્ષક બને, એના પર થતા આક્રમણોનો સામનો કરે.'

ગાંધીજી ભારતીય સંસ્કૃતિને સાચા અર્થમાં સમજ્યા હતા. તેઓ માનતા હતા કે ભારતમાં ભલે જુદા જુદા ધર્મો, જુદા જુદા મતો, પંથ કે... સંપ્રદાય છે પરંતુ આપણી સંસ્કૃતિનો વ્યાપ એટલો વિરાટ છે કે એની પરિધિમાં બધા જ આવી જાય છે. અનેક પ્રણાલીઓ, વ્યવસ્થાઓ અને પરંપરાઓમાં આસ્થા રાખવા છતાં અહીંનાં લોકોનાં હૃદયમાં મુખ્યત્વે એકાત્મભાવ રહેલો છે. એટલે ગાંધીજીનો દૃઢ વિશ્વાસ હતો કે જ્યાં સુધી આપણી સંસ્કૃતિ માટે અચળ ભક્તિ નહીં હોય, ત્યાં સુધી આપણે બીજી કોઈ સંસ્કૃતિના મર્મને પામી શકીશું નહીં, તેના સુંદર અને શિવતત્ત્વ તરફ અભિમુખ થઈ શકીશું નહીં. એમણે કહ્યું હતું, 'એકદમ એકાંતિક થઈ જવું કે દીવાલો ઊભી કરી દેવી એ મારા વિચારોમાં બિલકુલ નથી, પરંતુ હું ખૂબ જ ભાર દઈને માનપૂર્વક કહેવા ઇચ્છું છું કે આપણી સંસ્કૃતિ માટે આદર રાખીને અને એનો અંગીકાર કરીને જ આપણે બીજી સંસ્કૃતિઓનો આદર કરી શકીશું, તે પહેલાં નહીં. મારો દૃઢ મત છે કે આપણી સંસ્કૃતિ જેવી સમૃદ્ધ બીજી કોઈ સંસ્કૃતિ નથી, પરંતુ આપણને આપણી સંસ્કૃતિનો પરિચય નથી એટલું જ નહીં, પણ એના અધ્યયનની વિરુદ્ધ તર્ક કરવામાં આવે છે અને એનું મહત્ત્વ ઓછું કરવા માટે મજબૂર કરવામાં આવે છે. આપણે આપણી સંસ્કૃતિને ઘણુંખરું ભૂલી ગયાં છીએ. સંસ્કૃતિનું અધ્યયન કર્યા વગર બૌદ્ધિક રીતે તેનો સ્વીકાર સુગંધિત દ્રવ્યોથી રક્ષાયેલા શબ જેવો છે. શબ દેખાવમાં સુંદર લાગે છે, પણ નથી એની પાસેથી કોઈ પ્રેરણા મળતી કે નથી આપણી પ્રતિષ્ઠામાં કંઈ વધારો થતો.' ગાંધીજી મન, વચન અને કર્મથી પશ્ચિમની જીવનશૈલીનો ખૂબ વિરોધ કરતા હતા, છતાં પણ તેઓ એની વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓ, ભૌતિક સુખ-સાધન મેળવવા માટેની એની બહુમુખી કાર્યપદ્ધતિઓ અને વિવિધ ક્ષેત્રોની એની પ્રવૃત્તિઓની તેઓ કદર કરતા હતા. પશ્ચિમની સભ્યતા, સંસ્કૃતિ અને ટેક્નોલૉજીને તેઓ વારંવાર આસુરી, તામસી, શેતાની, રાક્ષસી વગેરે કહેતા હતા તો એની પાછળ એમનું સ્પષ્ટ મંતવ્ય હતું કે એમાં ભોગવાદ, ભૌતિકવાદ, સામ્રાજ્યવાદ, પ્રકૃતિનું દોહન, શોષણ, હિંસા, અને બાહ્યાચાર મુખ્ય છે. પશ્ચિમના ઉદ્યમનો અને આપણા અધ્યાત્મનો સંગમ થાય તો માનવને માટે શ્રેયસ્કર એવી એક નવી વિશ્વવ્યવસ્થાનો ઉદય થાય. ગાંધીજીના શબ્દોમાં : 'પૂર્વનાં લોકો એવા ચિંતનમાં ડૂબ્યા કે મૂળ તત્ત્વને તેઓ ભૂલી ગયાં કે તેમણે આળસ અને પ્રમાદને તજવાનાં છે. જ્યારે તેમની સામે કોઈ વિઘ્ન આવ્યું ત્યારે તેઓ સાહસ ન કરી શક્યાં. તેથી પૂર્વની સભ્યતા પશ્ચિમની સભ્યતાના સંપર્કમાં આવે અને એની અંદર પશ્ચિમની સભ્યતાનો જોશ અને ઉત્સાહ આવે. એની પાસે એક ધ્યેય છે. તેથી જ્યારે એનામાં જોશ અને ઉત્સાહ આવશે ત્યારે મને જરા પણ શંકા નથી કે એ મોખરાનું સ્થાન પ્રાપ્ત કરશે. જે સભ્યતા કે અવસ્થામાં બધી શક્તિઓ કેંદ્રથી દૂર જાય છે, એની સામે કોઈ લક્ષ્ય હોઈ શકે નહીં એમ મારું માનવું છે. આનાથી ઊલટું જ્યાં શક્તિઓ કેંદ્ર તરફ જાય છે ત્યાં લક્ષ હોય છે. તેથી બંને સભ્યતાઓ પરસ્પર મળે એ જરૂરી છે. આમ થશે તો નવી શક્તિ જન્મ પામશે. આ બંને શક્તિઓ ભયપ્રેરક નહીં હોય, વિભક્ત કરનારી નહીં હોય, જોડનારી હશે.'

કોઈ પણ રાષ્ટ્ર કે સમાજની સંસ્કૃતિ અલગ નથી રહી શકતી. એની જીવંતતા, સાર્થકતા તેમજ ઉદાત્તતા માટે નિતાન્ત બીજી સંસ્કૃતિઓનાં વિવિધ રૂપો સાથે જોડાવાની અત્યંત આવશ્યકતા છે. ગાંધીજી માનતા હતા - 'સંસ્કૃતિ કોઈ એકાંતિક શબ્દ નથી.' એટલે એમણે કહ્યું હતું, 'જો કોઈ સંસ્કૃતિ એકાન્તિક થવાની ચેષ્ટા કરે તો તે જીવંત રહી શકે નહીં.' 'હું ઇચ્છું છું કે બધા દેશોની સંસ્કૃતિઓ મારા ઘરની આસપાસ આઝાદીથી ભલે ફૂલેફાલે, પરંતુ હું કોઈનાથી પણ ખેંચાઈ ન જાઉં.' એમના આ વિચારો વિશ્વીકરણના વિશ્વવ્યાપી રોગની હવામાં વધારે પ્રસ્તુત બન્યા છે. હાલના વૈશ્વીકૃત જાગતિક માળખામાં સહભાગિતાનો અર્થ એ નથી કે બધી સંસ્કૃતિઓ કેટલાંક ચુનંદાં લોકો અને સ્વાથાર્થી વર્ગો કે સમાજોની સત્તા, સંપત્તિ અને બકાસુરી જીવન શૈલીને ટકાવવા માટે એક શક્તિશાળી સંસ્કૃતિમાં વિલીન થઈ જાય.

ભારતીય સમાજમાં દ્વંદ્વોની ભરમાર છે. સામ્રાજ્યવાદી શક્તિઓ અને એમને પોષક દેશી સ્થાપિત હિતોએ પોતાના સ્વાર્થ માટે સમયે સમયે આ દ્વંદ્વોને વકરાવવાનું કામ કર્યું છે. ગાંધીજીએ આ દ્વંદ્વો વચ્ચેની ખાઈઓને પૂરવાની રણનીતિ અપનાવી હતી. જેમનામાં દીર્ઘદૃષ્ટિ નહોતી અને જેઓ જાણ્યે-અજાણ્યે સ્થાપિત હિતોનો શિકાર બન્યા એ સંશયવાદીઓને ગાંધીજી દ્વારા વિવિધ દ્વંદ્વો વચ્ચે સમન્વય સ્થાપવાની ઐતિહાસિક જરૂરિયાતમાં ઊણપ દેખાવા માંડી. બહુભાષી, અનેક ધર્મોને માનનારો, અસંખ્ય જાતિઓ અને વિવિધ જીવનશૈલીવાળો આપણો આ સમાજ ત્યારે જ સમરસ થઈ શકશે જ્યારે ભારતીયતાના રંગમાં રંગાઈ જશે. કોઈ જીવનપદ્ધતિ, ભાષા, ધર્મ, પ્રદેશ, સમુદાય કે સંપ્રદાય બીજાઓની ભાવનાઓને આઘાત પહોંચાડીને પોતાને મહિમાવાન બનાવે કે બીજાઓને નીચા દેખાડે અને સમાજમાં દ્વેષ પેદા કરે એ વાતને ગાંધીજી નાપસંદ કરતા હતા. આ દેશમાં વિવિધતામાં પણ શાંતિપૂર્ણ સહઅસ્તિત્વની ભાવના આપણું ગૌરવ છે. -ટૂંકાવીને (સપ્રેસ)

બાળકોને ઠંડાં પીણાંના ઝેરથી બચાવીએ

આપણા સમાજમાં પશ્ચિમની સંસ્કૃતિની અસર વધતી ગઈ તેમ તેમ ઠંડાં પીણાં પીવાં એ પ્રતિષ્ઠાનું ચિહ્ન બની ગયું છે. લોકો પાણીની જગ્યાએ ઠંડાં પીણાં પીએ છે. મોટાંઓની સાથે સાથે બાળકોમાં પણ ઠંડાં પીણાં પીવાનું ચલણ ઝડપથી વધતું જાય છે.

બધાં જ ઠંડાં પીણાંમાં ઈસીલીન ગ્લાઈકોલ નામનું ધીમું ઝેર હોય છે. આ ઝેર ઠંડાં પીણાંને શૂન્ય ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાનને પણ જામવા નથી દેતું. એનું પ્રમાણ વધી જાય તો મૃત્યુનું કારણ પણ બની શકે. આ ઉપરાંત એમાં ફૉસ્ફરિક ઍસિડ પણ હોય છે, જે શરીરના મજબૂત અંગને ગાળવાની ક્ષમતા ધરાવે છે. સામાન્ય રીતે મનુષ્યને મૃત્યુ પછી બાળીએ છીએ ત્યારે પણ તેના દાંત બચે છે, પરંતુ દાંતને ઠંડાં પીણાંમાં રાખી મૂકીએ તો કેટલાક દિવસોમાં તે પૂરેપૂરા ઓગળી જાય છે. ઠંડાં પીણાંમાં ફૉસ્ફરિક ઍસિડ ઉપરાંત કાર્બોલિક ઍસિડ, બેંજોઈક જેવા ઍસિડ પણ

જોવામાં આવે છે. વિવિધ પ્રકારના ઍસિડની તીવ્રતા માપવા માટે Ph એકમ હોય છે.

Ph ૭થી જેટલા એકમ ઓછા હોય તે ઍસિડ જેટલા જ તેજ માનવામાં આવે છે. ઘરમાં ટૉયલેટ વગેરે સાફ કરવા માટે વપરાતા હાઈડ્રોક્લોરિક ઍસિડનું Ph માપ ઠંડા પીણાંના Ph લગભગ બરાબર માનવામાં આવે છે. એનાથી ઠંડા પીણાના ઍસિડની તીવ્રતાનું અનુમાન થઈ શકે છે.

દરેક માણસ શ્વાસમાં ઑક્સિજન લે છે અને કાર્બન ડાયોક્સાઈડ બહાર કાઢે છે. કાર્બન ડાયોક્સાઈડને ઝેરી ગૅસ માનવામાં આવે છે. છતાં પણ સામાન્ય રીતે દરેક ઠંડા પીણાંમાં કાર્બન ડાયૉક્સાઈડ ગૅસ મેળવવામાં આવે છે. આ ઠંડાં પીણાં પીવાથી શરીર કાર્બન ડાયૉક્સાઈડ ગૅસનો સ્વીકાર નથી કરતું. પરિણામે નાક કે મોઢાની વાટે બહાર કાઢી નાખે છે. તેથી જ નાકમાં બળતરા થાય છે અને ઓડકાર આવવા માંડે છે.

કેટલાંક ઠંડાં પીણાંમાં કૅફીન ભેળવવામાં આવે છે. આ કૅફીનની માણસને ટેવ પડી જાય છે તેથી ખાસ બ્રાન્ડવાળાં ઠંડાં પીણાં પીવાની એને વારંવાર તલપ લાગે છે. આ ઠંડાં પીણાંમાં સીસું પણ નાખવામાં આવે છે. જેનું પ્રમાણ વધારે થઈ જાય તો તે સ્નાયુતંત્ર, મગજ, લીવર, કીડની અને માંસપેશીઓને માટે ઘાતક બની જાય છે. આ સિવાય ઠંડાં પીણાંમાં કેટલાંય ઝેરી રસાયણો જેવાં કે આર્સેનિક, કેડમિઅમ, ઝીંક, સોડિયમ, બેન્ઝોઈન, પોટેશિયમ, સોર્વેટ, મિથાઈલ બેન્ઝિન, કોમીનીટે અને વેજિટેબલ ઑઈલ વગેરે હોય છે. આ બધાં શરીરને જુદી જુદી રીતે નુકસાન કરે છે. વારંવાર થયેલા રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સંશોધનો અને અધ્યયનોથી જાણવા મળ્યું છે કે વધારે પ્રમાણમાં ઠંડાં પીણાં પીવાથી હાડકાં નબળાં પડે છે અને મૃત્યુ પણ થઈ શકે છે.

આધુનિક માતાઓ પોતે તો ફાવે તેમ ઠંડાં પીણાં પીએ છે, પણ સાથે સાથે એમનાં નાનાં નાનાં કુમળી વયનાં બાળકોને પણ પીવડાવે છે. વળી ગર્વથી સોસાયટી (સમાજ)માં કહેતી ફરે છે કે અમારો બંટી તો કોલ્ડ ડ્રિંક્સ પીધા વગર રહી જ શકતો નથી!

ધોધમાર જાહેરાતોએ સામાન્ય માણસને ઠંડાં પીણાં પીતો કરી દીધો છે. આ પીણાં પીનારાને થોડું પણ વિચારવાની ફુરસદ નથી કે તેઓ આ ઠંડાં પીણાંને નામે શું પીએ છે અને તેને લીધે તેમને કેટલું નુકસાન થાય છે.


શારીરિક નુકસાન તો ખરું જ, આર્થિક નુકસાન પણ થાય છે. પંદર રૂપિયા આપીને ખરીદેલા એ પીણામાં ઝેરી રસાયણો, ગૅસ, કૃત્રિમ ગળપણ સિવાય શું હોય છે? એની પડતર જ ૭૦ પૈસા સુધીની હોય છે અને ગ્રાહકો પાસેથી લે છે રૂ. ૧૫. આમ, આ ઠંડાં પીણાંની કંપનીઓ કરોડો રૂપિયાનો નફો કમાય છે અને તે વિદેશોમાં લઈ જાય છે.

ગરમીના દિવસોમાં ઠંડાં પીણાં પીવાં ગમતાં હોય છે. પણ શું ગરમીના કારણે એવાં પીણાં પીવાનાં કે જેનાથી આરોગ્યને નુકસાન થાય? પીણાં જ પીવાં હોય તો એવાં પીણાં પીઓ જે આરોગ્યને હાનિકારક ન હોય! ગરમીના દિવસોમાં તો તાજાં ફળોનો રસ, નારિયેળનું પાણી, લીંબુનું શરબત, દૂધ, દહીં, છાશ, લસ્સી, જળજીરૂ, ઠંડાઈ જેવાં આરોગ્યને લાભકારક વિવિધ પીણાં પી શકાય. તો પછી ઠંડાં પીણાંને નામે આપણે ઝેર પીએ અને આપણાં કુમળી વયનાં બાળકોને પીવડાવીએ એ કેટલી હદે સારું?

- ડૉ. અજય જોષી (સ્વદેશી સંવાદ સેવા)

પુરાતન ભોજપત્ર પર લખાયેલ પ્રણયપત્ર

પ્રયાગ પાસે ગંગા-યમુનાના સંગમની નજીક ઝૂસી વિસ્તારમાં આજે બેસુમાર ખંડેર નજરે પડે છે. પણ આ પ્રદેશ જૂના જમાનામાં



પ્રાર્થનાચકમાં રાખેલો ભોજપત્રનો નમૂનો

પ્રતિષ્ઠાન દેશ તરીકે ઓળખાતો હતો. એનો રાજા ત્યારે પુરુરવા હતો. એકએકથી ચડિયાતી સુંદરીઓ તેની સેવા કરવામાં ગૌરવ માનતી હતી, તેમાંય સ્વર્ગની અપ્સરા ઉર્વશી પુરુરવા પ્રત્યે આસક્ત હતી. એ યુગમાં કાગળની શોધ થઈ નહોતી. એટલે ભોજની છાલના કાગળ જેવા બારીક પાન પર લખાતું હતું. એક વાર ઉર્વશીએ પુરુરવાને ભોજની છાલ પર પ્રેમપત્ર લખીને મોકલ્યો હતો! કાબરચીતરા ભોજપત્રને જોઈને વિદૂષકે તેને સાપની કાંચળી સમજી લીધેલી. ત્યારે રાજાએ તેને દર્શાવેલું કે આ તો લખેલો ભોજપત્ર છે. ઉર્વશીને જોવામાં વિદૂષક એટલો તલ્લીન ને બેભાન થઈ ગયેલ કે એને ખયાલ જ ન હતો કે ક્યારે તેના હાથમાંથી ભોજપત્ર સરકીને નીચે પડી ગયો. ને વિદૂષક ગભરાવા લાગ્યો. તેને થયું કે મહારાજા એ ભોજપત્ર માગશે તો શું કરીશ? એટલામાં મહારાજાને યાદ આવ્યું ને તેમણે ભોજપત્ર માગ્યો.

એ શોધવામાં વ્યાકુલ થયેલ વિદૂષક કહે છે, 'અરે; અરે! એ તો જડતો જ નથી, મહારાજા, એ ભોજપત્ર તો સ્વર્ગનો હતો ને? એટલે તે તો ઉર્વશીની સાથે જ ઊડી ગયો હશે.'

પણ એ ભોજપત્ર તો રાણી ભટ્ટિનીના પગનાં ઘરેણાં વીછૂઆમાં ભેરવાઈને જ અટકી ગયો અને રાજાને વ્યાકુલ જોઈને એ ભોજપત્ર તેણે તેમને આપી દીધો હતો. ભોજવૃક્ષની બહારની છાલને ભોજપત્ર કહે છે. એનાં કાગળ જેવાં પાતળાં ઘણાં પડ હોય છે. એના પર લાલ રંગથી ટપકાં પડ્યાં હોય છે અને તેથી તે સુંદર લાગે છે. છાલને સંસ્કૃતમાં ત્વચા ને ચર્મ કહે છે.

કુદરતી રીતે એની છાલની ઉપરનું સ્તર સ્વતઃ ઊખડી જાય છે અને થડના વિકાસની સાથે નીચેથી નવી છાલ નીકળતી હોય છે. એના બધા સ્તર ઊખડતા ન હોવાથી તે ફાટ્યાતૂટ્યા ચીંથરા જેવી લાગે છે અને લખવા કે અન્ય કામના ઉપયોગમાં નથી આવી શકતી. બધા જ પડવાળી ઉપયોગી છાલ થડ પરથી ચીરીને ઉતારવામાં આવે છે. એમાંથી લાંબી ગડી નીકળે છે. છાલ નરમ હોય છે ને સહેલાઈથી ઉતારી શકાય છે.

ભૂર્જ વૃક્ષને અતિશય શરમાળ કાન્તા સદૃશ ગણાવ્યું છે. તેઓ તેને જંગલની દેવી કહે છે. ગીચ જંગલોમાં ભૂર્જવૃક્ષની લાંબા થડની ડાળીઓને જ્યારે ઊગતા સૂર્યનાં સોનેરી કિરણો આલિંગે છે ત્યારે હિમાલયના આ સુંદર વૃક્ષનાં માર્દવ ને લાલિત્ય ખીલી ઊઠે છે. નવી ત્વચાની ગુલાબી મૃદુતા ને કમનીયતાં અતિશય આધુનિક સાડીને ય ઝાંખી પાડી દે છે.

પ્રાચીન યુગમાં દસ્તાવેજ આદિ બધા પત્રો આવી છાલ પર લખાતા હતા, એટલે દસ્તાવેજો માટે સંસ્કૃતમાં પ્રાચીન શબ્દ ભૂર્જમ્ પ્રચલિત છે. સંસ્કૃતના આ નામના આધારે એને માટે ભોજ શબ્દ પ્રચલિત થયો છે. આધુનિક વનસ્પતિશાસ્ત્રમાં તેને બેતુલા ઉતિલિસ ડી. ડૌન કહે છે. કવિ કાલિદાસે હિમાલયના આદિવાસીઓને ભૂર્જછાલને લખવાના કામમાં લેતા જોયા એ અંગે લખ્યું છે : 'હાથીની ત્વચા પર થયેલા લાલ બિંદુઓ સમાન લાલરંગની ભૂર્જત્વચાઓ પર સિંદૂરથી લખેલ પ્રણયપત્ર વિદ્યાધર સુંદરીઓ પોતાના પ્રેમીઓને મોકલતી હતી.'

કાગળની શોધ થઈ તે અગાઉ આ રીતે પુસ્તક તથા પત્ર લખાતાં હતાં. દેશવિદેશનાં સંગ્રહાલયોમાં ભોજપત્ર પર લખાયેલ પુસ્તકો સુપેરે સચવાયાં છે. ઈ.સ. પૂ. બીજી સદીની હસ્તપ્રતોનાં કેટલાંક પૃષ્ઠ કલકત્તાના ઈંડિયન મ્યૂઝીઅમમાં સચવાયેલ છે. એ સઘળાં મધ્ય એશિયામાંથી પ્રાપ્ત થયેલ હતાં.

ઈ.સ. પૂ. ત્રીજી સદીનો 'ધમ્મપદ' નામનો પાલી ભાષાનો ગ્રંથ ભોજપત્ર પર લખાયો હતો. ભોજપત્ર પર લખાયેલ પુરાણી હસ્તપ્રતો ગિલગિતથી ત્રણેક કિલોમીટર દૂર આવેલ નૌપુર ગામમાંથી ઈ.સ. ૧૯૩૨માં અચાનક હાથ લાગી હતી. એક ભરવાડે માટીની ઉપર નીકળેલી એક લાકડીનો થોડો ભાગ જોયો. ત્યાં ખોદવાથી એક મંજૂષા નીકળવા પામી. તેમાં બૌદ્ધસ્તૂપનું ગર્ભદ્વાર રખાયેલ. વધારે ખોદકામ કર્યાથી ત્યાંથી પુરાતત્ત્વની દૃષ્ટિએ મહત્ત્વનો અમૂલ્ય ખજાનો મળ્યો જેમાં ભોજપત્ર પર લખાયેલ હસ્તપ્રતોનો ભંડાર મળ્યો. એ ગિલગિતથી પ્રાપ્ત થવાને કારણે એને 'ગિલગિત હસ્તપ્રતો' નામથી ઓળખવામાં આવે છે.

ભોજપત્રની છાલ પવિત્ર મનાય છે. ધર્મકાર્યમાં એનો ઉપયોગ થતો હોય છે. કુંડળીઓ ને જન્માક્ષરો ભોજપત્ર પર બનાવવાની રસમ અગાઉ ઘણા સમય સુધી પ્રચલિત હતી. વિનાશક શક્તિ તથા ભૂતપ્રેતથી ઊગરવા માટે ભોજપત્ર પર લખેલ તાવિજ હજુય આપણે ત્યાં પહેરાય છે. જે બાળકો કૃશ હોય છે અને સૂકવણા રોગથી ગ્રસ્ત હોય છે તેમને મંત્રિત કરેલ ભોજપત્ર પહેરાવાય છે. સામાન્યતઃ ભોજપત્ર પર પોતાના ઈષ્ટ દેવનું નામ યા ચિત્ર અંકિત કરીને કે કોઈ સંકટ નિવારક મંત્ર લખીને ધાતુની નાની ડબ્બીમાં તે મૂકીને ગળામાં પહેરવાનો કે ભુજા પર બાંધવાનો રિવાજ આપણે ત્યાં છે.

લડાખનાં બૌદ્ધ લોકો ભોજછાલના પાનને ગોળાકાર કાપીને એના પર પોતાના પ્રિય પવિત્રમંત્ર 'ઓમ મણિ પદ્મે હુમ' લખે છે. એવાં સેંકડો ગોળાકાર પાન તેઓ પ્રાર્થના ચક્રની ધરી વાળી દંડિકામાં પરોવે છે. નામજાપ ને ધ્યાનને માટે લામાના હાથમાં એ પ્રાર્થનાચક્ર નિરંતર ઘૂમ્યા કરતું હોય છે. એની અંદર રખાયેલ ભોજની છાલના ગોળાકાર પાનમાં જેટલી વાર પવિત્ર મંત્ર લખાયેલો છે તેટલો જાપ એક ચક્રમાં થઈ જતો હોવાની તેમને શ્રદ્ધા હોય છે.

ભોજવૃક્ષ મધ્યમ આકારનું, વીસ મીટર ઊંચું, સીધું, પર્ણવાળું ને મહદંશે અનિયમિત થડવાળું છે. એના પર ક્યારેક કેવળ પર્ણો જ રહી જાય છે. એની છાલ ચીકણી, ચમકદાર, સફેદ યા રક્તશ્વેત, દિગંતસમ વાતરંધ્રી નિશાનીવાળું પાંચથી સાડાસાત સેન્ટીમીટર લાંબાં, ચાર સેંટીમીટર પહોળાં ને ગાંઠવાળાં પર્ણોવાળું એ વૃક્ષ છે. આશરે ઓક્ટોબરમાં એનાં પર્ણ ખરી જાય છે ને ત્યારે એ સુંદર સોનેરી પીળા રંગમાં ફેરવાઈ જાય છે. એપ્રિલ-મે માસના અરસામાં એને નવાં પર્ણ આવતાં હોય છે. નર પુષ્પમંજરી ૭॥ થી ૧૨॥ સેન્ટીમીટર લાંબી નીચે લટકતી હોય છે ને માદા ફૂલમંજરી સીધી ૨॥ થી ૩ સેન્ટીમીટર લાંબી છે. એનાં ફલ ૨॥ થી ૩.૭ સેન્ટીમીટર લાંબાં હોય છે અને ઑગસ્ટથી ઑક્ટોબરના સમય દરમ્યાન પાકે છે. એનાં બીજ પાંખડીયુક્ત હોય છે.

હિમાલયના ઠંડા પ્રદેશોમાં આ વૃક્ષ કાશ્મીરથી સિક્કીમ તથા ભૂતાન સુધીનાં જંગલોમાં સમુદ્રની સપાટીથી ૩૩૧૪ મીટરથી ૪૨૬૭ મીટરની ઊંચાઈ પર્યંત ને સિક્કીમમાં ૨૭૪૩થી ૪૨૬૭ મિટર પર્યંતના ભાગમાં મળી આવે છે.

-ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ્'

અથાક શ્રમજીવી કીડી

કીડીઓ અથાક પરિશ્રમ માટે જાણીતી છે. કીડી પૃથ્વીના ઠંડા ધ્રુવીય પ્રદેશોમાંથી માંડીને ઉષ્ણ અયનવૃત્તવાળા પ્રદેશમાં ઠેર ઠેર જોવા મળે છે. કીડીની લંબાઈ સામાન્ય રીતે ૦.૫ થી ૨૫.૦ મિલીમીટર સુધીની હોય છે. કીડી પણ જુદા જુદા પ્રકારની હોય છે. કેટલીક કીડીઓનાં જનનાંગો પૂર્ણતઃ વિકસિત હોય છે, અને વંધ્ય માદા શ્રમિક હોય છે. એમાંની કેટલીક સૈનિક કીડીઓનું કામ કરે છે. તેથી તો તેને સૈનિકો પણ કહે છે. એનાં જડબાં મોટાં હોય છે, જેની મદદથી તે શત્રુને ડરાવીને ભગાડી મૂકે છે. અને જરૂર પડે તો કાપી પણ નાખે છે.

કીડીનું શરીર ચીકણું અથવા રુવાંદાર હોય છે. કેટલાકનાં શરીર પર તો ઝીણા કાંટા પણ હોય છે. કીડીનો રંગ કાળો, પીળો યા ભૂરો-લાલ હોય છે. કીડીનું શરીર મુખ્ય ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. (૧) માથું, (૨) ધડ અને (૩) ઉદર. એને માથું મોટું તેમજ પહોળું અને સહેલાઈથી ચારે બાજુ ફરી શકે એવું સ્વતંત્ર હોય છે. માથા પર ચારથી તેર ભાગ સુધી પાતળા સ્પર્શાંગો હોય છે. એને સ્પર્શકો કહે છે.

કીડીનાં ઈંડાં સફેદ યા પીળા રંગનાં હોય છે. તે ૦.૦૫ મિલીમીટર અને વેલણાકારના લાંબાં હોય છે. કેટલીક કીડીઓનાં ઈંડાં અંડાકાર પણ હોય છે. ઈંડાનો ક્રમશઃ વિકાસ થતાં તેમાંથી ડિંભ (લાર્વા) બને છે. તેઓ અંધ તેમ જ પગ વિનાના હોય છે. એનું શરીર પણ જુદા જુદા ભાગોથી વહેંચાયેલું હોય છે. ઈંડામાંથી બહાર આવ્યા પછી એની યોગ્ય રીતે ખાસ પ્રકારની કાળજી લેવામાં આવે છે. એનું રક્ષણ કરવાનું કામ શ્રમિક કીડીઓને ભાગે આવે છે. આ કીડીઓ ખરેખર ખૂબ શ્રમ કરે છે. બચ્ચાંઓને યોગ્ય મીઠા(ગળપણ)વાળી જગ્યાએ લઈ જવા માટે એક સ્થાનથી બીજા સ્થાન પર લઈ જવાનું કામ પણ આ શ્રમિક કીડીઓ જ કરે છે એટલું જ નહીં, પોતાના મોં વાટે ખોરાક તૈયાર કરીને એને ભોજન પણ કરાવે છે. થોડા દિવસ પછી આ ડિંભ વિકાસ પામીને પ્યુપામાં પરિવર્તે છે.

પાંખવાળી નર અને માદા બંને કીડીઓ ભેગી થઈને એક સાથે ઊડે છે અને ઉડ્ડયન પછી નર અને માદા બંને સમાગમ કરે છે. સમાગમ પછી નરકીડીનું અસ્તિત્વ મટી જાય છે. અર્થાત્ તે મૃત્યુ પામે છે. જ્યારે માદા પોતાના શરીરને ઘસીને અથવા ખેંચીને પોતાની પાંખો નષ્ટ કરી દે

છે. એ પછી માટીવાળી યોગ્ય જગ્યા પસંદ કરીને દર બનાવે છે. માદા કીડી અંદરથી દરવાજો બંધ કરીને જ્યાં સુધી પોતાનાં ઈંડાં પરિપક્વ બને ત્યાં સુધી પોતાના દરમાં ભરાઈ રહે છે. માદા કીડીનું કામ માત્ર ઈંડાં મૂકવાનું જ હોય છે. બચ્ચાંઓની અને દરની સારસંભાળ રાખવાનું કામકાજ તો શ્રમિક કીડીઓ જ કરતી હોય છે. ધીમે ધીમે સંખ્યા વધતી જવાથી દર પણ ક્રમશઃ મોટું બનતું જાય છે.

કેટલીક રાણી કીડીઓ શ્રમિક કીડીઓની મદદ વિના નવી વસાહત બનાવી શકવાને જો અશક્તિમાન હોય તો સમાગમ પછી પોતાના જૂના દરમાં જ ફરી પાછી ફરે છે. ત્યારે ત્યાં એક કરતાં વધુ રાણી ભેગી થઈ જતી હોય છે. ફોર્મિકા એકજેકર્ટા નામની માદા કીડીઓ સમાગમ-ઉડ્ડયન પછી પોતાના જૂના દરમાંથી શ્રમિકોને લઈને અન્ય નવી જગ્યાએ ચાલી જાય છે. જુદી જુદી કીડીઓનાં દર પણ જુદી જુદી જાતનાં હોય છે. ફાંમાંઉકા રુફા નામક કીડીનું દર ૨થી ૫ ફૂટ સુધી ઊંચું અને ત્રણથી છ ફૂટ વ્યાસ જેટલું પહોળું હોય છે. છે ને નાનકડી કીડીની કમાલ ! એવું મનાય છે કે કીડીનું આયુષ્ય લગભગ પંદર વર્ષનું હોય છે.

('વિજ્ઞાનદર્શન'માંથી ટૂંકાવીને)

લીંબુની નવી જાત

લીંબુની એવી જાત કે જે એકસાથે એક બે કે ત્રણ નહિ, પરંતુ છથી આઠનાં ઝૂમખાંમાં ફળ બેસે. એથી ય વધુ નવાઈ પમાડે તેવી વાત એ છે કે આવી સુંદર જાતને કાંટા નથી અને ફળમાં બીજ પણ નથી. આવી જાત જૂનાગઢ પાસેના ભેંસાણ તાલુકાના માંડવા (સોરઠ) ગામના શ્રી રાજાભાઈ ઘુસાભાઈ હરખાણી (પટેલ)એ વિકસાવી છે. તેમણે લીંબુના છોડવાઓ તૈયાર કરવા બજારમાંથી મોટા અને પરિપક્વ લીંબુ લાવી બીજ કાઢી ધરુ-ઉછેર કર્યો. તેમાંથી એક છોડને પાન મોટાં હતાં અને કાંટા ન હતા. આ છોડનો તેમણે કાળજીપૂર્વક ઉછેર કર્યો. પાંચ વરસે તેની ઉપર ઝૂમખાંમાં ફળ આવ્યાં. ફળ સામાન્ય લીંબુ કરતાં કદમાં મોટાં અને છાલ સહેજ ખરબચડી હતી. ફળ પાક્યાં ત્યારે અંદર બીજ ન હતાં. ત્યાર બાદ ચોમાસાની મોસમમાં ગુંટી કલમ દ્વારા વધુ છોડ પેદા કરી ધીરે ધીરે આજે તેમણે લીંબુનાં ૧૦૦ ઝાડ વિકસાવ્યાં છે. સરેરાશ છથી આઠ વર્ષની ઉંમરના આ ઝાડ ઉપરથી ઝાડદીઠ ૫૦ કિલો ઉત્પાદન મળે છે. એક ફળનું સરેરાશ વજન ૮૦ ગ્રામ હોય છે. ('લોકસરવાણી'માંથી)

અનુ.] કયે નામે કરવો સાદ [પૃ. ૬૪૯થી

માનો પ્રેમ તીવ્રતમ કે પ્રિયાનો એ પ્રશ્નનો જવાબ સહેલો નથી, કારણ કે મા અને પ્રિયાને એમ પૂછીએ તો તે માત્ર હસીને વાત ટાળશે, અને બીજાના જવાબ આધારભૂત જ ન ગણાય ! એવું લાગે છે કે પ્રિયાનો પ્રેમ તીવ્રતમ અને માનો ગહનતમ. પ્રિયા મા બને તે પ્રેમ ઉત્તમ !

એટલે પ્રિયા અને પ્રિયતમ એકમેકનાં નામ છુપાવે છે અને આવા સંગોપન દ્વારા જ પ્રેમને વ્યક્ત કરે છે. મને લાગે છે પ્રિયજનનું નામ લેવા જેટલું દુષ્કર બીજું કંઈ નથી. જીભના લોચા વાળે ને હૃદય ધડકન ચૂકી જાય એ તો જાણનાર જ માણે ને માણનાર જ જાણે !

'એ-ઈ' એવો મીઠો ટહુકો પ્રિયામુખેથી સાંભળવા માટે તો દેવોય મર્ત્યલોકમાં અવતરવા તલસે એને પ્રેમાવતાર કહેવાય.

બહુ આગ્રહ પછી પોતાના કોમળ કોમળ હાથ પર પ્રિયતમનું નામ લખી શરમથી લાલ લાલ થઈ જતી સુંદરીનું સાન્નિધ્ય તો કોઈ વિરલા જ પામે !

પ્રોફેસરો મોટે ભાગે ભૂલકણા હોય છે, એટલે પછી બને છે એવું કે ભૂલકણા સ્વભાવના મોટા ભાગના પોતાને પ્રોફેસરની કક્ષા (ગત કાળની !)ના માનવા લાગે છે. આવું જ કંઈક પતિ-પત્નીના સંબંધમાં થયું છે. પ્રિયા-પ્રિયતમ એકબીજાંનું નામ ન લઈ શકે, તેથી પરંપરાત્મક પતિ-પત્ની પણ નામ ન લેવાને રવાડે ચડી ગયાં એવા ખયાલ સાથે કે એક કરવામાત્રથી તેઓ પ્રેમી ગણાઈ જશે ! 'મગર વો દિન કહાં કી...'

પડોશમાં રહેતી એક યુવતીએ એક સાંજે મને પૂછ્યું :

'તમારા ભાઈ છૂટી ગયા ?'

હું મૂંઝાયો, 'મારો કોઈ ભાઈ જેલમાં નથી ગયો.'

'એમ નથી કે'તી. તમારા ભાઈ તમારી સાથે નોકરી-'

'ના રે, એ તો બિઝનેસ કરે છે.'

'એ ભાઈનું હું નથી પૂછતી.'

'તો ત્રીજો તો ભણે છે.'

'સમજતા કેમ નથી ?' પેલી અકળાઈ.

એવામાં શ્રીમતીજી મારી વહારે ધાયાં (એ એમ જ કરે છે !) :

'એ પોતાના પતિની વાત કરે છે.' પછી યુવતીને સંબોધતાં એ બોલ્યાં, 'એમાં એવું છે કે તમારા ભાઈ આજે વહેલા આવ્યા છે.'

હું આશ્ચર્યચકિત બની હિન્દી-ચીની ભાઈ-ભાઈ જેવી આ સંબોધનની અટપટી લીલાને જોઈ રહ્યો !

ઘરમાં પતિ-પત્ની એકબીજાંનું નામ ન લે એમાંથી ઘણી મીઠી સમસ્યાઓ પેદા થાય છે.

પતિ બહેનને કહી જાય છે, 'તારી ભાભીને કહેજે તૈયાર રહે.'

ઉંમર થતાં દીકરાને કહેવાય છે, 'તારી મમ્મીને બોલાવ.'

ઘણી વાર તો પછી પતિ પત્નીનો ઉલ્લેખ 'મમ્મી' તરીકે જ કરે છે ને પત્ની પતિને સંબોધે છે 'પપ્પા' તરીકે !

માન્ય નામ સામેની આ કેવી બગાવત ! ☐

ગુજરાત સાહિત્ય સભા

☐ ગુજરાત સાહિત્ય સભા - અમદાવાદ તરફથી સને ૨૦૦૦ના વર્ષની વાર્ષિક વાઙ્મયની સમીક્ષા ડૉ. મધુસૂદન પારેખને સોંપી છે. લેખકો તથા પ્રકાશકોએ તેમનાં પ્રકાશનો તેમને નીચેના સરનામે મોકલી આપે તેવી ખાસ વિનંતી. એ-૩, લિંકન ફ્લેટ્સ, ઉત્તમનગર પાણીની ટાંકી પાસે, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

☐ ગુજરાત સાહિત્ય સભા તરફથી દર ત્રણ વર્ષે એનાયત થતું સનતકુમારી મહેતા પારિતોષિક ઈ.સ. ૧૯૯૫-૯૬-૯૭ તથા ઈ.સ. ૧૯૯૮,૯૯,૨૦૦૦નાં વર્ષો માટે શ્રેષ્ઠ લેખિકાને આપવાનું છે. આ વર્ષો દરમ્યાન પ્રગટ થયેલાં પુસ્તકો નીચેના સરનામે મોકલવા વિનંતી છે. ગુજરાત સાહિત્ય સભા, એચ.કે. આર્ટ્સ કૉલેજ આશ્રમ રોડ, અમદાવાદ અને શ્રી મધુસૂદન પારેખ, એ-૩, લિંકન એપાર્ટમેન્ટ, મણિનગર, અમદાવાદ.

☐ ગુજરાત સાહિત્યસભાની કારોબારી સમિતિમાં નીચેના નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા હતા. ઈ.સ. ૨૦૦૧નો રણજિતરામ સુવર્ણચંદ્રક નારાયણ દેસાઈને સંસ્કાર તેમજ સેવા બદલ તથા ઈ.સ. ૨૦૦૧નો શ્રી ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક ડૉ. કુમારપાળ દેસાઈને સાહિત્યમાં વિશિષ્ટ સેવા આપવા બદલ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સંયમી કોપ વાણીનો, સંયમી વાચ જીવવું;
વાણીનાં પાપને ત્યાગી, વાણીથી ઋત બોલવું.

— ધમ્મપદ

એક ધનવાન એક ગરીબ પાસે અઢી ડૉલર માગતો હતો. તે વસૂલ કરવા તે ધનવાન અબ્રહામ લિંકન પાસે ગયો અને ગમે તે ભોગે પણ તે અઢી ડૉલર વસૂલ કરવા જણાવ્યું. લિંકને શ્રીમંતને સમજાવ્યો, પણ તે માન્યો નહિ. છેવટે લિંકને પોતાની વકીલ-ફીના દસ ડૉલર માગ્યા, જે તેણે આપ્યા. એમાંથી ૫ ડૉલર પેલા ગરીબને લિંકને આપી દીધા અને તેમાથી અઢી ડૉલરનું પેલું દેવું ચૂકવી દેવા જણાવ્યું. આ હતી લિંકનની માનવતા.

*

ચાંદીનાં વાસણ કાળાં પડી ગયાં હોય તો અરીઠાંને થોડી વાર પાણીમાં પલાળી, એ પાણી વાસણ પર લગાવવાથી ચકચકિત થઈ જશે.

*

૧૦૦ ગ્રામ અક્કલતોરાનાં ફૂલ, ૫૦ ગ્રામ તમાકુમાં ૧ લીટર કેરોસીન અને અડધો લીટર ડામર ભેગાં કરીને લગાડવાથી ઊધઈ નાશ પામશે.

*

એલચીનાં છોતરાંની રાખ મધમાં ચાટવાથી ઝાડા બંધ થાય છે.

*

પત્ની : 'તમે પાછાં પુસ્તકો ખરીદી લાવ્યા. આટલાં બધાં પુસ્તકોનું શું કરશો ?'

પતિ : 'પુસ્તકો તો સંસ્કારીને ત્યાં જ શોભેને ?'

પત્ની : 'પણ તમારે લીધે આખો સમાજ અસંસ્કારી રહી જાય છે તેનું શું ?'



पत्रं नैव यदा करीरविटपे दोषो वसन्तस्य किम् ?
नोलूकोऽप्यवलोकते यदि दिवा सूर्यस्य किं दूषणम् ?।
धारा नैव पतन्ति चातकमुखे मेघस्य किं दूषणम्
यत् पूर्वं विधिना ललाटलिखितं तन्मार्जितुं कः क्षमः ॥

જો કેરડાના વૃક્ષને પાંદડાં ન આવે તો એમાં વસન્તનો શો દોષ ? ઘુવડ દિવસે દેખી ન શકે તો એમાં સૂરજનો શો દોષ ? ચાતકના મોમાં જળની ધારા ન પડે તો એમાં વાદળનો શો દોષ ? વિધાતાએ જેના ભાગ્યમાં જે લખ્યું હોય તે ભૂંસવા કોણ સમર્થ છે ?

મધ્ય આફ્રિકામાં 'આરોગિયા અબલંસ' નામે વૃક્ષ થાય છે, તેને સફેદ રંગનાં મોટાં મોટાં અતિ સુગંધિત પુષ્પો થાય છે. એ સુગંધથી પતંગિયાં આકર્ષાય છે અને પુષ્પ ઉપર બેસે છે કે તરત જ એ પુષ્પમાંથી બે કાંટા નીકળે છે અને પતંગિયું વીંધાઈ જાય છે અને એ વૃક્ષ તેનો આહાર કરે છે.

*

ESA 'ઈસા' એ યુરોપિયન સ્પેસ એજન્સીનું ટૂંકું નામ છે, જેમાં યુરોપના ઑસ્ટ્રિયા, બેલ્જિયમ, ડેન્માર્ક, ફ્રાન્સ, જર્મની, આયર્લૅન્ડ, ઈટલી, નેધરલૅન્ડ્ઝ, નૉર્વે, સ્પેન, સ્વીડન, સ્વીટ્ઝરલૅન્ડ અને ઈંગ્લન્ડ વગેરે દેશો સભ્યપદ ધરાવે છે. આ એજન્સી ઈ.સ. ૧૯૭૫માં રચવામાં આવી હતી.

*

બુધ અને શુક્ર ગ્રહો સિવાય અન્ય ગ્રહોને ઓછી વધતી સંખ્યામાં ઉપગ્રહો હોય છે. ગુરુ ગ્રહને ૧૬થી પણ વધુ ઉપગ્રહો છે, જેમાં 'ગાનીમીડી' (Ganymede) નામનો ઉપગ્રહ તો સર્વ ઉપગ્રહોમાં સૌથી મોટો છે. આ ઉપગ્રહનું કદ 'બુધ' ગ્રહ કરતાં પણ મોટું છે. 'બુધ'નો વ્યાસ ૩૦૨૮ માઈલનો છે, જ્યારે 'ગાનીમીડી' ઉપગ્રહનો વ્યાસ ૩૨૬૮ માઈલનો છે.

*

ફ્રિજ પર ડાઘ કે ધાબાં પડી ગયાં હોય તો સહેજ હૂંફાળાં પાણીમાં મીઠું ભેળવીને અથવા ઠંડાં પાણીમાં ખાવાનો સોડા નાખીને સાફ કરવું.

*

વિશ્વની સૌથી શક્તિશાળી ટેલિસ્કોપ સિસ્ટમની રચના અમેરિકાના નાસાએ કરી છે. હવાઈ ટાપુ પર આવેલા મૌનાકી જ્વાળામુખી પર આ ટેલિસ્કોપ ગોઠવવામાં આવ્યું છે. એની લંબાઈ ૧૦ મીટર છે. આ ટેલિસ્કોપ સૂર્ય તેમજ ભ્રમણકક્ષાના અન્ય ગ્રહો તથા એની આસપાસની પરિસ્થિતિ સચોટ રીતે દર્શાવે છે.



પ્રધાનજી જ છે. એક ફૅશન પરેડનું ઉદ્‌ઘાટન કરવા જવાના છે એટલે એની પ્રૅક્ટિસ કરી રહ્યા છે !

*

પૃથ્વી ઉપર સૂર્યનાં કિરણોને પહોંચતાં ૮ મિનિટનો સમય લાગે છે.



કલાકણિકા : મદ્રાસના સરકારી મ્યુઝીઅમમાં રાખવામાં આવેલ એ ધાતુમાંથી બનાવેલો હાથીનો અંકુશ. એની લંબાઈ ૨૫ ઈંચની છે.